णमो तित्थस्स

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

**ઓઘનિર્યુક્તિની કેટલીક વિશિષ્ટ પંક્તિઓ ઉપર વિસ્તૃત વિવેચન રૂપ ગ્રન્થ**

# ઓઘનિર્યુક્તિ સારોદ્ધાર

**ભાગ-૧**

(માત્ર સાધુ-સાધ્વીજી ભગવંતો માટે)

: લેખક :

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના શિષ્ય પૂ. મુનિશ્રી ગુણહંસવિજયજી મ.સાહેબ

: સંશોધક :

પૂ.પાદ પંન્યાસશ્રી અજિતશેખરવિજયજી ગણિવર

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स


: પ્રકાશક :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી.પ્ર.સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ-૧ ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩


: લેખક :

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ, સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**ના શિષ્ય **મુનિશ્રી ગુણહંસવિજયજી**


: આવૃત્તિ :

પ્રથમ સંસ્કરણ : નકલ : ૧૦૦૦ વિ.સં. ૨૦૬૫ તા. ૧૫-૭-૨૦૦૯

**મૂલ્ય - રૂા. ૧૦૦-૦૦**

: ટાઈપસેટીંગ :

**અરિહંત ગ્રાફિક્સ**, ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ. ફોન : ૩૦૨૨૮૬૬૯

: મુદ્રક :

**ભગવતી ઓફસેટ**, અમદાવાદ.


णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

**ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું સ્નેહભર્યું સૌજન્ય.**

પૂજ્યપાદ પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના નૂતન પ્રકાશિત થનારા પઠન-પાઠન અંગેના શાસ્ત્રલક્ષી પુસ્તકોમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

---

**● સૌજન્ય ●**

**પ.પૂ. આ.શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પ.પૂ.આ.શ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સદુપદેશથી**

**ધાનેરાનિવાસી આરાધકોની જ્ઞાનખાતાની ઉપજમાંથી**

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।

ઐં નમઃ સિદ્ધમ્

વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખર-અભયશેખરસૂરિભ્યો નમઃ ॥

# સંશોધકની કલમે

સંસ્થાની મીટીંગમાં સભ્યો અસભ્ય વર્તન કરી રહ્યા હતા. ત્યારે પ્રમુખે કહ્યું કે આ શાકમાર્કેટ નથી, ને આપણે કાછીયા નથી કે આ બધું શોભે.

બધા શાંત થઈ ગયા.

વાત આ છે કે કોઈ પણ સંસ્થાની સ્થાપના કો'ક સિદ્ધાંત, કો'ક ઉદ્દેશ, કો'ક લક્ષ્યને નિશ્ચિત્ત કરી, એ સિદ્ધાંત આદિ સિદ્ધ કરવા થતી હોય છે. એ સંસ્થાની વ્યવસ્થા, સંસ્થાનું તંત્ર, સંસ્થાની રોજિંદી પ્રવૃત્તિઓ સારી રીતે - વ્યવસ્થિત - ગરબડ વિના ચાલે એ માટે એ સંસ્થાનું એક બંધારણ ઘડાતું હોય છે, કારોબારીના સભ્યો વખતોવખત મળતા રહી એ બંધારણના ઉદ્દેશને વાંધો ન આવે, એ રીતે સંયોગાનુસાર અન્ય કલમો જોડતા હોય છે કેટલીક કલમોમાં ફેરફાર પણ કરતા હોય છે. આવી વ્યવસ્થા વિના અને તેના ઉચિત પાલન વિના સંસ્થા શાકમાર્કેટ જેવી થઈ જાય છે ને સભ્યો કાછિયા જેવા બની જાય છે.

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

અનાદિકાળથી તીર્થંકર પરમાત્માઓ 'તીર્થ' 'શાસન' નામની સંસ્થા સ્થાપતા આવ્યા છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય ભવ્ય જીવોને કર્મથી મુક્ત કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત બનાવવાનો છે. આ જ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા આ તીર્થનો મુખ્ય અને ત્રણ કાળમાં ન ફરે એવો સિદ્ધાંત છે, જેમ જેમ રાગ-દ્વેષની હાનિ થાય, તેમ-તેમ પ્રવર્ત્તવું.

આ જ ઉદ્દેશ્ય અને સિદ્ધાંતને સિદ્ધ કરવા મુખ્ય બંધારણ ઘડાયું છે, પાંચ મહાવ્રત-પાંચ આચારના પાલનનું. ગૌણ બંધારણ બાર વ્રતોનું શ્રાવકો અંગે છે. આ બંધારણને અનુકૂળ એવા જે નિયમો ઘડાયા, તે સામાચારી ગણાય છે. ગીતાર્થ ગુરુભગવંતોરૂપી કારોબારી સભ્યો વખતોવખત આ બંધારણના ઉદ્દેશ્ય અને પવિત્રતા જળવાયેલા રહે એ આશયથી સંયોગાનુસાર નિયમોમાં વધ-ઘટ-સુધારા આદિ કરતા હોય છે.

જેઓ ઉદ્દેશ્યને વળગેલા છે, બંધારણને વફાદાર છે અને નિયમોને પાળવા ચીવટવાળા છે. તેઓ જ સભ્ય સભ્યો છે. બીજા તો સંસ્થાને શાકમાર્કેટ બનાવવાના પેંતરા રચતા કાછિયા જેવા છે.

સિદ્ધાંતના સાધક અને બંધારણને અનુકૂળ નિયમોનું સંકલન સામાચારી શબ્દથી ઓળખાય છે. આ સામાચારી ત્રણ પ્રકારે છે. (૧) ઓઘ (૨) દશવિધ ચક્રવાલ અને (૩) પદવિભાગ.

દસવિધ ચક્રવાલ સામાચારીમાં ઈચ્છા, મિચ્છા વગેરે સામાચારીઓ છે. આ મુખ્યતયા ગુરુભગવંત, અન્ય સહવર્તી સાધુઓ વગેરે સાથેના વ્યવહારમાં કેવી રીતે વર્તવું એ અંગે છે.

પદવિભાગ સામાચારી મુખ્યતયા ઉત્સર્ગ-અપવાદ-પ્રાયશ્ચિત્ત વગેરે અંગે છે. છેદ સૂત્રોમાં એનો અધિકાર મળે.

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

સાધુની પડિલેહણ વગેરે રોજિંદી ક્રિયાઓ, વિહાર, એકાકીપણું વગેરે વાતોમાં કેવા નિયમોનું પાલન કરવું ઈત્યાદિ અંગે ઓઘસામાચારી છે.

આ સામાચારીના માર્ગદર્શન માટે ઓઘનિર્યુક્તિ ગ્રંથ માર્ગદર્શિકાનું કાર્ય કરે છે. આ નિર્યુક્તિ ચૌદ પૂર્વધર પૂજ્ય ભદ્રબાહુ સ્વામીએ રચી છે. એના પર ટીકા પૂજ્ય દ્રોણાચાર્યની છે.

મુનિરાજશ્રી ગુણહંસ વિજયજી મહારાજે આ પંથ પર માત્ર અધ્યયન અધ્યાપન જ નહીં, ચિંતન-મનન પણ ખૂબ ઊંડાણથી કર્યું છે.

પોતાને અત્યંત પ્રિય આ ગ્રંથની જુદી જુદી માર્મિક પંક્તિઓ પર ચિંતનભરી શૈલીમાં ગુજરાતીમાં વિસ્તારથી આલેખન કરી મુનિશ્રીએ પોતાના હૃદયની ભાવનાઓને શબ્દમાં આકાર આપ્યો છે. આ સારોદ્ધાર હોવા છતાં વિવેચનનો વિસ્તાર જોતાં વિવેચન ગ્રંથ પણ કહી શકાય.

વર્તમાનકાલીન પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો વર્તમાનકાળની અપેક્ષા એ પણ સુંદરતમ ચારિત્ર પાળી પોતાના આત્માનો જલ્દીથી ભવનિસ્તાર કરે એવી તીવ્ર ભાવના મુનિશ્રીને છે, એમ આ વિવેચનની પંક્તિ પંક્તિ વાંચતા દેખાઈ આવે છે. એમણે પોતાના ક્ષયોપશમરૂપ સંચામાં આ દરેક પંક્તિ મુકીને એનો પૂરેપૂરો અર્થરસ મેળવવા સુંદર પ્રયત્ન કર્યો છે.

સંશોધનનિમિત્તે આ સમગ્ર વિવેચન વાંચતી વખતે મને એમની ભાવના સ્પર્શી ગઈ. એમની 'સાધુઓ ઉત્કૃષ્ટ સાધના કરે' એ ભાવનાને સત્કારવાના આશયથી મેં આ સંશોધનનું કાર્ય સ્વીકાર્યું.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

સંયમમાં સુસ્થિત થવાની ભાવનાવાળા દરેક મુમુક્ષુ સાધુએ આ વિવેચન અવશ્ય વારંવાર વાંચવું જોઈએ એવી મારી ભલામણ છે.

ઘણા ઓઘનિર્યુક્તિ ગ્રંથ વાંચતા સાધુઓને એમ લાગતું કે આ ગ્રંથની વાતો વર્તમાનકાળની ભૂમિકા - પરિસ્થિતિમાં વિશેષ ઉપયોગી નથી, તેથી આ ગ્રંથ માત્ર વાંચવા માટે જ છે.

પણ આ વિવેચન વાંચ્યા પછી અવશ્ય લાગશે કે આ ગ્રંથ વર્તમાનકાળે પણ એટલો જ પ્રસ્તુત છે જેટલો ભૂતકાળમાં હતો.

કોઈપણ ક્રિયા એની વિધિ, એ કરવા પાછળનું પ્રયોજન વગેરેની જાણકારીપૂર્વક ઉપયોગપૂર્વક કરાય, તો એ ધ્યાન છે, એ જ યોગ છે, એ જ અનંત કર્મની નિર્જરાનું કારણ છે એ વાત આ વિવેચન વાંચ્યા પછી કરાતી ભાવપૂર્વકની ક્રિયામાં અનુભવી શકાશે એમ મને લાગે છે.

આમાં જ્યાં જ્યાં સંસ્કૃત પંક્તિઓ કે તેના વિવેચનમાં નીકળેલા માર્મિક ઉદ્ગારો આપણને વિશેષ ચોટ કરી જતા હોય, તે અલગ ડાયરીમાં ખાસ ટપકાવી લેવા, એનો વારંવાર સ્વાધ્યાય કરવો.

પ્રાંતે આ વિવેચનના સંશોધનમાં કે આ લખાણમાં જે કાંઈ જિનાજ્ઞા વિરુદ્ધ થયું હોય, તે અંગે મિચ્છામિ દુક્કડમ્...

જેઠ વદ ૧૩ સં. ૨૦૬૩ — અજિતશેખર વિજય

સુરત

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

# લેખકીય પ્રસ્તાવના

'ઓઘનિર્યુક્તિ ગ્રંથ દીક્ષાના પ્રથમ દિવસથી જ સંયમીઓને ભણાવવો' એવું વૃત્તિકાર મહર્ષિ દ્રોણાચાર્યશ્રીનું વચન છે. એ દૃષ્ટિએ પ્રત્યેક સંયમીઓ માટે આ ગ્રન્થનું મહત્ત્વ ઘણું જ વધી જાય છે.

આ ગ્રન્થ બધા સંયમીઓ સહેલાઈથી ભણી શકે એ માટે એનું અક્ષરશઃ ભાષાંતર તૈયાર કર્યું. ગ્રન્થ મોટો હોવાથી બે ભાગમાં પ્રતાકારે એ છપાવ્યું.

પણ એ ભાષાંતરમાં તો માત્ર પંક્તિઓનો સંક્ષેપથી અર્થ લખેલો હોય. તે તે અણમોલ પંક્તિઓ ઉપર વિસ્તૃત વિવેચન કરવામાં આવે તો સંયમીઓને ઘણું ઘણું જાણવા મળે એ આશયથી ભાગ-૧માંથી સૌથી વધારે મહત્ત્વની પંક્તિઓ ચૂંટી કાઢી અને એના ઉપર વિસ્તારથી વિવેચન લખ્યું. એ જ પ્રમાણે ભાગ-૨માં પણ કર્યું. એ વિવેચન એટલે જ **ઓઘનિર્યુક્તિ સારોદ્ધાર** ! એ પણ બે ભાગમાં જ પ્રતાકારે છપાવ્યું છે.

ઓઘનિર્યુક્તિ ભાષાંતર ભાગ-૧ની મુખ્ય પંક્તિઓનું વિવેચન એટલે ઓઘનિર્યુક્તિસારોદ્ધાર ભાગ-૧

ઓઘનિર્યુક્તિ ભાષાંતર ભાગ-૨ની મુખ્ય પંક્તિઓનું વિવેચન એટલે ઓઘનિર્યુક્તિસારોદ્ધાર ભાગ-૨

શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા ન થઈ જાય એ માટે પરમોપકારી પૂજ્યપાદ પંન્યાસ અજિતશેખર મ.સાહેબને તપાસી આપવા

વિનંતી કરી, તેઓશ્રીએ બંને ભાગ અક્ષરશઃ તપાસી આપી મોટો ઉપકાર કર્યો છે. આવા વિવેચનોના લખાણો જ્યાં સુધી ગીતાર્થમહાત્માની દૃષ્ટિ નીચેથી પસાર ન થઈ જાય ત્યાં સુધી છપાવી ન શકાય એ સીધી વાત છે. એટલે એમણે કરેલા ઉપકારથી જ આ કાર્ય શક્ય બન્યું છે.

મારા અનંતાનંતોપકારી ભવોદધિતારક શાસનપ્રભાવક પૂજ્યપાદ ગુરુદેવશ્રી પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના આશીર્વાદ અને માર્ગદર્શને આ કાર્ય શક્ય બનાવ્યું છે.

આ વિવેચન બધા માટે નથી. માત્ર સાધુ-સાધ્વીજીઓ માટે છે. એમાં પણ વિસ્તૃત વિવેચન છે, એટલે જેઓને નવા નવા પદાર્થો જાણવાની ઈચ્છા હોય, ઊંડા ઉતરવામાં રસ હોય, વિસ્તારમાં રુચિ હોય તેઓ માટે આ વિવેચન છે. સંક્ષેપરુચિવાળા સંયમીઓ માટે તો ભાષાંતર છે જ, તેઓ એનો અભ્યાસ કરી શકે છે.

શાસ્ત્રપંક્તિઓના રહસ્યાર્થ મેળવવા માટે સૂક્ષ્મચિંતન કરીને વિવેચન લખાય ત્યારે છદ્મસ્થતાના કારણે ક્યાંક કોઈક ભૂલ થઈ પણ જાય. ગીતાર્થપૂજ્યોએ પરિમાર્જન કરેલું હોવા છતાં 'ક્ષતિ ન જ થવી' એ તો કેવલી ભગવંતો માટે જ શક્ય છે. આવી કોઈપણ ક્ષતિ થઈ હોય તો એની ત્રિવિધે-ત્રિવિધે ક્ષમાપના ચાહું છું.

એક વાતનો ખ્યાલ રાખવો કે, "જેના લગ્ન હોય, એના ગીત ગવાય" એ ન્યાયે જ્યારે જે પદાર્થની પ્રધાનતા દર્શાવવી જરૂરી હોય, ત્યારે એ માટેની જ બધી યુક્તિઓ અપાય. એ વખતે એની બીજી બાજુનો ઉલ્લેખ ન પણ હોય...આવી નયદેશના એ વસ્તુતઃ પ્રમાણદેશના જ છે. સ્યાદ્વાદમાં બે ય વિરુદ્ધ દેખાતા પદાર્થો અપેક્ષાએ માન્ય હોય તો પણ કોઈ વ્યક્તિ

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

કોઈ એક પદાર્થમાં એકાંતવાદી બને તો એનું ખંડન કરવા માટે એની બીજી બાજુના પદાર્થનું સખત મંડન અને એકાંતવાદીએ એકાંતે માનેલા પદાર્થનું ખંડન કરવું પડે. એ માત્ર એકાંતવાદીને સમ્યગ્બોધ કરાવવા માટે જ ! સ્યાદ્વાદી તો અપેક્ષાએ બંને પદાર્થો માને જ છે.

એટલે પ્રસ્તુત વિવેચનમાં પણ તે તે સ્થાને તે તે એકાંતવાદનું ખંડન અને તે એકાંતમાન્યતાની સામેની માન્યતાનું મંડન પણ કરેલું જોવા મળશે. પણ એની પાછળનો આશય માત્ર પેલા એકાંતને દૂર કરવાનો છે, બાકી સ્યાદ્વાદ પ્રમાણે તો તે તે અપેક્ષા પ્રમાણે બંને વસ્તુ માન્ય બનતી હોય, એ સ્વાભાવિક છે... એ ખાસ ધ્યાનમાં રાખવું.

ફરી કહેવાનું કે જેને ઉંડાણમાં ઉતરવાનો રસ હોય, પદાર્થોનો વિસ્તાર ગમતો હોય એમના જ માટે આ સારોદ્ધાર છે.

વિવેચનમાં ક્યાંય પણ ક્ષતિ જણાય તો અવશ્ય જણાવવી જેથી એ સુધારી શકાય. એ અંગેની મારી ગેરસમજ હોય તો દૂર થાય, વિપરીતપ્રરૂપણાથી બચી શકાય.

– મુનિ ગુણહંસવિજય

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ સમ્યગજ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...

શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

# પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય

# પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**

**તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી**

**સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**

પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**

સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

## સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિઃશુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

---

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સંપર્ક સ્થળ : **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

**તપોવન સંસ્કારપીઠ**, મુ. અમીયાપુર, પો. સુઘડ,

જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૮૯૭૩૮, ૨૩૨૭૬૯૦૧-૯૦૨

**લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩ ● રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨**

---

**નોંધ** : પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

णमो तित्थस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

# श्री ओघनिर्युक्ति सारोद्धार

# ઓઘનિર્યુક્તિ સારોદ્ધાર

<u>(१) नमो अरहंताणं :</u>

ગ્રન્થની શરૂઆતમાં જ આ શબ્દો વાંચીને આશ્ચર્ય પ્રગટે કે નવકાર મહામંત્રમાં **अरिहंताणं** શબ્દ જ પ્રસિદ્ધ છે, જ્યારે અહીં **अरहंताणं** શબ્દનો પ્રયોગ દેખાય છે. શ્રી ભગવતીસૂત્ર વગેરેની પ્રાચીન પ્રતોમાં પણ આવો જ પાઠ જોવા મળે છે. નમસ્કાર મહામંત્ર શાશ્વતમંત્ર હોવાથી એમાં પાઠાંતર હોવા સંભવિત નથી. એટલે એમાં તો **अरिहंताणं** પાઠ જ છે.

તો **अरहंताणं** અને **अरिहंताणं** આ બે શબ્દોની સંગતિ વિચારવી જોઈએ.

આ વિચારણા કરતા પહેલા આ શબ્દના અર્થ અંગે વિચારવું જરૂરી છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આ શબ્દના મુખ્યત્વે ત્રણ અર્થ કરાય છે. આ શબ્દ પ્રાકૃત છે, એ સંસ્કૃતમાં ત્રણ રૂપે રૂપાંતર થાય છે. **अर्हतां, अरिहन्तॄणां** અને **अरूहतां** પ્રાકૃતની ષષ્ઠી વિભક્તિ સંસ્કૃતમાં ચોથી વિભક્તિ પણ ગણાય. એટલે **नमस्** અવ્યયના યોગમાં આ બધા જ શબ્દો ચોથી વિભક્તિવાળા જ લેવા.

આ રૂપાંતર પ્રમાણે

(૧) અરિહંત એટલે અષ્ટપ્રાતિહાર્ય રૂપ પૂજાને માટે યોગ્ય = **अर्हत्**

(૨) અરિહંત એટલે આંતરશત્રુઓને હણનાર = **अरिहन्तॄ**

(૩) અરિહંત એટલે જેમનું ભવબીજ ફરી ન ઉગે તે = **अरुहत्**

આ ત્રણ પ્રકારે અર્થો થાય.

**પ્રશ્ન :** પણ એમાં છેલ્લા બે અર્થો તો **તીર્થંકરો સિવાય બીજા જીવોમાં પણ ઘટે છે.** સામાન્ય કેવલીઓ અને સિદ્ધો પણ **अरिहन्तॄ** અને **अरुहत्** છે જ. તેઓએ આંતરશત્રુને હણ્યા જ છે અને એમનું ભવબીજ ફરી ઉગવાનું નથી જ. એટલે છેલ્લા બે અર્થો પ્રમાણે તો **अरिहंत** શબ્દથી સિદ્ધો અને સામાન્ય કેવલીઓ પણ લેવા પડે. જ્યારે આપણે તો **अरिहंत** શબ્દથી તીર્થંકરોને જ લઈએ છીએ. તો એ માટે પ્રથમ અર્થ લેવો જ વધુ સારો છે, કેમકે સિદ્ધો કે કેવલીઓ અષ્ટપ્રાતિહાર્ય રૂપ પૂજાને માટે યોગ્ય નથી, કેમકે એમની પાસે જિન નામ નથી. એટલે આ **अरिहंत** શબ્દનો જો પહેલો અર્થ લઈએ તો એ સૌથી વધુ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

સંગત બને.

માટે જ તો સંસ્કૃતભાષામાં તીર્થંકરો માટે વપરાતા શબ્દોમાં **अर्हन्** શબ્દનો પ્રયોગ જ મોટેભાગે દેખાય છે. **अरिहन्त्** કે **अरुहन्** નો નહિ.

જુઓ.

(૧) **अर्हन्तो भगवन्त इन्द्रमहिता...**

(૨) **नमो नमो भगवतेऽर्हते पूजाम्....**

(૩) **नमोऽर्हत्सिद्धाचार्योपाध्याय...** વગેરે.

એટલે - **अरिहंत** શબ્દના છેલ્લા બે અર્થ તીર્થંકરોમાં ઘટે છે, છતાંય એ બે અર્થ અન્યમાં પણ ઘટે છે. જ્યારે પ્રથમ અર્થ માત્ર તીર્થંકરોમાં જ ઘટે છે, અને આપણે **अरिहंत** શબ્દથી એમને જ લેવા છે, તો પછી **अर्हन्** એ પ્રમાણે પ્રથમ અર્થ લેવો વધુ સંગત થાય.

**ઉત્તર :** આ વાત બરાબર નથી. જેમ **गच्छतीति गौः** એ અર્થ પ્રમાણે તો જે ચાલે એ બધામાં **गौ** પદ વાપરી શકાય. પરંતુ **गौ** પદ ગાયમાં જ રૂઢ થયેલું હોવાથી બીજાઓમાં એનો અર્થ સંભવતો હોય, તો પણ એ પદ બીજાઓમાં ન વપરાય.

એમ છેલ્લા બે અર્થો ભલેને સિદ્ધ વગેરેમાં ઘટે, છતાં **अरिहंत** પદ એ તીર્થંકરોમાં જ રૂઢ થયેલું છે. એટલે એ પદ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

તીર્થંકરોમાં જ વપરાય. એટલે જ એના ત્રણ અર્થો લેવામાં પણ કોઈ જ વાંધો નથી.

હા ! શાસ્ત્રોમાં **अरहंताणं** વગેરે પાઠ મળે ખરા, પણ સકલલોકમાં માન્ય નમસ્કાર મહામંત્રમાં તો **अरिहंताणं** પાઠ જ સ્પષ્ટ છે.

ક્યાંક તો **अरुहन्ताणं** પાઠ પણ જોવા મળે છે જે **अरुहत्** શબ્દને અનુસારે છે. શાસ્ત્રોમાં આ ત્રણેય પ્રયોગો આવતા હોવાથી ત્રણે ય સાચા છે. પણ નમસ્કાર મહામંત્રમાં તો **अरिहंत** શબ્દ જ પ્રસિદ્ધ હોવાથી એમાં તો જ પ્રયોગ આદરવો યોગ્ય છે.

ભગવતી સૂત્ર વગેરે શાસ્ત્રોના આરંભે મુખ્યતયા **अरहंताणं** દેખાય છે, નમસ્કાર મહામંત્ર કે જે શાશ્વત છે. એમાં **अरिहंताणं** પ્રસિદ્ધ છે. શાશ્વતમંત્રમાં એક જ પાઠ હોય એ સ્વાભાવિક છે, માટે તેમાં **अरिहंताणं** પાઠ સમજવો.

(૨) **प्रक्रान्तोऽयमावश्यकानुयोगः, तत्र च सामायिकाध्ययनमनुवर्तते, तस्य च चत्वार्यनुयोगद्वाराणि भवन्ति....**

અનુયોગ એટલે સૂત્રનું વ્યાખ્યાન ! નવકાર, પંચિંદિય વગેરે સૂત્રો છે. એમ આચારાંગ, સૂયગડાંગ વગેરે બધા સૂત્રો છે, આ સૂત્રોનો અર્થ શું છે ? એનું કથન કરવું એનું નામ અનુયોગ.

આપણે શાસ્ત્રના પાંચ અંગો=અવયવો=વિભાગો માનીએ છીએ.

(૧) સૂત્ર (૨) નિર્યુક્તિ (૩) ભાષ્ય (૪) ચૂર્ણિ (૫) વૃત્તિ.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(૧) ગણધર મહારાજા, ચૌદપૂર્વીઓ, દશપૂર્વીઓ વડે રચાયેલા આચારાંગાદિ મૂળ ગ્રન્થો એ સૂત્ર કહેવાય. ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુ સ્વામી વગેરે વડે રચાયેલા કલ્પસૂત્ર, બૃહત્કલ્પસૂત્ર વગેરે પણ સૂત્ર કહેવાય. આ સૂત્રો મોટા ભાગે પ્રાકૃતભાષામાં હોય છે. તે ગદ્ય પણ હોય અને પદ્ય=શ્લોકરૂપ પણ હોય. સૂત્રોમાં પદાર્થો ખૂબ જ સંક્ષેપમાં કહેવામાં આવે.

(૨) ગણધર મહારાજા વગેરેએ રચેલા સૂત્રો ઉપર કે સ્વરચિત સૂત્રો ઉપર ચતુર્દશપૂર્વધર શ્રીમાન ભદ્રબાહુ સ્વામીએ પ્રાકૃતભાષામાં જે શ્લોકો રૂપે અર્થવર્ણન કર્યું, સૂત્રોનો અર્થ દર્શાવ્યો એ બધા જ શ્લોકો-ગાથાઓ **નિર્યુક્તિ** કહેવાય. વર્તમાન શાસનમાં માત્ર શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલી નિર્યુક્તિઓ જ છે, બીજા કોઈની પણ નિર્યુક્તિ નથી. અને એ બધી જ શ્લોકબદ્ધ અને પ્રાકૃતમાં છે.

(૩) સૂત્રો ઉપર જે નિર્યુક્તિઓ રચાઈ, તે પણ ધીમે ધીમે કઠિન પડવા લાગી, એટલે એ નિર્યુક્તિઓને સરળ કરવા માટે જ પ્રાકૃતભાષામાં શ્લોકબદ્ધ જે રચનાઓ થઈ, મુખ્યત્વે એ ભાષ્ય કહેવાય. દા.ત. ઓઘનિર્યુક્તિ વગેરે ઉપર પ્રાકૃતમાં, પદ્યમાં ભાષ્યગાથાઓ મળે છે.

(૪) સૂત્રના, સૂત્ર ઉપર રચાયેલ નિર્યુક્તિઓના, સૂત્ર કે નિર્યુક્તિ ઉપર રચાયેલ ભાષ્યના પદાર્થોને વિસ્તારથી વર્ણન કરતી, એ પ્રત્યેક પદાર્થોને એકદમ સ્પષ્ટ ભાષામાં સમજાવતી, ગદ્યરૂપે થયેલી, પ્રાકૃતભાષામાં રચાયેલી રચનાઓ એ ચૂર્ણિ કહેવાય છે. ચૂર્ણિઓ મુખ્યત્વે ગદ્ય જ હોય અને એ પ્રાયઃ પ્રાકૃતભાષામાં જ હોય. વર્તમાનમાં શ્રીજિનદાસગણિમહત્તર તથા શ્રી અગસ્ત્યસિંહસૂરિ વગેરે કેટલાક વિશિષ્ટ મહાપુરુષોની રચેલી જ ચૂર્ણિઓ છે, જે ૪૦-૫૦થી વધારે ઉપલબ્ધ નથી. આ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

તમામ ચૂર્ણિઓ લગભગ ૧૦૦૦થી વધારે વર્ષ પ્રાચીન છે.

(૫) વૃત્તિ અને ચૂર્ણિમાં વિશેષ કોઈ જ ભેદ નથી. ભેદમાત્ર એટલો કે વૃત્તિ મોટાભાગે સંસ્કૃતમાં હોય, અને એ ચૂર્ણિકાર મહર્ષિઓ પછી થયેલી એટલે કે ચૂર્ણિની અપેક્ષાએ નવી હોય છે. અત્યારે પ્રાયઃ વૃત્તિઓ જ લખાતી દેખાય છે. વર્તમાનના શ્રમણોની કોઈપણ રચના સૂત્ર-ભાષ્ય-ચૂર્ણિ વગેરે રૂપે પ્રચલિત થતી દેખાતી નથી. હા ! પૂ.પાદ હરિભદ્રસૂરિજી વગેરેએ જે શ્લોકો બનાવ્યા અને એના ઉપર પછી ટીકાઓ રચાઈ, એમાં એ શ્લોકો વ્યવહારમાં મૂલસૂત્ર તરીકે પ્રચલિત હોય પણ ખરા. પણ મુખ્યરીતે તો પૂર્વે જણાવ્યા પ્રમાણે ગણધરો, ચૌદપૂર્વીઓ, દશપૂર્વીઓ વડે રચાયેલ સૂત્ર જ સૂત્ર ગણાય.

આમ સંક્ષેપમાં પાંચ અંગોની સમજણ આપી.

આમાં સૂત્ર નામનું જે પહેલું અંગ છે, એના જ વ્યાખ્યાન રૂપ બાકીના ચાર અંગો **અનુયોગ=વ્યાખ્યાન** શબ્દથી ઓળખાય. એટલે પંચાંગીમાં પ્રથમ અંગ સૂત્રરૂપ અને બાકીના ચાર અંગો અર્થરૂપ-અનુયોગરૂપ જાણવા.

હવે આ વ્યાખ્યાન=અનુયોગ જેમ તેમ ન કરાય, પણ પદ્ધતિસર કરવો પડે. તો જ પદાર્થો એકદમ સ્પષ્ટ થાય. એટલે અનુયોગના ચાર દ્વારો=વિભાગો પાડવામાં આવ્યા. એ ચારનું નામ અહીં બતાવેલ જ છે. **(૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ (૪) નય.**

આ ચારેયનું વિસ્તારથી વર્ણન અનુયોગદ્વારસૂત્રમાં અને આવશ્યકનિર્યુક્તિવૃત્તિ વગેરેમાં કરેલું છે. અહીં સામાન્ય બોધ કરાવવા માટે સ્થૂલદૃષ્ટિથી કેટલીક ઉપયોગી બાબતો બતાવશું.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

**ઉપક્રમ :** આ ગ્રન્થમાં જ કહ્યું છે કે ઓઘસામાચારી પૂર્વની અંદર વર્ણવેલી છે. હવે પૂર્વ તો છેક ૨૦માં વર્ષે ભણવા મળે. એટલે કાયદેસર તો ઓઘસામાચારીની સૂત્રરૂપે પ્રાપ્તિ છેક ૨૦માં વર્ષે થાય. પરંતુ શ્રી ભદ્રબાહુસ્વામીજીએ ઓઘનિર્યુક્તિની રચના કરીને એ દ્વારા ઓઘસામાચારી દીક્ષાના પહેલા જ દિવસે આપવાની વ્યવસ્થા ગોઠવી. તો આમ ૨૦ વર્ષે મળનારી ઓઘસામાચારીને એકદમ વહેલી મેળવી આપી, એ જ **ઉપક્રમ** કહેવાય. ઉપક્રમ શબ્દનો અર્થ આ જ છે કે **જેના દ્વારા વસ્તુ નજીક લવાય તે ઉપક્રમ.** અહીં ઓઘસામાચારી રૂપી વસ્તુ નજીક લવાય છે માટે આ ઉપક્રમ બની રહે.

આ ઉપક્રમના પેટાદ્વારો ઘણા બધા છે. પણ એ બધું જ અન્ય ગ્રન્થોમાંથી જાણવું.

આ ઉપક્રમ અને તેના પેટાદ્વારોનું ઘણું વિસ્તૃતવર્ણન સૌપ્રથમ આવ.નિર્યુક્તિ-વૃત્તિમાં આપી દીધું છે. એ પછી બાકીના આગમોમાં ઉપક્રમદ્વારનું વર્ણન ખૂબ જ અલ્પ આવે, કેમકે બધા માટે ઉપક્રમ દ્વાર સરખું જ છે. બધા આગમોની ઉત્પત્તિ પ્રભુવીરના સમવસરણમાં થઈ છે....વગેરે ઘણી બધી બાબતો સમાન હોવાથી બીજા બધા જ આગમોમાં ઉપક્રમદ્વાર સંક્ષેપમાં પતી જાય છે.

**નિક્ષેપ :** કોઈપણ પ્રસિદ્ધ વસ્તુ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ઓછામાં ઓછી ચાર પ્રકારે તો હોય જ છે. આમ દરેક વસ્તુના આ પ્રકારોનું નિરૂપણ કરવા દ્વારા તેનું વાસ્તવિક સ્વરૂપ સમજાવવું એનું નામ જ નિક્ષેપ. દા.ત. **धम्मो मङ्गल** ગાથામાં પહેલો ધર્મ શબ્દ છે. તો એ ધર્મ ચાર પ્રકારનો છે. નામધર્મ, સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ અને ભાવધર્મ...વગેરે. (એમાં નામધર્મ કોને કહેવાય ? વગેરે બાબતો આગળ બતાવાશે.)

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

હવે આ નિક્ષેપો ત્રણ પ્રકારે છે (અ) ઓઘનિષ્પન્ન નિક્ષેપ (બ) નામનિષ્પન્ન નિક્ષેપ. (ક) સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ.

**(અ) ઓઘનિષ્પન્ન નિક્ષેપ :** જે શબ્દ સામાન્ય હોય, ઘણા બધામાં વપરાતો હોય તે **ઓઘ** શબ્દ કહેવાય. તે શબ્દને આશ્રયીને જે નિક્ષેપ કરાય તે ઓઘનિષ્પન્ન નિક્ષેપ કહેવાય. દા.ત. **अङ्ग** શબ્દ છે. તો આચારાંગને પણ અંગ કહેવાય અને સૂયગડાંગ, ઠાણાંગ, ભગવતી વગેરેને પણ અંગ કહેવાય. આમ અંગ શબ્દ ઘણા બધા શાસ્ત્રો વિશે વપરાતો શબ્દ છે, એટલે તે **ઓઘ**શબ્દ કહેવાય.

તથા **श्रुतस्कन्ध** શબ્દ પણ એ જ રીતે જાણવો. આચારાંગના **ब्रह्मचर्य** વગેરે બે શ્રુતસ્કંધ છે. દશવૈકાલિક પણ આખું શ્રુતસ્કંધ જ કહેવાય છે. એમ શ્રુતસ્કંધ શબ્દ પણ ઘણા બધા શાસ્ત્રો માટે સામાન્ય રીતે વપરાતો હોવાથી તે પણ **ઓઘ** શબ્દ જાણવો.

એમ અધ્યયન શબ્દ પણ જાણવો. આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધના શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય વગેરે નવ અધ્યયનો છે, અને તે બધાને અધ્યયન શબ્દ તો લાગે જ છે. એમ દશવૈકાલિકના પણ **द्रुमपुष्पिका** વગેરે દશ અધ્યયનો છે, તો બધા માટે **अध्ययन** શબ્દ વપરાય. એટલે આ **अध्ययन** શબ્દ પણ ઘણા બધા માટે વપરાતો હોવાથી એ પણ **ઓઘ** શબ્દ છે.

એ એમ આચારાંગના પહેલા અધ્યયનના ૭ ઉદ્દેશા છે, બધા માટે **ઉદ્દેશો** શબ્દ વપરાય. એમ જે જે અધ્યયનના જેટલા જેટલા ઉદ્દેશા હોય તે બધા માટે ઉદ્દેશો શબ્દ વપરાય છે. એટલે આ શબ્દ પણ **ઓઘ** શબ્દ કહેવાય.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

બસ, મુખ્યત્વે આવા પાંચ-સાત શબ્દો જ અહીં **ઓઘ** શબ્દ તરીકે આવે છે. એમનો નિક્ષેપ એ ઓઘનિષ્પન્ન નિક્ષેપ કહેવાય.

દા.ત. **आचाराङ्ग** માં અંગ શબ્દ આવ્યો, એટલે એનો નામ અંગ, સ્થાપના અંગ, દ્રવ્ય અંગ...એમ નિક્ષેપ કરી એનું વર્ણન કરવામાં આવે. એ પછી બ્રહ્મચર્ય નામનું પ્રથમ શ્રુતસ્કંધ છે. એટલે એમાં **શ્રુત, સ્કંધ** શબ્દોનો નામશ્રુત, સ્થાપનાશ્રુત વગેરે રૂપે નિક્ષેપ કરાય. પછી શસ્ત્રપરીજ્ઞા અધ્યયન...એ બધામાં અધ્યયન શબ્દ આવે એટલે નામાધ્યયન, સ્થાપનાધ્યયન...એ રીતે નિક્ષેપા થાય.

આમ મુખ્યત્વે અંગ, શ્રુત, સ્કંધ, અધ્યયન, ઉદ્દેશ વગેરે કેટલાક જ શબ્દોનો નિક્ષેપ એ ઓઘનિષ્પન્ન નિક્ષેપ કહેવાય. આવ. નિર્યુક્તિમાં લગભગ આ બધા શબ્દોનો વિસ્તારથી નિક્ષેપ આવે છે, પણ એ સિવાયના ગ્રંથોમાં આ શબ્દોનો નિક્ષેપ ટુંકાણમાં કરવામાં આવે છે.

**(બ) નામનિષ્પન્ન :** તે તે આગમોના પોતાના નામમાં આવતા શબ્દોનો નિક્ષેપ એ નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાય. આ મહત્ત્વનો છે અને દરેક દરેક આગમોમાં જુદા જુદા પ્રકારનો આવે, કેમકે બધાના નામો તો જુદા જુદા જ છે. એટલે દરેક વખતે તે નામોનો નિક્ષેપ કરવો પડે. દા.ત. દશવૈકાલિક શાસ્ત્ર છે, તો તેનું નામ **दशकालिक** છે. એમાં **दश** અને **कालिक** એમ બે શબ્દો છે. તો નામ દશ, સ્થાપના દશ..., નામ કાલિક... એ રીતે એના નિક્ષેપા દર્શાવી એનો અર્થ વર્ણવવામાં આવે.

એમાં પહેલાં અધ્યયનનું નામ **द्रुमपुष्पिका** છે. એમાં દ્રુમ અને પુષ્પ એ બે શબ્દો છે. એટલે નામદ્રુમ..., નામપુષ્પ....એમ નિક્ષેપ દર્શાવી પછી એનો વિસ્તારથી અર્થ બતાવવામાં આવે.

દરેક અંગના, દરેક શ્રુતસ્કંધના, દરેક અધ્યયનના, દરેક ઉદ્દેશાના પોતપોતાના નામો તો જુદાજુદા જ હોય. એટલે દરેક અંગ, શ્રુતસ્કંધ, અધ્યયનાદિની શરૂઆતમાં તેમના નામમાં આવતા બધા શબ્દોનો નિક્ષેપ કરવામાં આવે. આ બધું જ નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાય.

**(ક) સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ :** સૂત્રમાં આવતા શબ્દોનો નિક્ષેપ કરવો એ સૂત્રાલાપક...નિક્ષેપ કહેવાય. દા.ત. **धम्मो मङ्गल...** આ દશવૈકાલિકનું પ્રથમસૂત્ર છે. એમાં ધર્મ, મંગલ, ઉત્કૃષ્ટ, અહિંસા, સંયમ, તપ....આ બધા શબ્દો આવેલા છે. તો નામધર્મ, સ્થાપનાધર્મ...એમ નિક્ષેપ કરી એ બધાનો અર્થ સમજાવવો, નામમંગલ-સ્થાપનામંગલ....એમ મંગલશબ્દનો નિક્ષેપ કરી એનો અર્થ સમજાવવો...એ બધું સૂત્રાલાપક...નિક્ષેપ કહેવાય.

આ પણ અત્યંત ઉપયોગી છે.

શાસ્ત્રકારો કંઈ સૂત્રમાં આવતા દરેકેદરેક શબ્દોનો નિક્ષેપ ન કરે. જો કરે તો શાસ્ત્ર ઘણું જ વધુ મોટું થાય. એટલે ઉપયોગી શબ્દોનો નિક્ષેપ દર્શાવે.

આમ સાર એ આવ્યો કે,

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

સૂત્રમાં આવતા શબ્દોનો નિક્ષેપ તે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ. દા.ત. ધર્મ, મંગલાદિ શબ્દોનો...અધ્યયન-અંગાદિના નામમાં આવતા શબ્દોનો નિક્ષેપ તે નામ નિક્ષેપ. દા.ત. દશ, દ્રુમ, આચારાદિ શબ્દોનો... એ સિવાયના અંગ-અધ્યયનાદિ સામાન્ય શબ્દોનો નિક્ષેપ તે ઓઘનિક્ષેપ. દા.ત. અંગ, અધ્યયન, શ્રુતસ્કંધાદિનો...

આમાં નીચેની બાબતો પણ સ્પષ્ટ કરવી.

● ઉદ્દેશો એ બધામાં સૌથી નાનો છે.

– ઘણા ઉદ્દેશા ભેગા થાય, ત્યારે અધ્યયન બને. હા ! એક કરતાં વધારે ઉદ્દેશા ન હોય તો પછી એ અધ્યયન જ કહેવાય. દા.ત. દશવૈકાલિકનું પહેલું અધ્યયન દ્રુમપુષ્પિકા છે. એમાં ઉદ્દેશા હોવાનો વ્યવહાર કરાતો નથી. પણ એના પાંચમા અધ્યયનમાં બે ઉદ્દેશા છે એટલે એમાં પહેલો ઉદ્દેશો...એમ ભેદ પડે છે.

– ઘણા અધ્યયનો ભેગા થાય ત્યારે શ્રુતસ્કંધ બને. દા.ત. ૧૦ અધ્યયનોના સમુહ રૂપ દશવૈકાલિક એ શ્રુતસ્કંધ છે. આચારાંગમાં નવ અધ્યયનોના સમૂહ રૂપ પહેલો બ્રહ્મચર્યશ્રુતસ્કંધ છે.

– બાર અંગોમાંથી દરેક અંગ અનેક શ્રુતસ્કંધોનું બનેલું છે.

આમ સામાન્યથી ઉદ્દેશા કરતા અધ્યયન, અધ્યયન કરતા શ્રુતસ્કંધ અને શ્રુતસ્કંધ કરતા અંગ ઉત્તરોત્તર મોટા મોટા છે.

(૩) **અનુગમ :** અનુગમનો સીધો અર્થ તો 'અનુસરવું' એમ જ થાય. અહીં એનો રૂઢિ અર્થ સ્પષ્ટ સમજાતો હોવાથી



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એ પ્રમાણે જ આપણે સમજીશું.

આના બે પ્રકાર છે. સૂત્રાનુગમ અને નિર્યુક્તિ-અનુગમ.

એમાં **धम्मो मंगल...** વગેરે મૂળસૂત્રો બોલવા એનું જ નામ સૂત્રાનુગમ. સૂત્રોનો ઉચ્ચાર એ જ સૂત્રાનુગમ. જે જે સૂત્ર ઉચ્ચારાતું જાય, તે તે સૂત્રનો અનુગમ થઈ ગયેલો કહેવાય.

એમ નિર્યુક્તિગાથાઓ બોલવી એ જ નિર્યુક્તિ-અનુગમ.

હવે નિર્યુક્તિગાથાઓ ત્રણ પ્રકારમાં વહેંચાયેલી છે.

(અ) નિક્ષેપનિર્યુક્તિ-અનુગમ (બ) સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અનુગમ (ક) ઉપોદ્ઘાતનિર્યુક્તિ-અનુગમ. આ ત્રણેયનો સ્પષ્ટ અર્થ હવે જોઈએ.

**(અ) નિક્ષેપનિર્યુક્તિ-અનુગમ :** જે નિર્યુક્તિગાથાઓ નિક્ષેપનું વર્ણન કરનારી હોય તે તમામ ગાથાઓ નિક્ષેપનિર્યુક્તિ કહેવાય અને એનો જ ઉચ્ચાર નિક્ષેપનિર્યુક્તિ-અનુગમ કહેવાય.

દા.ત. **णामधम्मो ठवणधम्मो दव्वधम्मो भावधम्मो य...** આવી કોઈક નિર્યુક્તિ ગાથા હોય તો એનો ઉચ્ચાર નિક્ષેપનિર્યુક્તિ-અનુગમ કહેવાય.

હવે નિક્ષેપ ત્રણ પ્રકારનો છે, એટલે એ અનુસારે નિક્ષેપનિર્યુક્તિ પણ ત્રણ પ્રકારની બની જશે. તે આ પ્રમાણે –

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

– અંગ-અધ્યયન-શ્રુત વગેરે શબ્દોના નિક્ષેપનું પ્રતિપાદન કરતી નિર્યુક્તિગાથાઓ એ ઓઘનિષ્પન્ન નિક્ષેપનિર્યુક્તિ કહેવાય. (છતાં નિક્ષેપદ્વારમાં નિક્ષેપાઓનું માત્ર નામોત્કીર્તન હોય, નિર્યુક્તિઓમાં તેનો અર્થ હોય આવો ભેદ વિ.આ.ભા.માં દર્શાવ્યો છે.)

– આચાર, દશ, દ્રુમ, વગેરે શબ્દોના નિક્ષેપનું પ્રતિપાદન કરતી નિર્યુક્તિગાથાઓ એ નામનિષ્પન્ન નિક્ષેપનિર્યુક્તિ કહેવાય.

– ધર્મ, મંગલ, અહિંસા, સંયમ વગેરે શબ્દોના નિક્ષેપનું પ્રતિપાદન કરતી નિર્યુક્તિગાથાઓ એ સૂત્રાલાપક નિષ્પન્નનિક્ષેપનિર્યુક્તિ કહેવાય.

આ ત્રણેય પ્રકારની નિર્યુક્તિઓ નિક્ષેપનિર્યુક્તિ-અનુગમ કહેવાય.

(બ) **સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ-અનુગમ** : સૂત્રના પદાર્થોનું વર્ણન કરનારી પણ નિક્ષેપાનું વર્ણન નહીં કરનારી જે નિર્યુક્તિગાથાઓ હોય તે બધી સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ કહેવાય અને તેનો જ ઉચ્ચાર સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ-અનુગમ કહેવાય.

દા.ત. **दुग्गइपडणजीवधारणाओ धम्मोत्ति णिद्दिट्ठो...** આવી કોઈક નિર્યુક્તિ ગાથા હોય તો એમાં નિક્ષેપનું વર્ણન નથી. પરંતુ સૂત્રમાં આવેલા ધર્મશબ્દની વ્યાખ્યા જ કરાઈ છે કે દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખતો હોવાથી તે ધર્મ કહેવાય છે.

ટુંકમાં સૂત્રના શબ્દોને જ સ્પર્શી સ્પર્શીને ચાલે, એનું જ વિસ્તૃતવર્ણન કરે તો એ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ ગણાય. પરંતુ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

સૂત્રના શબ્દોનો નિક્ષેપ કરે તો પછી એને નિક્ષેપનિર્યુક્તિમાં જ ગણવી.

**(ક) ઉપોદ્ઘાત નિર્યુક્તિ-અનુગમ :** ઉદ્દેશ વિ. શાસ્ત્રોક્ત દ્વારોનું વર્ણન કરતી નિર્યુક્તિ ગાથાઓ ઉપોદ્ઘાત નિર્યુક્તિ કહેવાય. મુખ્યત્વે ઉપક્રમદ્વારમાં આવતી ઘણી બધી નિર્યુક્તિગાથાઓ આમાં ગણાય.

આમ ત્રણ પ્રકારે નિર્યુક્તિ-અનુગમ સંપૂર્ણ થયો.

**(૪) નય :** નયનો સીધેસીધો અર્થ છે અપેક્ષા, Angle....શાસ્ત્રની કોઈપણ બાબતો કોઈક કોઈક અપેક્ષાએ હોય છે.

પૂર્વના કાળમાં દરેકે દરેક સૂત્રની દરેકે દરેક બાબતોમાં નયો વડે વિચારણા કરવામાં આવતી. દા.ત. **ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે.** આ એક શાસ્ત્રવચન છે. તો એમાં જુદા જુદા નયો શું શું માને છે ? કયો નય કઈ વસ્તુને મંગલ માને ? ધર્મનો શું અર્થ માને ? વગેરે વગેરે ખૂબ જ વિસ્તારથી વિચારવામાં આવે.

નૈગમ, સંગ્રહ વગેરે ૭ નયો છે.

અત્યારે આ નયોનું અહીં વર્ણન કરાતું નથી. એનું કારણ એ કે હવે જિનાગમોમાં નયદ્વારનું વર્ણન લગભગ આવતું નથી. દરેક આગમોમાં સૌથી છેલ્લે બે-ત્રણ પાના નયદ્વાર માટેના હોય છે. જેમાં જ્ઞાન અને ક્રિયા નયનું વર્ણન કરવામાં આવે છે. આ સિવાય આખાય ગ્રન્થમાં લગભગ ક્યાંય પણ એ નયદ્વારનું વર્ણન આવતું હોતું નથી. એટલે એ અંગે અત્રે કોઈ વિસ્તાર કરાતો નથી.

આમ આપણે અનુયોગના=વ્યાખ્યાનના ચાર દ્વાર જોઈ ગયા.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આપણે પૂર્વે જ જોઈ ગયા કે સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ આગમના આ પાંચ અંગો છે. આ જ પંચાંગી કહેવાય છે. આમાંથી એકેયનો અપલાપ ન કરી શકાય. કેમકે આ પ્રત્યેક અંગો મહાગીતાર્થ, મહાસંવિગ્ન મહાપુરુષો વડે રચાયેલા હોય છે.

જિનશાસનમાં આ પાંચ અંગો પ્રસિદ્ધ છે.

પણ મહાયોગી આનંદઘનજી મહારાજ તો આ પાંચ કરતા જુદી બીજી પણ બે વસ્તુઓ દર્શાવે છે અને કહે છે કે આ સાત વસ્તુઓ શાસ્ત્રરૂપી પુરુષના અંગ છે. જે આનો છેદ કરે તે દુર્ભવી જાણવો.

જુઓ, શ્રી નમિનાથ જિનસ્તવનમાં ટંકારાયેલા મહાયોગીના શબ્દો !

**ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ, પરંપર, અનુભવ રે.**

**સમયપુરુષના અંગ કહ્યા એ, જે છેદે તે દુર્ભવ રે. ષટદરિશન જિન અંગ ભણીજે.**

પંચાંગી સિવાય પણ બે વસ્તુ જિનશાસનમાં પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવી છે. એ છે (૧) પરંપરા અને (૨) અનુભવ.

એમાં શાસ્ત્રમાં ન દર્શાવેલી એવી પણ નવી આચરણાઓ તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જોઈને સંવિગ્ન ગીતાર્થોએ નિર્મળભાવથી શરૂ કરી હોય અને બીજા પણ અનેક સંવિગ્ન ગીતાર્થોએ એને માન્ય રાખી હોય તે પરંપરા શબ્દથી ઓળખાય છે.

ભા.સુ.૫ની સંવત્સરી શાસ્ત્રમાં બતાવેલી છે, છતાં આજે સમગ્ર તપાગચ્છ ચોથની સંવત્સરી કરે છે તો એ પરંપરા છે. એમ ઝોળીને ગાંઠ લગાડવી, પાત્રાઓને રંગ કરવો, કંદોરો પહેરવો, તરપણી વગેરે ઉપકરણો રાખવા, ત્રણ ઉકાળાવાળુ પાણી જ વાપરવું...વગેરે સેંકડો બાબતો એવી છે કે શાસ્ત્રમાં એનું વિધાન નથી, છતાં સંવિગ્ન ગીતાર્થોએ તે તે દ્રવ્ય-ક્ષેત્રાદિ પ્રમાણે તે તે વસ્તુઓ વાપરવા વગેરે રૂપ આચરણા શરૂ કરી અને એ ઘણા સંવિગ્ન ગીતાર્થોએ માન્ય પણ રાખી. આ જ પરંપરા કહેવાય છે. પરંપરા, જીતવ્યવહાર સમાનાર્થી શબ્દો છે.

જો સંવિગ્ન ગીતાર્થોએ અશઠભાવે કોઈપણ આચરણા શરૂ કરી હોય તો એ શાસ્ત્રમાં ન હોવા છતાં એનો સંપૂર્ણ આદર કરવો જ રહ્યો. એનું ઉલ્લંઘન કરનારને જિનાજ્ઞાભંગાદિ દોષો લાગે.

પંચાંગી અને પરંપરા... આ છ વસ્તુ કરતા પણ વધારે ચડીયાતી વસ્તુ અપેક્ષાએ અનુભવ છે. આ વાત જરાક વિસ્તારથી સમજીએ.

ચૌદપૂર્વધર મહાત્મા વગેરે અગાધજ્ઞાનના સમુદ્ર હોવાથી તેઓને કરોડો-અબજો પદાર્થોનો બોધ હોય જ, પણ એને શબ્દ રૂપે ઢાળવામાં એમની શક્તિ મર્યાદિત બની રહે. આપણે જેટલું વિચારીએ એટલું બધું જ અક્ષરશઃ બોલી શકતા નથી અને જેટલું બોલીએ એટલું બધું જ કંઈ અક્ષરશઃ લખી શકતા નથી. માટે જ તો શાસ્ત્રોએ કહ્યું છે કે,"કહી શકાય એવા જેટલા પદાર્થો છે, તેનો પણ માત્ર અનંતમો ભાગ જ શાસ્ત્રમાં શબ્દરૂપે ગુંથાયેલો છે." આનો અર્થ એ કે બીજા અનંતગુણા પદાર્થો તો શાસ્ત્રમાં ગૂંથી શકાયા જ નથી. એ તમામ પદાર્થોને કેવલીઓ કે ચૌદપૂર્વીઓ જાણે તો છે, પણ આયુષ્યની પરિમિતતા

વગેરે કારણે ગૂંથી શકતો નથી.

વળી શાસ્ત્રકારો પણ બહુલતાની દૃષ્ટિએ જ પદાર્થોનું વર્ણન કરતા હોય છે. સ્ત્રી, ધન, વિષયસુખો, હિંસા, ચોરી વગેરે બધું મોટાભાગે તો ભયંકર નુકસાન કરનાર હોવાથી શાસ્ત્રોમાં ઠેરઠેર એનું સખત ખંડન, એની હેયતાનું વર્ણન કરેલું જોવા મળે. એમ દેવ-ગુરુ-ધર્મ-ચારિત્ર-અહિંસા-વગેરે બધું મોટાભાગે તો ઉત્કૃષ્ટ લાભ કરનાર હોવાથી શાસ્ત્રોમાં ઠેરઠેર એનું મંડન, એની ઉપાદેયતા વર્ણવેલી જોવા મળે અને આ યોગ્ય જ છે. કેમકે ૯૯ ટકા તો આ વાત બરાબર જ છે અને એટલે એ પ્રમાણે જ વર્ણન કરવાથી જીવો હિત પામે. એમાં ૧ ટકા જેટલો આ પદાર્થ ક્યાંક તદ્દન ઊંધો હોય તો પણ એને વધુ ભાર આપવામાં તો જીવો ઊંધા માર્ગે ચડી નુકસાન જ પામે ને ?

કોઈની ગયેલી યાદશક્તિ એક્સીડન્ટ થવાથી પાછી આવી જાય તો કંઈ ચારેબાજુ એમ જાહેરાત થોડી કરાય ? કે "યાદશક્તિ પાછી મેળવવા માટે એક્સીડન્ટ સચોટ ઉપાય છે."

એટલે શાસ્ત્રો તો મુખ્યત્વે ઘણા લોકોને નજર સામે રાખીને એ પ્રમાણે પદાર્થોનું વર્ણન કરનારા હોય છે.

એ જ રીતે પરંપરા પણ ઘણાઓને નજર સામે રાખીને જ તૈયાર થતી હોય છે. પૂર્વના સાધુઓ માત્ર પાત્રામાં જ પાણી-ગોચરી લાવતા, પણ પછીના કાળમાં સંવિગ્નગીતાર્થોએ જોયું હશે કે "હવેના સાધુઓ પાત્રાદિમાં પાણી લાવશે તો ઘણું ઢોળાશે...." એટલે પછી તરપણી જેવા સાધનો, એ ઊંચકવા માટે દોરી વગેરેની શરૂઆત કરી હશે.

હવે બધા જ સાધુઓથી પાણી ઢોળાય જ, કોઈપણ સાધુ પાત્રામાં પાણી લાવવા સક્ષમ રહ્યો જ ન હોય એવું તો નથી

જ. પણ બહુલતાની અપેક્ષાએ આ નિર્ણય કરાય.

(એ ખાસ ખ્યાલ રાખવો કે આચરણના વિષયમાં પંચાંગી કરતા પણ સંવિગ્નગીતાર્થોએ પ્રવર્તાવેલ આચરણા વધુ બળવાન છે. કેમકે તેઓ પંચાંગીના જાણકાર હોવાથી પોતાની આચરણા શાસ્ત્રબાહ્ય હોવાનું જાણવા છતાં પણ તેઓ તે આચરણા પ્રવર્તાવે છે, એટલે નક્કી તેઓને આ નિર્ણય લેવા પાછળ કોઈ અત્યંત મહત્ત્વના પરિબળો હશે જ. એ સિવાય તેઓ શાસ્ત્રીયપદાર્થ જાણવા છતાં પણ તેનાથી વિપરીત આચરણા શરૂ ન જ કરે. પણ એમ કરે છે, એટલે જ માનવું રહ્યું કે "તે તે કાળની દૃષ્ટિએ તે તે આચરણા શાસ્ત્રીયપદાર્થ કરતા પણ વધુ હિતકારી હશે જ અને માટે જ તે મહાપુરુષોએ તે શરૂ કરી હશે." અને એટલે જ પંચાંગી કરતા પણ પરંપરા બળવાન માનવી જરૂરી છે. (જો કે આચરણા પણ અપેક્ષાએ શાસ્ત્ર કહી શકાય, કેમકે શાસ્ત્રોમાં કેટલીક વિધિ-આચરણા ઉત્સર્ગથી-અપવાદથી વિસ્તારથી બતાવ્યા પછી, છેવટે શું કરવું - શું ન કરવું એનો સીધો દોર સંવિગ્ન ગીતાર્થ ગુરુ ભગવંતોને સોંપ્યો છે. તહ, તહ પયટ્ટિયવ્વં...ઈત્યાદિ. એમ કહી શકાય કે ગીતાર્થ આચરણા શાસ્ત્રમાં અનુલ્લિખિત શાસ્ત્રીય આચરણા છે. જેમ સૂત્રોમાં નહીં દેખાતા અર્થો ટીકા વગેરેથી તે -તે સૂત્રના અર્થ તરીકે પ્રાપ્ત થાય છે. રે ! કોઈક કોઈક આચરણા તો શાસ્ત્રમાં નિષિદ્ધ હોવા છતાં પણ વર્તમાનમાં એ ગીતાર્થ-આચરણા રૂપ સંભવી શકે છે.)

પણ અનુભવ તો દરેકે દરેક વ્યક્તિ-વ્યક્તિએ જુદો જુદો જ હોવાનો. પંચાંગી કે પરંપરા મુખ્યત્વે એ વ્યક્તિગત અનુભવને સ્પર્શતા નથી કે વ્યક્તિગત અનુભવને આગળ કરીને પ્રવર્તતા નથી. એટલે વ્યક્તિગત અનુભવો તો ક્યારેક આ



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પંચાંગી અને પરંપરા એ બે યથી તદ્દન જુદા પણ પડે છે, અને તે વખતે તે વ્યક્તિ માટે તે જ અનુભવ પ્રમાણભૂત બની રહે. ગીતાર્થો પણ એ વાતને માન્યતા આપે જ. (આ વાત જુદા - ઉલ્લિખિત-પ્રચલિત વ્યવહારની અપેક્ષાએ સમજવી, બાકી સૂત્રના અનંતા અર્થ હોવાથી તે અનુભવ પણ સંવિગ્ન-ગીતાર્થનો જ માન્ય હોવાથી એ અનુભવ પણ હકીકત જોતા શાસ્ત્રબાહ્ય નથી.**आयरणा वि हु आणत्ति** એવું શાસ્ત્રવચન છે જ.)

આ પદાર્થ દૃષ્ટાન્તથી સમજીએ.

(અ) શાસ્ત્રોમાં ૨૨ પ્રકારના પાણી બતાવ્યા છે. તપાગચ્છીય પરંપરાએ અત્યારે માત્ર ત્રણ ઉકાળાવાળા પાણીના જ વપરાશને માન્યતા આપી છે. હવે એ સાધુઓ વિહારમાં અચાનક માંદગી વગેરે ઊભી થવાથી ઈષ્ટસ્થાને પહોંચવાના બદલે વચ્ચેના અજાણ્યા ગામમાં પહોંચે. કો'ક અજૈન મંદિરમાં રોકાય. અજૈનો પાણી આપે પણ પાણી ઉકાળી આપવાની ના પાડે, ત્યાં બીજી કોઈ જ વ્યવસ્થા ન હોય તો હવે સાધુઓ શું કરે ? શું સંપૂર્ણ સચિત્ત પાણી વાપરે ? કે પછી અજૈન પાસેથી રાખ મેળવી એના જ હાથે પાણીમાં નંખાવી, ૪૮ મિનિટ બાદ એ પાણી વાપરે ? પૂર્વકાળમાં આવું રાખવાળું પાણી વપરાતું હતું, એટલે આ પાણી અચિત્ત થઈ ગયું હોવાની શક્યતા છે જ.

આમ અહીં પરંપરાને પણ પકડીને ચાલી શકાતું નથી. અહીં અનુભવ કંઈક નવી જ પ્રવૃત્તિ કરાવી દે છે.

(બ) "શંખેશ્વર પાર્શ્વનાથ કે દાદા આદિનાથના દર્શન આખી જીંદગી ન કરવા" આવી બાધા શું કોઈને અપાય? ન જ અપાય ને ? શાસ્ત્ર અને પરંપરા બે ય આ વાતમાં સંમત છે. પણ હવે કોઈક સાધુના વિચિત્ર કર્મના ઉદયે એને શંખેશ્વર

અને પાલિતાણામાં પ્રવેશ કરતાની સાથે જ ગાંડપણ ચડી જતું હોય, ભૂતપ્રવેશ થતો હોય, એ લગભગ ગાંડા જેવો બની જતો હોય. કોઈ વૈરી દુષ્ટદેવ એને આ રીતે તે જ ક્ષેત્રમાં પરેશાન કરતો હોય અને એ સાધુ શંખેશ્વરાદિમાં જવા વારંવાર પ્રયત્ન કરતો હોય, પરેશાન થતો હોય તો છેવટે કોઈક ગીતાર્થ ગુરુએ એને અટકાવવા, એના અતિ-ઉલ્લાસને અટકાવવા એમ કહેવું પણ પડતું હશે ને ? કે "આટલી બધી હેરાનગતિ એ બે ક્ષેત્રમાં થાય છે, તો તું ત્યાં જાય છે જ શા માટે ? આમાં પ્રભુભક્તિ વગેરેનો પણ કોઈ લાભ મળતો જ નથી. તારું આ ત્યાં જવાનું આકર્ષણ ખોટું છે. તું બાધા જ લે..."

આ અત્યંત વિચિત્ર, ન સમજાય તેવો અનુભવ પણ કોઈક ગીતાર્થોને થઈ શકતો હશે ને ?

(ક) સાધુએ ગોચરી જવું એ શાસ્ત્ર અને પરંપરા બે ય ને માન્ય હોવા છતાં ગોચરી જવામાં જ જેના પતનની શક્યતા હોય તેવા મુનિને તો ગુરુ ગોચરી ન જ જવાની આજ્ઞા કરી દે ને ?

(ડ) "સાધુ પોતાનો ઓઘો બાળે એ તો અતિભયંકર પાપ કહેવાય" એ શાસ્ત્ર અને પરંપરાને માન્ય હોવા છતાં શાસનહીલના અટકાવવા એક સાધુએ પોતાનો સંપૂર્ણવેષ બાળી નાંખી એની રાખ શરીર ઉપર ચોપડી, સંન્યાસી જેવા બની જઈ વેશ્યાના ગળામાં હાથ નાંખી સવારે મંદિરમાંથી બહાર નીકળવાની પ્રવૃત્તિ આદરી અને એ રીતે શાસનહીલના અટકાવી, એ પણ એક અનુભવનો જ પ્રકાર છે ને ?

આવા તો સેંકડો પ્રસંગો મળે કે જેમાં શાસ્ત્ર અને પરંપરા બે ય ને બાજુ પર મૂકી માત્ર તે તે વ્યક્તિના તે તે અનુભવ અનુસારે તે તે નિર્ણયો વ્યક્તિગત સ્તરે લેવાતા હોય અને એ ગીતાર્થોને તે પરિસ્થિતિ પ્રમાણે સંપૂર્ણપણે માન્ય જ હોય. હા

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

! આને આપણે અપવાદ કહી શકીએ, અને એ રીતે એ શાસ્ત્રાનુસારી પણ ગણાય. પણ એની તરફેણ કરનારા એકદમ ચોખ્ખે ચોખ્ખા શબ્દો શાસ્ત્રમાં ન મળે.

ટૂંકમાં,

પંચાંગી કરતા પણ પરંપરા=આચરણા વધુ આદરણીય, અને તે કરતા પણ અપેક્ષાએ અનુભવ વધુ આદરણીય બને. (હાં, એ વ્યક્તિગતક્ષેત્રે સમજવું).

આમ આપણે સંક્ષેપમાં અનુયોગદ્વારો વગેરેનું સ્વરૂપ જોઈ લીધું.

(૩) **विंशतिवर्षपर्यायस्य दृष्टिवादो दीयते नारतः, इयं तु (ओघनिर्युक्तिस्तु) प्रथमदिवस एव दीयते, प्रभूतदिवसलभ्या सती स्वल्पदिवसलभ्या कृता ।**

સાધુધર્મ મુખ્ય છે એ વાત સાચી, પણ એટલે કંઈ આવનારા બધા ગૃહસ્થોને પહેલેથી જ સાધુધર્મ આપી ન દેવાય, કેમકે પાત્રતા વિના એને એ સાધુધર્મ પચે જ નહિ. એને માર્ગાનુસારિતાના ધર્મ આપી, પરિપક્વ બનાવી પછી ક્રમશઃ સાધુધર્મ અપાય.

આમ સાધુધર્મ મુખ્ય ખરો, પણ પ્રથમ નહિ. પ્રથમ તો માર્ગાનુસારિતાના ગુણો વગેરે છે.

કબજીયાતવાળાને શરીરમાં અશક્તિ લાગવાથી શક્તિ માટે દૂધ લેવું મુખ્ય છે એ સાચું, પણ પ્રથમ તો મગનું પાણી-હરડે આપી એની બધી કબજીયાત દૂર કરવી જ પડે અને પછી જ એને દૂધ અપાય. જો પહેલેથી દૂધ આપવામાં આવે તો

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

કબજીયાતમાં વધારો જ થાય.

દૃષ્ટિવાદ એટલે ચૌદપૂર્વ ! એ સૌથી ઉત્કૃષ્ટ શ્રુત છે. એ સુપાત્રોને જ અપાય છે. અને માટે જ એ મુખ્ય છે. છતાં એ પ્રથમ નથી. પ્રથમ તો છે આચારપ્રતિપાદક ગ્રન્થો !

ચૌદપૂર્વ વગેરે ભારેખમ મીઠાઈ જેવા છે, એને પચાવવાની શક્તિ લાવી આપવાનું કામ આચારગ્રંથો કરે છે. આ આચારગ્રંથોનો અભ્યાસ કરી સાધુ આચારસંપન્ન બને, ચારિત્રધર બને, સંવિગ્ન બને અને એટલે પછી એ ચૌદપૂર્વાદિ વિશિષ્ટ શ્રુતોના અભ્યાસ માટે સુપાત્ર બને.

વૃત્તિકાર ખૂબ જ સુંદર વાત જણાવે છે કે "દૃષ્ટિવાદ અંગ તો ૨૦ વર્ષ પછી અપાય, એ પહેલા ભણાવાતું નથી. પરંતુ આ ઓઘનિર્યુક્તિ તો દીક્ષાના પહેલા દિવસે જ આપી દેવામાં આવે છે."

આના ઉપરથી આ ગ્રંથની અને એના પદાર્થોની સાધુજીવન માટે કેટલી બધી જરૂરિયાત હશે એ સહજ રીતે ખ્યાલમાં આવી જાય છે.

આજે તો દૃષ્ટિવાદ નથી, પરંતુ એ દ્રવ્યાનુયોગનો વિષય હોવાથી દ્રવ્યાનુયોગ સંબંધી ગ્રન્થો અપેક્ષાએ દૃષ્ટિવાદના સ્થાને જ છે. દાર્શનિક ગ્રંથો (સન્મતિ તર્ક વિ.) કર્મગ્રન્થો વગેરે ઢગલાબંધ વિષયો દ્રવ્યાનુયોગના છે. અત્યારે એ વિચારવાની ખાસ જરૂર છે કે દીક્ષા બાદ સાધુને સૌથી પહેલા શેમાં જોડવો ? કયા વિષયો એને ભણાવવા?

જરાક વિચારો તો ખરા કે આ ઓઘનિર્યુક્તિના બધા જ પદાર્થો પૂર્વમાં હતા અને એટલે સામાન્ય સાધુઓ એને મેળવી

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શકે તેમ ન હતા, તો ચૌદપૂર્વીએ પૂર્વોમાંથી એ પદાર્થો જુદા કરી સ્વતંત્ર ઓઘનિર્યુક્તિ રચી અને દીક્ષાના પ્રથમ દિવસે જ એ સાધુઓને આપવાની આજ્ઞા ફરમાવી. આના ઉપરથી સમજી શકાય છે કે એમના મનમાં આ ઓઘનિર્યુક્તિના પદાર્થો કેટલા બધા અગત્યના, અત્યંત આવશ્યક તરીકે સ્થાપિત થયા હશે !

હવે જો આપણે પહેલા દિવસે, મહીને કે પહેલા વર્ષે તો નહિ, પણ ૧૦-૧૦-૨૦-૨૦ વર્ષ સુધી પણ સંયમીઓને ઓઘનિર્યુક્તિનું અધ્યયન ન કરાવીએ, એ તરફ ઉપેક્ષા કરીએ અને એ સિવાય ન્યાય વગેરે ગ્રંથોના માસ્ટર બનાવવામાં તત્પર રહીએ તો ભગવાન ભદ્રબાહુસ્વામીની આંતરિક ઈચ્છાનો અપલાપ કરેલો ન કહેવાય ? એમની ઉપેક્ષા કરેલી ન કહેવાય ?

વળી જે વ્યક્તિ જે સ્થાને જોડાય, તેણે ત્યાં પોતે શું કરવાનું છે ? એની બધી જ માહિતી, તાલીમ તો લેવી જ પડે ને ?

લશ્કરમાં દાખલ થનારો સૈનિક લશ્કરી તાલીમ ન લે અને આખો દિ' ગીતો ગાયા કરે તો ? કંપનીમાં મેનેજરની પોસ્ટ પામેલો માણસ 'પોતે કંપનીના કયા કાર્યો કરવાના છે ?' ઇત્યાદિ જાણે જ નહિ, અને આખો દિ' છાપા જ વાંચ્યા કરે તો ? ગમે તેમ કંપનીના કાર્યો કરે તો ?

આ બધું જેમ ન ચાલે, ન ચલાવાય, એમ અહીં પણ જે આત્મા સાધુ થાય છે એણે સૌ પ્રથમ તો એ બરાબર જાણી જ લેવું જોઈએ કે,"જે પ્રતિક્રમણ, પ્રતિલેખન, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિહાર વગેરે યોગો મારે રોજેરોજ આદરવાના છે,

યાવજ્જીવ આદરવાના છે, એક પણ દિવસ એમાં રજા પાડવાની નથી. એ બધા જ યોગોની શાસ્ત્રીય વિધિ શું છે ? એ મારે કેવી રીતે કરવાના છે ?..." એ તમામ બાબતો આ ગ્રંથમાં આપેલી જ છે. એટલે આનો અભ્યાસ તો સૌથી પહેલા કરવો જ જોઈએ. પણ એ કરવાને બદલે એ બીજું બધું જ ભણે, ખૂબ ભણે અને ૧૦-૧૦ વર્ષ પછી પણ ઓઘનિર્યુક્તિનો અભ્યાસ ન કરે એ શું શરમજનક બાબત નથી ?

૧૨માં ધોરણમાં ફર્સ્ટક્લાસ પાસ થનારાને બીજા ધોરણના દાખલા ન આવડે તો ?

લાખો ઢોરોને પાંજરાપોળમાં પોષનારો પોતાના ઘરના નોકરોને ન પોષતો હોય તો ?

બાયપાસ સર્જરી જેવા ઓપરેશનો કરવામાં માસ્ટરને સાવ સામાન્ય દુઃખાવાની ગોળીનું પણ ભાન ન હોય તો ?

એમ વૈયાકરણકેસરી, નૈયાયિકશિરોમણી, કર્મસાહિત્યનિપુણ, શાસનપ્રભાવક, પ્રખર પ્રવચનકાર વગેરે વગેરે વિશેષણધારી આપણને પ્રતિલેખનની વિધિ, એના દોષો, વૈયાવચ્ચાદિની વિધિ...વગેરે રોજીંદી બાબતોનો પણ ખ્યાલ ન હોય તો ?

મસ્તક ઉપર લાખ રૂપિયાનો મુગટ અને નીચે તદ્દન નિર્વસ્ત્ર અવસ્થા એ શું કંઈ શોભાસ્પદ છે ? એમ એક બાજુ વ્યાકરણ-ન્યાય વગેરે અતિ-અઘરા ગણાતા ગ્રંથોમાં માસ્ટરી પણ બીજી બાજુ રોજીંદી ક્રિયાઓમાં અત્યંત ઉપયોગી પદાર્થો અંગે સાવ જ અજ્ઞાનતા, એ શું શોભાસ્પદ ગણાય ?

પ્રત્યેક સંયમીની આ સૌ પ્રથમ ફરજ છે કે દીક્ષા બાદ તરત જ ઓઘનિર્યુક્તિના તમામેતમામ પદાર્થોનો સૂક્ષ્મદૃષ્ટિથી

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

અભ્યાસ કરવો. એને આત્મસાત કરવા. એ પછી જ બાકીના ન્યાયાદિ ગ્રંથોમાં ચાંચ ડુબાડવી. હા ! આ ગ્રંથ વાંચવા માટે જરૂરી સંસ્કૃતાદિનો અભ્યાસ કરવો પડે એ અલગ વાત ! પણ સૌ પ્રથમ લક્ષ્ય તો આ જ રાખવું.

અને આ વાત મારી નથી, પણ નવાંગીવૃત્તિનું સંશોધન કરનાર, શ્રી દ્રોણાચાર્યજીની છે. એમાં ચૌદપૂર્વધર ભગવાન ભદ્રબાહુ સ્વામીનો સાથ છે.

વૃત્તિકારની આ પંક્તિ મગજમાં બરાબર કોતરી લઈએ કે, "**इयं ओघनिर्युक्तिः प्रव्रज्याप्रथमदिवस एव दीयते**"

સંયમી વિદ્વાન બને, વ્યાખ્યાનકાર બને, પ્રભાવક બને, લેખક બને... એ બધું જ સારું. પણ એ બધા કરતા સૌથી વધારે અગત્યનું આ છે કે સંયમી સંયમી બને, આચારસંપન્ન બને અને એ માટે જ આપણે આ બાબત ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ કે દીક્ષિતને વહેલામાં વહેલી તકે ઓઘનિર્યુક્તિનો અભ્યાસ કરાવવો. બીજા બધા જ વિષયો પછી કરાવવા.

જો આ ગ્રન્થ મોડો ભણાવાશે, તો એટલા વર્ષો તો આ સંયમી જાણકારી ન હોવાના કારણે પ્રતિલેખનાદિ ક્રિયાઓ અવિધિથી, અકાળે, ગમે તેમ જ કરતો રહેવાનો અને એના ખરાબ સંસ્કાર એવા તો ચક્કાજામ થઈ જવાના કે પછી મોડે મોડે આ ગ્રંથ વાંચે, સમજે, પશ્ચાત્તાપ કરે તોય પોતાની વર્ષોની પડેલી કુટેવ નહિ છોડી શકે. એનું એ જ્ઞાન સાવ વાંઝીયું, પોપટીયું જ્ઞાન જ બની રહેશે. એનું પ્રતિલેખન, પ્રતિક્રમણ, વિહાર, વૈયાવચ્ચ, સ્વાધ્યાય વગેરે બધું જ આખી જિંદગી સુધી શાસ્ત્રનિષિદ્ધ ચિક્કાર અવિધિ-આશાતનાઓથી ભરપૂર જ રહેશે. અને તો પછી આ ગ્રન્થાભ્યાસનો કોઈ ઝાઝો લાભ નહિ રહે.

વિચારો તો ખરા કે કોઈ કમ્મપયડિના માસ્ટર હોય અને ઓઘનિર્યુક્તિ વાંચી જ ન હોય તો એ કેવું બેહુદું લાગે?

ખેર ! જાગ્યા ત્યારથી સવાર. સૌ સંયમીઓ આ શાસ્ત્રીય માર્ગે આગળ વધે, પહેલા આચારસંપન્ન બનવાના લક્ષ્ય સાથે આચારપ્રતિપાદક ગ્રંથોનો અભ્યાસ કરે.

(૪) <u>तच्च नामादिभेदेन चतुर्धा, तत्र नामस्थापने सुज्ञाने, द्रव्यमङ्गलं दध्यादि ।</u> — ઓઘનિર્યુક્તિ ૧-૨.

આગમો અને નિર્યુક્તિ વગેરેની પ્રરૂપણા કરવાની શૈલિમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ અત્યંત મહત્ત્વના અંગો છે. અલબત્ત પૂ.પાદ હરિભદ્રસૂરિજી, મહોપાધ્યાય યશોવિજયજી વગેરેએ પોતાના જે સ્વતંત્ર ગ્રન્થો બનાવ્યા છે, તેમાં આ શૈલિ નથી અપનાવી, નામાદિના નિરૂપણ વિના જ તેઓએ તે તે પદાર્થોની સીધેસીધી પ્રરૂપણા કરી છે. હા ! જ્યાં પૂ.પાદ હરિભદ્રસૂરિજી વગેરેએ આગમો-નિર્યુક્તિઓ ઉપર જ વૃત્તિ લખી છે, ત્યાં તો આગમાદિમાં જ નામાદિનો ઉલ્લેખ હોવાથી એની વૃત્તિ લખતી વખતે તેઓએ પણ નામાદિનું વર્ણન કરેલ જ છે. પરંતુ પોતાના સ્વતંત્ર ગ્રંથોમાં તો તે મહાપુરુષોએ આ શૈલિનો લગભગ સદંતર ત્યાગ કર્યો છે.

એનું કારણ એ લાગે છે કે નિક્ષેપાદિ એ મુખ્યત્વે આગમોના જ થાય છે. એટલે આગમ સિવાયના ગ્રન્થોમાં નિક્ષેપાદિની શૈલિ લગભગ જોવા મળતી નથી.

ભલે અર્વાચીન ગ્રંથોમાં આ શૈલિ ન હોય, પણ જેણે આગમો ભણવા હોય એણે તો આ શૈલિને બરાબર સમજી જ લેવી પડે, કેમકે આગમમાં નામાદિ ચતુષ્કની પ્રરૂપણા આવે જ છે અને એટલે અપેક્ષાએ સૂક્ષ્મબુદ્ધિના ઘડતર માટે પણ આ

શૈલિ અત્યંત ઉપયોગી છે.

અહીં વિદ્યાર્થીઓને ભણવામાં સરળતા રહે એ માટે આ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ચાર નિક્ષેપાનું જાડી ભાષામાં, સરળ ભાષામાં વર્ણન કરશું.

અનુયોગદ્વાર સૂત્ર વગેરેમાં એ જણાવ્યું છે કોઈપણ પદાર્થ ઓછામાં ઓછો ચાર પ્રકારે તો હોય જ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. દા.ત. મોદક ચાર પ્રકારે છે. નામમોદક, સ્થાપનામોદક...એમ બોલપેન પણ ચાર પ્રકારે છે. નામ બોલપેન, સ્થાપના બોલપેન....આ રીતે વસ્તુના આ પ્રકારો દર્શાવવા અને એ રીતે વસ્તુના વાસ્તવિક અનેક સ્વરૂપનું વર્ણન કરવું એ નિક્ષેપ કહી શકાય.

હવે આપણે આ નામાદિ ચાર નિક્ષેપાના દૃષ્ટાન્તો જોઈએ.

**(૧) મોદક (લાડવો) :**

(અ) કોઈપણ જીવ કે અજીવનું મોદક એ પ્રમાણે નામ પાડવામાં આવે, તો એ નામ કે નામવાળી વસ્તુ એ નામમોદક કહેવાય. દા.ત. કોઈક પુત્રનું નામ પિતા મોદક પાડે તો એ પુત્ર **નામ મોદક** કહેવાય. એનું એ નામ પણ **નામ મોદક** કહેવાય.

એમ કોઈક પુસ્તકનું નામ મોદક રાખવામાં આવેલું હોય તો એ પુસ્તક **નામમોદક** કહેવાય. પુસ્તકનું એ નામ પણ **નામમોદક** કહેવાય.

(બ) મોદકનું ચિત્ર વગેરે **સ્થાપના મોદક.** એ બે પ્રકારે છે : સદ્ભાવ અને અસદ્ભાવ.

જેમાં મોદકનો સ્પષ્ટ આકાર જ દેખાય તેવું ચિત્ર કે રંગબેરંગી કાગળનો બનાવેલો મોદક વગેરે... **સદ્ભાવ સ્થાપના મોદક કહેવાય.** જ્યારે માત્ર એક '●' બિંદુ દોરીને એમ કહીએ કે "ધારો કે આ મોદક છે" એમ કોઈને કોઈક પદાર્થ સમજાવતી વખતે બોલપેન - પેન્સિલ વગેરે બતાવીને કહીએ કે "ધારો કે આ બોલપેનાદિ એ મોદક છે" તો અહીં ખરેખર મોદકનો સ્પષ્ટ આકાર જણાતો નથી. માત્ર ગમે તેવા આકારને મોદક તરીકે કલ્પી લેવામાં આવ્યો છે. એ **અસદ્ભાવસ્થાપનામોદક** કહેવાય.

**(ક) દ્રવ્યમોદક :**

- **આગમથી**
  - ↓ **જ્ઞાતા + અનુપયુક્ત**
- **નો-આગમથી**
  - **જ્ઞશરીર** ↓ **જ્ઞાતાનું મૃતક**
  - **ભવ્ય શરીર** ↓ **ભાવિજ્ઞાનવાળાનું શરીર**
  - **તદ્વ્યતિરિક્ત** ↓ **સાચા મોદકનો આગળ-પાછળનો પર્યાય**

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

દ્રવ્યમોદક બે પ્રકારે છે : (૧) આગમતઃ (૨) નો-આગમતઃ

(૧) **આગમતઃ દ્રવ્યમોદકઃ** : "મોદક શબ્દનો અર્થ લાડવો થાય, જે આનંદ આપે તે મોદક" આ પ્રમાણે મોદક શબ્દના અર્થને જે જાણતો હોય, પણ અત્યારે એ મોદક શબ્દના અર્થમાં ઉપયોગવાળો ન હોય, હમણાં એ બીજા કોઈ પદાર્થમાં ઉપયોગવાળો હોય તો આવો મોદક શબ્દના અર્થનો જ્ઞાતા અને તેમાં અનુપયુક્ત જે જીવ હોય, એ જીવ પોતે જ **આગમતઃ દ્રવ્યમોદક** કહેવાય. અહીં આ આત્મા જ્ઞાતા છે, માટે **આગમતઃ** શબ્દ વપરાયો છે. પણ ઉપયોગ નથી, માટે **દ્રવ્ય** શબ્દ વપરાયો છે. ઉપયોગ ન હોવો એ જ દ્રવ્યશબ્દનો અર્થ છે.

(૨) **નો-આગમતઃ દ્રવ્યમોદકઃ** : મોદક શબ્દના અર્થને જાણનારાનો મૃતદેહ=શરીર જ **નો-આગમતઃ જ્ઞશરીર દ્રવ્યમોદક** કહેવાય. અહીં આ શરીરમાં જ્ઞાન નથી. માટે **નો-આગમતઃ** શબ્દ વપરાયો છે. પણ આ શરીર મોદક શબ્દાર્થના જ્ઞાતાનું શરીર છે, માટે જ્ઞશરીર શબ્દ વપરાયો છે. અને આ શરીરનો અત્યારે મોદક શબ્દાર્થમાં ઉપયોગ નથી, માટે દ્રવ્ય શબ્દ વપરાયો છે.

જ્યારે જે બાળક કે યુવાન અત્યારે મોદક શબ્દના અર્થને જાણતો નથી, પરંતુ ભવિષ્યમાં અવશ્ય જાણવાનો છે. તેનું શરીર એ **નો-આગમતઃ ભવ્ય શરીર દ્રવ્યમોદક** કહેવાય. અહીં પણ અત્યારે એનામાં મોદક શબ્દના અર્થનું જ્ઞાન ન હોવાથી **નો-આગમતઃ** શબ્દ વપરાયો છે. મોદકમાં ઉપયોગ ન હોવાથી **દ્રવ્ય** શબ્દ વપરાયો છે. આનું શરીર ભવિષ્યમાં મોદકશબ્દાર્થના જ્ઞાનનું કારણ બનવાનું છે, માટે ભાવિમોદક જ્ઞાનનું કારણ હોવાથી **ભવ્ય શરીર** શબ્દ વપરાયો છે. આમ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

એ નો-આગમતઃ ભવ્ય શરીર દ્રવ્યમોદક કહેવાય.

જે ખરેખરો બુંદીનો લાડુ કે ચૂરમાનો લાડુ છે, એનો પૂર્વકાલીન પર્યાય અને પશ્ચાત્કાલીન પર્યાય એ તદ્વ્યતિરિક્ત (જ્ઞશરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત) દ્રવ્યમોદક કહેવાય. બુંદી કે ચૂરમાનો લાડુ બનતા પહેલા તો એ બુંદી કે ચૂરમા રૂપ જ છે. તો બુંદી કે ચૂરમુ એ તદ્વ્યતિરિક્ત દ્રવ્યમોદક કહેવાય.

હજી વધુ દૂર સુધી જઈએ તો જે ચણાના કે ઘઉંના લોટમાંથી એ બુંદી કે ચૂરમું બનીને પછી મોદક બનેલો છે, એ ચણાનો લોટ કે ઘઉંનો લોટ પણ તદ્વ્યતિરિક્ત દ્રવ્યમોદક કહેવાય. રે ! એ ચણા કે એ ઘઉં પણ અપેક્ષાએ તદ્વ્યતિરિક્ત દ્રવ્યમોદક કહેવાય.

લાડવાની પૂર્વની અવસ્થાની અપેક્ષાએ આ વિચારણા કરી.

હવે લાડવાની પછીની અવસ્થાની અપેક્ષાએ આ વિચારણા કરીએ.

ધારો કે એ બુંદીના કે ચૂરમાના લાડવાને ભાંગી નાંખીને પાછી બુંદી કે ચૂરમું જ બનાવી દેવાય તો એ બુંદી કે ચૂરમુ એ પણ તદ્વ્યતિરિક્ત દ્રવ્યમોદક કહેવાય.

એ લાડવો ખાધા બાદ એમાંથી લોહી બને, એની વિષ્ટા બને. તો એ લોહી-વિષ્ટા વગેરે પણ તદ્વ્યતિરિક્ત દ્રવ્યમોદક કહેવાય.

**(૬) ભાવમોદક :** **આગમતઃ** ↓ **જ્ઞાતા-ઉપયુક્ત**

**નો-આગમતઃ** ↓ **ખરેખરો બુંદીનો કે ચૂરમાનો મોદક.**

મોદક શબ્દના અર્થને જાણનારો અને એ અર્થમાં જ ઉપયોગવાળો જે આત્મા હોય તે આત્મા પોતે જ **આગમતઃ** ભાવમોદક કહેવાય. અહીં એ આત્મામાં મોદકશબ્દાર્થનું જ્ઞાન છે, માટે આગમતઃ શબ્દ વપરાય. તથા એ આત્માનો એ મોદકમાં જ ઉપયોગ છે, માટે **ભાવ** શબ્દ વપરાય. કેમકે ઉપયોગ એ જ ભાવ છે.

બુંદીનો કે ચૂરમાનો લાડુ એ **નો-આગમતઃ ભાવમોદક** કહેવાય. અહીં આ મોદક કંઈ જ્ઞાન રૂપ નથી. ખાવાની વસ્તુરૂપ છે. માટે **નો-આગમતઃ** શબ્દ વપરાય. અહીં **ભાવ**નો અર્થ ઉપયોગ નથી કરવાનો, પરંતુ ભાવ એટલે પરમાર્થ=સત્યતા અર્થ કરવાનો છે.

આ પ્રમાણે **મોદક** માં આપણે ચાર નિક્ષેપા જોઈ લીધા.

આવા જ બીજા પણ ત્રણ-ચાર દૃષ્ટાન્ત વિચારી લઈએ કે જેથી પછી આ પદાર્થમાં કોઈ મુશ્કેલી ઉભી ન થાય.

આ પહેલા એક ખ્યાલ રાખવો કે

(૧) નામ, સ્થાપના, આગમતઃ દ્રવ્ય, નો-આગમતો જ્ઞશરીર, નો-આગમતો ભવ્ય શરીર અને આગમતઃ

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

ભાવ...આટલા નિક્ષેપનું સ્વરૂપ લગભગ તમામે તમામ પદાર્થોમાં સરખું જ રહેવાનું. માત્ર મોદકને બદલે કેળા, ખુરશી, માણસ, દેવ...વગેરે શબ્દો જ બદલવાના રહે.

**(૨) તે તે નામ અને તે તે નામવાળી વસ્તુ એ બે ય નામનિક્ષેપો ગણાય.**

(૩) **જ્ઞશરીર-દ્રવ્ય** તરીકે મૃતક જ આવે અને **ભવ્યશરીરદ્રવ્ય** તરીકે ભાવિમાં જાણકાર બનનારો જ આવે. આગમતો દ્રવ્ય તરીકે જ્ઞાતા-અનુપયુક્ત જ આવે. અને આગમતો ભાવ તરીકે જ્ઞાતા-ઉપયુક્ત જ આવે. આમાં કોઈપણ વસ્તુના નિક્ષેપામાં એકપણ ફેરફાર નહિ. જે ફેરફાર થાય તે માત્ર તદ્વ્યતિરિક્ત દ્રવ્ય નિક્ષેપમાં અને નો-આગમતો ભાવનિક્ષેપમાં જ થાય. એ સિવાય ક્યાંય લગભગ ફેરફાર ન થાય. (જો ચારથી વધુ નિક્ષેપ કર્યા હોય તો તેમાં પણ ફેરફાર થાય.)

<u>(૨) ગાય :</u>

(અ) કોઈપણ વસ્તુનું ગાય એ પ્રમાણે નામ પાડવામાં આવે તો એ નામ પોતે જ નામગાય કહેવાય. એ નામવાળી વસ્તુ પણ નામ ગાય કહેવાય. (આમાં સાચી ગાય કે ગાયની આકૃતિ ન લેવી, એ સિવાયની વસ્તુ લેવી.) દા.ત. કોઈક બહેનનું નામ **ગાય** પાડવામાં આવે. તો એ બહેન **નામગાય** કહેવાય. એમનું એ નામ પણ **નામગાય** કહેવાય.

(બ) **સ્થાપનાગાય :** ગાયનું ચિત્ર, ગાયનું રમકડું એ બધું સદ્ભાવ **સ્થાપના** ગાય કહેવાય. અને ગાયના આકાર વિનાની કોઈ વસ્તુને ગાય તરીકે કલ્પી લેવામાં આવે તો એ વસ્તુ **અસદ્ભાવસ્થાપના** ગાય કહેવાય.

(ક) **દ્રવ્યગાય :** ગાય શબ્દનો અર્થ શું છે ? એ જાણતો હોય પણ વર્તમાનમાં એમાં ઉપયોગરહિત હોય તે **જ્ઞાતા-અનુપયુક્ત** આગમતો દ્રવ્યગાય કહેવાય.

ગાય શબ્દાર્થને જાણનારાનું મૃતક નો-આગમતો જ્ઞશરીર દ્રવ્યગાય કહેવાય. ભવિષ્યમાં ગાય શબ્દાર્થને જાણનારો બાળકાદિ નો-આગમતઃ ભવ્ય શરીર દ્રવ્યગાય કહેવાય.

જે મનુષ્યાદિ મરીને ગાય બનવાનો હોય તે મનુષ્યાદિ તદ્દ્વ્યતિરિક્ત દ્રવ્યગાય. ગાય મરીને દેવાદિભવમાં હોય તો તે દેવ પણ **તદ્દ્વ્યતિરિક્ત દ્રવ્યગાય** કહેવાય.

(ડ) **ભાવગાય :** ગાય શબ્દના અર્થનો જ્ઞાતા અને ગાય શબ્દાર્થમાં = ગાયમાં ઉપયોગવાળો જે હોય તે આગમતઃ ભાવગાય કહેવાય.

જે ખરેખરી જીવતી ગાય છે તે નો-આગમતઃ ભાવગાય કહેવાય.

**(૩) દહીં :**

(અ) ના કોઈપણ સચિત્ત કે અચિત્ત વસ્તુનું દહીં એ પ્રમાણે નામ પાડવામાં આવે તો એ નામ અને એ નામવાળી વસ્તુ **નામદહીં** કહેવાય.

(બ) **સ્થાપના દહીં :** કોઈક કાગળ ઉપર દહીંવાળા કટોરાનું ચિત્ર દોરેલું હોય, અને એ કટોરામાં દહીં બતાવેલું હોય

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

તો એ દહીં સદ્ભાવ સ્થાપના દહીં કહેવાય. પણ એ સિવાય કોઈપણ વસ્તુને દહીં તરીકે સ્થાપી દેવામાં આવે. કાગળ ઉપર એક ટીપું દોરીને એમ કહેવાય કે,"ધારો કે એ દહીં છે..." તો અહીં દહીંનો આકાર સ્પષ્ટ ન હોવાથી અસદ્ભાવ સ્થાપના દહીં કહેવાય.

(ક) દહીં શબ્દના અર્થનો જ્ઞાતા હોય, પણ તેમાં ઉપયોગ વિનાનો હોય તો એ જ્ઞાતા-અનુપયુક્ત વ્યક્તિ **આગમતઃ દ્રવ્ય દહીં** કહેવાય.

દહીં શબ્દાર્થને જાણનારાનું મૃતક એ **નો-આગમતઃ જ્ઞશરીર દ્રવ્ય દહીં.**

દહીં શબ્દાર્થને ભાવિમાં જાણનાર બાલકાદિ **નો-આગમતઃ ભવ્યશરીર દ્રવ્ય દહીં.**

જે દૂધ ભવિષ્યમાં દહીં બનવાનું છે. તે દૂધ **તદ્વ્યતિરિક્ત દ્રવ્યદહીં.** એમ દહીંમાંથી બનેલ શીખંડ-રાયતું-વિષ્ટાદિ પણ **તદ્વ્યતિરિક્ત દ્રવ્યદહીં.**

(ડ) દહીં શબ્દાર્થને જાણનાર અને તેમાં ઉપયોગવાળો જે આત્મા હોય તે જ્ઞાતા-ઉપયુક્ત જીવ **આગમતો ભાવદહીં** કહેવાય.

જ્યારે ખરેખરું દહીં **નો-આગમતો ભાવદહીં** કહેવાય.

આમ અહીં મોદક-ગાય-દહીં આ ત્રણ વસ્તુના નિક્ષેપાઓ બતાવ્યા. આ અનુસારે તમામ વસ્તુઓમાં નિક્ષેપા સ્વયં સમજી લેવા. આ પદાર્થ - અતિવિરાટ સ્વરૂપ ધરાવે છે, એટલે એનું આ વર્ણન સંક્ષેપરૂપ જ જાણવું. પણ આ પાયારૂપ પદાર્થો

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

છે, જો એ બરાબર પકડી રાખશો તો એના આધારે બીજા પણ હજારો નિક્ષેપાઓ સમજવા સાવ જ સરળ થશે. એમાં મુશ્કેલી નહિ પડે.

**संहिता च पदं चैव... – ઓઘનિર્યુક્તિ -૨**

વ્યાખ્યાન કરવાની શાસ્ત્રીય પદ્ધતિ ખૂબ જ સુંદર હતી અને એ પદ્ધતિ પ્રમાણે જો અત્યારે શાસ્ત્રો વંચાવવામાં આવે તો એમાં કોઈ મુશ્કેલી ન પડે, શ્રોતાઓ ઝડપથી પદાર્થો જાણી શકે. અને એમાં શાસ્ત્રબોધ જબરદસ્ત થાય એ નિશ્ચિત હકીકત છે

**(૧) સંહિતા : धम्मो मंगल....** એ ગાથા એકદમ સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક બોલવી એ **સંહિતા**. આનો લાભ એ કે ગુરુ દ્વારા જ્યારે આ ગાથા સ્પષ્ટોચ્ચાર પૂર્વક બોલાય, ત્યારે એ શબ્દ શ્રવણથી જ શ્રોતાઓને અમુક અર્થનો અંદાજ આવી જ જાય.

**(૨) પદ :** એ પછી ગુરુ ગાથામાં કુલ કેટલા પદો છે, કયા કયા છે એ બધું જુદું કરી આપે એ પદ કહેવાય. દા.ત. પ્રસ્તુત ગાથામાં ધર્મ, ઉત્કૃષ્ટ, મંગલ, અહિંસા, સંયમ, તપ...દેવ, અપિ, તં, નમસ્યન્તિ, યસ્ય, વગેરે પદો છે.

**(૩) પદાર્થ :** એ પછી એક એક પદનો અર્થ કહેવાય એ પદાર્થ. દા.ત. દુર્ગતિમાં પડતા અટકાવે તે ધર્મ...વગેરે.

**(૪) પદવિગ્રહ :** જે જે પદો વચ્ચે સમાસ હોય તે સમાસ ખોલીને બતાવે જેથી એ સમાસ રૂપ બનેલા અનેકપદાત્મક શબ્દનો અર્થ બરાબર સમજાઈ જાય.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(૫) **ચાલના :** આ ગાથાના કે એના અર્થના વિષયમાં પ્રશ્નો ઉભા કરવા એ ચાલના. દા.ત. અહિંસા, સંયમ અને તપ એ ત્રણને કેમ ધર્મ તરીકે બતાવ્યા ? આપણે તો માત્ર અહિંસાને જ ધર્મ કહીએ તો શું વાંધો ?...

(૬) **પ્રત્યવસ્થાન :** ચાલનાના=પ્રશ્નના ઉત્તર આપવા એ પ્રત્યવસ્થાન. દા.ત. "અહિંસા એ ધર્મ છે, પણ એનું સાધન સંયમ છે. સંયમથી જ અહિંસા પળાય. એટલે સંયમ એ પણ ધર્મ કહ્યો. અને એ સંયમમાં કોઈ દોષો લાગે, તો એની શુદ્ધિ તપથી થાય છે. એટલે એ દૃષ્ટિએ તપ પણ ધર્મ કહ્યો." આ રીતે જવાબો આપવા એ પ્રત્યવસ્થાન છે.

આ ચાલના-પ્રત્યવસ્થાનથી શિષ્યોની બુદ્ધિ ખૂબ વિકસે. પ્રશ્નો કેવી રીતે ઉભા કરાય છે ? અને એના સમાધાન કેવી રીતે અપાય છે ?...વગેરેનો ખૂબ અનુભવ મળે.

કદાચ આ પદ્ધતિ લાંબી લાગે, તો ય આ પદ્ધતિથી શિષ્યોને માહિતગાર તો કરવા જ જોઈએ. વળી પ્રારંભિક દશામાં તો આ પદ્ધતિ અત્યંત ઉપકારક બની રહે છે. ગમે તે રીતે આડેધડ વ્યાખ્યાન કરવામાં તો શ્રોતાઓ બોધ પામવાને બદલે ઉલ્ટું શંકા-કુશંકાઓનો ભોગ બની જતા હોય છે.

**(૫) नावश्यमाचार्योपाध्यायैर्भिन्नैर्भवितव्यम्, अपि तु क्वचिदसावेव सूत्रं शिष्येभ्यः प्रयच्छत्यसावेव चार्थमिति — ઓઘનિર્યુક્તિ-૨**

એક જ વ્યક્તિ ઉપર જો ઘણા બધા કાર્યોનો બોજો આવી જાય તો સ્વાભાવિક છે એ બધે જ ધ્યાન આપવા સમર્થ ન બનવાથી કાર્યો થવામાં ગરબડ ઉભી થાય. અનેક કાર્યો એકલે હાથે કરવાની શક્તિ વિરલ વ્યક્તિઓમાં જ હોય છે.

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આ જ કારણસર રાજાઓ માત્ર એકલે હાથે બધું કામ ન કરતા. સંરક્ષણ સંબંધી કામ સેનાપતિને સોંપતા. નગરમાં રક્ષા કરવાનું કામ કોટવાલાદિને સોંપતા. બુદ્ધિગમ્ય કાર્યો મંત્રીને સોંપાતા. આર્થિક કાર્યો ખજાનચી-કોશાધ્યક્ષાદિને સોંપાતા. આ રીતે કાર્યોની વહેંચણી થઈ જવાથી કોઈપણ એક વ્યક્તિ ઉપર બધો બોજો ન પડતો અને એટલે બધા કાર્યો ખૂબ જ સારી રીતે થતા.

આજે પણ તમામે તમામ ક્ષેત્રોમાં આપણે આ વ્યવસ્થા જોઈએ જ છીએ. પ્રધાનમંડળની રચના થાય તો સંરક્ષણ ખાતું, ગૃહખાતું, વિદેશ ખાતું, રેલ્વે ખાતું....વગેરે વગેરે જુદા જુદા ખાતાઓ જુદી જુદી વ્યક્તિઓને સોંપીને કાર્ય કરવામાં આવે છે.

આ જ વ્યવસ્થા જૈનશાસનમાં પણ છે.

આચાર્યશ્રી ગચ્છના રાજા જેવા છે. જો ગચ્છના બધા જ કાર્યો આચાર્ય જ સંભાળે, તો અનેક કાર્યોનો બોજો આવી જવાથી તેઓ કોઈપણ કાર્યને પાકો ન્યાય ન આપી શકે. એટલે ગચ્છમાં પણ જુદા જુદા કાર્યો કરવા માટે કુલ પાંચ પદો નક્કી કરવામાં આવ્યા છે.

તે આ પ્રમાણે (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) પ્રવર્તક (૪) સ્થવિર (૫) ગણાવચ્છેદક.

આ પાંચેયને જુદા જુદા કાર્યો સોંપવામાં આવ્યા છે.

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આ વાત વિસ્તારથી સમજીએ.

**આચાર્ય** : ગચ્છના સાધુઓને સૂત્રોના અર્થો, રહસ્યો આપવાનું કામ આચાર્ય કરે. તેઓએ મુખ્યત્વે માત્ર આ એક જ કામ ગચ્છ માટે કરવાનું છે. સવાર-સાંજ તેઓ સતત શાસ્ત્રવચનો ઉપર ચિંતન કરે, એના બેનમૂન રહસ્યો તૈયાર કરી પછી વ્યાખ્યાન વખતે તેઓ સાધુઓને એ બધા અર્થો જણાવે.

આ ઉપરાંત શાસનપ્રભાવના, પ્રાયશ્ચિત્તદાન, આલોચનાગ્રહણાદિ કાર્યો પણ તેઓ કરે ખરા, પરંતુ તેઓનું સૌથી મહત્ત્વનું, અત્યંત આવશ્યક કર્તવ્ય તો એ જ છે કે તેઓ અર્થની દેશના આપે.

શાસ્ત્રકારોએ આચાર્યને તીર્થંકર જેવા કહ્યા છે, ત્યાં પણ મુખ્ય કારણ તો આ જ જણાવેલ છે કે,"જે આચાર્ય સમ્યક્ પ્રકારે જિનમતને પ્રરૂપે, તે તીર્થંકર સમાન કહેવાય." (**तित्थयरसमो सूरि, सम्मं जो जिणमयं पयासेइ**)

ગુરુ પદની વ્યાખ્યા પણ આ પ્રમાણે જ કરી છે કે "જે શાસ્ત્રાર્થોને કહે તે ગુરુ." (**गृणाति शास्त्रार्थमिति गुरुः**)

આચાર્યને આ કામ કરવામાં જરાક પણ વિઘ્ન ન આવે એ માટે જ ગચ્છની બીજી બધી જવાબદારીઓ બીજાઓને સોંપી દેવામાં આવી છે. આચાર્ય જો એ બીજા કાર્યો કરે તો ઉત્સર્ગમાર્ગે એમને દોષ જ લાગે. મોટા ભાગે એમણે બીજા કાર્યોમાં ધ્યાન આપવાનું નથી. એમની વૈરાગ્યસભર દેશના, શાસ્ત્રાર્થોની સચોટ પ્રરૂપણા જ ગચ્છ માટે અણમોલ નઝરાણું છે.

**ઉપાધ્યાય** : ગચ્છના સાધુઓને આચારાંગાદિ મૂળ સૂત્રો આપવાનું કામ ઉપાધ્યાયનું છે. પ્રાચીન કાળમાં તો સાધુઓ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

તે તે સૂત્રો ગોખી લે એ પછી એમને એની વિશિષ્ટ અર્થદેશના અપાય. એટલે સૂત્રો ગોખવા અનિવાર્ય હતા. તેથી ગચ્છના લગભગ બધા જ સાધુઓ તે તે સૂત્રો ગોખતા. આ સૂત્રો આપવાદિ બધું જ કામ ઉપાધ્યાય કરે. એમને એના અર્થ ન આવડતા હોય તેમ નહિ, પણ અર્થ આપવાનું કામ આચાર્ય જ સંભાળતા હોવાથી ઉપાધ્યાય સૂત્ર આપવાનું કાર્ય કરે. એ મુખ્યત્વે આખો દિવસ એ અંગેની કાળજી કરે. આમ એમની સતત દેખરેખ રહેવાથી ગચ્છના સાધુઓની સૂત્રપ્રાપ્તિ કદિ ખોરંભાય નહિ.

<u>પ્રવર્તક</u> : 'ગચ્છમાં કયો સાધુ કયા યોગ માટે સક્ષમ છે ? કયા સાધુને સંયમના કયા યોગમાં વધુ રસ છે ?' એ બધું જ આ પ્રવર્તક ધ્યાનમાં રાખે. કોઈક સાધુ વૈયાવચ્ચમાં જોરદાર હોય, કો'ક સાધુ તપમાં જબરો હોય, કો'ક સાધુ ઊંડા ચિંતનો કરવામાં હોંશિયાર હોય, કો'ક સાધુ સૂત્રો ગોખવામાં જબરદસ્ત શક્તિમાન હોય, કો'ક સાધુ નવી નવી રચનાઓ કરવામાં ચતુર હોય... આ બધી જ બાબતોનું પ્રવર્તક ધ્યાન રાખે અને પછી જે સાધુ જે યોગમાં સમર્થ હોય તે સાધુને તે તે યોગમાં જોડવાનું - પ્રોત્સાહિત કરવાનું કામ પ્રવર્તક કરે.

પૂર્વના ભવોને અનુસારે બધા આત્માઓની જુદી જુદી રુચિ હોય, જો બધાને એક જ યોગમાં જોડવાનો આગ્રહ રાખીએ તો તેઓની એમાં વિશેષ રુચિ ન હોવાથી વિશેષ લાભ ન થાય. અને એમને જેમાં રુચિ છે, તેમાં એમને વિશેષથી જોડ્યા ન હોવાથી તેનો લાભ પણ તેઓ ન પામે. એટલે કયા જીવને કયા યોગમાં વધુ રુચિ છે ? એ ખાસ ચકાસવું જોઈએ. અને એ પ્રમાણે એમને જોડવા જોઈએ.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એ માટે વ્યક્તિગત દરેક સાધુની રુચિઓ પર ધ્યાન આપવું પડે, આ બધું જ કામ આચાર્યાદિ ન કરે, આ જંગી કાર્ય માટે જ પ્રવર્તક છે. આચાર્ય પણ પ્રવર્તકે કરેલી ગોઠવણને માન્ય રાખે. હા ! જરૂર લાગે તો ક્યારેક સૂચનાદિ ચોક્કસ કરે.

<u>સ્થવિર</u> : પ્રવર્તકે જે સાધુઓને જે જે યોગોમાં જોડ્યા હોય, તે સાધુઓ જો તે તે યોગોમાં પ્રમાદ કરે, નબળા પડે, અનુત્સાહી બને તો એ બધાને સમજાવી સમજાવીને તે તે યોગોમાં સ્થિર કરવાનું કામ સ્થવિર કરે. દા.ત. પ્રવર્તકે કોઈક સાધુને વૃદ્ધની સેવામાં જોડ્યો, એ સાધુ એમાં રુચિવાળો પણ હોય. પણ ક્યારેક વિકથા-અજ્ઞાનતાદિને લીધે એ સેવામાં ઉપેક્ષા કરી બેસતો હોય....તો સ્થવિર એને ખાનગીમાં હિતશિક્ષા આપી, બોધ આપી, પ્રોત્સાહિત કરી એને વૈયાવચ્ચના કાર્યમાં સ્થિર કરી દે.

આમ દરેકે દરેક બાબતમાં સમજી લેવું.

ટુંકમાં પ્રવર્તકે જે વ્યવસ્થા ગોઠવી હોય, તે પ્રમાણે જે સાધુઓ વર્તતા ન હોય, તેમાં ગરબડ કરતા હોય તેઓની તે ગરબડો દૂર કરીને વ્યવસ્થા સુદૃઢ બનાવવાનું કામ આ સ્થવિર મુનિ કરે.

અનાદિ કાળના સંસ્કારોને કારણે એ તો શક્ય છે જ કે સાધુઓ પોતાને યોગ્ય વૈયાવચ્ચાદિ યોગોમાં પણ શિથિલ બને, તેથી એ બધા ઉપર દેખરેખ રાખવાનું કામ કરનાર કોઈક પીઢ વ્યક્તિ અત્યંત જરૂરી છે.

જેમ પ્રજામાં નવા નવા કાયદાઓ ઘડવાનું કામ સરકાર કરે, પણ એનો અમલ બરાબર કરાવવાનું કામ તો અમલદારો જ કરે. એમ અહીં પ્રવર્તક બધી વ્યવસ્થા તો ગોઠવે, પણ એ વ્યવસ્થાનો બરાબર અમલ કોઈ ન કરતું હોય તો તેને સ્થિર

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

કરવાનું કામ સ્થવિરો કરે.

**ગણાવચ્છેદક :** ગચ્છ માટે મરી ફીટવા તૈયાર, ગચ્છ સંબંધી ભલભલા કામો કરી લેવા માટે અત્યંત સજાગ સાધુ ગણાવચ્છેદક બને. દર મહીને બીજા-બીજા સ્થાનોમાં જવાનું હોય ત્યારે વસતિ વગેરે જોઈ આવવાનું કામ આ કરે. ગચ્છને પુષ્કળ વસ્ત્ર-પાત્રાદિની જરૂર હોય તો એ બધાની જવાબદારી આ ઉપાડી લે....આ સાધુ ગચ્છની જરૂરિયાતોને પુરી કરવામાં અત્યંત સહાયક બને. હા ! એ માટે એ ગચ્છના સાધુઓની સહાય ચોક્કસ લે. પણ અંતિમ જવાબદારી એના શિરે હોય. ગચ્છ એની પાસે ઘણી અપેક્ષાઓ રાખતો હોય.

જિનશાસનની આ પ્રાચીન પરંપરા હતી કે દરેક ગચ્છમાં આ પાંચ સ્તંભો વિદ્યમાન હોય. એ પાંચ થાંભલાઓના આધારે આખો ગચ્છમહેલ અડીખમ ઉભો હોય. જો એકપણ થાંભલો ડગુમગુ થાય, તુટે તો આખો ગચ્છમહેલ હાલી ઉઠે. એની વ્યવસ્થાઓ ખોરંભાઈ જાય.

અત્યંત મહત્ત્વની વાત એ કે આ પાંચેય અવશ્ય ગીતાર્થ હોય. કોઈપણ અગીતાર્થ ન હોય. અગીતાર્થ સાધુ આચાર્ય-ઉપાધ્યાયાદિ પાંચમાંથી એક પણ પદવી પામી ન શકે. કેમકે આ પાંચ પદો ઉપર રહીને જે જે કાર્યો કરવાના છે, તે બધા કાર્યો ગીતાર્થતા વિના આદરવા શક્ય જ નથી. ગીતાર્થતા વિના આચરાતા એ કાર્યો અનેક આફતોને નોંતરનારા બની રહે છે.

જે ગચ્છમાં આ પાંચની હાજરી હોય, તે ગચ્છની જાહોજલાલી આંખે ઉડીને વળગે એવી હોય. પણ જ્યાં આ પાંચ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

નથી, છે તો પણ ગીતાર્થતાદિ પાત્રતાવાળા નથી, વગરપાત્રતાએ એ પદ ધારી બેઠા છે, એ ગચ્છની અવનતિ દિવસે દિવસે વધતી જ જાય.

વિચારો તો ખરા, કે ગચ્છના સાધુઓને શાસ્ત્રોના રહસ્યો કોઈ ન આપે, પરમ મંત્રાક્ષર સમાન શુદ્ધ સૂત્રોનું દાન કોઈ ન કરે, સાધુઓની રુચિ-પાત્રતા પ્રમાણે એમને અનુકૂળ યોગોમાં કોઈ ન જોડે, ઉભા થતા શિથિલતા-પ્રમાદાદિ દોષોને કોઈ વહાલી માતા બનીને ન કાઢે અને ડગલે ને પગલે ઉભી થતી જીવન જરૂરિયાતોને કોઈ ન પોષે તો એ સાધુઓ શી રીતે સાચી સાધુતા ટકાવી શકે ? જીવન પૂર્ણ કરવા સિવાય બીજું એમણે પછી શું કરવાનું બાકી રહે ?

આ બધી ઉત્સર્ગમાર્ગની વાતો કરી.

અપવાદ સર્વત્ર છે. ઉપરના ઉત્સર્ગ પ્રમાણે કોઈ એમ ન માની બેસે કે, આચાર્ય સૂત્ર ન જ આપે.' એ ભ્રમણા દૂર કરવા માટે જ આ પંક્તિ છે કે ક્યારેક અપવાદમાર્ગે એવું પણ બને કે આચાર્ય જ સૂત્ર અને અર્થ બન્ને આપે. આજે પણ જો દરેક ગ્રુપમાં સૂત્રાર્થ આપી શકે એવો એક સક્ષમ સંયમી હાજર હોય... એવી વ્યવસ્થા ગોઠવાય તો શાસનને ખૂબ લાભ થાય. છેવટે કમસેકમ એક ગીતાર્થ એક એક ગ્રુપ સાથે હોય તો પણ ઘણું સરસ.

(૬) व्रतग्रहणे ब्रह्मचर्यगुप्तयो यदभिधीयन्ते, तद् ब्रह्मचर्यस्य निरपवादत्वं दर्शयति, तथा चोक्तम्-नवि किंचिवि पडिसिद्धं नाणुन्नायं च जिणवरिंदेहिं । मुत्तुं मेहुणभावं न विणा तं रागदोसेहिं । -ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૨

૭૦ પ્રકારના ચારિત્રમાં પાંચવ્રતો તો બતાવ્યા જ, એ ઉપરાંત ચોથાવ્રત સંબંધી નવ ગુપ્તિઓ=બ્રહ્મચર્યની વાડો પણ બતાવી છે. બીજા કોઈપણ વ્રતની વાડો ન બતાવી અને ચોથાવ્રતની બતાવી એ એવું દર્શાવવા માટે કે બાકીના વ્રતોમાં અપવાદ છે. પરંતુ બ્રહ્મચર્ય વ્રતમાં અપવાદ નથી.

એ માટે વૃત્તિકારશ્રીએ આગમપાઠ આપ્યો છે કે,"જિનેશ્વરોએ કોઈપણ પદાર્થનો એકાન્તે નિષેધ કે કોઈપણ પદાર્થનું એકાંતે વિધાન કરેલ નથી. પણ આ વાત મૈથુનને છોડીને સમજવા, કેમકે તે રાગદ્વેષ વિના થતું નથી."

આનો સારાંશ એ કે,"મૈથુન રાગદ્વેષ વિના થતું ન હોવાથી એનો એકાંતે નિષેધ છે. જ્યારે હિંસા, મૃષાવાદ વગેરે રાગદ્વેષ વિના પણ થઈ શકતા હોવાથી એનો એકાંતે નિષેધ નથી. અર્થાત્ હિંસાદિ જો રાગદ્વેષથી થતા હોય તો એનો નિષેધ છે, પણ જો એ રાગદ્વેષ વિના થતા હોય તો એનો નિષેધ નથી."

આમાં એક અદ્ભૂત રહસ્ય છુપાયેલું છે.

જિનશાસનનો જો કોઈ સર્વોત્કૃષ્ટ સિદ્ધાન્ત હોય, તો એ છે "રાગદ્વેષ=અશુભ અધ્યવસાય ન જ થવા જોઈએ." આ સિદ્ધાન્તમાં લેશમાત્ર પણ છૂટછાટ નથી. આમાં કોઈ બાંધછોડ નથી. આ સિદ્ધાન્ત કરતા ઊંચો બીજો કોઈ સિદ્ધાન્ત નથી. આ સિદ્ધાન્તની રક્ષા કરવા માટે અપવાદ માર્ગે કાંઇ પણ કરવાની શાસ્ત્રકારો સંમતિ આપે છે.

'હિંસા ન કરવી' એ આપણું પહેલું મહાવ્રત છે. પણ નદી ઉતરવી,....આ બધામાં થતી જીવ હિંસાની શાસ્ત્રોએ અપવાદપદે સંમતિ આપી છે.


ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

'જુઠ ન બોલવું' એ આપણું બીજુ મહાવ્રત છે. પણ શિકારીઓના હાથે હરણાઓને મરતા બચાવવા માટે શિકારીઓને ખોટી દિશા દેખાડી દેવા રૂપ મૃષા બોલવાની શાસ્ત્રોએ સંમતિ આપી છે.

'ચોરી ન કરવી' એ આપણું ત્રીજું મહાવ્રત છે. પણ ભયંકર શિથિલાચારીઓના હાથમાં કે ઉત્સૂત્રપ્રરૂપકોના હાથમાં ફસાઈ ગયેલા સુપાત્ર જીવને ચોરી લેવાની, એ ભયંકર શિથિલો-ઉત્સૂત્ર પ્રરૂપકો પાસેથી હડપ કરી લેવાની સંમતિ શાસ્ત્રોએ આપી છે.

'પરિગ્રહ ન કરવો' એ આપણું પાંચમું મહાવ્રત છે. પણ સંયમપાલન માટે ઉપકરણોનો પરિગ્રહ કરવાની, ગાઢ અપવાદે દવા વગેરેનો પણ પરિગ્રહ કરવાની, પોતાની પાસે રાખી મૂકવાની શાસ્ત્રોએ સંમતિ આપી છે.

આ તો મહાવ્રતોમાં અપવાદો જોયા. એમ "૪૨ દોષથી નિર્દોષ ગોચરી વાપરવી" એ આપણો મુખ્ય આચાર છે. પણ સન્મતિતર્કાદિ ગ્રન્થો ભણવા વગેરે કારણોસર આધાકર્મી વાપરવું પડે તો પણ શાસ્ત્રોએ સંમતિ આપી છે.

"વર્ષે એકવાર કાપ કાઢવો" એ આપણો આચાર છે, પણ આચાર્ય-ગ્લાનાદિના વસ્ત્રોનો વારંવાર કાપ કાઢવાની શાસ્ત્રોએ સંમતિ આપી છે.

આવા તો અપવાદો તમામે તમામ આચારોમાં સમજી લેવા. આ તમામ છૂટ પાછળનું મુખ્ય કારણ એ છે કે ઉપરોક્ત વિષમપરિસ્થિતિમાં જ્યારે પણ હિંસાદિ દોષો સેવાય છે, ત્યારે તે રાગદ્વેષથી= ખરાબ પરિણામથી નહિ, પરંતુ શુભભાવથી સેવાય છે. નિર્મળભાવથી સેવાય છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

(અહીં એક વાત વિચારવી કે - શાસન પ્રત્યનીકની હિંસામાં તત્કાલ દ્વેષાદિ સંભવે છે, માટે જ નમુચિને શિક્ષા કરનાર, ક્રોધી બનેલા વિષ્ણુકુમારને શાંત કરવાના પ્રયત્ન થયેલા. છતાં અહીં 'રાગ-દ્વેષ ન થવા' એનું તાત્પર્ય એવું વિચારી શકાય કે જે 'ગમી જવા રૂપ' અપવાદપદે થયા પછી આ વારંવાર કરવાની ઈચ્છા જન્માવે એવા રાગ-દ્વેષ ન થાય. મૈથુનમાં એવા રાગ-દ્વેષ થાય જ છે. પ્રાયઃ બીજા વ્રતોમાં એવું નથી.)

આત્માને નુકસાન કરનાર જો કોઈ હોય તો એ અશુભ પરિણામ જ છે, અને આત્માને હિત કરનાર જો કોઈ હોય તો એ આત્માનો પોતાનો નિર્મળ પરિણામ જ છે.

શુભક્રિયામાં પણ જો આત્માના ભાવ મલિન હોય તો એ પાપકર્મ બાંધે.

અશુભક્રિયામાં પણ જો આત્માના ભાવ નિર્મળ હોય તો એ પુણ્યકર્મ બાંધે, કર્મક્ષય કરે.

હા ! એક માત્ર મૈથુન જ એવું છે કે જેમાં રાગદ્વેષ=ખરાબ પરિણામ આવ્યા વિના રહેતા જ નથી. રાગદ્વેષ વિના મૈથુન શક્ય જ નથી. માટે જ મૈથુનનો એકાંતે નિષેધ કરાયેલ છે.

આ બધા ઉપરથી સંયમીઓએ એ સમજવાનું છે કે કોઈપણ સ્થાને રાગદ્વેષની હાનિવૃદ્ધિનું ગણિત મુખ્ય રાખવું. એની જ ચકાસણી કરવી. ક્રિયાનો જડ આગ્રહ કે જડનિષેધ પકડી ન રાખવો. પણ "રાગદ્વેષ ન જ વધવા જોઈએ, રાગદ્વેષ ઘટવા જ જોઈએ. શુભપરિણામો તુટવા ન જ જોઈએ" આ બાબતોને મુખ્ય બનાવવી.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

દા.ત.

(અ) ગુરુના પ્રતિલેખનાદિ કાર્યોમાં સહવર્તીઓ સાથે ખેંચાખેંચ, જીભાજોડી થાય. વધુ ભક્તિ કરવાના ઉદ્દેશથી પરસ્પર બે વચ્ચે ઝઘડો થાય તો એમાં વધારે વસ્ત્રો પ્રતિલેખવા વગેરે ક્રિયા છે, પણ એમાં સંક્લેશ, સંયમી પ્રત્યે અસદ્ભાવાદિ થવા એ અશુભપરિણામ છે. જો વધુ વસ્ત્રોનું પ્રતિલેખન કરવા રૂપ ક્રિયા કરવામાં આ અશુભ પરિણામો અટકાવી ન શકાતા હોય તો એ વખતે ઓછા વસ્ત્રોનું પ્રતિલેખન સ્વીકારીને પણ રાગદ્વેષ ન થવા દેવા રૂપ સિદ્ધાન્ત ટકાવી રાખવો.

(બ) ચાતુર્માસાદિમાં માસક્ષપણાદિ કરવાની ભાવના થઈ, પણ ગીતાર્થગુરુ કોઈપણ કારણસર તપ કરવાની ના પાડે છે. એ વખતે જો જીદ કરીને તપ કરી લેવાય, તો તપક્રિયા તો થઈ, પણ ગુરુદ્રોહ-સ્વચ્છંદતા-કદાગ્રહ વગેરે અશુભ પરિણામો ચિક્કારપ્રમાણમાં પોષાય. આ રીતે રાગદ્વેષને પોષીને તપ ક્રિયા કરવા કરતા, ગુરુની ઈચ્છા પ્રમાણે એકાસણાદિ કરી લઈ રાગદ્વેષ ઘટાડી તપ ન કરવામાં સાચું આત્મહિત સમાયેલું છે.

(ક) ચાર-પાંચ સંયમીઓ એકસાથે કોઈક વિષય ભણતા હોય, ત્યારે સહજ રીતે પરસ્પર સ્પર્ધાભાવ પ્રગટે, જાગે. એ વખતે કોઈક સંયમી બીજાઓ કરતા આગળ રહેવા માટે પડિલેહણાદિ ક્રિયાઓમાં વેઠ ઉતારી ટાઈમ બચાવી વધુ સ્વાધ્યાય કરવા પ્રયત્ન કરે. કદાચ રાત્રે ઉજઈનો ઉપયોગ કરીને પણ વધુ સારું ભણવા પુરુષાર્થ આદરે. એ માટે વડીલો-ગ્લાનો વગેરેની કાળજી કરવાદિ રૂપ ઔચિત્યને પણ બાજુ પર મૂકી ઝટઝટ ભણવા બેસી જાય.

આ બધું કરવાથી એ સંયમી બાકીના સંયમીઓ કરતા વધુ સારુ ભણી શકશે ખરો, વધુ વિદ્વાન બની શકશે ખરો, પરીક્ષા 

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

લેવાય તો પ્રથમ નંબર લાવી શકશે ખરો. આમ ક્રિયામાં એ વિજયી બનશે, પરંતુ આ બધું કરવા માટે ક્રિયાઓમાં વેઠ-વડીલાદિની વૈયાવચ્ચમાં ઉપેક્ષા-ઉજઈવપરાશની નિષ્ઠુરતા વગેરે ચિક્કાર રાગદ્વેષ પરિણામોનો એ ભોગ બની રહે છે.

ખરેખર તો આવા વખતે સ્વાધ્યાય અલ્પ થાય તો પણ એ સ્વીકારી ઉપરના અશુભપરિણામોની વૃદ્ધિને અટકાવવી.

(ડ) બે મુમુક્ષુઓ દીક્ષા લેવાના હોય, એમાં એક મુમુક્ષુ બીજા કરતા મોટો થવા માટે પોતાની દીક્ષા વહેલી થાય તેવા પ્રયત્નો આદરે. કદાચ સફળ બને અને એ રીતે એ મુમુક્ષુ બીજા મુમુક્ષુ કરતા મોટો બની પણ જાય. આ રીતે વહેલી દીક્ષા લેવી, એ માટે પ્રયત્ન કરવો...વગેરે બાહ્ય ક્રિયા તો એની ઘણી સારી છે. પણ એમાં એનો અહંકારભાવ - મલિનભાવ પોષાય છે. રાગદ્વેષ તગડા બને છે. આ મુમુક્ષુ પોતાની આ અશુભ પરિણતિ તોડવા બીજા મુમુક્ષુની દીક્ષા થયા બાદ દીક્ષા લે, નાનો બને તો એની ક્રિયા મોડી દીક્ષા લેવા રૂપ થઈ, છતાં એના પરિણામ તો અત્યંત નિર્મળ બન્યા ને ?

ઉપરના ચાર દૃષ્ટાન્તોમાં ગુરુના વધારે વસ્ત્રોનું પ્રતિલેખન, માસક્ષપણ તપ, પુષ્કળ સ્વાધ્યાય, વહેલી દીક્ષા... આ ચાર બાહ્ય આચારો ખૂબ સારા દેખાય છે. પણ કોઈ પણ ડાહ્યો સંયમી આ વાત સહેલાઈથી સમજી શકશે કે આ બધા પાછળ અશુભભાવોએ માઝા મૂકી છે, રાગ-દ્વેષ વધ્યા છે.... એટલે જ આવી ક્રિયાઓને અનુમોદવામાં પણ જોખમ છે.

બીજી બાજુ જે સંયમી ગુરુના વધારે વસ્ત્રોનું પ્રતિલેખન કરવાનો કદાગ્રહ છોડી અલ્પ પ્રતિલેખન સ્વીકારી લે છે, માસક્ષપણ તપ ત્યાગી એકાસણાદિ સ્વીકારે છે, પુષ્કળ સ્વાધ્યાય ત્યાગી અલ્પ-ઉચિત સ્વાધ્યાય અપનાવે છે, વહેલી દીક્ષાનો કદાગ્રહ ત્યાગી મોડી દીક્ષા સામેથી ઝીલે છે.... એ ક્રિયામાં નબળો પડતો દેખાતો હોવા છતાં પરિણતિના ક્ષેત્રે એ મેદાન

મારી લે છે.

આપણે તમામ વિષયોમાં આ પરમોત્કૃષ્ટ સિદ્ધાન્તને સારી રીતે અપનાવવો જોઈએ.

**(૭) <u>अपूर्वकर्माश्रवसंवरहेतुः संयमो वर्तते, पूर्वगृहीतकर्मक्षयहेतुश्च तपः, ततः प्रधानत्वमनयोः</u> – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૨**

આત્મા તમામે તમામ કર્મોથી રહિત બને, તો એનો મોક્ષ થાય. બધા ય કર્મોથી રહિત બનવા માટે બે વસ્તુ જરૂરી છે : (૧) આત્મામાં નવા કર્મો આવવા ન જોઈએ. (૨) જે જુના કર્મો છે, એ બધાનો ક્ષય થઈ જવો જોઈએ.

જો જુના કર્મોનો ક્ષય થતો હોય, પણ બીજી બાજુ નવા પુષ્કળ કર્મો બંધાયા જ કરે, તો કદિ આત્મા કર્મમુક્ત ન બને.

એમ જો નવા કર્મો આવતા અટકે, પણ જો જુના કર્મોનો ક્ષય ન થાય તો પણ આત્મા કર્મમુક્ત ન બને.

એટલે નવા કર્મો આવતા અટકવા અને જુના કર્મોનો ખાત્મો થવો આ બે ય વસ્તુ અત્યંત આવશ્યક છે. આ બે થાય તો જ મોક્ષ મળે.

નવા કર્મો અટકવા એટલે સંવર.

જુના કર્મો તુટવા એટલે નિર્જરા.

સંવરનું કારણ સંયમ છે, અને નિર્જરાનું કારણ તપ છે. એટલે સંયમ અને તપ એ બે ય મોક્ષના પ્રધાન કારણ ગણાય

એ સ્વાભાવિક છે.

આમાં સંયમ ૧૭ પ્રકારે છે. તપ ૧૨ પ્રકારે છે.

૧૭ પ્રકારના સંયમમાં મનસંયમ-વચનસંયમ-કાયસંયમ એ ત્રણ ભેદો પણ આવે છે. હવે છ બાહ્યતપો ખરેખર તો કાયસંયમ જેવા જ છે. કાયક્લેશ-સંલીનતાદિ બાહ્યતપ તો સ્પષ્ટપણે કાયસંયમ રૂપ જ છે ને ?

આમ કાયસંયમ + ૬ બાહ્યતપ બે એક જ બની ગયા.

અભ્યંતર તપમાં અનુપ્રેક્ષા રૂપ સ્વાધ્યાય તપ,ધ્યાન તપ એ બંને મનસંયમ રૂપ જ છે. પ્રાયશ્ચિત્તાદિ પણ મન-વચન-કાયસંયમમાં જ આવી જાય છે. રે ! કાયોત્સર્ગમાં તો **ઠાણેણં, મોણેણં, ઝાણેણં,** આ ત્રણ શબ્દો દ્વારા કાયા-વચન-મનનો સંયમ સ્પષ્ટપણે માન્ય રખાયો છે.

આમ ખરેખર જોવા જોઈએ તો જે બાર તપો છે, એ ૧૭ પ્રકારના સંયમમાં આવી જ જાય છે. એ કંઈ તદ્દન જુદા છે જ નહિ.

તો પછી એને સંવરના કારણ ગણવા ? કે કર્મક્ષયના કારણ ગણવા ?

આનું સમાધાન ખૂબ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા જેવું છે.

(અ) માથું દુઃખતું મટાડવા માટે પણ મેટાસીન લેવાય અને આવેલો તાવ ઉતારવા માટે પણ મેટાસીન લેવાય. આમાં

જ્યારે માથું ઉતારવા માટે અપાય ત્યારે માથાના દુઃખાવાની ગોળી કહેવાય અને તાવ મટાડવા માટે જ્યારે મેટાસીન અપાય ત્યારે એ તાવની ગોળી કહેવાય.

(બ) કફ દૂર કરવા માટે પણ સુંઠની ગોળી લેવાય અને વાયુ દૂર કરવા માટે પણ સુંઠની ગોળી લેવાય. આમાં જ્યારે કફ દૂર કરવા માટે અપાય ત્યારે એ જ સુંઠની ગોળી કફની દવા કહેવાય અને જ્યારે વાયુ દૂર કરવા માટે અપાય ત્યારે એ જ સુંઠની ગોળી વાયુની દવા કહેવાય.

(ક) એક વ્યક્તિ મળશુદ્ધિ માટે મસાલેદાર ગરમાગરમ મગનું પાણી વાપરે, બીજો વ્યક્તિ ઘણી મીઠાઈ ખાવાથી મોઢું મરી ગયું હોય તો એ દૂર કરવા માટે એ જ મગનું પાણી વાપરે. આમ એ જ મગનું પાણી મળશુદ્ધિકારક પણ કહેવાય અને એ જ મગનું પાણી મુખશુદ્ધિકારક પણ કહેવાય.

ઉપરની બાબતોથી એ નક્કી થાય છે કે એક જ વસ્તુમાં અનેક ધર્મો રહેલા હોય છે. એ દરેક ધર્મોની અપેક્ષાએ એ એક જ વસ્તુ જુદા જુદા સ્વરૂપે ઓળખાય.

આ જ બાબત અહીં પણ સમજવી.

સાધુ લોચ કરાવે તો એ લોચ જુના કર્મોનો ક્ષય કરવાનું પણ કામ કરે અને નવા કર્મોને અટકાવવાનું પણ કામ કરે. જ્યારે એ જુના કર્મોનો ક્ષય કરવાનું કામ કરનાર કહેવાય ત્યારે એ લોચ કાયક્લેશ રૂપી તપ (=નિર્જરાકારક) કહેવાય. અને જ્યારે એ જ લોચ નવા પાપ કર્મોને અટકાવવાનું કામ કરનાર કહેવાય ત્યારે તે જ લોચ કાયસંયમ તરીકે ઓળખી શકાય.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

બીજી વાત એ કે –

જેમ મેટાસીન કોઈ એક જ દ્રવ્યની નથી બની, પણ એમાં તાવ ઉતારનાર, માથું ઉતારનાર વગેરે જુદા - જુદા ઘણા દ્રવ્યો ભેગા થયા છે, એ બધા ભેગા મળીને મેટાસીન બની છે.

જેમ સુંઠની ગોળી ઘી-ગોળ-સુંઠ ત્રણ દ્રવ્યોના મિશ્રણથી બની છે એમાં સુંઠ વાયુનાશક છે, ગોળ પિત્તનાશક છે, ઘી ઉભયનાશક છે. આ બધાનું મિશ્રણ છે.

જેમ મગનું પાણી તેલ-મગના અંશો, પાણી વગેરે દ્રવ્યોના મિશ્રણથી બનેલું છે. એમાં અમુક અંશો મળશુદ્ધિ કરનારા છે, અમુક અંશો મુખશુદ્ધિ કરનારા છે.

એ જ રીતે લોચાદિ તમામ અનુષ્ઠાનો પણ ઘણા બધા અંશોથી બનેલા છે. એમાં યોગ-ઉપયોગાદિ અનેક અંશો ભળેલા છે. અમુક અંશો નિર્જરાકારક છે, અમુક અંશો સંવરકારક છે.

હવે મેટાસીન-સુંઠગોળી - મગનું પાણી વગેરેમાં રહેલા તે તે અંશોના કાર્યો જુદા જુદા છે. છતાં વ્યવહારમાં તો 'મેટાસીનના તે અંશે તે કામ કર્યું' એમ નથી બોલાતું પણ મેટાસીને જ એ કામ કર્યું...એમ બોલાય છે.

એમ લોચાદિમાં પણ યોગ-ઉપયોગાદિ દરેકે દરેક અંશોના કાર્યો જુદા છે, છતાં વ્યવહારમાં તો લોચાદિ જ તે તે કાર્યો કરનારા કહેવાય.

એટલે લોચાદિ તમામ અનુષ્ઠાનો કર્મક્ષય કરવાની અપેક્ષાએ તપ છે, અને એ જ લોચાદિ કર્મબંધ અટકાવવાની

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

અપેક્ષાએ સંવર છે.

એટલે કાયસંયમમાં પણ લોચ ગણાય પણ એ વખતે કર્મબંધ અટકાવવા રૂપ કાર્યની પ્રધાનતાથી એ કાયસંયમ કહેવાય. અને એ જ લોચ તપમાં પણ ગણાય. પણ ત્યાં કર્મક્ષય કરવા રૂપ કાર્યની પ્રધાનતા છે.

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસારમાં કહ્યું છે કે –

**येनांशेनात्मनो योगस्तेनांशेनाश्रवो मतः ।**

**येनांशेनोपयोगस्तु तेनांशेनास्य संवरः ॥**

કોઈપણ ક્રિયામાં યોગ-ઉપયોગ બે ય મિશ્રિત બનેલા હોય છે. એમાં જેટલા અંશમાં આત્માનો યોગ હોય તેટલા અંશથી આશ્રવ=કર્મબંધ થાય અને જેટલા અંશમાં આત્માનો ઉપયોગ હોય એટલા અંશથી સંવર થાય.

અહીં આશ્રવ + સંવરની અપેક્ષાએ આ વાત કરી છે. પણ એ જ રીતે સંવર - નિર્જરાની અપેક્ષાએ પણ સમજી લેવું.

આ નિશ્ચયનયની અપેક્ષાએ છે. નિશ્ચયનય કાર્યભેદે કારણભેદ માનનાર છે. એના મતે સંવર + નિર્જરા એ કદિ એક જ કારણથી ન થઈ શકે. પરંતુ વ્યવહારનયમાં એક જ કારણ અનેક કાર્યોનું ઉત્પાદક ગણાય છે, માટે જ ત્યાં તો એક જ લોચાદિ કારણ સંવર-નિર્જરા એ બંનેનું ઉત્પાદક બની શકે છે. માટે જ **तपसा निर्जरा च** એ તત્ત્વાર્થસૂત્રમાં તપ દ્વારા નિર્જરા + સંવર બંને કાર્યો થવાની વાત કરી છે. પણ એ વ્યવહારનયથી જાણવી.

ણ મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

આ જ પદાર્થ નીચે ફરીથી ટુંકમાં દર્શાવાય છે.
સુંઠગોળી (ગોળ-ઘીની અપેક્ષાએ) પિત્તનાશક છે,
સુંઠગોળી (સુંઠ-ઘીની અપેક્ષાએ) વાયુનાશક છે,
મેટાસીન (મસ્તક રોગ મટાડનાર દ્રવ્યાંશની અપેક્ષાએ) માથાના દુઃખાવાની ગોળી છે,
મેટાસીન (તાવ રોગ મટાડનાર દ્રવ્યાંશની અપેક્ષાએ) તાવની ગોળી છે.
મગપાણી (પેટ સાફ કરનાર અંશોની અપેક્ષાએ) મળશુદ્ધિકારક છે.
મગપાણી (મુખને ચોખ્ખું કરનારા અંશોની અપેક્ષાએ) મુખશુદ્ધિકારક છે.
એ પ્રમાણે
લોચ-કાયોત્સર્ગાદિ અનુષ્ઠાનો (કર્મક્ષયકારકતાની અપેક્ષાએ) તપ છે.
લોચ-કાયોત્સર્ગાદિ અનુષ્ઠાનો (કર્મનિરોધકારકતાની અપેક્ષાએ) સંયમ છે.
આમાં પણ હજી ઘણું ઊંડાણથી વિચારી શકાય છે. અત્રે માત્ર સંક્ષેપમાં જ આટલું જણાવેલું છે.

**(૮) वैयावृत्त्यविनययोर्यथा स्वपरोपकारकत्वात्प्राधान्यं नैवमनशनादीनां तपोभेदानामिति ।** – ઓઘનિર્યુક્તિ ભાષ્ય - ૩
૭૦ ચારિત્રભેદોમાં ૧૨ પ્રકારના તપ લીધા છે, છતાં વૈયાવચ્ચ અને વિનય પણ જુદા લીધા છે. હકીકતમાં ૧૨ પ્રકારના



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

તપમાં વૈયાવચ્ચ અને વિનય રૂપ બે તપ આપેલા જ છે. એટલે એ બેને જુદા લેવાની-બતાવવાની જરૂર નથી. છતાં અહીં ભદ્રબાહુસ્વામીએ એ બેને જુદા ગણ્યા છે. એની પાછળ શું કારણ ?

એનું સમાધાન દર્શાવતા વૃત્તિકાર મહર્ષિ કહે છે કે વૈયાવચ્ચ અને વિનય એ સ્વ અને પર ઉભયને જે રીતે ઉપકારી બને છે અને એટલે પ્રધાન બને છે. એ રીતે બાકીના તપો નથી બનતા માટે આ બે તપ બાર તપમાં પ્રધાન છે. અને માટે જ તેમને જુદા લીધા છે, જુદા બતાવ્યા છે.

વૈયાવચ્ચ અને વિનય શી રીતે સ્વ અને પર એ ઉભયને ઉપકારક બને ? એ હવે આપણે વિચારીએ.

ગ્લાન, વૃદ્ધ, ગુરુ વગેરેની વૈયાવચ્ચ કરનારો સાધુ પોતાના મોહનીય કર્મને ખપાવે, અહંકારાદિ દોષોને તોડે, શાતાવેદનીયાદિ શુભ કર્મો બાંધે, પ્રાપ્ત કરેલા શ્રુતજ્ઞાનને પચાવે...આમ એ વૈયાવચ્ચી પોતાનું હિત તો ખૂબ જ પામવાનો.

હવે એ ગ્લાન-વૃદ્ધાદિ પોતાની માંદગી-ઘડપણાદિના કારણે પીડાતા હોય, અસહાય હોય, ચિંતામગ્ન હોય...એ શક્ય જ છે. વૈયાવચ્ચી જો એમની અપૂર્વસેવા કરે તો એ બધાની શારીરિક અને માનસિક પીડાઓ દૂર થાય, તેઓ પરમ રાહત અનુભવે "અમારું સાચવનાર પણ કો'ક છે" એ વિચાર એમની અસમાધિને દૂર કરે.

ગ્લાન-વૃદ્ધ વગેરેને માનસિક ચિંતાઓ કેટલી-કેવી હોય છે ? એ તો જે ગ્લાન-વૃદ્ધ થાય અને કોઈ સેવા કરનાર ન હોય તેને ખબર પડે. એટલે જ એમની આ ચિંતાઓ દૂર કરવા દ્વારા વૈયાવચ્ચી એમના ઉપર જે ઉપકાર કરે છે, તે અદ્વિતીય કોટિનો હોય છે. એનું વર્ણન કરવાના શબ્દો શબ્દકોશમાં ન જડે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

વળી વૈયાવચ્ચીની અજોડ વૈયાવચ્ચ જોઈ શ્રાવકો વગેરે પણ ધર્મ પામે, ગચ્છના બીજા સાધુઓ પણ એ જોઈને આલંબન પામે કે, "આપણે પણ બીજાની વૈયાવચ્ચ કરવી જોઈએ. માત્ર એકલપેટા-સ્વાર્થી ન બનવું જોઈએ." આ રીતે એક વૈયાવચ્ચી પોતાની વૈયાવચ્ચ દ્વારા નવા અનેક વૈયાવચ્ચીઓને જન્મ આપનારો બને. એ અનેક વૈયાવચ્ચીઓ બીજા અનેક ગ્લાન-વૃદ્ધાદિને સમાધિ દેનારા બને....આ પરંપરા હજારો-સાધુઓને વૈયાવચ્ચી બનાવવા અને હજારો ગ્લાન-વૃદ્ધાદિને સમાધિ પહોંચાડવા સુધી પહોંચે.

આમ વૈયાવચ્ચી અનેકો ઉપર જડબેસલાક ઉપકાર કરનારો બને.

અલબત્ત શ્રુતદાન દ્વારા થતો ઉપકાર ઘણો મોટો છે. પણ વ્યવહારમાં તો એવું પણ ક્યારેક દેખાય છે કે શ્રુતજ્ઞાન પામેલો સાધુ શ્રુતદાતા ગુરુનો જે રીતનો ઉપકાર માને છે, તેના કરતા ગ્લાન-વૃદ્ધાદિઓ કટોકટિના સમયે વૈયાવચ્ચ દ્વારા સમાધિદાન કરનારાનો ઉપકાર અનેક ગણો વધારે માને છે એના બોલવાના, ઉપકાર માનવાના શબ્દો ઉપરથી પણ આ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. એનું કારણ એ હોઈ શકે કે શ્રુતજ્ઞાન વિનાનો સાધુ એવી કોઈ ભયંકર અસમાધિ-ચિંતા વગેરેનો ભોગ બનેલો ન હતો. એટલે શ્રુતજ્ઞાન પ્રાપ્તિથી તેને લાભ ચોક્કસ થયો, અજ્ઞાન-અણસમજ ચોક્કસ દૂર થઈ પણ એવી ભયંકર કટોકટિમાંથી ઉગર્યો હોવાનો અહેસાસ એને ન થાય. જ્યારે ગ્લાન-વૃદ્ધાદિ તો શારીરિક-માનસિક પીડાઓમાંથી એ વૈયાવચ્ચીના સહારે બહાર નીકળ્યા હોય, અસમાધિના કાદવમાંથી માંડ બહાર નીકળ્યા હોય એટલે જ તેઓ તો વૈયાવચ્ચીનો ઉપકાર ખરા હૃદયે, આંખના અશ્રુ સાથે માને એ સ્વાભાવિક છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

હા ! જેઓ સમજુ છે, તેઓ તો શ્રુતદાનનો ઉપકાર સૌથી મોટો છે એ સમજે જ છે. શ્રુતપ્રાપ્તિ થવાથી એમને મૂળમાંથી જ અસમાધિ દૂર થઈ જાય છે. વૈયાવચ્ચી તો ઉત્પન્ન થયેલી અસમાધિને દૂર કરે છે. જ્યારે શ્રુતદાતા તો અસમાધિની ઉત્પત્તિ મૂળથી જ અટકાવી દે છે. પણ આવી સૂક્ષ્મ સમજણ બધા પાસે ન હોય, વિરલાઓ પાસે હોય. મોટાભાગે તો લોકો વૈયાવચ્ચીને વધુ ઉપકારી માની લે એ સંભવિત છે.

જ્યારે કોઈ ગ્લાન-વૃદ્ધાદિ પાસે જઈએ અને શાતા-સમાધિ પુછીએ, ત્યારે જો કોઈએ એની અજોડ વૈયાવચ્ચ કરી હોય તો એ ગ્લાન-વૃદ્ધાદિ તરત એની ભરપૂર પ્રશંસા કરવા લાગશે, આંખોમાંથી બોર-બોર આંસુઓ પડશે... આ અનુભવસિદ્ધ હકીકત છે.

આમ વૈયાવચ્ચ સ્વને અને પરને અત્યંત ઉપકારી છે.

એ જ પરિસ્થિતિ વિનયમાં પણ છે.

મોક્ષ માટે સંસારનાશ જરૂરી, તે માટે અયોગિપણું જરૂરી, એ માટે મન-વચન-કાયાના યોગોનો અંત થવો જરૂરી, એ માટે કર્મક્ષય જરૂરી, એ માટે તપ, એ માટે સંવર, એ માટે સર્વવિરતિ અને એ માટે શ્રુતજ્ઞાન જરૂરી... આ શ્રુતજ્ઞાન માટે વિનય અત્યંત અનિવાર્ય અંગ છે, કેમકે શ્રુતજ્ઞાન સદ્ગુરુને આધીન છે અને અવિનયી એ જ્ઞાન માટે અયોગ્ય હોવાથી, સદ્ગુરુ પાસેથી તેમને જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

એટલે વિનય અજોડ કક્ષાનું શ્રુતજ્ઞાન પમાડી આપવા દ્વારા સ્વને અત્યંત ઉપકારક બને. વળી લીધેલું શ્રુતજ્ઞાન આ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

વિનયથી જ પચે. જ્ઞાન પામ્યા પછી જો વિનય છોડી દેવામાં આવે, અવિનય-ઉદ્ધતાઈનો આશરો લેવામાં આવે તો લીધેલું શ્રુતજ્ઞાન કદિ ન પચે. એ અનેક નુકસાનો નોંતરે.

વળી વિનયીના ટોચકક્ષાના વિનયને જોઈ આખો ગચ્છ વિનય શીખે. જો ગચ્છમાં કોઈક સાધુઓ ઉદ્ધતાઈ ભરેલું વર્તન કરે તો આખો ગચ્છ એ જોઈ ધીમે ધીમે અવિનયી-ઉદ્ધત બને. આ તો ભયંકર નુકસાન થાય. વિનય તો જિનશાસનનું મૂળ છે. એ વિનય જ જો તૂટી-ફૂટી જાય તો પછી શાસન ટકે જ શી રીતે ? એટલે જ બીજાઓમાં વિનયની પ્રભાવના કરવી એ ટોચકક્ષાનો ઉપકાર છે અને માટે જ વિનયી સાધુ બીજાઓને વિનયની ભેટ આપવા દ્વારા પરમ ઉપકારી બને છે.

અનશનાદિ તપો પણ જો કે સ્વ-પરના ઉપકારક છે, છતાં એ વૈયાવચ્ચ-વિનય જેવો તો પરોપકાર કરી શકતા નથી જ.

**(૯) મૂલગુણસદ્ભાવે કરણત્વમસ્ય, નાન્યથેતિ – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૩**

પિંડવિશુદ્ધિ, સમિતિ, ૧૨ ભાવના, ૧૨ ભિક્ષુ પ્રતિમા, પંચેન્દ્રિયનિરોધ, પ્રતિલેખન, ગુપ્તિઓ અને અભિગ્રહો....આ બધું જ **કરણ** તરીકે છે.

વૃત્તિકાર મહર્ષિ જણાવે છે કે આ ૭૦ વસ્તુઓ કરણ ત્યારે જ ગણાય, જ્યારે એ સાધુ પાસે મૂલગુણોની હાજરી હોય, જો મૂલગુણો હાજર ન હોય તો પછી આ બધું ગમે તેટલું આચરો એ કરણ કહેવાય જ નહિ.

પાંચ મહાવ્રતો વગેરે મૂલગુણ છે, સંયમદેહનું પ્રાણતત્ત્વ આ પાંચ મહાવ્રતો છે જેમ પ્રાણ વિનાનો દેહ મૃતક કહેવાય,

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એને ગમે એટલા આભૂષણો પહેરાવવામાં આવે એ બિલકુલ શોભાસ્પદ ન બને. એમ પાંચમહાવ્રતાદિમાં ગરબડવાળો સાધુ પરમાર્થથી તો મૃતદેહ જેવો છે. હવે એની પાસે નિર્દોષ ગોચરી, ૧૨ ભાવનાઓ વગેરે હોય તો પણ એ બિલકુલ શોભાસ્પદ ન બને. હિતકારી ન બને.

એક ગામડીયો કન્યાને પરણીને પોતાના ગામે પાછો ફરતો હતો. રસ્તામાં નદી આવી. ગામડીઆને પત્નીના પગમાં કરેલી મહેંદીનો રંગ ખૂબ-ખૂબ ગમી ગયેલો, હવે જો નદીમાંથી ઉતરે તો એ બધો રંગ ઉતરી જાય, ઝાંખો થાય. એ ગામડીયાને મંજુર ન હતું. એટલે એણે પત્નીને બે પગથી પકડીને ઊંધી કરી, અને ઉંચકીને ચાલવા લાગ્યો. પગ તો પાણીની બહાર રહ્યા, પણ આમાં પત્નીનું મોઢું પાણીમાં ગયું. ગુંગળાઈ જવાથી એ મરી ગઈ.

કિનારે પહોંચીને ગામડિયાએ જોયું તો પત્ની મરી ચૂકી હતી. લોકોએ ગામડિયાને સખત ઠપકો આપ્યો. પણ એ ગમાર કહે,"જીવડો ગયો તો ભલે ગયો. રંગડો તો રહ્યો ને ?"

આવી ગામડિયા જેવી દશા તો આપણી નથી ને ?

અહીં સાર એટલો લેવાનો કે પ્રાણસમ મૂળ ગુણ ગયા પછી રંગ સમ ઉત્તર ગુણ રહે, એનો હર્ષ મૂર્ખામી છે. પણ એવો અર્થ ન કરવો કે ઉત્તર ગુણ ટકાવવા મૂળગુણ નાશ કરી પછી ઉત્તરગુણ ટકવાની ખુશી માનવી. તથા "જેમ જીવ ગયા પછી રંગ રહે એનો ઝાઝો અર્થ નથી. એમ મૂલગુણ ગયા બાદ ઉત્તરગુણ રહે એનો ઝાઝો અર્થ નથી." એ રીતે ઉપનય કરવો. "રંગ માટે જીવ જવા દીધો એમ ઉત્તરગુણ માટે મૂલગુણ જવા દેવા" એ રીતનો ઉપનય અહીં ન લેવો....

મહાવ્રતો જીવ જેવા છે, ઉત્તરગુણો=કરણો રંગ જેવા છે. મહાવ્રતોનો ભુક્કો થાય તો ભલે થાય પણ રંગડો=ઉત્તરગુણો ટકવા જોઈએ... એવી તો આપણી મનોદશા નથી ને ?

(અ) કોઈ સાધુ ગોચરીમાં નાના નાના દોષો ટાળવા પ્રયત્નશીલ હોય, ઘેર ઘેર ફરીને ભિક્ષા લાવે.. એકાંતમાં બેસીને શાંતસુધારસની ઢાળોની ભાવના કરતો હોય, કાળજીપૂર્વક પડિલેહણ-કઠોર તપ... વગેરે કરતો હોય. પણ બીજી બાજુ પાંચમા મહાવ્રતમાં ગરબડ હોય - પોતાની માલીકીનો ફલેટ-ટ્રસ્ટમાં સર્વેસર્વા... આ દોષને વારવાનો કોઈ વિચાર જ નહિ – એ કેવી મનોદશા કહેવાય ?

(બ) કોઈ સાધુ ઘોરતપાદિ કરતો હોય, ગોચરી માટે ઘરે ઘરે ફરતો હોય. જ્યારે બીજી બાજુ સ્વયં મોબાઈલો કરે, કમ્પ્યુટરનો ઉપયોગ કરે, ઉજઈનો ચિક્કાર વપરાશ કરે, જેમાં ઊંડા-ઊંડા ખાડાઓ ખોદાવવા પડે એવા દેરાસર-ઉપાશ્રયાદિના સાવદ્યભાષાગર્ભિત ખુલ્લંખુલ્લા આદેશો કરે, સ્વયં પંખાઓ વાપરે, પુંઠા વગેરેથી બિન્ધાસ્ત જાતે પંખો નાંખે...તો આ મનોદશા કેવી કહેવાય ?

(ક) કોઈ સાધુ ઘોર તપસ્વી હોય, ક્રિયાચુસ્ત હોય. પણ બીજી બાજુ વિજાતીયનો પુષ્કળ પરિચય-સજાતીય પાપો-અતિમલિન વિચારો વારંવાર આવવા... આ બધું ચાલુ હોય તો એ મનોદશા કેવી કહેવાય ?

આપણે મૂલગુણો બાબતમાં અતિગંભીર બનીએ, અને એ રીતે પિંડવિશુદ્ધિ વગેરે અનુષ્ઠાનોને પણ સાર્થક કરીએ એ ખૂબ આવશ્યક છે.

(૧૦) स्वविषयबलवत्वेऽपि सति महद्धिकं चरणमेव, शेषानुयोगानां चरणकरणानुयोगार्थमेवोपादानात्, पूर्वोत्पन्नसंरक्षणार्थमपूर्वप्रतिपत्त्यर्थं च शेषानुयोगा अस्यैव वृतिभूताः । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૬

ચારિત્ર=આચાર સંબંધી પદાર્થોનું નિરૂપણ કરનારા ગ્રન્થો એ ચરણકરણાનુયોગ કહેવાય. જેમાં ગણતરી ખૂબ આવતી હોય તેવા પ્રકારના ગ્રન્થો એ ગણિતાનુયોગ કહેવાય. જેમાં વાર્તાઓ, ઉપદેશોની પ્રધાનતા હોય તેવા ગ્રન્થો ધર્મકથાનુયોગ કહેવાય. જેમાં સૂક્ષ્મયુક્તિગમ્ય પદાર્થોનું સૂક્ષ્મયુક્તિઓ પૂર્વક વર્ણન કરાય તે ગ્રન્થો દ્રવ્યાનુયોગ કહેવાય.

આ ચાર અનુયોગો અને એના પદાર્થો પોત-પોતાના ક્ષેત્રમાં મુખ્ય છે, પ્રધાન છે પણ તેમ છતાં આ બધાયમાં સૌથી વધુ મહાન તો ચારિત્ર જ છે, ચારિત્રનું પ્રતિપાદન કરનારા ગ્રન્થો જ છે. કેમકે બાકીના બધા જ અનુયોગો આ ચરણકરણાનુયોગને માટે જ તો ગ્રહણ કરાય છે.

તે આ પ્રમાણે

(૧) બાકીના અનુયોગો જો ચારિત્ર ઉત્પન્ન ન થયું હોય તો એને ઉત્પન્ન કરવા માટે

(૨) જો ચારિત્ર ઉત્પન્ન થઈ ચૂક્યું હોય તો એનું સંરક્ષણ કરવા માટે જ લેવાય છે અને એટલે એ અનુયોગો ચારિત્રની વાડ જેવા છે.

જેમ જમીનમાં બીજ તો વાવી દીધું, પણ હવે એમાંથી વૃક્ષ ઉગે એ માટે એની ચારેબાજુ કાંટાની વાડ જરૂરી છે. એમ વૃક્ષ ઉગી ગયું હોય તો પણ એને કોઈ કાપી ન નાંખે એ માટે પણ કાંટાની વાડ જરૂરી છે.

એમ જો કોઈને પ્રાચીન મહાપુરુષોના સુંદર જીવનોનું કથન કરવામાં આવે, બૈરાગ્યનો ઉપદેશ આપવામાં આવે તો એ બધું સાંભળીને એને પણ ચારિત્રનો પરિણામ પ્રગટે, દીક્ષા લેવાની ભાવના પ્રગટે, ઉત્તમ વિરતિજીવન જીવવાના કોડ જાગે. આમ ધર્મકથાનુયોગ સંયમ માટે ઉપયોગી બને.

વળી ગણિતાનુયોગ પ્રમાણે સારામાં સારા મુહૂર્તમાં જો દીક્ષા આપવામાં આવે, તો એ આત્મા સંયમજીવનમાં ઉન્નતિ જ પામે. પણ જો ઊંધા-ચત્તા મુહૂર્તમાં દીક્ષા અપાય તો એના જીવનમાં ભયંકર ઉથલ-પાથલ પણ થાય. આમ ગણિતાનુયોગ પણ વિરતિની ઉત્પત્તિમાં અગત્યનો ભાગ ભજવે છે.

તથા કેટલાક જીવો એવા પણ નીકળે કે તેઓ અત્યંત સૂક્ષ્મ પદાર્થોનું વર્ણન કરનારા કર્મગ્રંથાદિ ભણે ત્યારે આશ્ચર્ય પામે, પ્રભુ પ્રત્યે અત્યંત બહુમાન ધારણ કરે. આ રીતે એ જિનધર્મ પ્રત્યે, એ પછી વિરતિધર્મ પ્રત્યે આકર્ષાય અને છેવટે વિરતિધર બને. આજે પણ ઘણા ય યુવાન-યુવતીઓ એવા છે કે જેઓ બુદ્ધિમાન સાધુ સાધ્વીઓની તર્કગમ્ય વાતો સાંભળી, સૂક્ષ્મતમ બુદ્ધિગમ્ય પદાર્થો સાંભળી એમના પ્રત્યે આવર્જિત થઈને ધીરે ધીરે મહાસંયમી બન્યા છે.

એટલે આ ત્રણેય અનુયોગો જુદી જુદી રીતે ચારિત્રની ઉત્પત્તિમાં કારણ બન્યા છે.

હવે જે આત્માઓ સાચું ચારિત્ર પામી જ ચૂક્યા છે, તે ચારિત્રનું રક્ષણ કરવા માટે પણ આ અનુયોગો ખૂબ ઉપયોગી છે.

અનાદિકાળના ખરાબ સંસ્કારો, કુનિમિત્તો, કુકર્મો, કુકાળ વગેરે પરિબળો વારંવાર ચારિત્રપરિણામનો ખુડદો

બોલાવવા તુટી પડે એ શક્ય જ છે. ગુરુનો દ્રોહ કરવાનું મન થાય, આધાકર્માદિ વાપરવાની વૃત્તિ જાગે, વિજાતીયો સાથે પરિચયાદિ કરવાના વિચારો પ્રગટે, શિષ્યો કરી સ્વચ્છંદ થવાની પણ પરિણતિ જાગ્રત થાય... આ બધા જ સંયમઘાતક પરિણામો સંયમના ટુકડા કરીને જ જંપે.

પરંતુ એ વખતે જો પ્રાચીન પુરુષોના જીવનચરિત્રો સાંભળે, આ બધા દોષોના બિહામણા વિપાકો દર્શાવનારા ઉપદેશ ગ્રન્થો-ચરિત્રો સાંભળે તો આ જીવ ફરી જાગ્રત થાય. ઉભા થયેલા અશુભ વિચારોને દૂર ફગાવી દઈ ચારિત્ર પરિણામમાં સ્થિર બને.

તથા ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગના ગ્રન્થો એવા છે કે જેમાં ખૂબ ખૂબ ઊંડા ઉતરવું પડે, મનને અત્યંત એકાગ્ર બનાવવું પડે, કલાકોના કલાકો ય એમાં ક્યાં પસાર થઈ જાય એ પણ ખબર ન પડે... આમાં તલ્લીન બનેલો જીવ પછી બીજા કોઈ જ વિચારો ન કરે. એને તો ઊંઘમાં પણ આ બધા ઊંડા-ઊંડા પદાર્થોના જ વિચારો આવ્યા કરે. એટલે પાપ વિચારો એના મનમાં કદિ જાગ્રત ન થાય, કેમકે મન એનું નવરું જ ન પડે.

આજે પણ એવા વૈજ્ઞાનિકો, પ્રોફેસરો વગેરે જોવા મળે છે કે જેઓને ખાવાપીવામાં, પત્નીમાં કશો જ રસ નથી. પોતાની શોધખોળ કરવાની દુનિયામાં તેઓની આખી જિંદગી પસાર થઈ જાય. સંસારીજીવન સંપૂર્ણપણે શુષ્ક બની રહે.

આ જ પરિસ્થિતિ સાધુ માટે પણ ઉપસ્થિત થાય. એકવાર ચારિત્ર પરિણામ પ્રગટી ચૂક્યો હોય અને પછી સાધુ આ બે અનુયોગોમાં ઊંડો-ઊંડો ઉતરી જાય, તો પછી હવે એ પરિણામને ખતમ કરનારા અશુભવિકલ્પો એનામાં ન પ્રગટે અને

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

એ રીતે ચારિત્રપરિણામનું રક્ષણ થાય.

આમ બાકીના ત્રણ અનુયોગો ચારિત્રના ઉત્પાદક અને ઉત્પન્ન ચારિત્રના સંરક્ષક છે, એ વાત એકદમ સાચી છે.

**(૧૧) तदत्र चरणमपि युक्त्यनुगतमेव ग्रहीतव्यं, न पुनरागमादेव केवलादिति ।** – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૭

વૃત્તિકાર મહર્ષિ મધ્યસ્થગુણની પરાકાષ્ઠાને અહીં પ્રદર્શિત કરી રહ્યા છે. તેઓ જે જિનાગમોને પ્રાણથી પણ અધિક ચાહે છે એ જિનાગમોને પણ પરીક્ષાની કસોટી ઉપર ચડાવવાનું ખુલ્લેઆમ માત્ર આમંત્રણ નથી આપતા, પણ આદેશ કરી રહ્યા છે.

તેઓ કહે છે કે દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગના પદાર્થોમાં તો તર્કો-યુક્તિઓ લગાડાય જ છે, એ બધા પદાર્થો તો આમ પણ યુક્તિ વિના સ્વીકારવા-સમજવા શક્ય જ નથી. પણ ચારિત્ર પણ યુક્તિપૂર્વક જ સ્વીકારવું. માત્ર આગમ ઉપરની શ્રદ્ધાના જોરે ચારિત્રસંબંધી વાતોનો સ્વીકાર ન કરવો.

ચારિત્રજીવનના અનેક અનુષ્ઠાનો છે. એ દરેક પાછળ ચોક્કસ તર્કો, સૂક્ષ્મયુક્તિઓ પડેલી છે. એ જો બરાબર ન સમજીએ અને માત્ર "આગમમાં કહ્યું છે, માટે આપણે એ માનવું-કરવું" એમ વિચારી એ પદાર્થો સ્વીકારી લઈએ તો એ શ્રદ્ધા ચોલ-મજીઠના રંગ જેવી દૃઢ ન બને. એમાં આગમ ઉપરનું બહુમાન સ્થૂલદૃષ્ટિએ જ રહે. એ બહુમાનભાવમાં ઉત્કર્ષની પ્રાપ્તિ ન થાય. એમાં જો કોઈ સામે પ્રશ્નો કરે, એ અનુષ્ઠાનો અંગે શંકાઓ ઉભી કરે તો તો ભારે મુશ્કેલી ઊભી થાય. એમાં બે નુકસાનો થાય.

(૧) પ્રશ્નકાર જિજ્ઞાસાપૂર્વક કંઈપણ પૂછે કે 'સાહેબ ! આ આચાર આ પ્રમાણે કેમ ? અમુક સમયમાં કામળી ઓઢવાની અને અમુક સમયમાં નહિ એવું કેમ ? સાધુઓને આચાર્યાદિ પદવી અપાય અને સાધ્વીઓને ન અપાય-સાધુઓ દેશના આપી શકે, સાધ્વીઓ ન આપી શકે...એવું કેમ ? બે ઉકાળા સુધીનું ધગધગતું પાણી પણ ન ચાલે, અને માત્ર ત્રીજો ઉકાળો આવી જાય એટલે એ બધું જ પાણી ખપે...એવું કેમ ?...ભાઈઓને ગોળદાંડીનો ચરવળો-ઓઘો અને બહેનોને ચોરસદાંડીનો...એવું કેમ ?...

આવા તો સેંકડો પ્રશ્નો પુછાય, એ વખતે માત્ર આગમની જ શ્રદ્ધાથી એ પદાર્થો સ્વીકારી ચૂકેલો સંયમી તો એની યુક્તિઓ આપી જ ન શકે. એ જો શ્રોતાને એમ કહે કે, "આગમમાં કહ્યું છે, એટલે માની લેવાનું. ગરબડ નહિ કરવાની." તો થોડીક પણ બુદ્ધિવાળો શ્રોતા તો આ સાંભળીને એમ જ વિચારવાનો કે "આ તો અંધશ્રદ્ધાના જોરે જ બધું માનવાની વાત છે. આમના ધર્મમાં કોઈ દમ લાગતો નથી. સામાન્ય પ્રશ્નોના પણ ઉત્તરો આ લોકો આપતા જ નથી."

શ્રોતા કંઈ આપણી જેમ આગમ ઉપર શ્રદ્ધાવાળો નથી, એને તો શ્રદ્ધાવાળો બનાવવાનો છે. પણ આપણા આવા ઉપરના વચનોથી તો શ્રોતા ઉલ્ટો આગમ ઉપરની શ્રદ્ધા કદિ ન પામનારો જ બને. આમ શ્રોતાઓ મિથ્યાત્વ પામે, જૈનધર્મવિમુખ બને. ઉન્માર્ગે આગળ ધપી જાય....

આ બધું જ નુકસાન યુક્તિઓ નહિ જાણનાર અને માટે જ યુક્તિઓ નહિ કહી શકનાર, આગમની ઓથ લઈ શ્રદ્ધા જન્માવવાનો પ્રયત્ન કરનાર સંયમીના શિરે ગણાય. બીજાને દુર્લભબોધિ બનાવવામાં આ સંયમી નિમિત્ત બની પાપનો

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ભાગીદાર બને.

(૨) પુછાતા પ્રશ્નો સાંભળી સંયમી પોતે જ શંકામાં પડી જાય. એને જ એ આચાર બાબતમાં શંકા પડે. "વાત તો સાચી લાગે છે. કામળી પહેરવાનું કોઈ પ્રયોજન તો સમજાતું જ નથી. સાધુઓની જેમ સુપાત્ર સાધ્વીજીઓને પણ બધા જ આગમો વાંચવાની, બધા સામે વ્યાખ્યાન આપવાની છૂટ આપવામાં શું વાંધો ?" વગેરે શંકાઓ સંયમીને પણ ઊભી થાય. તર્ક-યુક્તિઓ ન મળવાથી એની શંકા દૃઢ થાય, અને એ રીતે એનામાં જ મિથ્યાત્વના બીજનું આરોપણ થાય.

ક્યારેક સંયમી મહાત્મા પણ યુક્તિ-તર્કાદિ ન મળવાથી ઊંધા-ઊંધા પ્રશ્નો સાંભળી શંકા-કુશંકાઓનો ભોગ બની જૈનદર્શનમાર્ગથી ભ્રષ્ટ થયા હોય, એવું બન્યું છે.

એટલે ચારિત્રના અનુષ્ઠાનો પણ જો યુક્તિ-તર્કો પૂર્વક ન જાણ્યા હોય, તો બીજાને દુર્લભબોધિ બનાવવાનું અને જાતે પણ મિથ્યાત્વ પામવાનું ઘોર નુકસાન ઊભું થવાની પાકી શક્યતા છે.

એટલે જ વૃત્તિકાર મહર્ષિ કહે છે કે ચારિત્ર પણ યુક્તિ અને તર્કોપૂર્વક જ ગ્રહણ કરવું, યુક્તિપૂર્વક ચારિત્રના પ્રત્યેક અનુષ્ઠાનો, સૂક્ષ્મ રહસ્યો ગ્રહણ કરવા. માત્ર આગમશ્રદ્ધાથી આગળ ન વધવું.

સાચા સોનાનો સ્વામી પોતાના સોનાની પરીક્ષા કરવામાં કદિ ન ગભરાય. એ તો બધાને ખુલ્લેઆમ સુવર્ણની પરીક્ષા કરવાનું કહે. એમ વૃત્તિકાર મહર્ષિને પણ આગમમાં બતાવેલા પ્રત્યેક અનુષ્ઠાનો ઉપર અગાધ શ્રદ્ધા છે. એ જાણે છે કે, "એ પ્રત્યેક અનુષ્ઠાનો પાછળ સૂક્ષ્મતમ સચોટ તર્કો પડેલા જ છે." અને તેઓ સ્વયં એના જ્ઞાતા છે એટલે ખુલ્લેઆમ બિન્ધાસ્ત

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

બનીને આવું જાહેર કરી શકે છે કે,"તમામ ચારિત્રાનુષ્ઠાનો યુક્તિપૂર્વક ગ્રહણ કરો. માત્ર આગમવચનથી જ નહિ." (અલબત્ત આજ્ઞાગ્રાહ્ય અને યુક્તિગ્રાહ્ય એમ બે પદાર્થો છે, એટલે બધે જ યુક્તિઓ મળે જ એ શક્ય નથી... છતાં આ અંગે ઊંડી વિચારણા દશવૈ.ની પંક્તિના આધારે અન્યત્ર કરેલી છે. પ્રસ્તુતમાં તો યુક્તિગ્રાહ્ય પદાર્થોની અપેક્ષાએ આ વાત સમજવી.)

**(૧૨) चरणे व्यवस्थितः शेषानुयोगग्रहणे समर्थो भवति, नान्यथेति – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૯**

છ મહાવ્રત (પાંચ મહાવ્રત + રાત્રિભોજનવિરમણવ્રત) અને છકાયની રક્ષા એ જ ચારિત્ર ! આ ચારિત્રને જે બરાબર પાળે, એને જ પછી સુંદર આગમ ગ્રન્થોનું દાન કરવામાં આવે. જે ચારિત્રસંપન્ન નથી, એની પાસે એ ઉત્તમ ગ્રન્થરત્નોને આત્મસાત કરવાની પાત્રતા-શક્તિ હોતી નથી. માટે જ શ્રી નિશીથાદિ ગ્રન્થોમાં કહ્યું છે કે,"શ્રાવકોને આગમોનો અભ્યાસ ન કરાવવો." એનો સીધો ભાવાર્થ એ જ છે કે શ્રાવકો પાસે સર્વવિરતિ નથી, અને એટલે આગમ ગ્રન્થોને ગ્રહણ કરવાની એમની પાત્રતા નથી. તેઓ ગુરુ વડે કહેવાતા આગમિક પદાર્થો સાંભળી શકે ખરા, પણ સાધુઓની જેમ આગમસૂત્રો ગોખવા-એ અક્ષરશઃ વાંચવા, એની ટીકા વગેરે વાંચવી...વગેરે ન કરી શકે.

રે ! દીક્ષા લીધા બાદ પણ સૌ પ્રથમ તો સાધુને પૂર્વના કાળમાં આચારાંગનું પ્રથમ અધ્યયન શસ્ત્રપરિજ્ઞા ભણાવવામાં આવતું, આજે દશવૈકાલિકના પહેલા ચાર અધ્યયન ભણાવાય છે. નૂતનદીક્ષિત એ બધું ભણી લે, ગણી લે, એ આચારોને જીવનમાં જીવતો થઈ જાય અને એ રીતે છકાય-છ વ્રતનો શ્રેષ્ઠતમ પાલક બની જાય એ પછી જ એને વડી દીક્ષા અપાતી.

અને ત્યારબાદ એને બીજા ગ્રન્થો ભણાવાતા.

આમ આ વ્યવસ્થા પણ એ વાત સ્પષ્ટપણે સૂચવી દે છે કે સાધુ સૌ પ્રથમ ચારિત્રમાં વ્યવસ્થિત થવો જ જોઈએ. એ થાય ત્યારબાદ જ એને બીજા ગ્રન્થો ભણવા માટે આપવા.

**(૧૩) इहाशिवत्वमेकाकित्वस्य हेतुत्वे वर्तते, तस्मात्तथा कर्त्तव्यं, यथा तन्न भवत्येव । केन पुनः कारणेन तन्न भवतीति चेदुच्यते - संवच्छरबारसएण होही असिवंति, तओ र्णिति । सुत्तत्थं कुव्वंता अइसयमाईहिं नाऊणं।**

**— ઓઘનિર્યુક્તિ-૮, ભાષ્ય-૧૫**

અશિવ-મારીમરકીના કારણે સંયમીએ એકાકી બનવું પડે તેવી સંભાવના છે. એકાકી બનવામાં પુષ્કળ નુકસાનો છે, જે આગળ બતાવાશે. એટલે સંયમીઓએ એવું કંઈક કરવું કે જેથી એકાકી થવું ન પડે. એની સામે કોઈક પ્રશ્ન કરે છે કે "અમે શું કરીએ એ દર્શાવો કે જેથી એકાકી ન થવું પડે."

એનો ઉત્તર ભગવાન ભદ્રબાહુસ્વામી આ પ્રમાણે આપે છે કે "આજથી બારવર્ષ બાદ અહીં અશિવ થવાનું છે, એમ ખબર પડે એટલે અશિવ થવાના બાર વર્ષ પૂર્વે જ તેઓ તે ક્ષેત્ર છોડીને ચાલી જાય. અશિવની જાણકારી તેઓ અતિશયાદિ દ્વારા મેળવે. અને તે સાધુઓ સૂત્ર+અર્થને કરતા કરતા અન્ય દેશમાં જાય..."

પ્રશ્ન એ થાય કે છેક ૧૨ વર્ષ પછી અશિવ થવાનું હોય તો એ માટે અત્યારથી જ આ ક્ષેત્ર છોડી જવાની શી જરૂર

? ધારો કે આખા ગુજરાતમાં અશિવ થવાનું હોય, તો આજે તો કોઈપણ સંયમી ગુજરાતના કોઈપણ સ્થાને રહેલો હોય, એને ગુજરાતની હદ છોડી જતાં ૨૦-૩૦ દિવસથી વધારે ન લાગે. દા.ત. પાલનપુરમાં કોઈક સંયમી છે. તો એ ૧૫૦-૨૦૦ કિ.મી.નો વિહાર કરી રાજસ્થાનમાં પહોંચી શકે. રે ! મુંબઈ બાજુ પહોંચવું હોય તો પણ ૪૦૦ કિ.મી. બાદ ગુજરાતની હદ પૂરી થાય. આટલું અંતર કાપતા ૧ મહીનો તો ઘણો થઈ પડે. એમાં ય કટોકટિના સમયે તો લાંબા લાંબા વિહાર પણ થાય.

આજે કેટલાય સંયમીઓ માત્ર ૧૫-૨૦ દિનમાં મુંબઈથી છેક અમદાવાદ પણ પહોંચે જ છે ને ?

તો શાસ્ત્રકારોએ જો એમ કહ્યું હોત કે "અશિવ થવાનું હોય, તેના ૧ માસ, ૨ માસ, છેવટે વર્ષ પહેલા નીકળી જવું..." તો શું વાંધો હતો ? આટલો સમય તો ઘણો ઘણો પર્યાપ્ત કહેવાય.

એને બદલે છેક બાર વર્ષ પૂર્વેથી જ વિહાર કરવા માંડવાનું વિધાન વિચિત્ર લાગે. મહાપુરુષો પ્રત્યે અપાર બહુમાનભાવ વિનાનો જીવ તો આવું વાંચીને એમ જ વિચારે કે "આ બધી ધંગઢડા વિનાની વાતો છે. કશાં ઠેકાણા નથી. ગાંડપણની પરાકાષ્ઠા છે. ૧૨ વર્ષ પછી અશિવ થવાનું છે, અને એ માટે અત્યારથી જ વિહાર કરવા માંડવાનો? આ તે કંઈ જાતની પ્રરૂપણા છે ?"

પણ એ મહાપુરુષો પર જેઓ અગાધ બહુમાનભાવ ધરાવે છે, જેઓ એમ જાણે છે કે "આ મહાપુરુષોના પ્રત્યેક વચનો પાછળ પુષ્કળ રહસ્ય ધરબાયેલું પડેલું હોય છે. આપણે એ શોધવાનું હોય છે." તેઓ તો ખૂબ જ પ્રયત્નપૂર્વક એ પ્રરૂપણાનું

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

રહસ્ય શોધવાનો પ્રયત્ન કરે.

ચાલો, આપણે પણ આ પ્રરૂપણા પાછળનું રહસ્ય સમજવા પ્રયત્ન કરીએ.

નિર્યુક્તિગાથામાં **सुत्तत्थं कुव्वंता** શબ્દ લખેલો છે, તે જ આ રહસ્યને સમજાવવા માટે અત્યંત ઉપયોગી થઈ પડે છે. નિર્યુક્તિકારે આ શબ્દ શા માટે લખ્યો ? અત્યારે તો અશિવના કારણે એકાકી ન થવાના ઉપાયની જ વિચારણા છે, તો પછી એમાં આ 'સૂત્રાર્થ કરતા કરતા વિહાર કરે' એવું કહેવાની શી જરૂર ?

આ શબ્દો દ્વારા નિર્યુક્તિકાર મહર્ષિ એ દર્શાવી રહ્યા છે કે સાધુજીવનમાં સૂત્રપોરિસી, અર્થપોરિસીનું ખૂબ ખૂબ મહત્ત્વ છે. દિવસનો પહેલો પ્રહર સૂત્રપોરિસી, બીજો પ્રહર અર્થપોરિસી...રાત્રે પણ પહેલો પ્રહર સૂત્રપોરિસી... દિવસ-રાત દરમ્યાન આવશ્યક કર્ત્તવ્ય કર્યા બાદ જેટલો સમય મળે એટલો સ્વાધ્યાયમાં ગાળવો.

આ સ્વાધ્યાયયોગમાં બાધા આવે એ શાસ્ત્રકારોને જરાક પણ માન્ય નથી. જો તેઓ છેક છેલ્લે-છેલ્લે વિહાર કરે તો રોજરોજ ૧૦-૧૫ કિ.મી.નો વિહાર તો કરવો જ પડે. એટલે એ બધો સમય વિહારમાં જાય, રોજેરોજ સ્થાન બદલાય એટલે બધું ગોઠવવા-કરવામાં પણ સમય જાય, વિહારાદિના થાકને કારણે ઊંઘવાની જરૂર પડે, કદાચ મન કઠણ કરી ભણવા બેસે તો પણ ઝોકા-શરીરનો થાક એનામાં ચંચળતા ઊભી કરી દે. અભ્યાસમાં એકાગ્રતા ન આવે. એટલે પછી સૂત્રપોરિસી-અર્થપોરિસી થઈ ન શકે, આડી-અવળી થાય. પરિણામે સ્વાધ્યાયયોગને ઘા લાગે, જેટલું ભણ્યા હોય તે પણ બધું ભુલવા માંડે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

જો સ્વાધ્યાયયોગ ઘવાય, તો પછી સંયમપરિણતિને પુષ્કળ ઘા લાગે. સાધુ માત્ર વેષધારી સાધુ જ બની રહે.

જરાક આ જ પદાર્થને વિસ્તારથી સમજીએ.

રોજીંદા-મોટા વિહારોથી સ્વાધ્યાયઘાત શી રીતે થાય ? એના મુખ્ય કારણો.

<u>(અ) સમય-બગાડ :</u> રોજેરોજ વિહાર કરવાનો હોય એટલે વિહાર પૂર્વે ઉપધિ બાંધવી-પ્યાલાઓ તૈયાર કરવા - વસ્તુ રહી ન જાય એ માટે શોધખોળ કરવી...વગેરેમાં પા-અડધો કલાક તો આપવો જ પડે. એ પછી ૨-૩-૪ કલાક વિહાર કરીએ, એટલે એટલો સમય પણ સ્વાધ્યાય ન થાય. કેટલાકો વળી ચાલુ વિહારમાં ગાથાઓ ગોખે-પાઠ કરે...પણ એમાં ખરેખર તો શાસ્ત્રાજ્ઞાભંગનો દોષ લાગે. અલબત્ત ગપ્પા-સપ્પા મારવા-ઉંધાચત્તા વિચારો કરતા ચાલવું... વગેરે કરતા સ્વાધ્યાય કરતા ચાલવામાં ઓછો દોષ...એ વાત સાચી. પણ એ એક દોષ તો છે જ. બે ય દોષો ન સેવાય અને સંપૂર્ણપણે જિનાજ્ઞા પળાય તો એ જ શ્રેષ્ઠ ગણાય ને ? વળી બધા કંઈ આ રીતે સ્વાધ્યાય ન કરી શકે. એક સ્થાને બેઠા બેઠા જે સ્વાધ્યાય થાય, તેની સામે આ રીતે વિહારમાં કરાતો સ્વાધ્યાય તો ઘણો ઓછો જ થાય.

હવે સ્થાને પહોંચ્યા પછી પણ ઉપાશ્રય ખુલ્લો ન હોય તો ખોલાવવો...સાફ ન હોય તો સાફ કરવો-કરાવવો...સ્થંડિલ-માત્રાદિની જગ્યાઓની તપાસ કરવી – ગોચરીના ઘરોનો ખ્યાલ ન હોવાથી એ માટે પણ પ્રયત્ન કરવો...વગેરે વગેરે કાર્યોમાં પણ ઘણો સમય પસાર થાય.

ઘણાઓનો એવો અનુભવ છે કે 'વિહાર ખૂબ હોવાથી સ્વાધ્યાય થતો નથી. દિવસમાં બે કલાક માંડ થાય.'

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

**(બ) થાક :** ગમે એટલો વિહાર કરવા છતાં થાક ન લાગે એવા અતિદૃઢ શરીરવાળા સંયમીઓ તો ઘણા ઓછા મળે, મોટાભાગે એવું જોવા મળે છે કે સંયમીઓ વિહાર કરીને થાકે જ છે અને પછી તે થાક ઉતારવા અડધો-એક કલાક તો ઓછામાં ઓછો આરામ કરી લે છે. આમ થાકના કારણે પણ સ્વાધ્યાય ઓછો થાય. વળી શરીરમાં થાક હોય અને છતાં બળજબરીથી ભણવા બેસે તો ઝોકા આવવા માંડે, મન એકાગ્ર ન બને, પગ લાંબા કરવા- ઊંચા નીચા કરવાની ચંચળતા આવ્યા વિના ન રહે. ભીંતને ટેકો દઈને જ બેસવાનું મન થાય... આ બધાના કારણે સારામાં સારો સ્વાધ્યાય તો ન જ થાય, પણ સારો કહી શકાય તેવો સ્વાધ્યાય પણ ન થાય.

**(ક) કુસંસ્કાર :** સ્વાધ્યાયમાં રસ ન પડવાથી પછી સમય પસાર કરવા પરસ્પર ગપ્પાઓ મારવા, શ્રાવકાદિ સાથે નકામી વાત-ચીતોમાં સમય બગાડવો...આ બધી કુટેવો પડવા લાગે. આવું ૧-૨-૪ મહીના ચાલે, પછી તો એના સંસ્કાર એવા દૃઢ બની જાય કે એ સંસ્કારોના કારણે પછી વગર વિહારમાં પણ સ્વાધ્યાય કરવાનું મન ન થાય. સ્વાધ્યાયનો રસ જ ઊડી ગયો હોવાથી હવે એ માટે કાયમ ઉપેક્ષા જ રહે.

આ બધા કારણોસર સ્વાધ્યાય વ્યાઘાત થાય, એનાથી સંયમનો વ્યાઘાત થાય. એ ન થવા દેવા માટે સ્વાધ્યાયનો વ્યાઘાત થતો અટકાવવો જરૂરી છે. હવે જો એ સાધુઓ એક વર્ષ બાકી હોય અને વિહાર કરે તો એમણે રોજેરોજના વિહારો કરવા પડે...એમાં સૂત્રાર્થ કરવા શક્ય ન બને...માટે છેક બાર વર્ષ પૂર્વેથી જ વિહાર શરૂ કરે.

આમ આ આખી વ્યવસ્થા સ્વાધ્યાયને અખંડ રાખવા માટેની છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

**પ્રશ્ન :** ધારો કે ગુજરાત છોડી દેવા માટે ૫૦૦ કિ.મી. વિહાર કરવો પડતો હોય, તો એક વર્ષ પૂર્વે વિહાર શરૂ કરવામાં ય સ્વાધ્યાયનો ઘાત થવાનો નથી જ. રોજના એક / બે કી.મી. જ સરેરાશ ચાલવાની જરૂર પડે. આમ એક એક સ્થાને ૪-૫ દિન રોકાય, અને પછી ૮-૧૦ કિ.મી. વિહાર કરે... આ રીતે પણ એક વર્ષમાં તો સહેલાઈથી એ ક્ષેત્ર છોડીને જઈ શકે. બાર વર્ષનું ગણિત તો હજી પણ વધારે પડતું લાગે છે.

**ઉત્તર :** શ્રમણસંસ્થાના ઉત્સર્ગમાર્ગના આચારોનો જો તમને ખ્યાલ હોત, તો આ પ્રશ્ન ઉભો ન થાત. (૧) નવકલ્પી વિહાર. (૨) ગ્રામાનુગ્રામ વિહાર. આ બે ઉત્સર્ગમાર્ગના આચારોને જાણી લેવા જોઈએ. સંયમીઓ શેષકાળમાં જુદા જુદા ૮ ક્ષેત્રોમાં એક-એક માસ રહીને કુલ ૮ જગ્યામાં ૮ મહિના પૂર્ણ કરે, આ રીતે આ ૮ વિહાર થાય. અને ચોમાસામાં ૧ જ સ્થાને ૪ માસ રહે એટલે એ પણ એક વિહાર ગણાય. (અહીં વિહાર એટલે ચાલવું એવો અર્થ ન સમજવો. પરંતુ સંયમજીવનમાં જીવવું...એવો અર્થ સમજવો.)

આ રીતે ૮+૧=૯ કલ્પી વિહાર થતો.

એક સ્થાને ૧ મહીનો રોકાયા બાદ આજુબાજુના જે કોઈ ગામડા માસકલ્પને માટે યોગ્ય હોય, ત્યાં એ ગચ્છ પહોંચી જાય અને બીજો માસકલ્પ ત્યાં કરે. એ પછી પાછા આગળ વધે અને માસકલ્પને યોગ્ય જે ગામ હોય તેમાં ત્રીજો માસકલ્પ કરે.

આમાં જો રસ્તામાં માસકલ્પને યોગ્ય ગામ આવે અને છતાં કોઈપણ વિશેષ કારણ વિના ગચ્છ એ ગામ છોડી આગળના

ગામમાં જાય, તો એમને અતિચાર લાગે, દોષો લાગે. કેમકે વગર કારણે માસકલ્પયોગ્ય ગામ છોડીને આગળ જવામાં ઉત્કંઠા-પ્રમાદાદિ દોષો જ કારણભૂત બને અને એટલે એમાં તો દોષ લાગવાનો જ.

આમ માસકલ્પયોગ્ય એક ગામમાં મહીનો રહ્યા બાદ માસકલ્પયોગ્ય બીજા ગામમાં = સૌથી નજીકના ગામમાં પાછો માસકલ્પ કરવો, વળી પાછો ત્રીજા માસકલ્પયોગ્ય સૌથી નજીકના ગામમાં માસકલ્પ કરવો... આમ વિહાર કરવો એ **ગ્રામાનુગ્રામ વિહાર** કહેવાય.

પૂર્વના કાળમાં તો ગામડાઓ ઘણા સમૃદ્ધ હતા. આજે જ્યાં ૨૫ ઘરો છે, ત્યાં ૫૦ વર્ષ પૂર્વે ૫૦૦ જૈનઘરો હોવાની વાત વૃદ્ધ સાધુઓ પાસે સાંભળવા મળી છે. વળી પ્રાચીન સાધુઓ તો જૈન-અજૈન તમામે તમામ ઘરોમાં ગોચરી જતા. એટલે એમણે તો 'ગામમાં જૈનના ઘર કેટલા ?' એની તપાસ કરવાની ન હોય. કુલ ઘરોનું જ ગણિત માંડવાનું હોય. સ્વાભાવિક છે કે તે વખતે ગામડે-ગામડે ૫૦૦-૧૦૦૦ ઘરો તો હોય જ. એટલે ગોચરી વગેરેની કશી મુશ્કેલી ન પડતી. આમ પૂર્વના કાળમાં માસકલ્પયોગ્ય ક્ષેત્રો પણ ઘણા મળતા. ઘણા ઘણા ગામડાઓ માસકલ્પયોગ્ય મળતા.

હવે એક ગામથી બીજા ગામ વચ્ચેનું અંતર ૩-૪ કિ.મી. હોય. આજે પણ ગામડાઓમાં કિ.મી.ની ભાષા નથી ચાલતી, પણ ૧ ગાઉ, ૨ ગાઉ...એ ભાષા ચાલે છે. પૂર્વે દર ૩-૪ કિ.મી.ના અંતરે તો ૧-૧ ગામડા મળી રહેતા. આજે પણ આપણે વિહારમાં આ હકીકત સાક્ષાત જોઈએ છીએ. એટલે ત્યારે એક ગામથી બીજા ગામ વચ્ચેનું અંતર ૧ ગાઉ શબ્દથી ઓળખાતું અને એ ભાષા હજી પણ ચાલુ જ છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

હવે વિચારો કે સાધુઓ વર્ષમાં આઠ વિહાર કરે અને એ પણ ગ્રામાનુગ્રામ પદ્ધતિથી વિહાર કરે એટલે કુલ ૮ x ૪ = ૩૨ કિ.મી.નો વાર્ષિક વિહાર થાય. ધારો કે માસકલ્પયોગ્ય ક્ષેત્ર ન મળે અને એટલે વધુ વિહાર કરવો પડે તો પણ ૪ને બદલે ૧૦ કિ.મી.માં તો કોઈને કોઈ ક્ષેત્ર લગભગ મળી જ રહે. એટલે વધુમાં વધુ ૮ x ૧૦ = ૮૦ કિ.મી.નો જ વિહાર કરવાનો થાય.

વળી શ્રી બૃહત્કલ્પમાં તો એમ પણ જણાવ્યું છે કે એક જ ગામમાં કિલ્લાની અંદર અને કિલ્લાની બહાર... એવી રીતે જો બે જુદા જુદા સ્થાનોમાં રહી શકાતું હોય, ગોચરીના ઘરો બદલાઈ જતા હોય તો એક જ ગામમાં બે માસ પણ એ બે સ્થાનોમાં રહી શકાય. ટુંકમાં મોટા ગામમાં જો જુદા જુદા સ્થાનો હોય તો તો તે જુદા જુદા સ્થાનોમાં દરેકમાં એક-એક માસકલ્પ કરી શકાય. આમ વિહાર ઓછો થઈ જાય.

સ્વાભાવિક છે કે મહિનો-મહિનો એક સ્થાને જ સ્થિર રહેવાનું થાય એટલે વિહારાદિ ન હોવાથી સ્વાધ્યાય બેહદ થાય, અને જ્યારે વિહાર કરાય ત્યારે પણ બે-ચાર દિન પુરતો વિહાર થાય, પછી પાછું સ્થિર થઈ જવાનું હોય...આમ સ્વાધ્યાયનો ઘાત થવાના કોઈપણ કારણો ઉપસ્થિત ન થાય.

હવે આ માસકલ્પ અને ગ્રામાનુગ્રામ વિહાર પ્રમાણે વિહાર કરવો હોય તો ૫૦૦ કિ.મી. ચાલી ગુજરાતમાંથી બહાર નીકળવા માટે વર્ષોના વર્ષો જોઈએ એ સ્વાભાવિક છે. એટલે ૧૨ વર્ષ પૂર્વે જ વિહારપ્રારંભ કરી દેવો પડે.

આમ **सुत्तत्थं कुव्वंता** જે શબ્દ લખેલો છે, તે આ પદાર્થને પ્રકાશિત કરે છે કે સાધુઓ માસકલ્પ અને ગ્રામાનુગ્રામ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

પદ્ધતિ પ્રમાણે વિહાર કરે તો જ એ સૂત્રાર્થને સાચવી શકે અને એ સાચવીને વિહાર કરવાનો હોવાથી આ બે પદ્ધતિ જરૂરી બની રહે, અને એ માટે અશિવથી બચવા માટે છેક બાર વર્ષ પૂર્વેથી જ વિહાર શરૂ કરી દેવો પડે. જેથી પછી બિલકુલ ઉતાવળ વિના, કશી જ ચિંતા વિના, અશિવના ભય વિના ઉપરની બે પદ્ધતિ પ્રમાણે સૂત્રાર્થને કરતા કરતા વિહાર કરી શકાય.

આ ઉત્સર્ગમાર્ગ છે.

આજે આપણી વિહારપદ્ધતિમાં આ બે પદ્ધતિનું પાલન લગભગ રહ્યું નથી. શેષકાળમાં ઘણા વિહારો ચાલુ જ હોય અને રસ્તામાં આવતા ગામડાઓનું ઉલ્લંઘન પણ ચાલુ જ હોય... આ બધાના કારણે સ્વાધ્યાયનો પુષ્કળ ઘાત થાય છે. પરિણામે ઘણા સંયમીઓ વર્ષોના વર્ષો દીક્ષાપર્યાયમાં પસાર કર્યા પછી પણ આચારો-સિદ્ધાંતો બાબતમાં વિશિષ્ટ જાણકારી પામી શકતા નથી. શાસ્ત્રબોધ મેળવી શકતા નથી.

ભલે આ બતાવેલો ઉત્સર્ગમાર્ગ પાળવો શક્ય ન હોય એ બને, પણ એ ઉત્સર્ગને સાપેક્ષ અપવાદ કેવો હોય ? એનું સ્વરૂપ નક્કી કરવું જોઈએ. જેમ માંદગીમાં સંપૂર્ણ નિર્દોષ ગોચરી રૂપ ઉત્સર્ગમાર્ગ ન પળાય, એ કબુલ. પણ એ વખતે સ્થાપનાદિ દોષોને બદલે સીધું આધાકર્મી સેવાય તો એ શુદ્ધ અપવાદ ન ગણાય. અપવાદ તો જ કહેવાય જો જેટલો ઓછો દોષ સેવવો શક્ય હોય એટલો ઓછો સેવાય. ઓછો દોષ સેવવો શક્ય હોવા છતાં પણ મોટો દોષ સેવાય તો એ કારણસર સેવાયો હોવા છતાં પણ એને શુદ્ધ અપવાદ ન કહેવાય.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૭૫ ॥

કોઈકને પગમાં કાંટો વાગી જાય અને ડોક્ટર સીધો પગ જ કાપી નાંખે તો ? લોકો ડોક્ટરને પુછવાના જ કે "કાંટો વાગ્યો, લોહી નીકળ્યું તો માત્ર મલમ જ લગાડવાનું, એમાં પગ કેમ કાપી નાંખ્યો ?" એ વખતે ડૉક્ટર જવાબ આપે કે, "કાંટો વાગ્યો એટલે મેં તો પગ કાપી જ નાંખ્યો. નાહકની લમણાઝીંક કોણ કરે ?..." તો લોકો તો એને ઢોર માર મારવાના જ.

કાંટો વાગવો એ કારણ છે, પણ એ વખતે મલમપટ્ટાથી જ મટી જતું હોવા છતાં પગ કાપી નાંખવામાં આવે તો એ ભયંકર દોષ ગણાય.

એમ પ્રસ્તુતમાં પણ વિચારવું.

ટૂંકમાં સબળ કારણ વિના દોડાદોડ ન કરવી જોઈએ.

આ બાબતમાં ગીતાર્થ મહાત્માઓ પાસેથી માર્ગદર્શન મેળવી યથાયોગ્ય કરવું.

બાકી ભગવાન ભદ્રબાહુસ્વામીનું આ નિર્યુક્તિવચન તો આપણને સ્વાધ્યાયની-સૂત્રાર્થાધ્યયનની જબરદસ્ત મહત્તા બતાવી રહ્યું છે. એ વાતને જીવનમાં કેટલી અપનાવવી ? એ તો આપણે જ નક્કી કરવાનું છે.

**(૧૪) इमाणि चत्तारि परिहरिअव्वाणि - विगई दसविहा वि लोणं लोहं च सदसं वत्थं च । – ઓઘનિર્યુક્તિ-૧૭-૧૮**

ગ્લાનાદિના કારણે અશિવક્ષેત્રમાં રહેવું પડે તો અશિવકારી દેવતાથી બચવા માટેના ઉપાયોનું વર્ણન કરતા આ ચાર વસ્તુઓનો ત્યાગ કરવાની વાત લખી છે કે દશ પ્રકારની વિગઈ, મીઠું, લોખંડ અને દશીવાળું વસ્ત્ર.

આ ચારનો ત્યાગ શા માટે કરવો ? એ ત્યાગ કરીએ તો શું લાભ ? અને એ ન ત્યાગીએ તો શું નુકસાન ?... વગેરે સ્પષ્ટ ખુલાસા વૃત્તિકાર મહર્ષિએ તો જણાવ્યા નથી. પણ આજુબાજુના પદાર્થો વિચારતા એવી કલ્પના કરી શકાય કે જો આ બધી વસ્તુ વાપરવામાં આવે તો દેવતા ગુસ્સે ભરાતો હોય, સાધુઓ ઉપર ભારે દ્વેષવાળો બનતો હોય...અને એટલે એ વસ્તુઓ વાપરવાનો નિષેધ અત્રે કરાયેલો હોય.

ઉત્સર્ગમાર્ગે તો આમ પણ સાધુઓ આ બધું ન વાપરે, પણ ક્યારેક અપવાદ માર્ગે તેઓને આ બધું વાપરવાનો અવસર આવી શકે છે. એટલે અહીં વૃત્તિકાર શ્રી જણાવે છે કે આ અશિવના પ્રસંગમાં તો અપવાદમાર્ગે પણ આ વસ્તુઓ ન વાપરવી, કેમકે એ વાપરવામાં જો પ્રમાદ ઘૂસી જાય તો એની સાથે અશિવ પણ ઘૂસી જાય.

આ માત્ર અનુમાન છે. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

(શાસ્ત્રકારોએ મુખ્યત્વે આ ચાર વસ્તુનો જ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એટલે એની પાછળ કોઈક ચોક્કસ કારણ હોવા જોઈએ. પણ એવા કોઈ ચોક્કસ કારણો મારા ખ્યાલમાં નથી.ગીતાર્થ મહાત્માઓને આ અંગે પૃચ્છા કરવી.)

**(૧૫) भक्तं आहारः, तद् एको गृह्णाति, द्वितीयश्चानयति तृतीयोऽवज्ञया ददातीत्यर्थः । अवधूतं-अवज्ञातं, जहा अवधूता नासति । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૧૮**

જે સાધુ દેવતા વડે અશિવવાળો કરાયો છે, તેને બીજા સાધુઓ કેવી રીતે આહાર આપે તેની આ વિધિ છે કે એક સાધુ ભોજન વહોરે, એ વહોરેલું ભોજન બીજો સાધુ ઉપાશ્રયમાં લાવે, અને એ લાવેલું ભોજન ત્રીજો સાધુ તે ગ્લાન સાધુને

તિરસ્કાર પૂર્વક આપે. તિરસ્કારપૂર્વક આપવાનું કારણ એ કે તિરસ્કારાયેલી તે દેવતા એની મેળે જ ભાગી જાય, સાધુને છોડી દે.

આ અત્યંત ગંભીર બાબત છે.

વર્તમાનમાં કેટલાક સંયમીઓ વળગાડના રોગથી પરેશાન થઈ રહ્યા છે. વળગાડ કેવી રીતે થયો ? કોઈક હિતદ્વેષીઓના મલિન પ્રયોગોથી થયો કે પછી સંયમીની જ પોતાની કોઈક ભૂલથી થયો ?... એ બધો નિર્ણય કરવો તો બધાને ભારે પડે છે. જ્યારે પણ આવો કંઈક પ્રસંગ બને, ત્યારે બધા જાત-જાતના તુક્કાઓ લગાવે. 'કદાચ પેલાએ મૂઠ મારી હશે...કદાચ આ કોઈની નજર લાગી હશે..." આ રીતની તુક્કાબાજીમાં બિચારા નિર્દોષ વ્યક્તિઓ પણ આ આક્ષેપો-આરોપોનો ભોગ બને. પરસ્પર દ્વેષભાવ-શત્રુભાવ-કટુતા પ્રગટે. બધા એકબીજાને શંકાની નજરથી જોવા માંડે. હા ! ક્યારેક આ બધું સાચું પણ હોય છે. ખરેખર કોઈકની મૂઠ વાગી પણ હોય...છતાં એ ૨, ૫% પ્રસંગોને લીધે બાકીના ૯૫% પ્રસંગોમાં પણ પુષ્કળ આક્ષેપો-આરોપો મૂકાયા કરતા હોય છે.

અત્યારે એ ચર્ચા બાજુ પર મૂકી એટલું જ વિચારવાનું છે કે "ઘણી બધી સંખ્યામાં જ્યારે સંયમીઓ જાત-જાતના વળગાડનો ભોગ બનતા સંભળાય છે, ત્યારે તેનો ઉપાય શું ?"

વ્યક્તિવિશેષે આના ઉપાયો જુદા જુદા અનેક પ્રકારના હોઈ શકે છે. બધી જગ્યાએ એક જ ઉપાય લાગુ ન પડે છતાં વૃત્તિકાર મહર્ષિએ અહીં તિરસ્કાર રૂપ ઉપાય બતાવ્યો છે એનાથી પણ સારું થઈ શકે છે, પણ એ સિવાય વ્યક્તિ પ્રમાણે 

અન્ય ઉપાયો પણ સંભવિત છે.

હા ! તિરસ્કાર રૂપ ઉપાયમાં સૌથી વધારે મુશ્કેલી તો જવાબદાર વ્યક્તિ-ગુરુ વગેરે ઉપર આવી પડે. પોતાના જે શિષ્ય-શિષ્યા ઉપર અનહદ લાગણી હોય એને ભુખ્યો રાખવો, એ ચીસો પાડે તો પણ મન મક્કમ કરી એને અનુકૂળ ન થવું, હૃદયમાં અપાર લાગણી સાથે બહારથી એનો ઘોર તિરસ્કાર કરવો, એ શિષ્ય-શિષ્યાની આંખમાંથી આંસુઓ ટપકે છતાં ઢીલા ન થઈ જવું અને સખ્તાઈથી, જાણે કે નિર્દય જેવા બનીને વર્તવું એ ગુર્વાદિ માટે ખૂબ-ખૂબ કપરું થઈ પડે. તેઓ આ બધી સખ્તાઈ માટે ભાગ્યે જ તૈયાર થાય.

પણ આ બધી સખ્તાઈ 'એ શિષ્ય-શિષ્યાના હિત માટે જ છે' એ વાત તેઓએ ભુલવી ન જોઈએ.

<u>(૧૬) अह कालं करेइ, ताहे जं तस्स उवगरणं तं सव्वं छड्डिज्जइ</u> – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૨૦

અશિવગ્રસ્ત સાધુ જો કાળ કરે, તો તેના જે ઉપકરણો હોય તે બધા પરઠવી દેવા. એ પાછળનું કારણ એ છે કે આ સાધુ અશિવગૃહીત હતો. અર્થાત્ મલિન દેવતાઓની ઝાપટમાં આવી ગયેલો હતો. એટલે જ એના ઉપકરણો જે વાપરે એને પણ નુકસાન થવાની સંભાવના રહે.. એટલે જ એના તમામ ઉપકરણો પરઠવી દેવા.

જેમ ચેપી રોગવાળાના વસ્ત્ર, વાસણ વગેરેનો વપરાશ બીજાઓ ન કરે, કરે તો રોગથી ઘેરાવાની સંભાવના રહે, તેમ અશિવગૃહીતના વસ્ત્ર-પાત્રાદિ વાપરનારાને અશિવ થવાની સંભાવના રહે. એ આ પદાર્થનો સાર છે.

**(૧૭) अथासौ धर्मनिरपेक्षतया नेच्छति, ततः किमित्याह...अनिच्छति तस्मिंस्तस्य साधोर्गमनं तद्दिवसं स्थित्वा छिद्रं लब्ध्वा नंष्टव्यं....तस्स पुण मज्जाया - ते विसज्जेयव्वा, मा मम कज्जे मरंतु – ઓઘનિર્યુક્તિ-૨૧**

ચારેબાજુ મારી-મરકી-અશિવ ફેલાઈ ગયો છે, ત્યારે આખો ગચ્છ જીવ બચાવવા માટે તે સ્થાન છોડીને ભાગે છે. પણ એમાં એક સાધુ ગ્લાન હોવાથી એ વિહાર કરી શકે એમ નથી. તે વખતે શું કરવું ? જો એક સાધુ માટે આખો ગચ્છ રોકાય તો આખો ગચ્છ મુશ્કેલીમાં મુકાય, અને પાછો પેલો ગ્લાન સાધુ તો ન જ બચે. એટલે આખો ગચ્છ કે ગચ્છ વતી ગુરુ પેલા ગ્લાન સાધુને કહે કે "જો તું રજા આપે, તો અમે બધા જઈએ. તારે એકલાએ અહીં રહેવું પડશે. પણ બીજું તો શું થાય ?"

ગ્લાનની વૈયાવચ્ચ કરવાનો ખૂબ ખૂબ ઉપદેશ આપનારા શાસ્ત્રકારો જ આજે 'ગ્લાનને એકલો મૂકીને આખા ગચ્છે ચાલી જવું' એવું વિધાન કરી રહ્યા છે. એનું કારણ એ જ કે નફો હોય તો જ ધંધો કરવો. નફો ઓછો અને નુકસાન વધારે...એવું તો ન જ થવા દેવું. સામાન્ય સંયોગોમાં આ વાત બરાબર કે ગ્લાન માટે બધી રીતે ઘસાઈ છુટવું. પણ અહીં તો આખો ગચ્છ મરણાંત આપત્તિમાં મુકાય એવી પરિસ્થિતિ ઉભી થઈ છે. વળી અહીં રોકાઈ જવામાં કશો લાભ નથી. કારણ કે આખો ગચ્છ જો અશિવગૃહીત થાય તો ગ્લાનની સેવા પણ ન કરી શકાય. એટલે જ આખો ગચ્છ ગ્લાન સાધુને કહે છે કે "તું અહીં રહે. અમે જઈએ."

ગ્લાન સાધુ અત્યારે મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યો છે, એ વખતે આખો ગચ્છ વિદાય લેવાની રજા માંગે છે એટલે ગ્લાન તદ્દન અસહાય બની રહ્યો છે. એને બચાવનાર હવે કોઈ રહેવાનું નથી. કોઈ મરણ વખતે સમાધિ આપનાર રહેવાનો નથી.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આવી પરિસ્થિતિમાં ગચ્છને રજા આપી દેવી, એ માટે કાળજું કઠણ કરવું સહેલું કામ નથી. છતાં શાસ્ત્રકારો લખી રહ્યા છે કે જો આ ગ્લાન ગચ્છને જવાની રજા ન આપે તો એને ધર્મનિરપેક્ષ જાણવો. એને સાચો ધર્મ પરિણમ્યો જ નથી, એમ જાણવું. પોતાના નિમિત્તે આખા ગચ્છને મૃત્યુના મુખમાં નાંખી દેવો એ ક્યાંનો ન્યાય ? પોતાના સ્વાર્થ ખાતર ગચ્છનો કોઈ વિચાર ન કરવો એ કઈ જાતની ધાર્મિકતા ?

એટલે આવી ભીષણ પરિસ્થિતિમાં પણ એણે રજા આપવી જ રહી.

પણ આમ છતાં જો એ રજા ન આપે તો ગચ્છ ચાલાકી કરે, એક સાધુને ત્યાં મુકીને આખો ગચ્છ ચાલવા માંડે. જો એક પણ સાધુને ત્યાં મૂકવામાં ન આવે તો તો પેલો સાધુ જોરજોરથી ચીસો પડે, એને પોતાનું મોત એકલવાયાપણું સાક્ષાત દેખાય અને એટલે એ કાન ફાડી નાંખે એવી ચીસો પાડે...આવી પરિસ્થિતિમાં ગચ્છ નીકળે એ એક ભયંકર અમંગળ જ બની રહે. એ દૃશ્યની કલ્પના કરતાય ધ્રુજારી છૂટે કે આખો ગચ્છ એક સાધુને અસહાય મૂકીને જતો હોય અને પેલો સાધુ ચીસો પાડતો હોય, રડતો-કકળતો હોય. 'મને છોડીને ન જાઓ, મારું એકલાનું શું થશે ? મને બચાવો..." એમ સાધુઓના પગ પકડી પકડીને બોલતો હોય અને એને તરછોડીને સાધુઓ નીકળતા હોય...

આ યોગ્ય ન ગણાય માટે જ આચાર્ય એક સમર્થ સાધુને ત્યાં જ રહી જવાની સૂચના કરે છે. પેલા ગ્લાનને કહેવામાં આવે કે,"જો ! તારા માટે આ સમર્થ સાધુ અહીં રહેશે. તું ચિંતા ન કર..." છેવટે એ ઠંડો પડે, એટલે એ સમર્થ સાધુને ત્યાં મૂકી આખો ગચ્છ નીકળી જાય. આચાર્યે પેલા સમર્થને પણ સૂચન કરી જ દીધું હોય, કે અમે અત્યારે નીકળીએ છીએ,

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

તું પણ પછી તક મળે એટલે નીકળી આવજે..

હવે આ મોટો ભય એ સમર્થ સાધુ ઉપર આવે છે. ગચ્છ જતો રહે છે અને પોતે એકલો જ રહે છે. અલબત્ત એણે પણ પછી નીકળી જવાનું છે. પણ હવે અહીં એક-બે દિ' રહેવું પડે અને એમાં પોતે જ અશિવનો ભોગ બની જાય તો ? પોતે એકલા નીકળવાનું છે. પોતે તો ગચ્છની સાથે જ ભાગી જવા સમર્થ હતો, છતાં ગચ્છ માટે અહીં રોકાઈ જવાનો અવસર ઊભો થયો છે.

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે તે સાધુની ફરજ છે કે એણે આ જોખમ પોતાના માથે ઉંચકી લઈ ગચ્છને જવાની રજા આપી દેવી. એણે પોતાના સ્વાર્થનો વિચાર ન કરવો.

આ પદાર્થમાં એવું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે ગ્લાનસાધુની અને આ સમર્થ સાધુની આ ફરજ છે કે પોતે મોતના મુખમાં પ્રવેશવાની સંભાવનાને મંજુર રાખીને પણ ગચ્છને માટે બલિદાન આપવું. ગચ્છને માટે પોતાનો ભોગ આપવો. ગચ્છને માટે મૃત્યુ સુધીના અપાયો = નુકસાનો ભોગવવાની તૈયારી રાખવી.

શાસ્ત્રકારો 'ગચ્છની મહાનતા કેટલી બધી માનતા હશે !' એ આમાંથી ફલિત થાય છે. જેમ શૂરવીરો રાષ્ટ્ર માટે શહીદ થાય, તેમ સાધુઓ ગચ્છ માટે શહીદી વહોરે. જેમ દેશભક્તો માટે રાષ્ટ્ર પ્રાણ કરતાં પણ વધુ પ્યારું હોય, તેમ સાધુઓને ગચ્છ પ્રાણથી પણ અધિક પ્યારો હોય, કેમકે આ ગચ્છ રત્નોની ખાણ છે. એમાં રત્નત્રયીની અદ્વિતીય આરાધના થાય છે. એમાં શાસનપ્રભાવકો, તપસ્વીઓ, વૈયાવચ્ચીઓ, સ્વાધ્યાયીઓ, આત્માર્થીઓ, ચરમશરીરીઓ...અહોહો ! કેટલાય રત્નો

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ભરેલા પડ્યા છે. કોઈ ભવિષ્યમાં તીર્થંકર થનારા પણ હોય, કોઈ ગણધરાદિ બનનારા પણ હોય. આવા અતિ મહાન ગચ્છ માટે એક સાધુ પોતાના પ્રાણ આપવા તત્પર બને તો એમાં કશું જ અજુગતું નથી.

વિચારવાનું તો આપણે છે કે ગચ્છને રત્નોની ખાણ સમજીને જ શાસ્ત્રકારોએ એ ગચ્છ માટે સાધુઓને પણ બલિદાન આપવાનું ફરમાન કર્યું છે. પણ જો એ ગચ્છના અંશભૂત આપણે રત્નને બદલે કાંકરા જેવા જ હોઈએ તો? ખાવા-પીવામાં લંપટ, વિજાતીય પરિચયાદિમાં ચપળ, ષટ્કાય રક્ષામાં પ્રમાદી, ષટ્વ્રત પાલનમાં એદી, દેહ પ્રત્યે ગાઢ મમત્ત્વવાળા, સુખશીલ, ઈર્ષ્યાળુ, ઝેરીલા, ગુરુભાઈ બહેનોની નિંદા કરી કરીને ચારેબાજુ ઝેર પ્રસરાવનારા, સંયમીનું અહિત કરી નાંખવામાં અગ્રેસર...હોઈએ તો ? જો આપણે આવા કાંકરા જેવા હોઈએ તો ?

શાસ્ત્રકારોએ આપણા માટે જે કલ્પના કરી છે એને સાકાર કરવાની ફરજ આપણી દરેકની છે.

**(૧૮) अह दोवि जणा न मुयइ, ताहे एगागी भवंति । तेसिं उवगरणं न उवहम्मति । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૨૧**

દેવતાથી બચવા માટે બે બે સાધુઓ ભાગે છે, પણ જો એમાં પણ 'દેવતા મારી નાંખશે' એવી શક્યતા હોય તો પછી છેવટે બધા સાધુ એકલા-એકલા ભાગે. આ રીતે એકલા-એકલા જાય તો પણ તેમના ઉપકરણ હણાઈ ન જાય.

પ્રશ્ન એ થાય કે ઉપકરણ હણાઈ જવા એટલે શું ? ઉપકરણ ફાટી જવા, તુટી જવા, એમ ? શું 'એકલા જાય એટલે એમની ઉપધિ ફાટી-તૂટી જાય' એમ કહેવું છે ?

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ના ! 'ઉપકરણ હણાઈ જવા' એ શબ્દોની પાછળ શાસ્ત્રકારોએ ગોઠવેલી એક જબરદસ્ત વ્યવસ્થા કામ કરી રહી હોય એમ લાગે છે.

સાધુ જો પ્રમાદી બને તો એની ઉપધિ ચોરાઈ જવા વગેરે રૂપ અનેક ઉપદ્રવો સંભવિત છે, એમ એ ઉપધિ દ્વારા પણ કોઈક નુકસાનો થવા સંભવિત છે. એટલે ઉપધિનો સંરક્ષક કોઈપણ સાધુ ન હોય અને ઉપધિ એ રીતે રેઢી પડે તો એને ઉપહત થયેલી મનાતી અને એ પરઠવી દેવામાં આવતી.

આ વાત જરાક વિસ્તારથી સમજીએ.

(ક) ઉપાશ્રયમાં રહેલા બે-ત્રણ સાધુ રાત્રે ઊંઘી જાય તો શક્ય છે કે રાત્રે કુતરો સાધુની ઉપધિ પર સંડાસ-માત્રુ કરી જાય, ક્યારેક ગંધાતી ઉલટી પણ કરી જાય. ક્યારેક ઝોળી વગેરે ખેંચીને જતો રહે. ઉંદર વગેરે તિર્યંચો તરપણી-ઘડાના દોરાને કાપી નાંખે. કોઈપણ સાધુ જાગતો ન હોવાથી આ રીતે ઉપધિનો બગાડ થવાની પ્રક્રિયા કોણ અટકાવે?

(ખ) ઉપધિની રક્ષા કરવા કોઈપણ સાધુ સજાગ ન હોય તો ચોર વગેરે એ ઉપધિ ચોરી જાય. એ કાળમાં ઉપધિ દુર્લભ હતી. સ્વાભાવિક છે કે ક્રીતાદિ દોષ વિનાની તદ્દન નિર્દોષ ઉપધિ તો દુર્લભ હોવાની જ. એટલે જ ઉપધિ રેઢી મૂકાય અને એ ચોરાઈ જાય, એ માન્ય ન બને. એટલે સાધુઓ ઉપધિ બાબતમાં ઉપેક્ષાવાળા ન બને એ માટે રેઢી મૂકાયેલી ઉપધિને ઉપહત માનવામાં આવતી. આનાથી સાધુઓ સજાગ રહે.

(ગ) સાધુઓ પ્રમાદમાં પડ્યા હોય તો કોઈ સાધુદ્વેષી માણસ સોનું-ચાંદી-ધન વગેરે સાધુના પાત્રામાં મૂકી ઝોળી બાંધીને જતો રહે અને સવારે પોતાનું ધન ચોરાયાની જાહેરાત કરે. પોલીસો દ્વારા સાધુઓની પણ ચકાસણી કરે, એમાં ધન નીકળે એટલે સાધુઓ ઉપર મોટો આરોપ આવે. જેલમાં જવું પડે, શાસનનિંદા થાય...વગેરે ઘણા નુકસાન થાય.

(ઘ) ઉપધિની કાળજી કરનાર કોઈપણ સાધુ સજાગ ન હોય તો કોઈ શત્રુ સાધુની ઉપધિમાં ખરાબ ફોટાઓ કે સ્ત્રીઓના વસ્ત્રો કે એવી કોઈ ખરાબ વસ્તુઓ છુપાવી દે. સાધુ તો આ જાણતો જ ન હોય. પાછળથી એ શત્રુ બનેલો માણસ ઘણાઓ સાથે ત્યાં આવી બધી ચકાસણી કરે. ખરાબ ફોટા-વસ્ત્રો-વસ્તુઓ નીકળે...ભયંકર શાસનહીલના થાય. ખાનદાન સાધુને જીવવું ભારે પડે.

(ચ) રેઢી પડેલી ઉપધિ દ્વારા કોઈ ફાંસો ખાઈને મરી જાય, સાધુના કપડાદિ દ્વારા બીજાનું ગળું ભીંસી નાંખે, સાધુના પાત્રાદિનો સચિત્તપાણી વાપરવાદિ કાર્યોમાં ઉપયોગ કરે. આમ એ ઉપધિ દ્વારા અનેક સંયમવિરાધનાઓની પણ શક્યતા છે.

આવા તો અનેક પ્રકારના નુકસાનો થવા સંભવિત છે. આનો અર્થ એ જ કે જો ઉપધિસંરક્ષક કોઈપણ સાધુ સજાગ ન હોય તો ઉપધિઓમાં આવા નુકસાનો થવાની શક્યતા-સ્વરૂપયોગ્યતા તો આવી જ જાય છે. આવા કોઈપણ નુકસાન થયા હોય કે ન થયા હોય તો પણ આવી દોષોની શક્યતાવાળી બનેલી ઉપધિ હણાઈ ગયેલી જ કહેવાય. આવી ઉપધિ પરઠવી જ દેવી.

વિશાળ ગચ્છમાં રાત્રે ઘણા સાધુઓ ઉંઘેલા હોવા છતાં બીજા સાધુઓ જાગતા પણ હોય જ છે અને તેઓ ઉપધિની રક્ષા

પણ કરતા જ હોય છે. એટલે ત્યાં ઉપધિ સંબંધી નુકસાનો સંભવિત ન હોવાથી ઉંઘેલા સાધુઓની પણ ઉપધિ ન હણાય.

એમ સાધુ કદાચ એકાકી વિચરે, તો પણ જો એ ઉંઘે નહિ, અપ્રમાદી જ રહે તો એની ઉપધિસંબંધી કોઈપણ દોષોની સંભાવના જ ન રહેવાથી એની પણ ઉપધિ ન હણાય. ટુંકમાં ચોવીસ કલાક ઉપધિની રક્ષા-કાળજી કરનાર કોઈક ને કોઈક સાધુ તો હોવો જ જોઈએ.

**પ્રશ્ન :** તમારી વાત સાચી કે ઉપધિ રેઢી પડે તો અનેક નુકસાનો સંભવિત છે. પણ ધારો કે ઉપધિ એકલી-અટુલી પડવા છતાં એમાં કોઈ પણ નુકસાન જો ન થયું હોય તો એ ઉપધિ હણાયેલી માનવાની શી જરૂર ? એને પરઠવવાની શી જરૂર ? એ ઉપધિ વાપરવામાં શું વાંધો ?

**ઉત્તર :** તે વખતના કાળમાં ઉપધિ ખૂબ દુર્લભ હતી. કેમકે ગોચરીની માફક ઉપધિ પણ નિર્દોષ વાપરવાની હતી. ૪૨ દોષ રહિત નિર્દોષ ઉપધિ ખૂબ જ દુર્લભ બને એ સ્વાભાવિક છે. હવે જો સાધુઓ પ્રમાદી બની પોતાની ઉપધિની કાળજી ન કરે તો એ ઉપધિ ચોરાઈ જવી, શાસનહીલનાના પ્રસંગો બનવા... વગેરે અનેક નુકસાનો સંભવે. આ નુકસાનો અટકાવવા માટે સાધુઓમાં અપ્રમાદભાવ લાવવો અત્યંત જરૂરી છે. એ માટે એમને પ્રમાદાદિ બદલ શિક્ષા આપવી પણ જરૂરી બને. એટલે સંભવિત છે કે એ કારણસર આવી વ્યવસ્થા ગોઠવાઈ હોય કે "રેઢી પડેલી ઉપધિ ઉપહત માનવી અને એ પરઠવી દેવી." આ વ્યવસ્થાના કારણે સાધુઓ વિચારે કે "જો હું કાળજી નહિ કરું પ્રમાદી બનીશ. તો મારે મારી બધી ઉપધિ પરઠવી દેવી પડશે. નવી ઉપધિ દુર્લભ હોવાથી મારે ઘણી મહેનત કરવી પડશે. એટલે મારે અપ્રમત્ત રહેવું જ



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

પડશે..." આમ સાધુઓ અપ્રમત્ત રહે. તેથી દુર્લભ ઉપધિની રક્ષા થાય...ઉપધિ ચોરાઈ જવા વગેરે રૂપ કોઈપણ અનિષ્ટ પ્રસંગો ન બને.

ટુંકમાં ઉપધિ રેઢી પડે તો ઘણા ભયંકર નુકસાનો સંભવિત છે, એ નુકસાનો અટકાવવા સાધુઓ અપ્રમાદી હોવા જરૂરી છે. એ અપ્રમાદ લાવવા કોઈક શિક્ષાનું માધ્યમ આવશ્યક છે. એ કારણસર રેઢી પડનારી ઉપધિથી કોઈ નુકસાન થયા હોય કે ન થયા હોય તો પણ એ પરઠવી દેવાની વ્યવસ્થા ગોઠવાઈ છે. જેથી સાધુઓ ઉપધિરક્ષામાં પ્રમાદી ન બને.

આમ આ પ્રમાણે પદાર્થ વધુ ઉચિત ભાસે છે છતાં ગીતાર્થ-બહુશ્રુતો જે કહે તે પ્રમાણ !

વળી આ વ્યવસ્થાને કારણે સાધુઓ સ્વચ્છંદી પણ ન બને. તેઓ સમજે કે "જો હું એક-બે દિવસ પણ એકલો પડ્યો, તો મારી ઉપધિ હણાઈ જવાની શક્યતા રહે. સ્વાભાવિક છે કે એક-બે-ત્રણ દિવસ સુધી સતત અપ્રમત્ત રહેવું, ઊંઘવું પણ નહિ એ તો ખૂબ જ કઠિન છે. અને જો હું ઊંઘું, તો મારી ઉપધિ હણાઈ જાય, પરિણામે બધી પરઠવવી પડે..." આમ સાધુઓ સ્વચ્છંદી પણ ન બને. હા ! કારણસર એક-બે દિ' માટે એકાકી બને અને અપ્રમાદ જાળવી રાખે તો તો એની ઉપધિ ન હણાય એ વાત કહી જ ગયા છે.

**(૧૯) <u>रत्नाधिकस्य गीतार्थस्य पूर्वप्राप्तस्य पश्चात्प्राप्तस्य वाऽऽलोचना देया, तदभावे लघोरपि गीतार्थस्य दातव्या।</u>**
**– ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૨૨**

કારણસર છૂટા પડેલા સાધુઓ જ્યારે આગળ એક સ્થળે ભેગા થાય, ત્યારે એ બધામાં જે ગીતાર્થ વડીલ સાધુ હોય,

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

તેને બધા સાધુઓ આલોચના આપે. આલોચના એટલે માત્ર 'પોતાનાથી થયેલા પાપો જ કહેવા' એવું નહિ, પરંતુ એમાં છૂટા પડ્યા બાદ જે જે પ્રસંગો બન્યા હોય તે બધા જ કહેવાના હોય છે. એ આલોચના કહેવાય છે.

અહીં આપણે ગીતાર્થતાની મહત્તા જોવાની છે. ઉત્સર્ગમાર્ગ તો એ જ છે કે ભેગા થયેલા સાધુઓમાં સૌથી મોટો સાધુ જો ગીતાર્થ હોય તો તો બધા એની પાસે જ આલોચના કરે. પણ ક્યારેક એવું બને કે વડીલ સાધુ મંદક્ષયોપશમાદિ કારણસર ગીતાર્થ બની શક્યા ન હોય, અને તેના કરતા નાનો સાધુ ગીતાર્થ બની ચૂક્યો હોય. તો હવે કોને આલોચના આપવી ? ગીતાર્થતારહિત વડીલને ? કે વડીલપણારહિત ગીતાર્થને ? મુખ્યતા કોની ? ગીતાર્થતાની કે વડીલપણાની?

શાસ્ત્રકારો અહીં આલોચના આપવા સંબંધમાં ગીતાર્થતાની મહાનતા પ્રદર્શિત કરી રહ્યા છે. તેઓ ફરમાવે છે કે વડીલ સાધુ જો ગીતાર્થ ન હોય તો બધા સાધુઓએ એ વડીલને આલોચના ન આપવી, પણ નાના એવા પણ ગીતાર્થ સાધુને આલોચના આપવી. રે ! ખુદ અગીતાર્થ વડીલ પણ એ નાના ગીતાર્થ સાધુને આલોચના આપે.

આનું કારણ એ કે ગીતાર્થ શાસ્ત્રોનો જ્ઞાતા હોવાથી આલોચના સાંભળીને એ પ્રમાણે જરૂરી પ્રાયશ્ચિત્ત આપી શકે, ઉચિત સૂચનો કરી શકે, યોગ્ય નિર્ણયો લઈ શકે...અગીતાર્થ તો એ બધું સમજી જ ન શકે. એ આલોચના સાંભળ્યા પછી કશું જ ન કરી શકે. કંઈક કરવા જાય તો શાસ્ત્રબોધ ન હોવાથી ઊંધુ કરી બેસે, ઊંધા સૂચનો આપી બેસે....

આપણે સમજવા જેવું છે કે જીવનની અંગત બાબતો, મુંઝવણો વગેરે માટે અગીતાર્થના શરણે જવાને બદલે ગીતાર્થનો છેડો પકડી એને પોતાની બધી હકીકત જણાવવી, એની પાસે માર્ગદર્શન મેળવવું. અગીતાર્થ તો આપણું હિત કરવાની

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

બુદ્ધિથી જ અહિતકારી નિર્ણયો કરી બેસશે.

દા.ત. કોઈક સંયમીને ખૂબ ખરાબ વિચારો આવતા હોય અને એટલે એ વિચારે કે "આવા વિચારો કરીને સાધુવેષ ધારી રાખવા કરતા તો ગૃહસ્થ બની જવું સારું."અને એ કોઈ અગીતાર્થને પોતાની મનોવેદના જણાવે. પેલો અધકચરો પંડિત બનેલો અગીતાર્થ તો કહી બેસે કે,"તારી વાત તદ્દન સાચી છે. આવી રીતે સાધુપણું પકડી રાખવાનો કશો અર્થ નથી. ખોટા સાધુપણા કરતા સાચું શ્રાવકપણું વધુ સારું...' અને આ પ્રોત્સાહન મળવાથી પેલો તો દીક્ષા છોડી સંસારી બની પાપોમાં ચકચૂર બની જાય.

હવે જો આ જ વાત એ સાધુ ગીતાર્થને કરે તો ગીતાર્થ તો પહેલા ઠંડા કલેજે બે-ચાર પ્રશ્નો પૂછે...'આ ખરાબ વિચાર દિવસમાં કેટલીવાર આવે છે ? કોઈ નિમિત્તના કારણે આવે છે ? કે વગર નિમિત્તે આવે છે ? એની તીવ્રતા કેટલી ?.... જો પેલો કહે કે 'બે-ચાર દિવસે ક્યારેક આવે છે. એ બે-પાંચ મિનિટ ચાલે છે.' તો ગીતાર્થ એને સમજાવે કે 'બે-ચાર દિવસના ૯૦-૧૦૦ કલાકમાં માત્ર બે-પાંચ મિનિટ ખરાબ વિચાર આવે છે, બાકીનો બધો જ સમય તો સુંદર સંયમપરિણામમાં પસાર થાય છે ને ? તો પછી આ તો નફાકારક ધંધો જ છે. એ છોડી કેમ દેવાય ?'

જો પેલો કહે કે 'અમુક અમુક નિમિત્તે મને આ વિચારો પ્રગટે છે.' તો ગીતાર્થ જબરદસ્ત કુનેહ વાપરી એને નિમિત્તોથી દૂર કરી દે કે જેથી ફરી એને પાપવિચારો ન જાગે.

ગીતાર્થ કોઈપણ સાધુને બચાવી લેવાની શક્ય એટલી બધી પ્રવૃત્તિ કરી છૂટે. જો એ સાધુ બચી શકે એમ જ ન હોય

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

|| ૮૯ ||

તો પછી એને વિધિપૂર્વક દીક્ષા છોડાવે પણ ખરો...

આ તો માત્ર એક દષ્ટાન્ત છે.

આવા તો હજારો પ્રસંગો સંભવી શકે છે કે જેમાં અગીતાર્થના શરણે ગયેલો સાધુ ઊંધી પ્રેરણાઓ પામી, ઊંધુ માર્ગદર્શન પામી પુષ્કળ અહિત પામનારો બને અને એ જ પ્રસંગોમાં ગીતાર્થના શરણે ગયેલો સાધુ સીધી-સ્પષ્ટ-સુંદર પ્રેરણાઓ પામી પુષ્કળ આત્મહિત સાધનારો બને.

હા ! ગીતાર્થ સાચા અર્થમાં ગીતાર્થ હોવો જોઈએ. માત્ર પોથીઓ ભણી ભણીને પોપટીયા પંડિત બનેલા ગીતાર્થની આ વાત નથી. આ તો પીઢ-પરિપક્વ-મોટા પેટવાળો - અત્યંત ઠંડા મગજવાળો-મગનું નામ મરી ન પાડે તેવો-અત્યંત સ્પષ્ટ સચોટ પ્રરૂપણા કરનારો ગીતાર્થ જ અહીં અપેક્ષિત છે.

**<u>(૨૦) आह-कथं पुनः साधूनां त्यक्तापराधानां राजभयं भवति ? यस्य हस्तौ च पादौ च जिह्वाग्रं च सुयन्त्रितम् । इन्द्रियाणि च गुप्तानि तस्य राजा करोति किम् ?</u> – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૨૫**

પ્રશ્નકાર માર્મિક પ્રશ્ન પૂછે છે કે "સાધુઓ તો બધા જ પાપો-અપરાધો ત્યાગીને બેઠા છે, એટલે તેઓને રાજાનો ભય ઉપસ્થિત થાય જ શી રીતે ? કે જેથી રાજભયના કારણે ભાગવાની, એકાકી થવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય.'

પ્રશ્નકાર જ પોતાના પ્રશ્નની પુષ્ટિ માટે સાક્ષીપાઠ આપે છે કે "જે સાધુના હાથ, પગ અને જીભ અત્યંત નિયંત્રિત



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

હોય છે, અને ઈન્દ્રિયો કાબુમાં હોય છે તેને રાજા શું કરવાનો ?'

નીચ માણસો નિરપરાધીઓને પણ પરેશાન કરે, મારે, પીટે એવું સંભવિત છે. પણ રાજા જેવા મોટા માણસો સામાન્યથી નિરપરાધીઓને હાથ પણ ન અડાડે. આ સત્તાધીશો-અહંકારીઓ તો પોતાની વિરુદ્ધમાં વર્તનારા અપરાધીઓ ઉપર જ તૂટી પડે. બાકી એમની વિરુદ્ધમાં જે ન વર્તે એમને તેઓ સામેથી અટકચાળો કરવા પ્રાયઃ ન જાય.

પ્રશ્નકારે જે શ્લોક આપ્યો છે, તેમાં હાથ-પગની સાથે જીભલડી પણ લીધી છે. એ ખૂબ જ ગૂઢ અર્થ દર્શાવનારી છે. સાધુ પોતાની જીભ ઉપર જબરદસ્ત કાબુ રાખે. સાધુનો એક માત્ર ઉદ્દેશ એટલો જ છે કે 'સ્વયં મોક્ષે પહોંચવું અને પોતાની શક્તિ પ્રમાણે અનેકોને મોક્ષે પહોંચાડવા. અને એ માટે જાતે ધર્મમાં લીન રહેવું અને પોતાની શક્તિ પ્રમાણે અનેકોને ધર્મમાં જોડવા.' બાકી કર્મની વિચિત્રતાને લીધે સંસારમાં તો મોટી મોટી ઉથલ પાથલો થયા જ કરે. સાધુ જો એ બધામાં પણ માથું મારે તો ક્યારેક એને ભારે પડી જાય.

હજારો વર્ષોનો ઈતિહાસ તપાસીએ તો એમાં ચોખ્ખું દેખાય કે સત્તાનું સિંહાસન સદાય ચંચળતાને જ વરેલું છે. એટલે જ સત્તાધીશોની વિરુદ્ધમાં કે સત્તાધીશોના વિરોધીઓની તરફેણમાં બોલવામાં કોઈ જ મજા નથી. સત્તાધીશોની વિરુદ્ધમાં બોલો એટલે એ દુશ્મન બને, અને એટલે શાસનના જે કામો એ સત્તાધીશો દ્વારા કરાવવા હોય તે કરાવી ન શકાય. એ જ વાત સત્તાધીશોના વિરોધીઓની તરફેણમાં બોલવામાં પણ સમજી લેવી.

એમ સત્તાધીશોની ખૂબ પ્રશંસાદિ અને એના વિરોધીઓની નિંદા કરવામાં પણ મજા નથી. સત્તાધીશોને ખુશ કરવા એની

મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

॥ ૯૧ ॥

ખૂબ ખુશામત કરીએ અને એના વિરોધીઓને નિંદીએ એટલે એ વિરોધીઓ આપણા પ્રત્યે દ્વેષવાળા બનવાના જ. ભવિષ્યમાં તખ્તો પલટાય અને વિરોધીઓ જ્યારે સત્તાધીશ બને ત્યારે તેઓ બદલો લીધા વિના ન જ રહે.

સાધુના વચનો તો એવા જ હોય કે સત્તાધીશો કે વિરોધીઓ એમ સ્પષ્ટપણે સમજી શકે, "આ સાધુઓ તદ્દન મધ્યસ્થ છે, તેઓ તો બધા જ જીવો સુખી થાય તેવી ભાવનાવાળા છે. નથી તેઓ અમારા વિરોધી કે નથી તેઓ અમારા પક્ષપાતી ! તેઓ માત્ર ધર્મકારણને જ વરેલા છે, રાજકારણને નહિ, જે કોઈ એમની પાસે જાય એને આ સાધુઓ સાચો રાહ દેખાડવાનું કામ કરે છે." આમ થાય એટલે ભલે ને કોઈપણ સત્તાધીશ બને, તે સાધુઓ પ્રત્યે કોપવાળો ન જ બને.

આમ સાધુ જીભડીને એટલી બધી કાબુમાં રાખે, પ્રત્યેક વચનો બોલવામાં એટલો બધો જાગ્રત રહે કે કદી કોઈ રાજાદિ સાધુના વિરોધી ન બને.

ખુદ ભગવાન મહાવીર સ્વામીની હાજરીમાં પણ રાજકારણક્ષેત્રે કંઈ નાની ઉથલપાથલ નથી થઈ. ચિક્કાર યુદ્ધો થયા, કુડ-કપટો રમાયા, હત્યાઓ થઈ, સત્તાધીશો બદલાયા...પણ આ બધામાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના સાધુઓએ રસ લીધો હોય, હસ્તક્ષેપ કર્યો હોય એવું આડકતરું સૂચન પણ મળતું નથી. એ પછી પણ ૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં જે આભ-ગાભ જેટલા ફેરફારો થયા છે, એ કોણ નથી જાણતું ? પહેલા આર્યરાજાઓ વચ્ચે જ ખૂબ ઝઘડા-ઝઘડી, પછી અફઘાનો અને આર્યરાજાઓ વચ્ચે તકરાર, પછી મોગલો-અફઘાનો-આર્યરાજાઓ વચ્ચે મારામારી, મોગલ સામ્રાજ્ય સર્વત્ર છવાયું તો પછી ફીરંગીઓ-અંગ્રેજો-મોગલો વચ્ચે લડાઈઓ ખેલાઈ. છેલ્લે આખાય ભારત ઉપર અંગ્રેજોની હકુમત સ્થાપિત થઈ અને છેલ્લે

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

અંગ્રેજો અને હિન્દુસ્તાની આઝાદવીરો વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો. અંતે અંગ્રેજો ગયા અને ભારત આઝાદ બન્યું.

આ તમામ ગાળાઓમાં સેંકડો મહામુનિઓ થયા, તેમણે સેંકડો ગ્રન્થો રચ્યા, જે આજે પણ જોવા મળે છે. પણ આશ્ચર્ય ! કે કોઈપણ ગ્રન્થોમાં તે તે કાળની રાજકારણની પરિસ્થિતિનો ઉલ્લેખ ભાગ્યે જ જોવા મળે. ઇતિહાસ જે રીતે રાજકારણનું વિસ્તૃત વર્ણન કરે છે, એનો ૦.૦૧% પણ આપણા ધર્મગ્રન્થોમાં ભાગ્યે જ જોવા મળે છે.

એમ લાગે કે તે તે કાળના મહામુનિઓ લગભગ રાજકારણ ક્ષેત્રે નિર્લેપ જ રહ્યા. તેઓ રાજકારણક્ષેત્રની પરિસ્થિતિથી માહિતગાર ન હતા, એવું તો માનવું શક્ય નથી. પણ એમ લાગે છે કે તેઓએ દીર્ઘદૃષ્ટિ વાપરીને રાજકારણથી કાયમ માટે મોઢું ફેરવેલું જ રાખ્યું. એના દ્વારા તેઓએ સત્તાધીશો તરફથી ધર્મ ઉપર આવતી આફતોને અટકાવી રાખી.

રે ! આપણા શ્રેષ્ઠીઓ-નગરશેઠો પણ સત્તાધીશોને સહાય ભલે કરતા, પણ વિખવાદમાં ન ઉતરતા. સમયસૂચકતા વાપરી મુસલમાન રાજાઓ સાથે પણ સ્નેહ-સુલેહ જાળવી ધર્મરક્ષા કરી.

હા ! સિદ્ધસેન દિવાકરસૂરિએ વિક્રમરાજાને, આર્યસુહસ્તિસૂરિએ સમ્રાટ સંપ્રતિને, કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ કુમારપાળ અને સિદ્ધરાજને, જગદ્‌ગુરુ હીરસૂરિએ બાદશાહ અકબરને, બપ્પભટ્ટીસૂરિએ મહારાજા આમને પ્રતિબોધ પમાડી એ રાજાઓ દ્વારા પુષ્કળ શાસનપ્રભાવનાઓ ચોક્કસ કરાવી, પણ પ્રાયઃ આ મહાપુરુષો રાજકારણની ખટપટમાં નથી પડ્યા. તેમણે રાજાને ધર્મોપદેશ આપવા સિવાય બીજી કોઈપણ રાજકીય બાબતોમાં માથું માર્યું નથી. (એમાં કલિકાલસર્વજ્ઞશ્રીના કેટલાક પ્રસંગો અપવાદ ખરા !)

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આ જ કારણસર સાધુઓ ઉપર કોઈ રાજાઓ એ સાધુઓના અપરાધને કારણે કોપ પામ્યા હોય એવા પ્રસંગો લગભગ મળતા નથી.

અલબત્ત આ વાત પ્રશ્નકારની છે. પણ ઉત્તરકારે પણ આ વાત માન્ય જ રાખી છે અને છતાં રાજા સાધુઓ ઉપર પ્રકોપ પામે એના જુદા કારણો દર્શાવ્યા છે.

**(૨૧) <u>लोकं प्रत्यनाचारं समुद्देशादौ दृष्ट्वा कुप्येत ।</u> – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૨૫**

સાધુઓની એ વખતની ગોચરી વાપરવાની વ્યવસ્થા એવી હશે કે એ સંપૂર્ણપણે યુક્તિયુક્ત હોવા છતાં અને એની પાછળ ઘણા લાભો હોવા છતાં મુગ્ધ લોકો એ બાબતોને સમજી નહિ શકતા હોય અને એટલે એ વ્યવસ્થાને જો લોકો જુએ, તો જુગુપ્સા પામતા હશે.. એટલે જ આવી વ્યવસ્થાને કારણે જ રાજાને ખબર પડે તો એ ક્રોધે ભરાય.. એવી સંભાવના છે. આ કારણસર સાધુઓ ગુપ્તભોજન કરતા.

**(૨૨) <u>मन्दगतिर्वा कश्चित्साधुः यावन्न मिलति, तावदेकाकी भवति...</u> – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૨૮**

કોઈ સાધુ ચાલવામાં ધીમો હોવાથી પાછળ એકલો પડી જાય, અને તેથી જ્યાં સુધી એ ગચ્છને ભેગો ન થાય ત્યાં સુધી એ એકાકી કહેવાય. એમ વચ્ચે કોઈ ખાડા-ટેકરાદિવાળા ટુંકા રસ્તે આખો ગચ્છ જાય, પણ અસમર્થ સાધુ લાંબા રસ્તે ફરીને આવે તો જ્યાં સુધી ગચ્છને ભેગો ન થાય ત્યાં સુધી એ એકાકી ગણાય.

એકાકી થવું એ ઉત્સર્ગમાર્ગે પાપ છે, પણ કારણસર એકાકી થવું પડે તો એ અપવાદમાર્ગ બને છે. પ્રસ્તુતમાં અત્યારે

જે એવી ભ્રમણા ફેલાયેલી છે કે 'સાવ એકલો વિચરતો સાધુ જ એકાકી ગણાય, વિહારમાં એકલો ચાલનાર, ગોચરીમાં એકલો વહોરવા જનાર, એકલો ઠલ્લે જનાર સાધુ તો ગચ્છવાસી જ ગણાય, કેમકે આમ તો એ આખા ગચ્છની સાથે જ રહે છે.' એ ભ્રમણા દૂર કરવા માટે જ આ પાઠ અત્રે લીધો છે કે આ રીતે મંદગતિ વગેરે કારણોસર સાધુ મોડો પહોંચે તો એટલો કાળ પણ એ એકાકી તો કહેવાય જ. હા ! આને પુષ્ટ કારણ હોવાથી કદાચ એકાકીપણાનું પ્રાયશ્ચિત્ત ન અપાય. પણ આનો સીધો અર્થ તો એ કે જેઓ પ્રમાદ-ઉતાવળ-કંટાળો વગેરે સ્વદોષોને કારણે વિહારમાં એકલા જ ચાલે, ગોચરી પણ એકલા જ જાય, સંઘાટક તરીકે જવા તૈયાર ન થાય, ઠલ્લે પણ એકલા જાય, તેઓ જો પુષ્ટકારણ વિના જ આવી રીતે એકાકી બનતા હોય, તો તેઓ એટલા સમય માટે એકાકીપણું પામે છે અને તેમને એકાકીપણાનું પાપ લાગે છે.

**(૨૩) गिलाणो सुओ, ताहे सव्वेहिं गंतव्वं । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય - ૨૯**

સાંભળવા મળે કે "કોઈક સાધુ ગ્લાન છે, બિમાર પડ્યો છે" તો જેને જેને એ સાંભળવા મળે એ બધાએ ગ્લાનની સેવા માટે દોડી જવું. એ વખતે "મારો સ્વાધ્યાય બગડે, મારો ટાઈમ બગડે, ત્યાં તો ઘણા છે, મારે જવાની શી જરૂર છે ?" એવા વિચારો કરનાર સાધુ પ્રાયશ્ચિત્તનો ભાગીદાર બને.

શાસ્ત્રકારોએ ગ્લાનની સેવાને ખૂબ ખૂબ મહત્ત્વ આપેલ છે. ગ્લાનની સેવાને તીર્થંકરની સેવા તરીકે ગણાવી છે, એનું કારણ એ ગ્લાનને સહજ રીતે માનસિક અસમાધિ-અપ્રસન્નતા-ઉદ્વેગ-ચિંતા ખૂબ જ સતાવતી હોય, એની સેવા કરનારો સાધુ એ બધામાંથી ગ્લાનને મુક્તિ આપી પરમશાતા આપનારો બને છે. તેથી જ એ સાધુ જબરદસ્ત શાતાવેદનીય બાંધે. પુષ્કળ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

કર્મક્ષયને પામનારો બને.

શ્રીનિશીથગ્રન્થમાં કહ્યું છે કે સાધુ વિહાર કરીને જતો હોય અને એને ખબર પડે કે, "આગળ રસ્તા ઉપર આવતા ગામમાં-ઉપાશ્રયમાં ગ્લાન સાધુ છે." એ વખતે જો આ વિહારી સંયમી "હું જો આ રસ્તે જઈશ તો મારે શરમ ખાતર પણ એ ગ્લાનની સેવા કરવી પડશે..." એમ વિચારી રસ્તો બદલી નાંખે, ગ્લાન પાસે ન જાય, તો એને પ્રાયશ્ચિત્ત આવે.

છેદગ્રન્થોમાં તો જણાવ્યું છે પ્રાચીનકાળમાં સંઘસ્થવિર સાધુઓનું ગ્રુપ બધે ફરતું, અને 'બધા સાધુઓ સારી રીતે જિનાજ્ઞાઓ પાળે છે ને ?' એની ચકાસણી કરતું. હવે એકવાર આ ગ્રુપ કોઈક ઉપાશ્રયમાં જઈ ચડ્યું. ત્યારે ત્યાં રહેલા સાધુને પૃચ્છા કરી કે, "આજુબાજુમાં કોઈ ગ્લાન છે ?" એણે કહ્યું કે, "હા છે. નજીકના ગામમાં છે." તરત સ્થવિરોએ એની જડતી લીધી કે, "તો તું કેમ એની સેવા કરવા નથી ગયો ?" પેલો કહે, "મને દવા આપવા વગેરે રૂપ કોઈ વિશેષ સેવા આવડતી નથી. પછી હું જઈને શું કરું ?" સ્થવિરોએ એનો આવો જવાબ સાંભળી ઉધડો લઈ લીધો કે "મૂર્ખ ! તને સંથારો પાથરતા તો આવડે છે ને ? ઠલ્લે-માત્રુ પરઠવતા તો આવડે છે ને ? પડિલેહણ કરતા તો આવડે છે ને? આ બધું તું ત્યાં જઈને કેમ નથી કરતો ? જિનાજ્ઞાનો ભંગ કેમ કરે છે ?....

કોઈ વળી એમ કહે કે, "ત્યાં તો ગ્લાનની સેવા કરનારા ઘણા છે, મારે ત્યાં જવાનું શું કામ ?" તો એનો ઉત્તર એ કે કોઈ દાનવીર કરોડો રૂપિયાનું દાન કરતો હોય, ત્યારે કોઈ એમ નથી વિચારતું કે, "દાન લેનારા તો ઘણા છે, મારે એ દાન લેવા જવાની શી જરૂર ?" કેમકે એમાં તો પોતાનો સ્વાર્થ છે, પોતાને દાન મળે તો પોતે સમૃદ્ધ બને. એ જ વાત



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ગ્લાનવિષયમાં પણ સમજવાની છે. આપણે ગ્લાનની સેવા કરવા ન જઈએ અને બીજાઓ કરે તો એ બધો લાભ સેવા કરનારાને મળવાનો. આપણે તો ભિખારી જ રહી જવાના. જો મોહનીયનો ક્ષયોપશમ, વિદ્વત્તાદિ શક્તિની પાચનશક્તિ, પુષ્કળ કર્મક્ષય, શાતાવેદનીય વગેરે લાભો જોઈતા હોય તો ભલે ને ગ્લાનની સેવા કરનારા ઘણા હોય પોતે જાતે પણ સેવા કરવા જવું જ જોઈએ. આવી ગ્લાનસેવા કરવાની ઈચ્છા જેને ન થાય ‘તેને મોક્ષની ઈચ્છા છે કે કેમ ? એવી શંકા ચોક્કસ થાય.

જો એવા પ્રસંગો બનતા હોય કે –

(અ) ગ્લાનસાધુએ જાતે માત્રુ પરઠવવા જવું પડે, પોતાની ગોચરી માટે પણ જાતે જવું પડે. અને આપણે એ બધી બાબતમાં ઉપેક્ષા કરીએ,

(બ) ગ્લાન સાધુના પ્રતિલેખન-કાપ-માત્રાદિ પરઠવવા - સંથારો પાથરવા - હાથ-પગ-માથું દબાવવા- ગોચરી લાવવા વગેરે કાર્યોમાં આપણે પડાપડી કરવાને બદલે ત્યાંથી છટકી જવા માટે ભાગાભાગી કરીએ, એકબીજા ઉપર એ કાર્યો ઢોળી દેતા હોઈએ, છટકવા મળે તો હર્ષ અનુભવતા હોઈએ,

(ક) એક બાજુ ગ્લાનસાધુ માનસિક-શારીરિક દુઃખો બદલ આંસુઓ સારતો હોય, મુંગો મુંગો રડતો હોય અને બીજી બાજુ આપણે ભક્તોની ભીડ ભાંગતા હોઈએ, ખડખડ હસી હસીને ભક્તો સાથે વાતો કરતા હોઈએ, ભક્તોને મોક્ષમાર્ગનો (!) ધર્મોપદેશ (!) આપતા હોઈએ.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(૬) નક્કી કરેલા પ્રોગ્રામો - અનુજ્ઞાનો સાચવવા, ભક્તોને સાચવવા ગ્લાનસાધુને નોંધારા મૂકી દેતા હોઈએ કે એકાદ સાધુના હવાલે સોંપી દેતા હોઈએ.

તો આવું કરનાર આપણામાં મોહરાજનું ભયાવહ એકચક્રી સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે, એમ કેમ ન કહેવાય ?

ગ્લાન સાધુની ઉલ્ટી પોતાના હાથમાં લઈને પરઠવનાર, ગ્લાનસાધુના ઝાડા ખોબે-ખોબે કરી પ્યાલામાં ભરી શુદ્ધિ કરનાર, ગ્લાન સાધુના ગળફાઓ પરઠવનાર, ગ્લાનસાધુ માટે રાતની ઊંઘ બગાડનાર, ગ્લાનસાધુ માટે ભક્તોની દુનિયાને એક ઝાટકે લાત મારી ગ્લાનસેવામાં લાગી જનાર...સાધુઓ તો ખરેખર ધન્યાતિધન્ય છે, મહાપૂજનીય-મહાવંદનીય છે.

આપણે સૌ દૃઢ સંકલ્પ કરે કે,"ગ્લાનસંયમી માટે બધો જ ભોગ આપી છૂટીશ. મારો બધો જ સ્વાર્થ જતો કરીશ." તો જ આ શાસ્ત્રાભ્યાસ સાર્થક ગણાશે.

**(૨૪) सा भणइ - अहमेयस्स कंचणपुरस्स देवया । एयं च अइरा सव्वं जलप्पवाहेण पलाविज्जिहिति, तेण रुआमि त्ति । एते य साहुणो एत्थ सज्झायंति गुणेंति य, ते अ अन्नत्थ गमिस्संति त्ति अओ रुआमि । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૩૦**

આચાર્ય વડે પુછાયેલી દેવી કહે છે કે,"હું આ કંચનપુરની દેવી છું. આ નગર નજીકના જ સમયમાં જ પૂર વડે ખતમ થઈ જશે. આ બધા સાધુઓ અહીં સ્વાધ્યાય કરે છે, પુનરાવર્તન કરે છે. તેઓ હવે આ પૂરથી બચવા મારું નગર છોડીને જતા રહેશે. મારું નગર આ સાધુઓ વિનાનું થઈ જશે. માટે હું રડું છું."

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

સાધુઓના તો ગોચરીચર્યા-પ્રતિલેખના-વૈયાવચ્ચાદિ અનેક અનુષ્ઠાનો છે, દેવી એ બધું જ જુએ છે. છતાં એના મનમાં સાધુઓનો સ્વાધ્યાયયોગ ખૂબ જ વસી ગયો હતો એવું એના વચન ઉપરથી ફલિત થાય છે. દેવી બીજા બધા સુંદર યોગોને યાદ નથી કરતી, પરંતુ સાધુઓના સ્વાધ્યાયયોગને યાદ કરે છે, અને હવે આ યોગ પોતાના નગરમાં નહિ સેવાય એ બદલ એ રડે છે, દુઃખી થાય છે.

સ્વાધ્યાયયોગમાં સાધુ પરિણતિમાન બને, એકાગ્ર બને, ભાવોલ્લાસ ઉછળે, ભાવસાધુતાને સ્પર્શે અને એટલે જ દેવીને પણ એ સ્વાધ્યાયયોગ ગમી જાય, પસંદ પડી જાય એ શક્ય જ છે. વળી એ સ્વાધ્યાયના શબ્દો સાંભળી દેવીને પણ નવું નવું જાણવા મળે, માટે પણ એ ખુશ થાય.

વળી સાધુઓ તો વૈયાવચ્ચાદિ બધા યોગો આદરતા જ હોય પણ સ્વાભાવિક રીતે બીજા બધા યોગો કરતા સ્વાધ્યાય યોગ વધારે સમય આદરાતો હોય. ૨૪ કલાકમાં ૧૦-૧૨ કલાક તો સાધુઓ સ્વાધ્યાય કરતા હોય એટલે દેવીને એ યોગ વારંવાર નજરમાં આવે એટલે પણ એ યોગનો ઉલ્લેખ કરે એ સ્વાભાવિક છે.

**(૨૬) તે ચ પ્રતિક્રમણાનન્તરં તત્રૈવાન્તર્મુહૂર્તમાત્રં કાલમાસતે, કદાચિદાચાર્યાઃ ખલ્વપૂર્વાં સામાચારીં પ્રરૂપયેયુઃ, અપૂર્વં ચાર્થપદં ।** – **ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૩૧**

સાંજનું પ્રતિક્રમણ પૂર્ણ થયા બાદ સાધુઓ વિખેરાઈ ન જાય, પરંતુ પ્રતિ.માંડલીમાં જ અન્તર્મુહૂર્ત સુધી બેસી રહે. એનું કારણ એ કે શક્ય છે કે માંડલીમાં રહેલા આચાર્ય ક્યારેક કોઈક નવી જ સામાચારીઓની પ્રરૂપણા કરે. પોતાના જીવનના

॥ ૯૯ ॥

અવનવા અનુભવો વર્ણવે. ક્યારેક કોઈક નવા જ શાસ્ત્રીયપદાર્થોની પ્રરૂપણા કરે. આ બધું આચાર્ય પાસેથી પ્રાપ્ત થાય, જેની કિંમત અબજો રૂપિયાની છે. એટલે પ્રતિ. બાદ સાધુઓ સ્વાધ્યાયાદિ કરવા માટે પણ સ્વસ્થાને જતાં ન રહે, પરંતુ ત્યાં જ રહે. જો આચાર્ય જ એમ કહે કે, "બધા જાઓ, આજે મારે કશું કહેવાનું નથી" તો જુદી વાત ! બાકી તો સાધુઓ આચાર્યશ્રીની અનુભવવાણીનો લાભ કદી ન ચૂકે.

આચાર્ય પણ જાણતા જ હોય કે, "શિષ્યોને મારો અનુભવ-મારું ચિંતન જેટલું વધારે મળશે, એટલો એમનો વિકાસ વધુ થશે. એનાથી શાસનની ઉન્નતિ પણ એટલી જ થશે." એટલે એ પણ પોતાની આ ફરજ બરાબર નિભાવે. ગાઢ કારણો વિના તો સાધુઓને રોજ અવનવી બાબતો કહી કહીને પીઢ-પરિપક્વ બનાવતા જ જાય.

**<u>(૨૭) स जिगमिषुः साधुराचार्यस्य चैत्यसाधुवन्दनां करोति...</u> – ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૩૨.**

સાધુ જ્યારે આચાર્ય પાસેથી કોઈક કામકાજ માટે દૂર જતો હોય, ત્યારે આચાર્યશ્રીને કહે કે, "આપનાથી છૂટા પડ્યા બાદ મને જેટલા ચૈત્યો-દેરાસરોના દર્શન થશે, એ બધામાં હું આપના વતી વંદન કરીશ. અને જે કોઈપણ સાધુઓ મળશે એ બધાને આપના તરફથી વંદના જણાવીશ."

જનાર સાધુ પોતાના કરતા વડીલ તમામ સાધુઓને પણ આ જ પ્રમાણે કહે. નાના સાધુઓ આ જનાર સાધુને ઉપર પ્રમાણે કહે.

આ **ચૈત્યસાધુવંદના** કહેવાય છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આપણે પક્ખિ પ્રતિ.માં ચાર ખામણા વખતે બોલીએ છીએ ને ? **पुव्विं चेइआइं वंदित्ता,** એમાં જો કે, શિષ્ય ભૂતકાળને દર્શાવે છે કે "મેં આપના વતી ચૈત્યોને અને સાધુઓને વંદના કહી છે." અને ગુરુ બોલે છે કે "હું પણ તારા દ્વારા એ ચૈત્યોને વાંદુ છું." જ્યારે અહીં ભવિષ્યની અપેક્ષાએ નિરૂપણ કરાય છે, એટલો જ ફરક છે. બાકી આ ખામણાસૂત્ર પ્રમાણે ઉપરનો અર્થ સંગત તો થઈ જ શકે છે. એમાં વ્યવસ્થા એ છે કે નાનાએ મોટાને આ પ્રમાણે કહેવાનું હોય છે.

સંવેગરંગશાળાદિ ગ્રન્થોમાં પણ આવું નિરૂપણ જોવા મળે છે.

કેટલાક ગીતાર્થો એવો અર્થ કરે છે કે ચૈત્ય એટલે પૂજ્ય. પૂજ્ય એવા સાધુઓને વંદના એ ચૈત્યસાધુવંદના.

તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

**(૨૮) अचेतयति सति तस्मिन् गन्तरि बोधनं गीतार्थः करोति । – ઓઘનિર્યુક્તિ-૧૦**

સવારે વિહાર કરીને જે સાધુએ જવાનું છે, એ જો સવારે ઉચિત સમયે ન ઉઠે તો પછી ગીતાર્થ તેને જગાડે.

આ શાસ્ત્રવચન વાંચી એકવાર તો આશ્ચર્ય થાય કે ઉંઘતા સાધુને ઉઠાડવાનું કામ પણ ગીતાર્થ જ કરી શકે ? અગીતાર્થ સાધુ આ ઉંઘતા સાધુને ઉઠાડવા માટે પણ અનધિકારી છે ? આ વળી કેવું ?

આની પાછળ કંઈક રહસ્ય હોવું જોઈએ.

તે આ પ્રમાણે સમજાય છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(અ) ઉંઘતાને ઉઠાડવાની પદ્ધતિ પણ અનેક પ્રકારની હોય છે. અગીતાર્થને આ બધું ભાન ન હોય. એ તો ક્યારેક પગ મારીને પણ ઉંઘેલા સાધુને ઉઠાડે.

(બ) ક્યારેક ઉંઘેલાને એટલો જોરથી ઢંઢોળે કે પેલો સાધુ એકદમ ગભરાઈ જાય.

(ક) ક્યારેક દૂરથી જ જોરજોરથી એ ઉંઘેલા સાધુના નામની બૂમ પાડી-પાડીને જગાડે. આમાં એ તો ઉઠતા ઉઠે, પણ બીજા હિંસક જીવો-સંસારીઓ પણ ઉઠી જાય. હિંસાઓ શરૂ થઈ જાય.

(ડ) કોઈ વળી ચપટીઓ મારી, જમીન ઉપર જોરજોરથી દંડાસન અફાળી કે ઉંઘનારાને જ દંડાસન અડાડીને ઉઠાડે. કોઈ એના મોઢા ઉપર ઓઘો ઠપકારીને ઉઠાડે.

(ચ) કોઈ વળી ચૂનાનું પાણી નાંખીને પણ એ ઉંઘનારાને ઉઠાડે.

આવી અનેક પદ્ધતિઓ એવી છે કે જે અગીતાર્થો આચરી બેસે. આમાં ક્યાંક અવિનય, કયાંક અસંયમ, ક્યાંક ઉદ્ધતાઈ, ક્યાંક મશ્કરી...વગેરે દોષો સેવાય છે.

ગીતાર્થ તો ખૂબ ગંભીર હોય, ઉંઘનારો કોણ છે ? કેવો છે ? વગેરે વિચારી ઉપરના કોઈ દોષો ન લાગે એ રીતે એને ઉઠાડે.

હવે જો ઉંઘેલા સાધુને ઉઠાડવા જેટલી સામાન્યક્રિયા પણ અગીતાર્થો ન કરી શકે, તો વ્યાખ્યાન-પ્રવચન પ્રભાવના-

ધર્મોપદેશાદિ કાર્યો કરવાની તો એ અગીતાર્થને છૂટ હોય જ શી રીતે ? આપણે શાંતચિત્તે આ વાત પર વિચાર કરીએ.

**(૨૯) <u>गुरुध्यानव्याघातेन महाहानिसंभवात्</u> – ઓઘનિર્યુક્તિ-૧૦**

સવારે વહેલો વિહાર જેણે કરવાનો છે, એ સાધુ તૈયાર થઈને ગુરુ પાસે જાય, પણ જો એ વખતે ગુરુ આરામ કરતા હોય તો એમના ચરણોને મસ્તક અડાડી એમને જગાડવા. ખરેખર તો ગુરુ આરામ કરતા હોય તો એમને જગાડાય નહિ, પણ સાધુને જલ્દી જવાનું છે, એટલે આ રીતે જગાડવાની શાસ્ત્રકારોએ રજા આપી છે. ગીતાર્થ ગુરુ પણ આ વાત સમજતા જ હોવાથી તેઓ આ વાતનો કદી વિરોધ ન કરે.

પણ જો ગુરુ જાગતા હોય અને ધ્યાનમાં = અર્થચિંતનમાં તલ્લીન બની ગયા હોય તો એ વખતે આ સાધુ કશું ન બોલે, ત્યાં શાંત બની ઉભો રહે. ગુરુનું ધ્યાન પૂર્ણ થાય પછી જ એમની રજા લઈને નીકળે. પણ ગુરુનું ધ્યાન ચાલુ હોય ત્યારે તો "ગુરુદેવ ! હું જાઉં ?" વગેરે કોઈપણ પૃચ્છા ન કરે. એમને સ્પર્શ પણ ન કરે.

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે જો એ વખતે સાધુ મોટેથી ગુરુને પૃચ્છા કરે કે એમના ચરણોને સ્પર્શે તો એમની પદાર્થચિંતનની ધારા અટકે. એમનું મન સાધુના શબ્દો કે સ્પર્શ તરફ જાય. આમ થવાથી એ ગુરુના ધ્યાનનો વ્યાઘાત થાય. જો ગુરુના ધ્યાનનો વ્યાઘાત થાય તો એનાથી મહાનુકસાન થવાનો સંભવ છે.

(અ) શાસ્ત્રના કેટલાક પદાર્થો એટલા બધા ગહન હોય છે કે એનો નિષ્કર્ષ કાઢવા માટે ખૂબ ખૂબ માનસિક પરિશ્રમ



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

પડે. શક્ય છે કે આચાર્યશ્રી એ સખત માનસિક પરિશ્રમ કરીને છેક એ ગહન પદાર્થના નિષ્કર્ષને આંબવાની તૈયારીમાં હોય, અને ત્યાં જ શિષ્યના શબ્દ કે સ્પર્શથી એમની ચિંતનધારા અટકે...એ નિષ્કર્ષની પ્રાપ્તિ અટકી પડે. હવે ફરી પાછું એ જ ચિંતન, એ જ એકાગ્રતા પ્રગટે ત્યારે એ પદાર્થ હાંસલ થાય. પણ એ તો અઘરું જ છે. જીવનની અમુક પળો જ એવી હોય છે કે જે વખતે સૂક્ષ્મતમ ચિંતનો પ્રગટી જતા હોય છે. એ કંઈ વારંવાર પ્રગટતા હોતા નથી. હવે આવું ગંભીર રહસ્ય પ્રગટ થતું અટકે, આખો ગચ્છ એ રહસ્યની પ્રાપ્તિથી વંચિત રહે. કદાચ સેંકડો વર્ષની ભાવિપરંપરામાં એ રહસ્ય કોઈ પકડી જ ન શકે. પરિણામે એ પદાર્થ અંગે સેંકડો સંયમીઓ મુંઝવણ જ અનુભવે. કદાચ અશ્રદ્ધા પ્રગટે તો મિથ્યાત્વ પણ પામે.

એક જ દૃષ્ટાન્ત આપું. અત્યાર સુધી સપ્તભંગી અંગે ઘણીવાર વાંચન કરેલું, પણ એમાં એનું તાત્પર્ય પકડાતું ન હતું. ક્યારેક તો એ પદાર્થ પ્રત્યે જ અરુચિ પ્રગટેલી "આ બધું વિચિત્ર લાગે છે !" એવા વિચારો પણ આવેલા બીજા સાધુઓને સપ્તભંગી ભણાવી, પણ સ્પષ્ટબોધ મારી પાસે જ ન હોવાથી એમને શી રીતે બોધ કરાવું ? માત્ર અક્ષરાર્થબોધ થયો.

પણ સૂક્ષ્મપ્રજ્ઞશિરોમણી પૂજ્યપાદ આચાર્યદેવ અભયશેખરસૂરીશ્વરજીએ સપ્તભંગી વિંશિકા નામનો નવો સંસ્કૃત ગ્રન્થ રચ્યો. એનું શુદ્ધિકરણ કરવાનો લાભ એમણે મને પણ આપ્યો. એ વાંચીને હું આફરીન પોકારી ગયો. એ સપ્તભંગીના રહસ્યો સ્પષ્ટ થયા. શાસ્ત્રો પ્રત્યેની અગાધ શ્રદ્ધામાં ખૂબ વધારો થયો. સમ્યગ્દર્શનની શુદ્ધિ થઈ. આ પુસ્તકને આધારે ભાવીમાં પણ સેંકડો-હજારો સંયમીઓ સપ્તભંગી અંગે નિર્મળ-સ્પષ્ટ બોધ પામી સ્વ-પરનું હિત કરનારા બનવાના જ. એના રહસ્યાર્થો અત્યાર સુધી આટલી સ્પષ્ટતા સાથે પ્રાયઃ કોઈ ખોલી શક્યું નથી. અથવા કોઈએ પૂર્વમાં ખોલ્યા હોય તો પણ હાલ

॥૧૦૪॥
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ઉપલબ્ધ નથી.

આ બધા ઉપરથી એ તો ફલિત થાય છે કે આચાર્યશ્રીનું સૂક્ષ્મચિંતન શાસનને કેટલું બધું લાભદાયી બન્યું ! હવે સહજ રીતે કલ્પી શકાય છે કે આ બધા સૂક્ષ્મચિંતન વખતે તેઓ કેવા એકાગ્ર બન્યા હશે ! અડધી રાતે કે વહેલી સવારે કલાકો સુધી એ પદાર્થોમાં કેવા ખોવાયા હશે !... હવે જો એવી પળે એમના શિષ્યોએ કંઈપણ અવાજ કરી-સ્પર્શ કરી-આડી અવળી વાતો કરી એમના ધ્યાનને તોડ્યું હોત અને એ અણમોલપળોમાં ખુલ્લા થઈ રહેલા રહસ્યો પાછા ધરતીમાં ધરબાઈ ગયા હોત તો ઉપરના બધા જ લાભો ગુમાવવા પડત ને ? શ્રમણ સંસ્થાએ મોટું નુકસાન વહોરી લેવું પડત.

(બ) ક્યારેક આચાર્યશ્રી જૈનસંઘના હિત માટે, શાસનરક્ષા-તીર્થરક્ષાના કાજે કોઈક નિર્ણયો લેવા માટે ઊંડા ચિંતનમાં ગરકાવ બની ગયેલા હોય, એ વખતે જો ધ્યાનવ્યાઘાત થાય તો ત્યાં પણ આ બધા નિર્ણયો લેવામાં વિઘ્નો આવે, નિર્ણયો ન લેવાવાથી જૈનસંઘ-શાસનને જ ઘણું સહન કરવાનો વખત આવે.

આમ જો ગીતાર્થસંવિગ્ન ગુરુના ધ્યાનનો વ્યાઘાત કરવામાં આવે તો મોટા નુકસાનો થવાની શક્યતા છે. માટે જ વિહાર કરનારો સાધુ ઉતાવળ હોવા છતાં ગુરુના ધ્યાનમાં વિક્ષેપ ન કરે.

શાસ્ત્રકારોની દીર્ઘદષ્ટિ તો જુઓ. ગુરુ ઉંઘતા હોય તો એમની ઉંઘમાં વિક્ષેપ પાડવાની છૂટ આપી, પણ ગુરુ ધ્યાનમાં હોય તો એમના ધ્યાનમાં વિક્ષેપ પાડવાની છૂટ બિલકુલ ન આપી.

આપણે ખાસ સમજવું જોઈએ કે

ગુરુ જ્યારે પુસ્તકાદિ લખવામાં લીન હોય, શાસ્ત્રો વાંચવામાં તલ્લીન હોય કે સંઘ સાથે ગંભીર પ્રશ્નો ઉપર વિચારણા કરી રહ્યા હોય તે વખતે "પધારો, ગુરુજી ! ગોચરી આવી ગઈ..." વગેરે ગાંડી ભક્તિ દેખાડવી નહિ. હા ! ગોચરી ઠંડી પણ થઈ જાય, અરુચિકર પણ થઈ જાય. પણ એમાં જે નુકસાન છે, એના કરતા ગુરુની એકાગ્રતાનો ભંગ કરવામાં વધુ નુકસાન છે. ગોચરી તો નવી પણ લવાશે...રે ! કદાચ ગુરુ ઠંડી થયેલી ગોચરી ઓછી વાપરશે...પણ એ બધા કરતા ય પેલો લાભ ઘણો જ મોટો છે.

આવું બીજી પણ બાબતોમાં સમજી લેવું.

**(૨૯) <u>काञ्जिकप्रायपायित्वाच्च संयतानाम्</u> – ઓઘનિર્યુક્તિ - ૧૩**

સાધુઓ મોટા ભાગે કાંજી જ વાપરનારા હોય, ભાતનું ખટાશવાળું પાણી પીનારા હોય. એટલે એમનું શરીર કાંજીના દ્રવ્યોથી ભાવિત થયેલું હોય. એટલે જો એ દૂધ વાપરે તો દૂધ કાંજીનું વિરોધી હોવાથી કાંજીમય બનેલા શરીરમાં દૂધનો પ્રવેશ થતા બે વિરુદ્ધ દ્રવ્યોના સંપર્કથી ખજવાળ વગેરે રોગો ઊભા થવાની શક્યતા છે.

આ કથન એમ સૂચવે છે કે પ્રાચીન મુનિઓ દૂધ વગેરે દ્રવ્યો મોટાભાગે નહિ જ વાપરતા હોય, કેમકે જો તેઓ દૂધ વાપરતા જ હોય તો એમનું શરીર દૂધથી પણ ટેવાયેલું હોય અને તો પછી કાંજી સાથે વિરોધ કે ઝાડા થઈ જવાની જે વાતો શાસ્ત્રકારોએ લખી છે, એ બધી વાતો અસંગત જ બની રહે. એટલે "પ્રાચીન મુનિઓ કેવા વૈરાગી, વિગઈ ત્યાગી, અનાસક્ત હતા ! જિનાજ્ઞાને કેવી દઢતાપૂર્વક પાળનારા હતા !" એ બધું જ આમાંથી સ્પષ્ટ થાય છે.

હવે જ્યારે દૂધ જેવી વસ્તુ પણ એ વાપરતા ન હોય, ત્યારે માલ-મલીદાની તો કલ્પના પણ કરવાની ન રહે ને?

આપણે આપણા માટે વિચારીએ કે,"સંયતો મોટાભાગે કાંજી પીનારા હોય" આવું શાસ્ત્રવચન આપણામાં ઘટે છે ખરું ? અપવાદ માર્ગે જ, ગાઢકારણોસર જ વિગઈઓ વાપરીએ તો હજી પણ આ વિશેષણના આપણે હકદાર ગણાઈએ.

નહિ તો ?

**(૩૦) स्थण्डिलादस्थण्डिलं च संक्रामता सता साधुना पादौ रजोहरणेन प्रमार्जनीयाविति विधिः** – ઓઘનિર્યુક્તિ-૧૪

અચિત્તભૂમિમાંથી જ્યારે સચિત્તભૂમિ ઉપર જવાનું થાય, તે વખતે સાધુએ પોતાના બે ય પગોને ઓઘાથી પ્રમાર્જવા એ પ્રમાણે વિધિ અહીં બતાવી છે. અત્યારે તો આપણી પાસે દંડાસન હોય છે, એ દંડાસન દ્વારા જ પગ પ્રમાર્જન કરીએ છીએ. પણ દંડાસન ઔપગ્રહિક ઉપધિ રૂપે = આપવાદિક ઉપધિ રૂપે આપણે સ્વીકાર્યું છે, પ્રાચીનકાળના સાધુઓ પાસે માત્ર ઓઘો હતો, બધા પાસે વ્યક્તિગત રીતે દંડાસન ન હતું. તેઓ એના વડે જ પગ પુંજી લેતા. માટે તો ઓઘાનું નામ રજોહરણ છે. ધુળને હરનાર જે હોય તે રજોહરણ કહેવાય.

અહીં જો કે માત્ર અચિત્તમાંથી સચિત્તમાં જનારા સાધુને પગપ્રમાર્જવાની વિધિ બતાવી છે, પરંતુ એના ઉપરથી એ પણ સમજી લેવું કે સચિત્તમાંથી અચિત્તમાં જવાનું થાય. સચિત્તમાં પણ લાલ માટીમાંથી ભુખરી માટીમાં...વગેરે જુદા જુદા વર્ણ-સ્પર્શાદિવાળી પૃથ્વી પર ચાલવાનું થાય તો એ વખતે પણ ઓઘાથી બે ય પગને પુંજી લેવા.

અત્યારે તપાગચ્છીય પરંપરા પ્રમાણે તો દંડાસનથી પગ પુંજવાના છે. પણ કોઈક વખત દંડાસન ન હોય તો છેવટે ઓઘાથી પણ એ પુંજવાની વિધિ કરી શકાય.

**<u>(૩૧) बालस्त्वत्र अष्टवर्षादारभ्य यावत्पञ्चविंशतिक इति, असावपि बाल इव बालः, अपरिणतत्वेन रागान्धत्वात</u> – ઓઘનિર્યુક્તિ-૧૮**

અહીં બાલ એટલે આઠ વર્ષથી માંડીને ૨૫ વર્ષ સુધીની ઉંમરવાળા સુધીના બધા જ લેવાના છે. ૨૫ વર્ષનો યુવાન પણ બાલ જેવો જ કહેવાય, કેમકે તે અપરિપક્વ હોવાથી રાગાન્ધ હોય છે.

આ પંક્તિમાં **अत्र** શબ્દ મહત્ત્વનો છે. દરેક જગ્યાએ દરેક શબ્દના અર્થ એક સરખા નથી હોતા. વિષય પ્રમાણે એક જ શબ્દના ઘણા બધા અર્થો થાય. દા.ત. સાગારિક શબ્દ ક્યાંક સંસારીને, ક્યાંક શય્યાતરને, ક્યાંક મૈથુનને સૂચવનાર ગણાય છે. આજુબાજુના પદાર્થોને આધારે એ નક્કી કરવાનું હોય છે. પ્રસ્તુતમાં પણ બાલ શબ્દનો અર્થ બધે એક સરખો નથી થતો. જ્યારે દીક્ષા આપવાની વાત હોય ત્યારે બાલની વ્યાખ્યા જુદી થાય, અહીં માર્ગપૃચ્છાની વાત છે, એમાં ૨૫ વર્ષની ઉંમરવાળા સુધીના બધા જ બાળ કહેવાય.

૨૫ વર્ષ સુધીમાં ઘણી ઠોકરો ખાઈને એ યુવાન પછી ઉછાંછળાપણું છોડી ગંભીર-પરિપક્વ બની જાય એવી સંભાવના છે. આજે પણ ઘણા યુવાનો એવા દેખાય છે કે જેઓ યૌવનના પ્રારંભમાં તોફાની-મદમસ્ત-ચંચળ હતા, પણ યૌવનના ૫-૭-૧૦ વર્ષ પસાર થયા બાદ એટલા જ શાંત-ઠરેલ-ગંભીર બની ગયા હોય.

આ એક વ્યવહાર જ છે. બાકી તો ક્યારેક નાની ઉંમરવાળા પણ પરિપક્વ હોય અને ક્યારેક ૨૫થી મોટી ઉંમરવાળા પણ અપરિપક્વ-અગંભીર હોય. ઉપરનું નિરૂપણ બહુલતાની અપેક્ષાએ જ સમજવાનું છે.

**(૩૨) इदानीं अन्नधम्मचारणिआए दंसिज्जंति – ઓઘનિર્યુક્તિ-૨૨**

પૃચ્છા દ્વારમાં જે રીતે અનેક ભાંગાઓ બતાવ્યા છે, એનાથી નીચેની બાબતો ફલિત થાય છે.

(અ) અજૈનો કરતા જૈનો અત્યંત વધુ વિશ્વાસપાત્ર છે. માટે જ જ્યારે કોઈપણ જૈન ન હોય ત્યારે જ અજૈનોને પૃચ્છા કરવાની છે. સ્વાભાવિક છે કે તોફાની જૈન છોકરાઓ પણ જૈનસાધુને પરેશાન કરવા પ્રાયઃ કદી તૈયાર ન થાય. ત્યાં તેઓ મજાક-મશ્કરી પણ ન કરે. જ્યારે અજૈન પીઢ વ્યક્તિઓ પણ જૈન સાધુ પ્રત્યે ક્યારેક દ્વેષવાળા કે છેવટે ઉપેક્ષાભાવવાળા બનવાની શક્યતા છે. જૈનોને 'આ અમારા મહારાજ' એવી મમત્વબુદ્ધિ સાહજિક હોય જ. જ્યારે અજૈનો જૈનસાધુ પ્રત્યે બહુમાનવાળા હોય તો પણ 'આ પારકા છે' એ ભાવ તેમનામાં ઊંડે ઊંડે પડ્યો હોય છે.

(બ) સાધુએ બને ત્યાં સુધી રસ્તામાં કોઈ પણ સ્ત્રી સાથે કોઈપણ પ્રકારની વાતચીત ન કરવી જોઈએ. રસ્તામાં ક્યારેક મુગ્ધ બહેનો પચ્ચક્ખાણ માંગે છે અને સાધુઓ આપે છે...પણ એ પણ આ દૃષ્ટિએ ઉચિત નથી. એમ સાધ્વીજીઓને પણ રસ્તામાં કંઈ જ પૃચ્છાદિ ન કરાય. એટલે જ રસ્તામાં સાધુ-સાધ્વીજીઓ પરસ્પર **'મત્થએણ વંદામિ'** બોલે કે સાધ્વીજીઓ સાધુને = આચાર્યાદિને વંદન કરે...આ બધું પણ સામાન્યથી તો અનુચિત જણાય છે.

હવે જો રસ્તામાં સાધ્વીજી મળે તો એમને વંદનાદિ કરવા પણ ઉચિત ન હોય તો પછી "રસ્તામાં સાધુ સાધ્વીજીની સાથે

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

સાથે ચાલે, વાતો કરતા કરતા ચાલે..." એ બધું વધુ અનુચિત છે એ કહેવાની જરૂર ખરી ?

(ક) સ્ત્રીઓને પૃચ્છા ન કરવી એ ઉત્સર્ગમાર્ગ છે પણ એનો પણ પાછો અપવાદ તો આપ્યો જ છે. હવે એ અપવાદ આપવામાં પણ તેઓએ સાધુની વધુ કાળજી કરી છે.

તે આ પ્રમાણે : વૃદ્ધા, મધ્યમા અને તરુણી. આ ત્રણ સ્ત્રીઓમાંથી વૃદ્ધાને પૃચ્છા કરવામાં સાધુને બ્રહ્મચર્ય બાબતમાં પ્રાયઃ દોષ ન લાગે. મધ્યમાને પૃચ્છા કરવામાં વધુ લાગે એવી સંભાવના છે અને તરુણીને પૃચ્છા કરવામાં એનાથી વધુ દોષ લાગવાની શક્યતા છે. એટલે જ્યારે અપવાદમાર્ગે સ્ત્રીઓને પૃચ્છા કરવાની સંમતિ અપાઈ, ત્યારે ખરેખર તો શાસ્ત્રકારોએ આ વૃદ્ધા-મધ્યમા-તરુણી એ ક્રમ દર્શાવવા જોઈએ.

પરંતુ શાસ્ત્રકારોએ મધ્યમા-વૃદ્ધા-તરુણી એ ક્રમ દર્શાવ્યો છે. તેનું કારણ સ્પષ્ટ જણાવ્યું છે કે વૃદ્ધા કદાચ ભૂલી ગઈ હોય...વગેરે શક્ય છે. તરુણી રમતિયાળ હોવાથી મશ્કરી કરવા પ્રેરાય એ શક્ય છે. જ્યારે મધ્યમાને માર્ગનું સ્મરણ પણ હોય અને સાધુને મજાક-મશ્કરીથી પરેશાન કરવાની - ઊંધા માર્ગે ચડાવવાની વૃત્તિ પણ ન હોય. એટલે એને પૃચ્છા કરવામાં સાધુને પરેશાન થવાનો વારો ન આવે.

આમ બ્રહ્મચર્યાદિની દૃષ્ટિએ પ્રથમ પૃચ્છા વૃદ્ધાને કરવી યોગ્ય છે, પણ સાધુએ હેરાન થવું ન પડે... એ માટે પ્રથમ પૃચ્છા મધ્યમાને કરવી જરૂરી છે અને શાસ્ત્રકાર ભગવંતોએ **મધ્યમાને** જ પ્રથમ પૃચ્છા કરવાનું વિધાન કરેલ છે. •

પ્રશ્ન એ થાય કે "બ્રહ્મચર્ય સંબંધી દોષ તો માર્ગમાં હેરાન થવારૂપી દોષ કરતા ઘણો મોટો છે, તો એ દોષને અહીં

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ગૌણ કેમ કર્યો ?"

તેનું સમાધાન એમ ભાસે છે કે બ્રહ્મચર્ય સંબંધી દોષ મોટો એ વાત સાચી. પણ એની શક્યતા અને એની માત્રાનો વિચાર કરવો જોઈએ. સાધુઓ વૈરાગ્યભાવનાથી જબરદસ્ત ભાવિત થયેલા હોય, તેઓ માર્ગ જાણવા માટે અડધી મિનિટ પુરતી સ્ત્રી સાથે વાત કરે, એમાં એમને બ્રહ્મચર્યાદિના કયા દોષો લાગી જવાના ? જો આંખ નીચી ઢાળી કે આડી-અવળી રાખીને પૃચ્છા કરે તો તો મુખ પણ ન દેખાવાથી બ્રહ્મચર્યની નિર્મળતા સહજ સાધી શકાય.

જ્યારે વૃદ્ધાને પ્રથમ પુછો તો એક તો તે સાંભળતા ઓછું હોય. અને વળી સ્પષ્ટ બોલી શકતા ન હોય અને વળી માર્ગનું સ્મરણ પણ સ્પષ્ટ ન હોય. એટલે કાં તો એ ઊંધું સાંભળી ઊંધો જ જવાબ આપી દે. કદાચ સ્પષ્ટ સાંભળે તો પણ વિસ્મરણાદિના કારણે જુદો જ માર્ગ બતાવી દે...રે ! કદાચ સીધો-સાચો માર્ગ બતાવે તો પણ એ સ્પષ્ટ બોલતા ન હોવાથી સાધુ ઊંધું સમજે એવી શક્યતા રહે. અને જો આ રીતે સાધુ ઊંધા માર્ગે ચડે તો પછી ઢગલાબંધ દોષો ઊભા થાય. તે એકલો પડી જાય, થાકી જાય, ચોર-પશુ વગેરે ઉપદ્રવોનો ભોગ બને...એટલે ગૌરવ-લાઘવનો વિચાર કરીને જ શાસ્ત્રકારોએ **વૃદ્ધાને** બદલે પહેલા **મધ્યમાને** જ પૃચ્છા કરવાનું સૂચન કરેલ છે.

ટૂંકમાં સંયમવિરાધના ટાળવા તરુણીનો નિષેધ છે, આત્મવિરાધના ટાળવા વૃદ્ધાનો નિષેધ છે, એટલે બાકી રહેલી મધ્યમાને પૃચ્છા કરવાનું જણાવ્યું છે.

**(૩૩) अनयोः शुष्कार्द्रयोः शुष्केन गन्तव्यम्, किं कारणं ? यत आर्द्रगमने विराधना द्विविधा भवति,**

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आत्मसंयमयोः, तत्रात्मविराधना कण्टकादिवेधात्, इतरा तु त्रसादिपीडनात् । इदानीं विराधनाऽधिक दोषदर्शनायाह....श्रमो भवति.... – ઓઘનિર્યુક્તિ - ૨૪

સુકી પૃથ્વીનો માર્ગ અને ભીની પૃથ્વીનો માર્ગ એમ બે માર્ગ આવે તો સુકા માર્ગે જવું. તેનું કારણ એ કે ભીના માર્ગે જવામાં બે પ્રકારની વિરાધના થાય છે. કાંટા વગેરે વાગવાથી આત્મવિરાધના અને ત્રસ વગેરેને પીડા થવાથી સંયમવિરાધના.

આટલું દર્શાવ્યા બાદ હવે વૃત્તિકારમહર્ષિ એક આશ્ચર્યજનક બાબત દર્શાવી રહ્યા છે. તેઓ લખે છે કે – હવે આ બે વિરાધનાઓ કરતા બીજો વધારાનો દોષ દર્શાવવા માટે નિર્યુક્તિકાર કહે છે કે "ભીના માર્ગે થાક લાગે." –

સંયમવિરાધના એટલે ષટ્કાયમાંથી કોઈપણ કાયની વિરાધના થાય તે.

આત્મવિરાધના એટલે સાધુના શરીરને કંઈપણ મુશ્કેલી પહોંચે તે. અહીં આત્મા = સાધુનું શરીર જ ગણ્યું છે. અરૂપી આત્મા નહિ.

ઉત્સર્ગ માર્ગે એક પણ વિરાધના ન થાય એ રીતે પ્રવૃત્તિ કરવાની છે. પણ હવે જો સંયમવિરાધના કર્યા વિના આત્મવિરાધના અટકાવવી શક્ય ન હોય તો પછી અપવાદ માર્ગે કકળતા હૃદયે સંયમવિરાધનાને અપનાવીને પણ આત્મવિરાધના થતી અટકાવવી. કેમકે સાધુનુ શરીર સારું હશે, તો વધુ ને વધુ આરાધના કરી મોક્ષ વહેલો પામી શકશે.

આત્મવિરાધના અટકાવવા માટે સંયમવિરાધના કકળતા હૃદયે સ્વીકારવી પડે એના દૃષ્ટાન્તો નીચે મુજબ છે.

(અ) સામેથી આવતી ટ્રકનો ધક્કો લાગવા દ્વારા શરીર ખલાસ ન થાય તે માટે સાધુ રસ્તાની બાજુ પર રહેલા ઘાસ વગેરે પર પણ ઉતરી જાય. એના ઉપર ઉભો રહી જાય.

(બ) ઝેરી મેલેરિયા વગેરે ભયંકર માંદગીઓ લાંબી ન ચાલે, મરણ ન આવી પડે એ માટે સાધુ રડતી આંખે આધાકર્માદિ પણ વાપરી લે. ફળ-દૂધાદિ સ્પેશ્યલ કરાવડાવીને પણ રડતા હૈયે વાપરે.

(ક) અતિ લાંબો વિહાર હોય, એ વખતે જો વિહાર અજવાળા બાદ કરે તો ભરતડકામાં ચાલવું પડે અને એમાં સખત માથું દુઃખવું - એ.સી.ડી.ટી. થવી. વગેરે થતું હોય, ઉલ્ટી પણ થઈ જતી હોય...તો છેવટે શરીરને બચાવવા અંધારામાં પણ વિહાર કરે. નીચે કોઈ જીવ-જંતુ ન દેખાય એવી પરિસ્થિતિમાં પણ વિહાર કરે.

(ડ) વરસાદ બે દિવસથી અટકતો જ ન હોય, એક-બે ઉપવાસ થઈ ગયા હોય, ન વાપરવાના કારણે માથું દુઃખવા માંડ્યું હોય. રે ! તાવ આવી ગયો હોવાથી જો ગોળી વગેરે ન લે તો ભયંકર ઉથલો મારી દે એવી શક્યતા હોય તો તે વખતે શરીરને બચાવવા ચાલુ વરસાદે પણ રડતા હૈયે ગોચરી જાય. ઓછી વિરાધનામાં પતાવે. પણ એ રીતે શરીરને બચાવે.

આમ આત્મવિરાધના થતી અટકાવવા સંયમવિરાધના અપવાદમાર્ગે, રડતા હૈયે અપનાવવી પડે એ ઉપરના દૃષ્ટાન્તોથી ફલિત થાય છે.

હવે શ્રમ એટલે આમ તો શરીરવિરાધના જ ગણાય. શરીરને સખત પરિશ્રમ પડ્યો, એજ શ્રમ કહેવાય છે. પણ અહીં તો શરીરવિરાધના કરતા શ્રમને વધારાનો દોષ કહ્યો છે, એનું કારણ એ લાગે છે કે શ્રમના કારણે બીજા અનેક નુકસાનો

ઊભા થાય છે. એના કારણે શ્રમને અલગ દર્શાવ્યો છે.

હવે આ શારીરિક શ્રમ શું નુકસાનો કરે ? તે જોઈએ.

<u>(અ) સ્વાધ્યાય ઘાત :</u> થાકેલો સાધુ સ્વાધ્યાયમાં લીન ન બની શકે. એને એકાદ કલાક ઊંઘ કરવા જોઈએ. કદાચ બળજબરીથી સ્વાધ્યાય કરવા બેસે તો પણ ઝોકા આવે, પગ દુઃખતા હોવાથી સ્થિરાસને બેસી ન શકે. પગ હલાવ્યા કરે. થાકના કારણે ભીંતનો ટેકો દઈને બેસે, હાથમાં પુસ્તક-પ્રત હોય અને આજુબાજુ દૃષ્ટિપાત પણ ચાલુ હોય.

જ્યારે શરીર થાકે અને એટલે મન થાકે ત્યારે પ્રાયઃ સ્વાધ્યાયનો ઘાત થયા વિના ન રહે. સ્વાધ્યાયમાં લીનતા-તન્મયતા-એકાગ્રતા ન આવે.

<u>(બ) ક્રિયારુચિઘાત :</u> સત્તરસંડાસા પૂર્વક જ બધા ખમાસમણા દેવા ટેવાયેલો સાધુ જ્યારે થાકે ત્યારે પછી ઉભા ઉભા ખમાસમણા આપવા પણ તૈયાર ન થાય. વાંદણા પણ બેઠા-બેઠા પતાવે. આખું પ્રતિક્રમણ બેઠા બેઠા કરે, કદાચ એમ ન કરે તો પણ એમાં આવતા ખમાસમણા-વાંદણા વગેરે તો બેઠા બેઠા કરી જ લે. ઠલ્લે-માત્રાની ઈરિયાવહી પણ ગરબડવાળી કરી બેસે. ક્રિયાઓમાં અવિધિનું સેવન કરી બેસે. શક્ય છે કે ધીમે ધીમે આ અવિધિના સંસ્કારો એવા ગાઢ થઈ જાય કે પછી તો કાયમ માટે અવિધિવાળી ક્રિયાઓ ચાલુ રહે.

<u>(ક) નિર્દોષગોચરીઘાત :</u> નિર્દોષ ગોચરી જ વાપરવાના નિર્મળતમ પરિણામવાળો સાધુ પણ જ્યારે આવા કાદવ-કીચડના વિહારાદિના કારણે થાકે અને સ્થાને પહોંચ્યા બાદ ખબર પડે કે "ગોચરીના ઘરો એક કી.મી. દૂર છે, અહીં રસોડું

છે" એટલે વિચારે કે "આવવા-જવાના બે કિ.મી. હવે શી રીતે ચલાશે ? લાવ. રસોડેથી જ વહોરી લઉં." આમ આધાકર્માદિ દોષોની શરૂઆત થાય.

રસોડુ ન હોય તો પણ થાકેલો સાધુ નજીકમાં જ ઘરોમાં, ભક્તોના ઘરોમાં, દોષિત બનાવી દેનારા ઘરોમાં ગોચરી જાય. પણ દૂરના ઘરોમાં-અજાણ્યા ઘરોમાં ગોચરી ન જાય. એક એક સ્થાનેથી મોટા પ્રમાણમાં વહોરે... પોતે જાણતો પણ હોય કે "આમાં મિશ્રાદિ દોષો લાગે છે" છતાં આંખમીંચામણા કરી લે.

**(ડ) પારિષ્ઠાપનિકાસમિતિ ઘાત :** જો વડીનીતિ જવાની જગ્યા દૂર હોય તો થાકેલો સાધુ ચિંતામાં પડે. એ પછી પ્યાલામાં જઈ ગમે ત્યાં નજીકમાં નાંખી દેવાનો અવિવેક સેવી બેસે કે પછી વાડામાં જ જઈ આવે. એને ખબર પણ હોય કે આ વાડાનું બધું સંડાસમાં જશે, ચિક્કાર વિરાધના થશે, કદાચ કીડાઓ ખદબદશે...પણ એ બધા તરફ એ ધ્યાન ન આપી શકે. શરીરમાં અને પછી મનમાં પ્રગટેલો થાક જ એને એ માટે મજબુર બનાવી દે.

રે ! થાકેલો સાધુ માત્રુ પણ ગમે ત્યાં નાંખી દે. એક માળ ઉતરીને માત્રુ પરઠવવાનું સ્થાન હોય, તો કાં તો ઉપરથી જ ફેંકે અથવા ઉપર જ અગાસી વગેરેમાં નાંખી દે કે જ્યાં ૪૮ મિનિટમાં ન સુકાવાથી સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ પણ શક્ય હોય.

આમ સ્થંડિલ-માત્રુની વિધિ અંગેનું આચારપાલન એ ન કરી શકે.

આ રીતે જ્યારે શ્રમના કારણે સ્વાધ્યાયઘાતાદિ થાય, ત્યારે શરૂઆતમાં તો મનમાં બળાપો હોય, દોષો સેવવા બદલ પશ્ચાત્તાપ પણ હોય... પણ આવું જો ફરી ફરી બને તો એ દોષોના સંસ્કાર તીવ્ર બનતા જાય, ધીમે ધીમે નિષ્ઠુરતા પણ આવી

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

જાય અને છેવટે ચારિત્રપરિણામનો ઘાત થાય.

હા ! તીવ્ર ચારિત્રપરિણામવાળાના ચારિત્રપરિણામ ભલે ન પડે પણ જેમનો ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ મંદ છે, તેઓના એ પરિણામ તૂટી જાય તો નવાઈ નહિ. **प्रायोग्रहणं मन्दक्षयोपशमवति व्यभिचारवारणाय** એ પંક્તિ દ્વારા આ વાત ઉપદેશ-રહસ્યમાં મહોપાધ્યાયજીએ દર્શાવી છે. એટલે આ શ્રમદોષ પણ ભયંકર છે, એ વાત ધ્યાનમાં રાખવી.

**(૩૪) तत्र शुष्केण पथा गमनमभ्यनुज्ञातमासीत्, तेनापि न गन्तव्यम्, यद्यसौ धूलीबहुलो भवति मार्गः । किं कारणम् ? यतो धूलीबहुलेनापि पथा गच्छतस्त एव दोषाः । के च ते ? संयमविराधना आत्मविराधना च। तत्रात्मविराधना अक्ष्णोर्धूलिः प्रविशति, निमज्जन् श्रान्तश्च भवति, उपकारणं च मलिनीभवति, तत्र यद्युपकरणप्रक्षालनं करोत्यसामाचारी, अथ न प्रक्षालयति प्रवचनहीलना स्यात्....। – ઓઘનિર્યુક્તિ-૨૪**

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે સુકા માર્ગે આગળ વધવું. ભીના માર્ગે વિહાર ન કરવો. પણ શુષ્ક માર્ગ જો ધૂળથી ભરેલો હોય તો એ માર્ગે ન જવું, કેમકે ત્યાં પણ સંયમવિરાધના અને આત્મવિરાધના થાય. તેમાં આત્મવિરાધના એ રીતે કે આંખમાં ધૂળ પ્રવેશે, ધૂળમાં ખૂંપતો સાધુ થાકી જાય.

તથા સાધુના ઉપકરણ મલિન બને, જો ધૂએ તો અસામાચારી અને ન ધૂએ તો પ્રવચનની હીલના થાય.

આ આપણે શાસ્ત્રપંક્તિઓનો અક્ષરાર્થ જોયો.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

હવે આનો રહસ્યાર્થ વિચારીએ.

જિનશાસન ઉત્સર્ગ-અપવાદના સિદ્ધાંતોથી ભરેલું છે. જીવ ઉન્માર્ગે ન ચડી જાય એ માટે શાસ્ત્રોમાં ઉત્સર્ગ અને અપવાદમાર્ગની પ્રરૂપણા કરવામાં આવી છે. આ બેમાંથી કોઈપણ એક માર્ગમાં રહેલો સાધુ મોક્ષમાર્ગ તરફ જ આગળ ધપે છે પણ જે બે ય માર્ગને ચૂકી જાય એ પછી ઉન્માર્ગગામી બની દીર્ઘસંસારી બની રહે.

ઉત્સર્ગના સ્થાને જ ઉત્સર્ગ સેવવો એ ઉત્સર્ગમાર્ગ છે.

અપવાદના સ્થાને જ અપવાદ સેવવો એ અપવાદમાર્ગ છે.

ઉત્સર્ગના સ્થાને અપવાદ સેવવો એ અપવાદ માર્ગ નથી, પણ ઉન્માર્ગ છે.

અપવાદના સ્થાને આત્મપરિણતિઓને ઘા પહોંચાડીને પણ, મોટા નુકસાનો અવગણીને પણ ઉત્સર્ગ સેવવો એ ઉત્સર્ગ માર્ગ નથી, પણ ઉન્માર્ગ છે.

ટુંકમાં અતિ-ઉત્સર્ગ કે અતિ અપવાદ એ ઉન્માર્ગનું સ્વરૂપ ધારણ કરી લે છે.

નર્મદા નદીનાં બે ય કાંઠાને જોડતાં લોખંડના બે પાટાઓ ગોઠવવામાં આવ્યા હોય કે જે પાટાની પહોળાઈ અડધો ફૂટ માંડ હોય એ બે પાટા ઉપર ચાલીને બીજે પાર પહોંચવું કેટલું કપરું ? બેમાંથી કોઈપણ એક પાટા ઉપર ચાલ્યા કરો તો તો કીનારા તરફ આગળ વધતા જ રહો. પરંતુ જો બે ય પાટા ચૂકી જવાય તો પછી ધસમસતી નર્મદામાં તણાઈને યમલોક ભેગા થવાનો જ અવસર આવે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ઉત્સર્ગ અને અપવાદ આ બે પાટા જેવા છે. સંસાર તરીને મોક્ષમાં જવા માટે આ બેમાંથી કોઈપણ એક માર્ગ ઉપર આગળ ધપવું એ આવશ્યક છે. જો બંને માર્ગ ચૂકી જવાય તો છેવટે ઉન્માર્ગરૂપી નદીમાં ડુબી જવાનો વારો આવે.

ઉત્સર્ગ અતિ-ઉત્સર્ગ બને એટલે એ ઉન્માર્ગ.

અપવાદ અતિ-અપવાદ બને એટલે એ ઉન્માર્ગ.

માટે જ આપણો ઉત્સર્ગ કે અપવાદ અતિ તો નથી ને ? એ ખાસ ચકાસી લેવું જોઈએ. અર્થાત્ શાસ્ત્રદૃષ્ટિએ બરાબર વિચારણા કરીને પછી તે અનુસારે ઉત્સર્ગ-અપવાદના સ્વરૂપને સ્વીકારવા જોઈએ.

હળાહળ કલિયુગનો એક અભિશાપ છે કે આ કાળમાં અતિ-ઉત્સર્ગ અને અતિ-અપવાદ ઘણે ઠેકાણે દેખા દે છે. સાચો ઉત્સર્ગમાર્ગ, સાચો અપવાદમાર્ગ ઓછો જોવા મળે.

જુઓ –

(અ) અપરિગ્રહ મહાવ્રતના ઉત્સર્ગને કેટલાકોએ કપડા સુધ્ધા કાઢી નાંખી અતિ-ઉત્સર્ગ બનાવ્યો. તો ધર્મોપકરણવપરાશ રૂપ અપવાદને કેટલાકોએ ટ્રસ્ટો-સંસ્થાઓ-કરોડોની મિલ્કત-સેંકડો કબાટો રાખી રાખીને અતિ-અપવાદ બનાવી દીધો.

(બ) અહિંસાના ઉત્સર્ગને કેટલાકોએ જિનપ્રતિમા સુદ્ધાને અવંદનીય-અપૂજનીય જાહેર કરી અતિ-ઉત્સર્ગ બનાવ્યો.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

તો જિનપૂજાદિ સંબંધી શાસ્ત્રવિહિત હિંસા રૂપી અપવાદને કેટલાકોએ અમર્યાદિત – આંચકો આપે એવી ઘોર હિંસાઓને ધર્મના નામે અપનાવીને અતિ-અપવાદ બનાવી દીધો.

(ક) વચનગુપ્તિરૂપી ઉત્સર્ગને કેટલાકોએ સંપૂર્ણ મૌન સ્વીકારી-ધર્મદેશનાની લાયકાત હોવા છતાં તે બંધ કરી, પરગુણપ્રશંસાદિ પણ બંધ કરી અતિ-ઉત્સર્ગ બનાવી દીધો.

તો ભાષાસમિતિ રૂપી અપવાદને કેટલાકોએ કોઈપણ જાતના વિશેષ પ્રબળ કારણો વિના માઈકોમાં વ્યાખ્યાનો આપવા દ્વારા - વ્યાખ્યાનોની ઓડીયો-વીડિયો કેસેટો ઉતરાવવા દ્વારા - ટી.વી. ઉપર વ્યાખ્યાન આપવા દ્વારા, સવારથી માંડીને આખો દિ' શ્રાવકોને જ ઉપદેશ આપવા દ્વારા અતિ-અપવાદ બનાવી દીધો.

(ડ) કેટલાકોએ પ્રતિક્રમણ-સામાયિક-૧૨ વ્રતો-દીક્ષા વગેરે વ્યવહારમાર્ગ છાંડી એકાંત નિશ્ચય માર્ગનો જ આશરો લઈ લીધો.

તો કેટલાકોએ નિશ્ચય દશાને તિલાંજલિ આપી માત્ર બાહ્ય આડંબર-ધૂમધામ-દોડાદોડી-રસાકસી- નિંદાકુથળીમાં જ ધર્મ માની લીધો.

આવી કેટલીય બાબતો એવી દેખવા મળશે કે આમાં કાં તો અતિ-ઉત્સર્ગના દર્શન થાય, કાં તો અતિ-અપવાદના દર્શન થાય.

પ્રસ્તુતમાં આવી જ એક બાબત ઉપર દષ્ટિપાત કરવો જરૂરી લાગે છે.

ઓઘનિર્યુક્તિ અને પિંડનિર્યુક્તિ વગેરે ગ્રન્થોમાં ચોખ્ખે ચોખ્ખું લખેલું છે કે સંયમીઓએ આઠ માસ દરમ્યાન કાપ ન કાઢવો જોઈએ. ચોમાસું શરૂ થવાનું હોય એ પહેલા જ એક જ વાર કાપ કાઢવો જોઈએ. જો ૮ માસ દરમ્યાન પણ કાપ કાઢવામાં આવે તો બ્રહ્મચર્યનો વિનાશ-અસ્થાનસ્થાપના - ઉપકરણબકુશતા-ષટ્કાયવિરાધના વગેરે વગેરે દોષો લાગે.

દશવૈકાલિક સૂત્રમાં વિભૂષાને તાલપુટ ઝેર કહ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં → વિભૂષા કરનાર સાધુને ભયંકર રોગાતંકો થાય, તે ગાંડો થઈ જાય... એ ચારિત્રથી ભ્રષ્ટ થાય... ← વગેરે નિરૂપણ કરેલ છે.

આ બધા અનેક શાસ્ત્રપાઠોના આધારે એ તો સ્પષ્ટ થાય છે કે શેષકાળના ૮ માસ દરમ્યાન કાપ ન કાઢવો, મલિન વસ્ત્રો ધારણ કરવા...વર્ષમાં એક જ વાર કાપ કાઢવો એ ઉત્સર્ગમાર્ગ છે.

હવે શાસ્ત્રોમાં જ એનો અપવાદ દર્શાવતા કહ્યું છે કે આચાર્યના વસ્ત્રો વારંવાર ધોવા કેમકે શાસનહીલના ન થાય. અને ગ્લાનના વસ્ત્રો વારંવાર-ધોવા, કેમકે મલિન વસ્ત્રોના કારણે ખોરાક ન પચવાથી એને રોગવૃદ્ધિ ન થાય.

આ ઓઘનિર્યુક્તિ અને પિંડનિર્યુક્તિના વચનોથી એમ જણાય છે કે આવા પુષ્ટ કારણસર જો શેષકાળમાં પણ કાપ કઢાય તો એ અપવાદમાર્ગ રૂપ બની રહે છે.

આમાં આ અપવાદમાર્ગ આજે અતિચારનું સ્વરૂપ ધારણ કરી ચૂકેલો પણ જોવા મળે છે. સામાન્ય સાધુ-સાધ્વીઓ પણ એકદમ ધોળા-ધબ વસ્ત્રો પહેરે, દર મહિને-પંદર દિવસે-અઠવાડિયે કાપ કાઢે, મોંઘામાં મોઘા સાબુ-પાવડરનો એમાં ઉપયોગ

કાયમ કરે...આ બધા અપવાદના ઉન્માર્ગો છે.

આનું નુકસાન પારાવાર છે. સંયમી જો આ વિભૂષાને અપનાવશે તો એનો મતલબ એ કે એ તાલપુટ ઝેરનું પાન કરી રહ્યો છે. એણે વહેલા મૃત્યુને ભેટવું પડશે, એના સંયમપરિણામ ઝાઝા નહિ ટકે.

પણ જેમ અપવાદ ક્યારેક સાતિચાર બને છે, એમ ઉત્સર્ગ પણ ક્યારેક સાતિચાર બની શકે છે.

વર્તમાન દેશકાળ અને આપણી જીવનપદ્ધતિના પ્રભાવે 'વર્ષમાં ૧ જ વાર કાપ કાઢવો - શેષકાળમાં અત્યંત મલિન વસ્ત્રો ધારી રાખવા - પણ કાપ ન કાઢવો' એ ઉત્સર્ગમાર્ગ પણ સાતિચાર બની જતો નથી ને ? એ ખૂબ વિચારણા કરીને નિર્ણય કરવા યોગ્ય છે.

અલબત્ત શ્રીમંતપરિવારના ગ્રેજ્યુએટ થયેલ યુવકયુવતીઓ કે જેઓ ગૃહસ્થજીવનમાં ખૂબ મોડર્ન હતા... તેઓ પણ આ કઠિન આચાર અપનાવે એ એમના દુગંછાવિજયને ચોક્કસ સૂચવે છે. "ખૂબ જ મલિન વસ્ત્રો હોય - ચીકણો પસીનો ભેગો થયેલો હોય - ભેજના વાતાવરણમાં સૂકવીએ તો પણ સૂકવાય નહીં, ચીકણાં ચીકણાં રહે..." આવા આવા અનુભવ થવા છતાં કાપ નહીં કાઢવો એ ઘણું સત્ત્વ માંગે છે. એમાં ય જ્યારે બીજા સાધુ-સાધ્વીઓ ખૂબ કાપ કાઢીને ઉજળા વસ્ત્ર પહેરતા હોય ત્યારે તો ખૂબ-ખૂબ સત્ત્વ હોય તો જ આ શક્ય બને આવું સત્ત્વ વિકસાવવા બદલ તો એ સંયમીઓને ધન્યવાદ છે જ.

છતાં નીચેની બાબતો પણ વિચારણા કરવા જેવી લાગે છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

મહામહોપાધ્યાયજી ૩૫૦ ગાથાના સ્તવનમાં લખે છે કે

**એક વચન ઝાલીને છાંડે બીજા, એ લૌકિક નીતિ.**

**સકલ વચન નિજ ઠામે જોડે, એ લોકોત્તર નીતિ...**

શાસ્ત્રના કોઈપણ એક વચનને પકડીને બાકીના બધા વચનોને છોડી દેવા - એમની ઉપેક્ષા કરવી... એ તો લૌકિક નીતિ છે. જ્યારે શાસ્ત્રના તમામે તમામ વચનો યોગ્ય સ્થાને જોડવા એ લોકોત્તર નીતિ છે.

દિગંબર વગેરેએ જિનકલ્પીને યોગ્ય આચારોનું વર્ણન કરતા વચનો પકડી લઈ બાકીના સ્થવિર કલ્પિકને યોગ્ય વચનો છોડી દીધા, હકીકત એ છે કે વસ્ત્રરહિત મુનિપણું જિનકલ્પી વગેરે માટે અને વસ્ત્રસહિત મુનિપણું સ્થવિરકલ્પી માટે...આ રીતે બે ભેદો પાડી વસ્ત્રત્યાગ અને વસ્ત્રોપયોગનું નિરૂપણ કરનારા પરસ્પર વિરુદ્ધ વચનોનો સમન્વય કરવો જોઈએ... પણ તે કામ તેઓ કરી શક્યા નહિ, પરિણામે જિનાજ્ઞાબાહ્ય બની રહ્યા.

પ્રસ્તુતમાં પણ વર્ષમાં એક જ વાર કાપ કાઢવાના શાસ્ત્રવચનની સાથે બીજા પણ અનેક વચનોનો વિચાર તટસ્થ મનથી કરવો જરૂરી લાગે છે.

પ્રસ્તુત વિષયમાં ચિંતન નીચે પ્રમાણે છે.

(ક) શાસ્ત્રોમાં તે તે સ્થાને માસકલ્પ વિહારનું વર્ણન આવે છે. ઉત્સર્ગમાર્ગે આખો ગચ્છ માસકલ્પ પદ્ધતિથી વિચરતો. એક જગ્યાએ એક માસ રહેવું. પછી નજીકમાં જે બીજું માસકલ્પ યોગ્ય ક્ષેત્ર આવે ત્યાં બીજો માસ રહેવું... એમ શેષકાળમાં

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આઠ સ્થાનોમાં આઠ માસ પૂર્ણ થાય. ચારમાસ તો એક જ જગ્યાએ ચાતુર્માસ રહેવાનું હોય.

એમાં પણ જો ગામડું મોટું હોય, કિલ્લાની અંદર અને કિલ્લાની બહાર... એમ બે ભાગમાં વસતિ ઘણી હોય તો ત્યાં એક માસકલ્પ અંદર અને બીજો માસકલ્પ બહાર...એમ બે માસકલ્પ કરવાનું વિધાન બૃહત્કલ્પાદિ ગ્રન્થોમાં છે.

એટલે આખા વર્ષ દરમ્યાન એક માસકલ્પયોગ્ય ક્ષેત્રથી બીજા માસકલ્પયોગ્ય ક્ષેત્રમાં પહોંચવા માટેનો વિહાર કુલ ૮ વાર થતો. જો એક જ ગામમાં અંદર-બહાર બે માસકલ્પ થાય તો તો એ વિહાર સાવ જ ઘટી જતો. (ગામ અને સોસાયટી....લગભગ બધે આ રીતે બે જગ્યાએ સાધુઓના ઉપાશ્રયો-જૈનાદિની વસતિ જોવા મળે છે.)

એટલે અંદાજે કલ્પના કરીએ તો એક વર્ષ દરમ્યાન ૧૦૦ કિ.મી.નો વિહાર પણ માંડ થતો. (હા, અપવાદ માર્ગની વાત જુદી છે.)

વળી, પ્રાચીન સાધુઓ તો જૈન-અજૈન બધે જ ગોચરી જતા, એટલે ગોચરીના ઘરો ઓછા પડવાનો પ્રશ્ન ભાગ્યે જ ઉપસ્થિત થતો. આપણે જૈનોના જ ઘરે ગોચરી જવાના હોઈએ તો ગામડાઓમાં તે હજી ઓછા હોય, પણ જો અજૈનઘરો પણ ગોચરીઘર તરીકે ગણાવા લાગે તો તો ગામે ગામે સેંકડો-હજારો ગોચરીઘરો ગણાય. એટલે માસકલ્પ યોગ્ય ક્ષેત્ર માટે મોટા મોટા વિહારો કરવાના ન રહે.

(ખ) સ્થવિરકલ્પીઓને વસ્ત્રો વાપરવાની અનુમતિ છે, એ પણ અપવાદ માર્ગે જ છે. ગોચરી જવું...વગેરે કાર્યોમાં તેઓ વસ્ત્રોનો ઉપયોગ કરે. બાકી વસતિમાં તો તેઓ કપડો વગેરે ન પહેરે. માત્ર ચોલપટ્ટો પહેરેલો હોય. રે ! શાસ્ત્રોમાં

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

તો સ્થવિરકલ્પીઓને **चोलपट्टागारेणं** શબ્દ દ્વારા ચોલપટ્ટાનો આગાર બતાવ્યો છે, એ તો એમ પણ સૂચન કરે છે કે સાધુઓ ઉપાશ્રયમાં પોતાના સ્થાને સ્વાધ્યાયાદિમાં બેઠા હોય તો ચોલપટ્ટા વિના પણ બેસતા. નિર્વસ્ત્રાવસ્થાને અનુભવતા. એમાં જો કોઈ ગૃહસ્થ અચાનક આવી ચડે તો ચોલપટ્ટો પહેરતા. એ ચોલપટ્ટાગાર કહેવાતો.

આમ ગોચરી-ઠલ્લે જવા પુરતો કે એવા કોઈ આવશ્યક કામ પુરતો એમણે વસ્ત્રોપભોગ કરવાનો રહેતો, ઉપાશ્રયમાં તો તેઓએ વસ્ત્રો પહેરવાના ઓછા રહેતા. હજી કદાચ ચોલપટ્ટો પહેરી રાખે. પણ કપડો વગેરે તો ઉપાશ્રયમાં પહેરીને બેસવાનો આચાર તેઓમાં ન હતો.

(ગ) સૌથી વધુ મહત્ત્વની - સૌથી વધુ અગત્યની બાબત એ કે તેઓને ગૃહસ્થોનો પરિચય ખૂબ-ખૂબ ઓછો રહેતો. દશવૈકાલિક સૂત્રનું વચન છે કે **गिहिजोगं परिवज्जए जे स भिक्खु** સાધુ તે કહેવાય કે જે ગૃહસ્થપરિચયનો ત્યાગ કરે.

ઉપદેશમાલાનું વચન છે કે **थोवो वि गिहिपसंगो जइणो सुद्धस्स पंकमावहई** ગૃહસ્થ સાથેનો અલ્પ પણ પરિચય શુદ્ધ સાધુને કલંક લગાડનાર બની જાય.

બૃહત્કલ્પસૂત્રમાં તો સ્પષ્ટ ફરમાવ્યું છે કે ઉપાશ્રયમાં જો શ્રાવક વગેરે પુરુષો હોય, રાત્રે ઊંઘતા હોય તો પણ એ વસતિ દોષિત-સંસક્ત ગણાય.

સાધુ પોતાના સંયમનિર્વાહ માટે જેટલો ગૃહસ્થપરિચય જરૂરી હોય, એટલો જ કરે, બીજી કોઈ પંચાતમાં ન પડે. લોકોને

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ધર્મોપદેશ આપવાનું, શાસનપ્રભાવનાના કાર્યો કરવાનું કામ કરનારા આચાર્યો, વિશિષ્ટ મુનિવરો જ ગૃહસ્થપરિચય કરે. સામાન્ય સાધુઓ તો તદ્દન નિરાળા જ રહે.

એ સાધુઓને માત્ર ગોચરી જાય ત્યારે જે કંઈ ગોચરી અંગે પૃચ્છા કરવી પડે એટલો ગૃહસ્થપરિચય ! અથવા તો માર્ગપૃચ્છા કરવા પુરતો ગૃહસ્થપરિચય !...બસ એ સિવાય સંયમૈકલક્ષી સંયમીઓને ગૃહસ્થો સાથે કશું લાગે-વળગે નહિ.

આમ (ક) માસકલ્પપદ્ધતિવિહાર (ખ) વસ્ત્રપરિભોગની અલ્પતા (ગ) અત્યંત અલ્પ ગૃહસ્થપરિચય.

પ્રાચીનમુનિઓના જીવનના આ ત્રણ આભૂષણો હતા, એનાથી એમનું જીવન દીપી ઉઠતું. એમાં ય ચોથું આભૂષણ=ગૃહસ્થપરિચયની અંત્યલ્પતા તો ખૂબ જ મોંઘેરું આભૂષણ હતું.

પૂજ્યપાદ સિદ્ધાન્ત મહોદધિ પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબે પોતાની હાજરીમાં પોતાના શિષ્યોમાં આ ચોથું ઘરેણું જળવાઈ રહે એની સારી કાળજી લેતા. કોઈ ગૃહસ્થો સાથે સાધુઓને પરિચય ન કરવા દેતા. મુખ્ય દરવાજા પાસે પોતે બેસતા, બધા સાધુઓ અંદર સ્વાધ્યાય કરે, વચ્ચે પડદો હોય...કોઈપણ વંદન કરવા આવે એટલે દાદાગુરુદેવને જ પહેલા વંદન કરવા પડે. એ ત્યાંથી જ બધાને પાછા મોકલી દે.

આ ત્રણ ઉત્સર્ગમાર્ગો શાસ્ત્રોમાં તે તે સ્થાને વર્ણવાયેલા છે. એ બધા જાણે છે. હા ! અત્યારે ભીષણકાળની વિચિત્રતાના કારણે પ્રાયઃ આ ચાર આચારોનું પાલન કપરું બન્યું છે એ એક જુદી વાત ! પણ સૌ જાણે છે કે ઉત્સર્ગમાર્ગ તો આ જ છે.

આ બધાની સાથે ઘનિષ્ઠ સંબંધવાળો ઉત્સર્ગ માર્ગ છે "એક જ વાર કાપ કાઢવો, વધુ વાર કાપ ન કાઢવો તે."

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

હવે કેટલાક ઉત્સર્ગમાર્ગ એવા છે કે બીજા ઉત્સર્ગમાર્ગ સાથે સંકળાયેલા હોય છે, એટલે એક ઉત્સર્ગમાર્ગ છોડી અપવાદ અપનાવો, તો બીજો ઉત્સર્ગમાર્ગ છોડીને એનો પણ અપવાદ અપનાવવો પડે.

દા.ત. ધૂળીયા રસ્તે ન જવું અને શેષકાળમાં કાપ ન કાઢવો એ બે ઉત્સર્ગમાર્ગ છે. હવે જો અપવાદમાર્ગે ના-છૂટકે ધૂળીયા રસ્તે જવું જ પડે તો પછી ઉપરના શાસ્ત્રવચન પ્રમાણે એ મલિન થયેલા વસ્ત્રોનો શેષકાળમાં કાપ કાઢવા રૂપ અપવાદ સેવવો પડે. જો ધૂળીયો રસ્તો પકડો, પણ મલિનવસ્ત્રોનો કાપ ન કાઢો તો પછી શાસનહીલના થવાનું ખુદ શાસ્ત્રકાર ભગવંતો જ લખે છે. સ્પષ્ટ વાત છે કે કાપ કાઢી લેવો એ ઘણો નાનો દોષ છે. શાસનહીલના ઘણો જ મોટો દોષ છે. એટલે અહીં એક ઉત્સર્ગ ત્યાગી એનો અપવાદ અપનાવવામાં બીજો ઉત્સર્ગ ત્યાગી એનો અપવાદ અપનાવવો જરૂરી બની રહે છે.

એમ અજવાળામાં પ્રતિલેખન અને અજવાળામાં વિહાર આ બે ય ઉત્સર્ગ છે. પણ જો કારણસર અંધારામાં વિહાર રૂપ અપવાદ સેવવાનો હોય તો પછી એની સાથે અંધારામાં પ્રતિલેખન રૂપ અપવાદ પણ સ્વીકારવો જ પડવાનો.

સંસારીઓની ભાષામાં કહીએ તો તે તે પેન્ટ સાથે તે તે શર્ટને મેચીંગ હોય છે, શર્ટ ગમે એટલો સારો હોય પણ જો એના મેચીંગવાળું પેન્ટ બદલી દેવામાં આવે, તો પછી એની સાથે એ શર્ટ પણ બદલવો જ પડે. જો પેન્ટ બદલે, પણ શર્ટ એ જ રાખે તો બેહુદુ લાગે.

એમ જમણવારમાં તે તે મીષ્ટાન્નાદિની સાથે તે તે ફરસાણાદિને સંબંધ હોય છે. જો કેરીનો રસ હોય તો એની સાથે કઢી-ઢોકળા શોભે, દાળ ન શોભે. જો રસની જગ્યાએ મગની દાળનો શીરો કે ઠેઠાં-બાટા હોય તો પછી કઢી ન શોભે, મગની

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
॥ ૧૨૬ ॥

દાળ શોભે.

પ્રસ્તુતમાં વર્ષમાં માત્ર એકવાર કાપ રૂપ ઉત્સર્ગ આચાર ખરેખર ખૂબ જ સારો છે, પણ એને આ બતાવેલા બાકીના ત્રણ આચારો સાથે, એમાં પણ ગૃહસ્થોનો નહિવત્ પરિચય... આ આચાર સાથે અત્યંત ઘનિષ્ઠ સંબંધ છે. એટલે જો આ આચારો પાળવામાં આવે તો તો એની સાથે વાર્ષિક કાપનો આચાર પાળવામાં કોઈ જ વાંધો નથી. એ સોનામાં સુગંધની જેમ શોભી ઊઠે. પરંતુ જો આ બે આચાર પળાતા ન હોય, ઘણો વિહાર, ગૃહસ્થપરિચય પુષ્કળ પ્રમાણમાં રહેતો હોય તો પછી એની સાથે પેલા વાર્ષિક કાપ રૂપ આચારને મેળ પાડવો કપરો છે.

એ શા માટે ? તે પણ હવે વિચારીએ.

(ક) વર્તમાનના શહેરી લોકો તરફ નજર કરો. એમાં પણ સાધુઓના સંપર્કમાં આવનારા જૈનો તરફ નજર કરો. તેઓ મોટાભાગે સુખી છે, એટલે જ રોજેરોજ સ્નાન કરનારા છે. ઉનાળામાં તો બે વાર સ્નાન કરતા ય તેઓ ખચકાતા નથી. સ્નાનમાં સાબુનો ઉપયોગ કરવાનું ભાગ્યે જ કોઈક ભૂલતું હશે. રોજેરોજ સાબુ-શેમ્પુથી શરીર ઘસી ઘસીને સ્નાન કરનારા આ શહેરીઓ કેટલા બધા શૌચવાદી છે, એ સહેજે સમજી શકાય છે.

તેઓ એકવાર પહેરેલા કપડા, ધોયા વિના બીજી વાર પહેરતા નથી. એક જ જોડી બે દિવસ પહેરે એવા શહેરીઓ ઘણા ઓછા મળે, આજે પહેરેલા કપડા આવતીકાલે ધોવામાં જ હોય, એ બરાબર ધોવાય એને ઈસ્ત્રી થાય ત્યારે એ ગૃહસ્થો પુનઃ એ વસ્ત્રોનો ઉપભોગ કરે. પોતાના કપડા ઉપર જરાક કંઈક ડાઘો પડે એટલે એમના મુખ ઉપર વિષાદ છવાઈ જાય. વસ્ત્રો

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

મલિન ન થાય એ માટે ખૂબ સજાગ રહે. એમના ઘરોમાં પણ રોજ બે વાર કચરા-પોતા થાય.

શહેરી જીવનપદ્ધતિ જોઈને કોઈપણ વ્યક્તિ એમ કહી શકે કે શાસ્ત્રોમાં જે શૌચવાદીઓની વાત આવે છે, આ શહેરીઓ તો એને પણ હરાવે એવા છે.

હવે આવા શહેરીઓવાળા શહેરમાં સાધુ રહે અને અતિમલિનવસ્ત્રો પહેરે તો એ શહેરીઓ દુગંછા પામે એ શક્ય છે. મહારાજ ઉપર પોતાની સત્તા ન હોવાથી પોતે કંઈ બોલે તો નહિ, પરંતુ મનમાં ને મનમાં સાધુઓ પ્રત્યેનો અરુચિભાવ પ્રગટ થયા કરે.

એમાં અધુરામાં પૂરું આજે તો લગભગ દરેકે દરેક સાધુ ગૃહસ્થપરિચયવાળો જોવા મળે. ૫૦ વર્ષના દીક્ષાપર્યાયવાળા આચાર્ય ભગવંતથી માંડીને આજનો દીક્ષિત થયેલો નૂતન સાધુ પણ ગૃહસ્થોના પરિચયવાળો હોય. એમને ઉપદેશદાન કરનારો હોય, એમની સાથે અલકમલકની વાતો કરનાર હોય. એમ કહીએ તો ચાલે કે આજે લગભગ પ્રત્યેક સાધુનો પોતપોતાનો કોઈક ભક્ત-ચાહક છે. પ્રત્યેક સાધ્વીજીની પોતપોતાની કોઈક ભક્તાણી-ચાહિકા છે. લગભગ ઘણા સાધુ-સાધ્વીજીઓમાં સ્વકલ્યાણ ઝડપથી સાધી લેવાની ભાવના કરતા ઉપદેશ આપી-શ્રાવકોને ધર્મ પમાડી એ બધાનું-પરનું કલ્યાણ કરવાની ભાવના તીવ્રતમ ઝળહળતી દેખાય. ભાગ્યે જ કોઈક ગુરુઓ પોતાના શિષ્યોને ભક્તવર્ગથી સર્વથા અળગા રાખી શક્યા છે. ભાગ્યે જ કોઈક સાધુ-સાધ્વીઓ સર્વથા શાસ્ત્રીયદષ્ટિએ **ગૃહસ્થોથી નિરાળા** છે...

આ પરિસ્થિતિ નકરું સત્ય છે, એ વાત તો દરેક જણ સ્વીકારશે જ અને આમાં લગભગ કોઈ ફેરફાર થઈ શકે એવી

॥ ૧૨૮ ॥

ભૂમિકા પણ ભાગ્યે જ છે.

આ દોષ નાનો છે કે મોટો એ પછી વાત, પણ એ દોષ હાજર છે એ તો હકીકત છે.

હવે જો સાધુ દિવસમાં ઘણીવાર ગૃહસ્થ સાથે પરિચય કરવાનો હોય, ઘણીવાર ગૃહસ્થ સાથે એને વાતચીતાદિ કરવાનો અવસર આવતો હોય, ઉપાશ્રયમાં ગૃહસ્થોની અવર જવર ચિક્કાર હોય અને એ ગૃહસ્થો શૌચવાદી હોય તો આવી પરિસ્થિતિમાં સાધુ મલિનવસ્ત્રો પહેરી રાખે એમાં તેઓ દુગંછા ન પામે ?

આ જ ઓઘનિર્યુક્તિ ગ્રન્થમાં અનેકવાર એવા નિરૂપણ કરેલા છે કે ગૃહસ્થોની હાજરીમાં સાધુએ ચોખલીયા બની રહેવું.

(અ) વૈદ્ય પાસે જવાનું હોય અથવા વૈદ્ય ઉપાશ્રયે આવવાનો હોય, ત્યારે ગ્લાનાદિએ ચોખ્ખા વસ્ત્રો ધારણ કરવા.

(બ) આચાર્ય પાસે લોકોની અવરજવર વધારે હોય માટે આચાર્યના બધા વસ્ત્રો ચોખ્ખા રાખવા કે જેથી અવર્ણવાદ ન થાય.

(ક) સ્થંડિલથી આવીને ઉપાશ્રયમાં પ્રવેશતા હોઈએ એ વખતે જો બહાર બ્રાહ્મણાદિ ગૃહસ્થો બેઠા હોય તો પાણીથી ખૂબ સારી રીતે પગ ધોવા.

(ડ) સ્થંડિલસ્થાને જો શૌચવાદી વગેરે ગૃહસ્થો સાધુને જોતા હોય તો ત્યાં વધુ પ્રમાણમાં પાણી વાપરીને શુદ્ધિ કરવી.

મોટાભાગે જ્યાં પણ ગૃહસ્થો સાથે સાધુનો સંપર્ક થાય ત્યાં શાસ્ત્રકારો તરત શૌચનું નિરૂપણ કરી દે છે.

એટલે જે સાધુ-સાધ્વીઓ ગૃહસ્થોના પરિચયમાં વારંવાર આવતા હોય - એમને ધર્મોપદેશ આપવા વગેરે કારણોસર અનેકવાર એમની સાથે બેસતા હોય, તે સાધુ-સાધ્વીઓએ 'સામેવાળો જીવ અધર્મ ન પામે...' એનો વિચાર કરવો જરૂરી લાગે છે.

કાં તો ગૃહસ્થોનો વધુ પરિચય છોડી દઈએ તો મલિન વસ્ત્રો પહેરવા છતાં વાંધો ન આવે. અને જો એ પરિચય છોડવો શક્ય ન હોય તો પછી ઉચિત રીતે શુદ્ધ વસ્ત્રનું પરિધાન જરૂરી લાગે છે.

ઓઘનિર્યુક્તિનો પ્રસ્તુત પાઠ જ ધ્યાનથી વિચારો.

→ જો ધુળીયા રસ્તે જઈએ તો ઉપકરણો મલિન થાય. એને ન ધૂઓ તો શાસનહીલના અને ધૂઓ તો અસામાચારી...માટે ધુળીયા રસ્તે ન જવું. ← આવું અત્રે જણાવેલું છે. હવે જો ધૂળીયા રસ્તે જઈ જ ચડ્યા અને ઉપકરણ મલિન થયા તો પછી હવે બેમાંથી એક તો કરવું જ પડશે ને ? (૧) કાં વસ્ત્રો ધોઈ શાસનહીલના અટકાવો અને અસામાચારી સ્વીકારી લો. (૨) અથવા પછી અસમાચારી અટકાવી, વસ્ત્રો ન ધૂઓ અને શાસનહીલના થવા દો.

આ બેમાંથી કયો વિકલ્પ મંજુર કરાય ?

કોઈપણ સમજદાર માણસ કહેશે કે પહેલો વિકલ્પ જ અપનાવાય. કેમકે અસામાચારી કરતા શાસનહીલના તો ઘણો ઘણો ભયંકર દોષ કહેવાય.

પ્રસ્તુત ઓઘનિર્યુક્તિનો પાઠ એમ સૂચવે છે કે –

(ક) ધૂળીયા રસ્તે વિહાર કરીએ, ત્યારે ચીકણો પરસેવો, એમાં ધૂળ ચોંટવી, વસ્ત્રો ઉપર એ ધૂળના ડાઘાદિ દેખાવા... એ બધાના કારણે આવા મલિન વસ્ત્રો શાસનહીલનાનું કારણ બની શકે છે. અને જો એવું થાય તો કાપ કાઢી લઈ શાસનહીલના અટકાવવી એ વધુ સારું.

(ખ) 'વર્ષે એક જ વાર કાપ કાઢવો' એ જે વિધાન છે, તે ઉત્સર્ગમાર્ગનું છે. એટલે જેમ આચાર્ય-ગ્લાનાદિના વસ્ત્રોનો કાપ વારંવાર કાઢવાનું આ જ ઓઘનિર્યુક્તિમાં જણાવ્યું છે, અને તે અપવાદમાર્ગે યોગ્ય જ છે. જો આચાર્યાદિના વસ્ત્રોનો કાપ વારંવાર કાઢવામાં ન આવે તો એ યોગ્ય ન ગણાય. કેમકે શાસનહીલના + ગ્લાનાદિની માંદગી વધવી...વગેરે દોષો લાગે.

એમ ધૂળીયા રસ્તે વિહારાદિના કારણે વધુ મેલા બનેલા વસ્ત્રોનો કાપ કાઢી લેવો...વર્તમાનમાં માસકલ્પને બદલે રોજેરોજના ઘણા બધા વિહારોના કારણે વધુ મેલા બનેલા વસ્ત્રોનો કાપ કાઢી લેવો... એ અપવાદમાર્ગે યોગ્ય છે. જો કાપ ન કઢાય તો શાસનહીલનાદિ થવાનો સંભવ છે.

(ગ) પૂર્વકાળમાં વસ્ત્રોનો પરિભોગ ઓછો + વિહારો ઘણા ઓછા (કેમકે માસકલ્પપદ્ધતિ હતી)...માટે વસ્ત્રો એવા મેલા થતા જ ન હતા. અને માટે જ તેઓને વર્ષે એકવાર કાપ કાઢવામાં ય બીજા કોઈ દોષો લાગવાનો સંભવ ન હતો.

**यः शासनस्य मालिन्येऽनाभोगेनाऽपि वर्तते...** અષ્ટકપ્રકરણની આ ગાથામાં સ્પષ્ટ જણાવ્યું છે કે જે જીવ અજાણતા પણ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શાસનહીલનાનું કારણ બની બેસે, તે જીવ મિથ્યાત્વ પામનારો બને.

કોઈકને એમ પણ વિચાર આવે કે, "લોકો ગમે તેમ જુગુપ્સા કરે, એટલે કંઈ આપણે આપણો આચાર થોડો જ છોડી દેવાનો ? લોકોનું તો ઠેકાણું નથી. એ ગમે તે બોલે..."

પણ એમણે એટલું જ ધ્યાનમાં લેવું કે ધૂળીયા રસ્તે વિહાર બાદ મેલા થયેલા વસ્ત્રોની લોકો દુગંછા કરશે... એ વાતને શાસ્ત્રકારોએ ધ્યાનમાં લીધી જ છે ને ? અને એ માટે કાપ કાઢવાની સૂચના પણ કરી જ છે ને ? ત્યાં લોકોની ઉપેક્ષા નથી કરી.

હા ! જે લોકો જિનધર્મના દ્વેષી હોય, 'દૂધમાંથી પોરા કાઢવા'ની વૃત્તિવાળા હોય. ગમે તે રીતે જૈનોની નિંદા કરવાની કુટેવવાળા હોય... એમની ઉપેક્ષા ભલે કરાય. પણ જેઓ એવા નથી, અને દુગંછા પામે,... તે લોકોની ઉપેક્ષા કરવી શું યોગ્ય ગણાશે ? શાસ્ત્રકારોએ વૈદ્યાદિ લોકોની ઉપેક્ષા નથી જ કરી ને ? એની દુગંછાની નોંધ લઈને ત્યાં શૌચ ધારણ કરવાનું જણાવ્યું જ છે ને ?

**પ્રશ્ન :** પણ શ્રાવકોના અતિચારમાં જ કહ્યું છે કે,**"સાધુ-સાધ્વીતણા મલમલિન ગાત્ર દેખી દુગંછા કીધી..."** આનો અર્થ શું ? સાધુ-સાધ્વીઓ મલિન વસ્ત્ર-શરીરવાળા હશે, માટે જ તો શ્રાવકોનો આ અતિચાર હશે ને ? કે "એમના મલિન વસ્ત્રાદિ જોઈ દુગંછા કીધી" એટલે આ અતિચાર જ એમ સૂચવે છે કે સાધુ-સાધ્વીઓ મલ-મલિન વસ્ત્રો પહેરતા જ હતા.

**ઉત્તર :** આનો જવાબ આપતા પૂર્વે જરા નીચેની બાબતોનો વિચાર કરીએ.


णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(ક) પ્રથમ પંચાશકમાં શ્રાવકોના આચારોનું વર્ણન કરતા જણાવ્યું છે કે, "સાધુઓ જ્યારે ઘરે ગોચરી આવે ત્યારે શ્રાવકો એમને બેસવા માટે આસનાદિ આપે, જો સાધુઓ બેસે તો સુંદર..."

અહીં શ્રાવકોએ ઘરે આવેલા સાધુઓને બેસવા માટે આસનાદિ આપવાની અને 'સાધુ બેસે તો એ સુંદર' એમ વાત કરી છે.

આનો અર્થ તો એવો થયો ને કે સાધુઓ ગોચરી વહોરવા જાય અને ગૃહસ્થોના ઘરમાં આસનાદિ પર પણ બેસે અને એ સારું પણ ગણાય.

પણ બીજી બાજુ દશવૈકાલિકમાં તો કહ્યું છે કે ગોચરી ગયેલો જે સાધુ શ્રાવકોના ઘરમાં બેસે છે, તે અનાચાર સેવે છે, તે અબોધિપણું પામે છે...

આના દ્વારા શ્રાવકોના ઘરે બેસવાનો સ્પષ્ટ નિષેધ જણાય છે અને બેસવું એ ખરાબ જ દેખાડેલું જણાય છે અને ઉપર શ્રાવકોને આસનથી વિનંતિ કરવાનો આચાર દર્શાવ્યો છે અને બેસે તો સારું ગણેલું છે...શું કરશું ?

(ખ) શ્રાદ્ધજિત વગેરે **ગ્રન્થોમાં જણાવ્યું** છે કે, "જો જાણકાર શ્રાવક-શ્રાવિકાઓ સાધુ-સાધ્વીને નિષ્કારણ દોષિત ગોચરી વહોરાવે તો તેઓને ઉપવાસાદિ પ્રાયશ્ચિત્ત **આવે...**" **અર્થાત્** સાધુ-સાધ્વીને નિષ્કારણ દોષિત વહોરાવવું એ શ્રાવકોને માટે એક અતિચાર છે.

તો જેમ 'સંયમીના મલિન વસ્ત્રાદિ દેખી દુગંછા કરવી એ **શ્રાવકોનો અતિચાર** છે.' એ ઉપરથી એવી કલ્પના કરી કે



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

"સંયમીઓ મલિન વસ્ત્રાદિ પહેરે એ એમનો આચાર જ હતો.' તો એ પ્રમાણે 'દોષિત નિષ્કારણ વહોરાવવું એ જાણકાર શ્રાવકોનો અતિચાર છે.' એ ઉપરથી હવે તો એવી કલ્પના પણ કરવી પડશે ને ? કે નિષ્કારણ દોષિત વહોરવું એ સાધુઓનો આચાર જ હતો. તેઓ વહોરતા હશે તો જ શ્રાવક-શ્રાવિકાઓ વહોરાવતા હશે ને ?

**પ્રશ્ન :** જુઓ, આ તો બધા ખોટા તર્કો છે, એના જવાબો અમારી પાસે છે જ.

(ક) નો જવાબ એ કે સાધુનો આચાર તો આ જ છે કે ગૃહસ્થોના ઘરે ન બેસવું. પણ ગોચરી ગયેલો સાધુ તાવ-વૃદ્ધત્વ વગેરેને કારણે શ્રાવકના ઘરે આસનાદિ ઉપર અપવાદ માર્ગે બેસે પણ ખરો. અને એમાં તો શ્રાવકને સાધુની ભક્તિનો લાભ મળે જ છે. એટલે જ પંચાશકવૃત્તિમાં એ દૃષ્ટિએ જ શ્રાવકોને આવો આસનપ્રદાન કરવાનો આચાર બતાવ્યો અને સાધુ બેસે તો સારું ગણ્યું છે.

બાકી વગર કારણે સાધુ આસનસ્વીકાર કરે તો તો દોષ લાગે જ.

(ખ) નો જવાબ તો સ્પષ્ટ જ છે કે શિથિલાચારી સાધુઓ આધાકર્માદિ લેતા હોય છે, એટલે એવાઓને ભક્તિથી વહોરાવે ત્યાં જાણકાર શ્રાવક-શ્રાવિકાઓને પ્રાયશ્ચિત્ત આવે. એમ ગાંડા ભક્તિભાવને કારણે શ્રાવકો જાણવા છતાં પણ દોષિત બનાવીને, ચતુરાઈપૂર્વક સારા સાધુઓને પણ વહોરાવી દે. એમાં સાધુઓ એ ચતુરાઈને પકડી ન શકવાથી દોષિતને નિર્દોષ સમજીને વહોરે છે. એટલે તેઓને કોઈ દોષ ન લાગે. પણ શ્રાવકોને તો પ્રાયશ્ચિત્ત આવે જ.

એટલે એના દ્વારા એવું સિદ્ધ ન થાય કે,"દોષિત વહોરવું એ સાધુઓનો આચાર હતો..."

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

**ઉત્તર :** તમે ખૂબ સારા-સાચા સમાધાન આપ્યા.

પણ આવું જ કોઈ સમાધાન મલિનવસ્ત્રદુગંછા રૂપ અતિચાર અંગે કેમ ન વિચારાય ? ત્યાં પણ આ રીતનું સમાધાન વિચારી શકાય.

**પ્રશ્ન :** જો વધુ મલિન વસ્ત્રો શાસનહીલનાનું કારણ બનતા હોય અને એટલે એનો કાપ કાઢવા યોગ્ય હગોય. તો વસ્ત્રની માફક વધુ મલિન શરીર પણ શાસનહીલનાનું કારણ બને જ ને ? અને તો પછી શરીરને સ્નાન કરાવવું પણ યોગ્ય માનવું જોઈએ. પણ શાસ્ત્રમાં તો પ્રાયઃ ક્યાંય આ માટે શરીરને ચોક્ખું કરવાની વાત આવતી નથી. તો શું કરવું ? સાધુઓ સ્નાન ન કરતા હોવાથી એમના શરીર પર મેલ બાઝે છે એ તો હકીકત છે.

**ઉત્તર :** વધુ મલિન વસ્ત્રોનો કાપ કાઢવાની વાત છે, પણ વધુ મલિન શરીરનો શાસનહીલના અટકાવવા કાપ કાઢવાની વાત નથી એવું તમે જ કહો છો, તો પછી એની પાછળનું કારણ શોધી કાઢવું જોઈએ.

આ અંગે નીચેની બાબતો વિચારી શકાય.

ચામડી બધાની ઉજળી જ હોય એવો નિયમ નથી. ઘંઉવર્ણી - શ્યામ વગેરે પણ હોય. શરીરનો જે ભાગ ખુલ્લો રહે (ડાબો ખભો-હાથ વગેરે) એના પર લગભગ ધીમે ધીમે મેલનું પડ બાઝેલું હોય, અને તેથી જ એ ચામડી જ એવા રંગની હોય કે દેખનારને એવી કલ્પના આવે કે,"આ ચામડી જ તે તે વર્ણની છે." એને એવો ખ્યાલ ન આવે કે 'આ ચામડી પર લાગેલો મેલ છે' એટલે એમાં દુગંછા થવાનો પ્રશ્ન લગભગ ન આવે. જ્યારે વસ્ત્રો તો કંઈ કાળા રંગના હતા એ રીતે ન

ણ મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

દેખાય. એ તો મેલા થયેલા જ દેખાય એટલે એમાં દુગંછા થવાનો પ્રશ્ન આવે.

એના કરતા પણ અગત્યનું કારણ એ કે પરિશ્રમના કારણે સાધુને પરસેવો થતો હોય એ પરસેવા દ્વારા શરીરનો મેલ નીકળી પણ જતો હોય. પરસેવો વસ્ત્રથી લુંછે, એટલે શરીરનો મેલ વસ્ત્ર ઉપર આવી જાય... આમ શરીર પર મેલ રહે તો પણ એ વધુ પડતો ન રહે... જ્યારે વસ્ત્રો તો શરીરના મેલ વગેરેને લીધે વધુ મલિન બને...

આ જ કારણસર શરીરને સ્નાન કરાવવાની જરૂર નહિ, પણ શાસનહીલના અટકાવવા વધુ મલિન વસ્ત્રોના કાપની જરૂર ખરી.

પ્રાચીનકાળમાં વૈદ્ય પાસે જવાનું થાય ત્યારે વસ્ત્રો ચોક્ખા પહેરવાના હતા, પણ શરીર ચોખ્ખું કરવાની વાત ન હતી. કેમકે શરીરનો મેલ પસીનાદિથી ઓછો થઈ ગયો હોય અને વૈદ્યે મુખ્યત્વે માત્ર નાડી જ તપાસવાની હોય. આજે તો બ્લડપ્રેશર તપાસવું, કાર્ડિયોગ્રામ લેવો... વગેરેમાં શરીરના અન્ય અંગોની પણ તપાસ કરવાની હોય તો એ વખતે જો એ અંગો પર વધુ મેલ હોય તો એ સ્વચ્છ કરી લેવો, ભીના વસ્ત્રથી દૂર કરવો ઉચિત ભાસે છે.

આ એક અભિપ્રાય છે.

જો આ અભિપ્રાય પ્રામાણિક ન લાગતો હોય તો બીજું પણ એક કામ થઈ શકે. દરેક સંયમીઓ પોતપોતાના સમુદાયના વિદ્વાન-પીઢ-પરિપક્વ સંયમીઓને આ અંગે પૃચ્છા કરાવી શકે, જો પોતપોતાના સમુદાયના ઘણા વિદ્વાન-પરિપક્વ સંયમીઓ ઉપર મુજબનો જ કોઈક અભિપ્રાય દર્શાવે તો તો પછી માનવું કે આ અભિપ્રાય શાસ્ત્રાનુસારી લાગે છે, કેમકે ઘણા બધા

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

વિદ્વાનો-પીઢ સંયમીઓ ઉત્સૂત્રપ્રરૂપણા તો ન જ કરે. તેઓ ભલે આચાર ઓછો-વત્તો પાળતા હોય, પણ પ્રરૂપણામાં તો કાળજી રાખે જ. ઘણા બધા વિદ્વાન પીઢ સંયમીઓ જો બીજો કોઈ અભિપ્રાય દર્શાવે તો એ રીતે વિચાર-વિમર્શ કરવો.

હા ! એ વાત ખરી કે આ રીતે ઉત્સર્ગમાં સાતિચાર બનનારા કરતા અપવાદમાં સાતિચાર બનનારાને વધુ દોષ લાગવાની સંભાવના ખરી. નિષ્કારણ ધોળા-ધબ વસ્ત્રો પહેરનારા, વારંવાર કાપ કાઢનારાઓ જો મલિનવસ્ત્રધારી મહાત્માઓની નિંદા કે મશ્કરી કરે તો તેઓ ભયાનક દોષના ભાગીદાર બને છે.

**(૩૫) <u>अक्कंतेणं गम्मइ प्रासुकत्वात्</u> – ઓઘનિર્યુક્તિ-૨૫**

જે માર્ગ ઉપર લોકોની અવરજવર ઘણી હોય તે આક્રાન્ત માર્ગ કહેવાય. આવો માર્ગ લોકોની અવરજવરના કારણે અચિત્ત થઈ ગયો હોવાની શક્યતા ઘણી છે. માટે જ સાધુઓ અનાકાન્ત માર્ગને બદલે મુખ્યત્વે આક્રાન્ત માર્ગથી જ ગમન કરે.

અહીં આક્રાન્તમાર્ગ પ્રાસુક બને એમ કહ્યું છે ખરું. પણ એમાં (ક) કેટલા માણસોની અવરજવર હોય તો (ખ) કેટલા કાળે અચિત્ત બને ? આ બે વાતનું સ્પષ્ટ સમાધાન દર્શાવેલું નથી. જો ઘણી વધારે અવરજવર હોય તો અલ્પકાળમાં પણ માર્ગ અચિત્ત બને. પણ અવરજવર મધ્યમ કે ઓછી હોય તો પછી માર્ગ જલ્દી અચિત્ત ન બને.

એટલે અત્યારે વ્યવહાર તો આ પ્રમાણે કરવો ઉચિત લાગે છે કે ઘણી અવરજવરવાળા સચિત્ત માર્ગો અચિત્ત હજી માની શકાય, પણ અલ્પ-મધ્યમ અવરજવરવાળા માર્ગો સંપૂર્ણ અચિત્ત ન માનવા. એમાં સાપેક્ષતા ટકી રહે.



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

(ક) ચોમાસામાં વરસાદ પડે, રસ્તાઓ ભીના હોય, પણ જો ત્યાં પુષ્કળ અવરજવર માણસોની-વાહનોની રહેતી હોય તો જમીન ભીની હોવા છતાં વધુમાં વધુ ૪૮ મિનિટમાં તો એ પાણી અચિત્ત થઈ જવાની સંભાવના છે, (જો નવું વરસાદનું પાણી ન આવે તો) ટુંકમાં વરસાદ બંધ થયા પછી ૪૮ મિનિટમાં એ આક્રાન્તમાર્ગનું પાણી અચિત્ત ગણી શકાય.

પણ એમાં ય જે પાણી જમીનમાં એકમેક બન્યું હોય અને જમીન ભીની હોય તે પાણી માટે આ વાત સમજવી. જે પાણી ખાબોચિયા રૂપે ભરાયેલું હોય, જમીન ઉપર તરતું હોય તે પાણી માટે એ આક્રાન્તમાર્ગમાં પણ મિશ્ર તરીકે ગણતરી કરવી વધુ ઉચિત ભાસે છે. એ પાણી ૪૮ મિનિટ બાદ અચિત્ત થઈ જવાનો વ્યવહાર કરવો યોગ્ય જણાતો નથી.

(ખ) પજુસણ બાદ લગભગ વરસાદ બંધ થઈ જાય છે. રસ્તાઓ ઉપર નિગોદના થર બાઝેલા હોય છે. પણ જો દિવસ દરમ્યાન ત્યાંથી માણસો-વાહનોની ઘણી બધી અવરજવર થતી હોય તો એ નિગોદ પણ ૧૫-૨૦ દિનમાં અચિત્ત થઈ જતી હશે. ઉપરથી તડકો અને સતત અવરજવર એને અચિત્ત બનાવી પણ દે. છતાં એક વરસાદ પડે તો બધી પાછી તાજી થઈ જાય છે. એનો મતલબ એ થાય કે એ અવિનષ્ટયોનિ હોવી જોઈએ. એટલે આનો ચોક્કસ નિર્ણય શી રીતે કરવો ? આમાં જુદા જુદા અભિપ્રાયો પ્રવર્તે છે. એટલે આ અંગે પોતપોતાના ગીતાર્થ આચાર્યોને પૃચ્છા કરી એ પ્રમાણે વ્યવહાર કરવો.

(ગ) સિદ્ધાચલ ઉપર જેઠમાસમાં વરસાદ પડ્યા બાદ ચિક્કાર નિગોદ ઉત્પન્ન થઈ જાય છે. છતાં ત્યાં તો અષાઢપુનમ સુધી હજારો ગૃહસ્થો યાત્રા કરતા જ હોય છે. આમ હોવાથી કેટલાકોનું એવું માનવું છે કે "વરસાદ પડ્યા બાદ નિગોદ થઈ હોય તો પણ રોજેરોજ હજારો યાત્રિકોની અવરજવર હોવાથી એ અચિત્ત થઈ જાય, માટે ત્યાં યાત્રા કરવામાં સાધુ-

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

સાધ્વીઓને કોઈ જ બાધ નથી.”

આ વાત વિચારણીય છે. વરસાદ પડ્યા બાદ નિગોદ તો થઈ ગઈ, હવે ફરી કેટલા દિવસ સુધી વરસાદ ન પડે તો પછી એ નિગોદ અચિત્ત ગણાય ? એનો નિર્ણય ગંભીરતાથી વિચારીને જ કરવો પડે. વળી વેકેશન બાદ તો યાત્રિકોની અવરજવર પણ ઓછી થઈ જાય છે. તથા એક-બે દિવસ વરસાદ ન આવે અને તરત જ બધી નિગોદ અચિત્ત માની લઈ યાત્રા શરૂ કરાય એ ઉચિત ગણાય કે કેમ ? એ પોતપોતાના ગુરુજનો પાસેથી જાણી શકાય.

**(૩૬) एवं सर्वत्र निष्प्रत्यपायेन गन्तव्यम् – ઓઘનિર્યુક્તિ-૨૫**

જુદા જુદા પ્રકારના અનેક માર્ગો બતાવ્યા પછી શાસ્ત્રકાર ભગવંતો આ વાત તો વારંવાર ભારપૂર્વક કરે છે કે “દરેક જગ્યાએ પ્રત્યપાય વિનાના = આત્મવિરાધનાની શક્યતા વિનાના માર્ગે જવું.”

શાસ્ત્રકારો સંયમવિરાધનાવાળા માર્ગની હજી અપવાદમાર્ગે સંમતિ આપે છે, પણ આત્મવિરાધના = શરીર વિરાધનાવાળા માર્ગની સંમતિ આપતા નથી.

શાસ્ત્રકારો માનવભવની અને એમાં પણ પ્રાપ્ત થયેલા મુનિજીવનની કિંમત ખૂબ ખૂબ આંકે છે. માટે જ સાધુ વહેલો કાળ કરી જાય, સાધુનું શરીર ખલાસ થવા માંડે... એ હકીકત શાસ્ત્રકારોને કોઈપણ ભોગે મંજુર નથી.

હા ! શાસ્ત્રકારોના મનમાં આ શરીરની સીધી તો કાણી કોડી જેટલી પણ કિંમત નથી, પણ આ શરીર સર્વવિરતિધરનું શરીર છે. આ શરીર વિરતિની આરાધના માટેનું એક માત્ર સાધન છે. આ શરીર મર્યું-ઘસાયું-નબળું પડ્યું તો વિરતિની



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણ મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

આરાધના મરવા પડેલી - ઘસાયેલી - નબળી પડેલી જ સમજો. એવું ન થાય એ માટે જ શાસ્ત્રકારો વારંવાર આ પદાર્થ દર્શાવે છે કે સાધુઓ ! તમારા શરીરને કાંટા-સર્પ વગેરે દ્વારા કંઈપણ પ્રત્યપાય ન થાય તેવા સ્થાનથી જજો.

**(૩૭) शीतोष्णकाले रजोहरणेन प्रमार्जनं कृत्वा प्रयाति । – ઓઘનિર્યુક્તિ-૨૭**

સ્થંડિલ ભૂમિમાંથી=અચિત્તભૂમિમાંથી સચિત્તભૂમિમાં જવાનું થાય ત્યારે સાધુ શેષકાળમાં ઓઘા વડે પગ પૂંજીને આગળ વધે.

પ્રાચીનકાળમાં આજની જેમ વ્યક્તિગત બધા પાસે દંડાસન ન હતા, એટલે દંડાસનથી પ્રમાર્જન કરવાનું ન હતું. પણ ઓઘાથી જ પગના તળીયા વગેરે પૂંજી લેવામાં આવતા.

ચોમાસામાં ઓઘાથી પુંજવાનો નિષેધ છે, કેમકે ચોમાસામાં વરસાદને કારણે પગ ઉપર ભીની માટી-કાદવ-કીચડ લાગેલા હોય, હવે જો એ ઓઘાથી પુંજીએ તો ઓઘો ભીનો-કાદવ-કીચડવાળો બને, એનું વજન વધી જાય. વળી ચોમાસામાં ઓઘો ધોવો પણ શક્ય ન બને. અને પછી આવા વજનદાર બનેલા ઓઘાથી ઉપાશ્રયમાં પણ પુંજવા-પ્રમાર્જવાની ક્રિયા શક્ય ન બને.

એટલે ચોમાસામાં પાદલેખનિકા વડે પગ પ્રમાર્જવાની વિધિ દર્શાવી છે.

**(૩૮) महिका-धूमिकारूपोऽप्कायः । – ઓઘનિર્યુક્તિ - ૩૦**

પ્રવચનસારોદ્ધારાદિ ઘણા બધા ગ્રન્થોમાં સંયમોપઘાતી અસજ્ઝાયના વર્ણનમાં ધુમ્મસ વગેરે પદાર્થો બતાવેલા છે.

આ ધુમ્મસ મુખ્યત્વે શિયાળામાં થાય છે, પણ "એ શિયાળામાં જ થાય, એ સિવાય ન થાય" તેવો નિયમ ન બાંધવો. જો શિયાળા સિવાય પણ તેવા તેવા પ્રદેશોમાં ધુમ્મસના લક્ષણો જણાય તો એને સચિત્ત ગણી એ પ્રમાણે ઉચિત આચાર પાળવો જોઈએ.

કેટલાક સંયમીઓ ધુમ્મસના વાસ્તવિક સ્વરૂપ બાબતમાં અજ્ઞાન ધરાવે છે. આ અંગે અમારા પૂજ્યપાદ ગચ્છાધિપતિ સિદ્ધાન્તદિવાકર શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબને પુછાવતા એમના પાસેથી ધુમ્મસનું જે સ્વરૂપ જાણવા મળ્યું છે, એ અનુસારે અત્રે સ્પષ્ટતાપૂર્વક ધુમ્મસનું સ્વરૂપ દર્શાવાય છે.

(ક) પાણી ભરેલા વાદળો બરાબર પાકી જાય તો તેમાંથી વરસાદ પડે, પણ જો એ વાદળો કાચી અવસ્થામાં જ ફાટી જાય તો એ ધુમ્મસનું સ્વરૂપ ધારણ કરે છે. અસંખ્ય અપ્કાયનું બનેલું આ ધુમ્મસ છે. એનો સ્પર્શ પણ થાય તો ચિક્કાર અપ્કાય જીવોની હિંસા કર્યાનો દોષ લાગે.

(ખ) આ આકાશમાંથી પ્રગટ થાય છે, નીચે જમીનમાંથી નહિ, જો જમીનમાંથી ઉપરની તરફ સફેદ સફેદ વસ્તુ જતી દેખાય તો એ શિયાળામાં જમીનમાંથી નીકળતી બાફ સમજવી. જેમ શિયાળામાં આપણા મોઢામાંથી પણ સફેદ સફેદ પવન નીકળે છે, તેમ જમીનમાંથી પણ એવા પ્રકારનો સફેદ વાયુ નીકળતો દેખાય, પણ એ ધુમ્મસ નથી.

(ગ) આ ધુમ્મસ સફેદ રંગના વાયુ જેવો લાગે. એ રીતસર આકાશમાં ચાલતો, ચારે બાજુ ફેલાતો દેખાય. અને મોટા

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૧૪૧ ॥

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ભાગે એ ચારે દિશામાં હોય. કોઈપણ એકાદ દિશામાં ન હોય. ઉપાશ્રયાદિમાં પ્રવેશતો હોય તે પણ સ્પષ્ટ દેખાય.

(ઘ) શિયાળામાં વિહાર કરતા એક જગ્યાએ દેખાયું કે ખેતરમાં સિંચન કરવા માટે જે પાણીની નીકમાંથી પાણી વહેતું હતું... એ પાણીમાંથી પુષ્કળ પ્રમાણમાં સફેદ-સફેદ વાયુ ઉપર તરફ નીકળતો હતો. હવે દૂરથી જો કોઈ આ વાયુને જુએ તો ધુમ્મસ સમજી બેસે...હકીકતમાં એ ધુમ્મસ છે જ નહિ.

એટલે શિયાળામાં નદીમાંથી- ખેતરોની નીકોમાંથી-વનસ્પતિમાંથી પણ આવો સફેદ વાયુ નીકળતો હોય છે. એનાથી પણ એ તરફનું વાતાવરણ ધુંધળુ = ધુમ્મસ જેવું લાગે પણ એ ધુમ્મસ નથી.

ખૂબ ઉપયોગ દ્વારા આ બધા ભેદ પકડવા.

(ચ) જો ધુમ્મસ હોય તો એ તમામે તમામ વસ્તુઓને અપ્કાયથી વ્યાપ્ત કરી દે છે, એટલે જ્યારે ધુમ્મસ હોય ત્યારે એક ડગલું પણ ન ચલાય. ઉપાશ્રયની જે પેક રૂમ હોય, તેના બધા જ બારી-બારણા બંધ કરી અંદર કામળી ઓઢીને બેસી જવું. કામળીની અંદર પુસ્તક ન વંચાય, કંઈપણ લખાણ ન લખાય, રે ! નવકાર ગણવા માટે આંગળીના ટેરવા ઉપર આંગળી પણ ન ફેરવાય, માળાના મણકા પણ ન ફેરવાય. જેટલું શક્ય હોય એટલું નિશ્ચેષ્ટ બનીને રહેવું. ઠલ્લે-ગોચરી જવું જ પડે તો શક્ય એટલી વધારેમાં વધારે યતના સાચવવી.

હવે જો આ હકીકત હોય તો ધુમ્મસમાં વિહાર ન કરાય એ તો તદ્દન સ્વાભાવિક હકીકત છે. જ્યારે ધુમ્મસ વિલાઈ જાય, ત્યારબાદ બધી પ્રવૃત્તિ થઈ શકે.

(છ) ધુમ્મસની શંકા પડ્યા બાદ જો ઉપાશ્રય-રૂમના બારી-બારણા બંધ કરીને અંદર બેઠા હોઈએ તો તો ઉપર મુજબ જ કરવું પડે.

પણ એવું પણ માનવામાં આવે છે કે જે રૂમ ધુમ્મસ થયા પૂર્વે પહેલેથી જ બરાબર બંધ હોય. એકપણ બારી ખુલ્લી ન હોય. શિયાળામાં ઠંડીથી બચવા માટે રાત્રે પૂર્વેથી જ પેક રૂમમાં જ સંથારો કર્યો હોય અને સવારે બહાર ધુમ્મસ થયું હોવાની ખબર પડે, તો અંદર રહીને પ્રતિલેખન-સ્વાધ્યાયાદિ બધી ક્રિયા કરી શકાય, કેમકે ધુમ્મસ આવી પેકરૂમમાં પ્રવેશતું નથી. જે સામાન્ય છિદ્ર વડે અંદર પ્રવેશે તે પણ અંદરના ગરમાટાવાળા વાતાવરણને કારણે અચિત્ત બની જાય. અંદરનું વાતાવરણ એને માટે શસ્ત્રરૂપ બની રહે.

પણ જો બે-પાંચ મિનિટ માટે પણ એ રૂમની બારી કે બારણું ખુલ્લું રાખી દેવામાં આવે તો તો પછી એ રૂમ પણ ધુમ્મસમય જ બની જવાથી પછી અંદર પણ પ્રતિલેખનાદિ કોઈપણ ક્રિયા થઈ ન શકે. કામળી ઓઢીને શાંત બેસી રહેવું પડે.

કંઈક કામ માટે બહાર જવા એકાદ સેકંડ માટે બારણું ખોલી તરત બંધ કરી દેવામાં આવે, તો એમાં પ્રાયઃ વાંધો જણાતો નથી.

ખ્યાલ રહે કે વેન્ટીલેશન કે બારી એકપણ ખુલ્લા ન હોય તો જ ઉપરની વાત સમજવાની છે.

(જ) જો ધુમ્મસ ગાઢ હોય, તો ૧૦ ડગલા દૂર રહેલો માણસ પણ ન દેખાય. લોખંડ-દાંડા વગેરે ભીના થઈ જાય. પણ સામાન્ય ધુમ્મસ હોય તો એવું ન પણ થાય. દિલ્હી બાજુ શિયાળામાં ધુમ્મસને કારણે ઘણીવાર ૮-૮ કલાક સુધી પણ

વાહનવ્યવહાર ઠપ થઈ જાય છે કેમકે ડ્રાઈવરોને આગળ કશું જ ન દેખાય.

(ઝ) ફરી યાદ કરાવવાનું કે જમીનમાંથી-વનસ્પતિમાંથી-પાણીમાંથી-ફેક્ટરીઓમાંથી નીકળતા વાયુને, એ વાયુથી દેખાતા ધુંધળા વાતાવરણને ધુમ્મસ માનવાની ભુલ ન કરવી, એમ ખરેખરા ધુમ્મસને વાયુ માની બેસવાની ભૂલ પણ ન કરવી. ખૂબ ઉપયોગપૂર્વક નિર્ણય લેવો.

(ટ) ઝાકળ જમીનમાંથી નીકળનાર વસ્તુ છે. ધુમ્મસ નજીક-નજીકમાં અમુક જગ્યાએ હોય અને અમુક જગ્યાએ ન હોય તેવું ન બને. જ્યારે ઝાકળ-ગેસ વગેરે એક બાજુ હોય, અન્યત્ર ન હોય એવું બને.

(ઠ) સૂર્યોદય વખતે સૂર્ય ધૂંધળો ન દેખાતો હોય તો ધુમ્મસવાળું વાતાંવરણ ન કહેવાય.

**(૩૯) इदानीं जङ्घार्द्धप्रमाणं जलमुत्तरतो यो विधिः स उच्यते-एकः पादो जले कर्तव्योऽन्यः स्थले आकाशे। अथ तीरप्राप्तस्य विधिमाह - एकः पादो जले द्वितीयश्चाकाशे निष्प्रगलन्नास्ते, ततः शुष्कः स्थले क्रियते, पुनर्द्वितीयमपि पादं निष्प्रगलं कृत्वा ततस्तीरे कायोत्सर्गं करोति । – ઓઘનિર્યુક્તિ-૩૪**

જંઘાર્ધપ્રમાણ પાણી ઉતરવાની જે વિધિ છે, તે હવે બતાવે છે. એક પગ પાણીમાં કરવો, બીજો પગ સ્થલમાં = આકાશમાં કરવો.

હવે કીનારે પહોંચેલા સાધુની વિધિને કહે છે કે એક પગ પાણીમાં હોય અને બીજો પગ આકાશમાં નીતરતો રહે. જ્યારે

तेे सुकाई जाय, त्यारे ते जमीन पर मुकाय अने पछी पाणीमां रहेला बीजा पण पगने आकाशमां नीतारेलो=शुष्क करीने कीनारा उपर कायोत्सर्ग करे.

उपरनी पंक्ति प्रमाणे आ विधि स्पष्ट जणाय छे.

आ विषयमां केटलाकोमां एक मान्यता एवी पण प्रचलित छे के → ज्यारे नदीनुं पाणी उतरीए, त्यारे पाणीनी अंदर ने अंदर पग घसडी-घसडीने आगळ न चालवुं. पण पग पाणीनी बहार = उपर काढी पछी आगळ मूकवो. फरी पाछलो पग पाणीनी बहार काढी आगळ मूकवो. हवे जे पग पाणीनी बहार काढीए, ए तरत ज आगळ पाणीमां न मूकवो, परंतु ए आकाशमां अद्धर राखी नीतरवा देवो. ए नीतरी जाय = सुकाई जाय, पछी ज ए पग पाछो पाणीमां मूकवो. आम आखी नदी उतरता दरेके दरेक पगला आ रीते पाणी नितारी-नितारीने आगळ मूकता जवुं. ←

आ मान्यता कया आधारे प्रसिद्धि पामी, ए तो समजातुं नथी, पण एक वात नक्की के उपरनो शांस्त्रपाठ आ मान्यताने समर्थन आपतो नथी, उल्टुं आ मान्यता प्रमाणे मुश्केलीओ ऊभी थाय छे.

ते आ प्रमाणे :

(क) सौ प्रथम तो ए खुलासो करवो जरूरी छे के जंघा एटले कमरथी घुंटण सुधीनो भाग न लेवो, केमके जो एने जंघा लेशो तो जंघार्ध तरीके कमर अने घुंटणनी वच्चेना भाग सुधीनुं पाणी पण जंघार्ध गणवुं पडशे अने एमां पण उपर बतावेल विधि मुजब उतरवुं पडशे के जे शक्य नथी, केमके पग पाणीमांथी बहार काढी काढीने आगळ मूकवाना छे. हवे जो छेक

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ઘુંટણથી પણ ઉપર સુધીનું પાણી જંઘાર્ધ તરીકે લેવાય તો એટલા પાણીમાંથી પગ આખો બહાર - હવામાં - ખુલ્લામાં કાઢવામાં સાધુ પાછળની તરફ ઢળી પડે - પડી જાય...એ પોતાના શરીરને જાળવી ન શકે એ ભય મોટો છે. શાસ્ત્રકારો આવા આત્મવિરાધનાના ભયવાળા આચારો ન દર્શાવે એ સ્પષ્ટ હકીકત છે.

એટલે જંઘા = પગના તળીયાથી માંડીને ઘુંટણ સુધીનો ભાગ સમજવો. એનો અડધો ભાગ જેટલું પાણી જંઘાર્ધ જલ તરીકે લેવું. એટલા પાણીમાં પગ બહાર કાઢવા શક્ય બને.

(ખ) હવે જો બહાર કાઢેલા પગ બરાબર નીતારી દીધા બાદ જ આગળ-આગળ મૂકવાના હોય, તો દર વખતે પગને નીતરતા અને સુકાતા એક-બે મિનિટ તો લાગવાની જ...એટલે તે એક-બે મિનિટ માટે સાધુએ એક જ પગના આધારે બીજો પગ અદ્ધર હવામાં રાખીને પાણીમાં ઊભા રહેવું પડે. આ રીતે ઊભા રહેવામાં પડી જવાનું જોખમ ઘણું જ છે. નીચે પાણીનો પ્રવાહ વહેતો હોય એ પણ બેલેન્સ જાળવવામાં પ્રતિકૂળ થઈ પડે.

કોઈપણ સાધુ પાણીમાં આ રીતે પગ અદ્ધર રાખીને ઉભો રહેવા પ્રયત્ન કરશે, તો એને એમાં રહેલા જોખમ જણાઈ જ આવશે. વળી આ તો માત્ર એકવાર નહિ, પણ કિનારે પહોંચ્યા સુધીના દરેકે દરેક ડગલે આ રીતે કરવાનું છે, એમાં તો એને ભોં ભારે પડી જાય.

(ગ) દા.ત. ૫૦ ડગલા નદીમાં ચાલવા છે, અને દરેક ડગલાને નીતારવામાં ઓછામાં ઓછી એક-એક મિનિટ લાગે, તો નીતારવાની ૫૦ મિનિટ + ચાલવાની ૧૦ મિનિટ એમ કુલ ૧ કલાક નદી ઉતરતા થાય. ૧ કલાક પાણીમાં રહેવું પડે.



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એને બદલે જો ડગલા નીતારવાના ન હોય, અને માત્ર બહાર કાઢી કાઢીને તરત આગળ મૂકવાના જ હોય તો તો માત્ર ૧૦ મિનિટ જ કિનારે પહોંચતા લાગે.

હવે ૬૦ મિનિટ પાણીમાં રહેવું પડે, એમાં પાણીની વિરાધના ૫૦ મિનિટ વધારે કરવી પડે, જ્યારે નીતાર્યા વિના ઉતરવામાં તો ૫૦ મિનિટ વિરાધના ઓછી થાય. તો શાસ્ત્રકારોને ઓછી વિરાધનાવાળું અનુષ્ઠાન માન્ય બને ? કે વધુ વિરાધનાવાળું ?

(ઘ) યતિજિતકલ્પાદિ ગ્રન્થોમાં હોડીથી નદી ઉતરવાની વિધિ બતાવતી વખતે દર્શાવ્યું છે કે કોઈક હોડી નદીના પાણીમાં હમણા જ ઉતરેલી હોવાથી ભીની હોય, તો કોઈક હોડી હજી પાણીમાં ઉતરી ન હોવાથી સુકી હોય... તો સાધુ પહેલા ભીની હોડીમાં બેસીને જ નદી ઉતરે, કેમકે ભીની હોડી નદીના પાણીને ઓછી ચૂસે, એ હોડી ઉપર નદીનું જ પાણી લાગેલું છે, એટલે નદીમાં રહેલું પાણી આ હોડી પર રહેલા પાણીને લાગશે, અને એ બેય સ્વકાય=સમાન હોવાથી એકબીજાના મારક ઓછા બને...સુકી હોડી તો પાણીને વધુ ચૂસે, પાણી સીધું હોડીને લાગવાથી પાણીની વિરાધના પણ વધારે થાય...

પ્રસ્તુતમાં જો પગને બરાબર સૂકવી દઈ પછી પાણીમાં મૂકો તો નદીનું પાણી સીધું પગને લાગે એટલે એની વિરાધના વધારે થાય, પણ જો ભીનો જ પગ તરત પાણીમાં મૂકી દો, તો નદીનું પાણી પગ પર રહેલા પાણીને સ્પર્શશે...એટલે નદીના પાણીની વિરાધના ઓછી થશે.

જેમ મસ્તક સીધું ભીંત સાથે અફળાય તો વધારે પીડા થાય, પણ ભીંત ઉપર મોટો રૂનો ઢગલો ચોંટેલો હોય અને પછી

એના ઉપર જોરથી મસ્તક અફળાય તો ત્યાં પીડા ઓછી થાય.

તેમ નદીના પાણી માટે સુકાયેલો-કોરો પગ સીધી ભીંત જેવો છે, પાણીવાળો પગ રૂ ચોંટેલી ભીંત જેવો છે.

એટલે પગ નીતારી નીતારીને આગળ મૂકવા કરતા તો પગ ભીના જ રાખીને આગળ મૂકવામાં ઓછી વિરાધના છે.

(ચ) ઉપરની યુક્તિઓ યોગ્ય છે, માટે જ તો શાસ્ત્રકાર મહર્ષિએ જંઘાર્ધ પ્રમાણ પાણી ઉતરવાની વિધિમાં ક્યાંય પગ નીતારવાની વાત કરી નથી. હા ! છેક કિનારે પહોંચ્યા બાદ જે છેલ્લા બે પગ હવે પાણીમાંથી સીધા જમીન = રેતી ઉપર જ મૂકવાના છે. ત્યાં જ એ પગ બરાબર પાણીમાં નિતારી - સુકવી દઈ પછી જમીન પર મૂકવાની વાત લખી છે, અને એ યોગ્ય જ છે.

તે આ પ્રમાણે :

ભીના પગ જો રેતી ઉપર મૂકે, તો તો એ બધું પગનું પાણી રેતીમાં જ નીતરે અને રેતી તો એ પાણી માટે ભયંકર શસ્ત્ર બની રહે, એને બદલે જો એ બે પગ પાણીમાં જ નીતારી દે, તો એ પગ પરનું પાણી પાણીમાં જ પડે. પાણી-પાણી માટે ભયંકર શસ્ત્ર ન બને, એ તો એમાં જીવી પણ જાય, એટલે વિરાધના ઘણી જ ઓછી થાય.

એટલે જ્યારે નદીમાંથી ચોખ્ખી જમીન ઉપર પગ મૂકવાનો વખત આવે, ત્યારે જ એ બે પગ પાણીમાં નિતારી જમીન પર મૂકવા.

(છ) આ વાતને ટેકો આપતી એક યુક્તિ આ છે કે સચિત્ત માટીમાંથી અચિત્ત માટીમાં કે અચિત્ત માટીમાંથી સચિત્ત માટીમાં પગ મૂકવાનો હોય ત્યારે જ પાદ પ્રમાર્જન કરવાનું કહ્યું છે. સચિત્ત માટીમાં ૫૦ ડગલા ચાલવાના હોય તો એ દરેકે દરેક પગલું પ્રમાર્જન કરીને મૂકવાનું કહ્યું જ નથી.

એમાં પણ ઉપર પ્રમાણેની જ બધી યુક્તિઓ લાગુ પડે છે.

સચિત્ત માટીમાં ૫૦ ડગલા, વચ્ચે પગપ્રમાર્જન નહિ.

સચિત્ત નદી જલમાં ૫૦ ડગલા, વચ્ચે પગ-નિષ્પ્રગલન નહિ.

સચિત્તમાંથી અચિત્ત માટીમાં પગ મૂકવાનો હોય, ત્યારે પગપ્રમાર્જન.

સચિત્તજલમાંથી જમીન-રેતીમાં પગ મૂકવાનો હોય, ત્યારે પગનિષ્પ્રગલન.

(જ) નદીમાં ઉતરતી વખતે સામાન્યથી પહેલા થોડા ગૃહસ્થોને જવા દઈ એમની પાછળ પાછળ જવાની વાત આવે છે.. પાછળ પણ થોડા હોય એટલે કે સાધુઓ વચ્ચે હોય, હવે દરેક પગને નીતારવા રહે, તો પાછળવાળા કંઈ રાહ ન જુએ એ સ્પષ્ટ વાત છે.

છતાં આ અંગે અન્ય ગીતાર્થોનો અભિપ્રાય જાણી શકાય.

<u>(૪૦) यद्यप्यचित्तस्तथापि कदाचित्केषाञ्चिद्वनस्पतीनामविनष्टा योनिः स्याद्, गुडूचीकङ्कटुकमुद्गादीनां, तथाहि-</u>

**गडूची शुष्काऽपि सती जलसेकात्तादात्म्यं भजन्ती दृश्यते, एवं कङ्कटुकमुद्गादिरपि, अतो योनिरक्षणार्थमचेतनयतनाऽपि न्यायवत्येवेति ।** – ઓઘનિર્યુક્તિ-૪૨

વનસ્પતિ અચિત્ત હોય, તો પણ ક્યારેક કોઈક વનસ્પતિની યોનિ અવિનષ્ટ હોય. દા.ત. ગળોસત્ત્વ, કોરડું મગ વગેરે. તે આ પ્રમાણે - ગળોસત્ત્વ સુકાઈ ગયેલું હોય = અચિત્ત થઈ ગયું હોય, તો પણ જો એમાં પાણીનો સેક કરવામાં આવે તો વળી પાછી મૂળસ્વરૂપને ધારણ કરતી દેખાય છે....એટલે યોનિનું રક્ષણ કરવા માટે અચિત્ત વનસ્પતિની યતના પણ ન્યાયવાળી જ છે.

એકબાજુ અચિત્ત પ્રત્યેક વનસ્પતિ હોય અને બીજી બાજુ અચિત્ત નિગોદ હોય તો ક્યા રસ્તે જવું ? એનો ઉત્તર શાસ્ત્રકારમહર્ષિએ એવો આપ્યો કે અચિત્ત-પ્રત્યેક વનસ્પતિ ઉપરથી પ્રથમ જવું...

પૂર્વપક્ષે પ્રશ્ન કર્યો કે જ્યારે પ્રત્યેક કે સાધારણ બે ય વનસ્પતિ અચિત્ત જ છે, ત્યારે સાધુ ગમે તે વનસ્પતિ ઉપર ચાલે, શું ફરક પડે ? હિંસા તો બેમાંથી એકેયમાં નથી. તો આવો ક્રમ બતાવવાની શી જરૂર ?

એ પ્રશ્નના ઉત્તરમાં ઉપરની શાસ્ત્રપંક્તિ છે.

જે વસ્તુ સ્વયં સચિત્ત હોય અને બીજા જીવોની ઉત્પત્તિનું સ્થાન બની શકે તેમ હોય તે સચિત્ત યોનિ. દા.ત. સ્ત્રી. એ સ્વયં સચિત્ત છે, એમાં પુત્રની ઉત્પત્તિ થાય છે. એમ માણસોનું પેટ પણ સ્વયં સચિત્ત છે, અને એમાં કરમિયા વગેરેની ઉત્પત્તિ થાય છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

જે વસ્તુ સ્વયં અચિત્ત હોય, પણ એમાં બીજા જીવોની ઉત્પત્તિ થવાની યોગ્યતા હોય... તો એ અચિત્તયોનિ કહેવાય. આમ તો દુનિયામાં કોઈપણ ચીજ એવી નહિ હોય કે જે કોઈક ને કોઈક જીવની યોનિ ન બનતી હોય, એટલે એ દૃષ્ટિએ તો બધી અચિત્તવસ્તુઓ અચિત્તયોનિ જ ગણાય. અને તેથી જો અચિત્તયોનિની રક્ષા કરવાની હોય તો કોઈપણ ચીજ વાપરી ન શકાય. એટલે અહીં એવું તાત્પર્ય લાગે છે કે જે અચિત્તયોનિમાં ગમે ત્યારે જીવોત્પત્તિની સંભાવના હોય, એ અચિત્તયોનિના વપરાશનો નિષેધ છે. દા.ત. ઉકાળેલું પાણી ૩ પ્રહર પછી અપ્‌કાયજીવોની યોનિ બનવાનું હોવાથી અચિત્તયોનિ છે, પણ ૩ પ્રહર સુધી અપ્‌કાયની ઉત્પત્તિ ન હોવાનો નિશ્ચય હોવાથી એ વાપરી શકાય. એ પાણીમાં ૩ પ્રહરની અંદર પણ જીવોત્પત્તિ થવાની સંભાવના નથી, એટલે એનો નિષેધ કરવાની જરૂર નથી. પ્રસ્તુતમાં તો એ સુકાયેલ નિગોદ અચિત્તયોનિ હોવા છતાં એમાં ગમે ત્યારે જીવોત્પત્તિની સંભાવનાને લક્ષ્યમાં રાખીને એનો નિષેધ કરેલો છે. આ એક અભિપ્રાય છે, આ અંગે વિશેષ તો બહુશ્રુતો જાણે.

જે વસ્તુમાં પહેલા તે તે જીવો ઉત્પન્ન થવાની પાત્રતા હોય, પણ પછી કોઈપણ કારણસર એ પાત્રતા ખલાસ થાય, તો એ વસ્તુ વિનષ્ટયોનિ કહેવાય. દા.ત. કોઈ સ્ત્રી એક્સીડન્ટ થવાદિ કારણોસર પુત્રોત્પત્તિ કરવાની યોગ્યતા ગુમાવી બેસે, ૬૦ વર્ષ બાદ સ્ત્રીઓ પુત્રોત્પત્તિ કરવાની યોગ્યતા ગુમાવી બેસે, તો એ વિનષ્ટયોનિ કહેવાય.

ચોમાસામાં ઘણીવાર એવું જોવા મળે છે કે વરસાદ થવાથી રસ્તાદિ ઉપર નિગોદના થર બાઝી ગયા હોય, પણ પછી અઠવાડિયું તડકો પડે - વરસાદ બંધ પડે એટલે એ બધી નિગોદ તદ્દન સુકાઈ ગયેલી દેખાય. વળી પાછો વરસાદ પડે એટલે

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૧૫૧ ॥

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એ બધી નિગોદ પાછી લીલા રંગમાં ઉપસી આવેલી દેખાય.

વચ્ચે સાતદિન એ સુકાઈ ગઈ એ અચિત્ત બની કે નહિ ? એનો નિર્ણય કરવો અઘરો છે. ધારો કે અચિત્ત બની હોય તો પણ એની યોનિ તો અવિનષ્ટ જ છે, કેમકે વરસાદ પડતાની સાથે જ એ સચિત્ત બનતી સ્પષ્ટ દેખાય જ છે. એટલે વચ્ચેના સાતદિન પણ એની ઉપર ન ચાલીને યોનિરક્ષા કરવો એ ઉચિત માર્ગ છે.

આવું દરેકે દરેક સ્થાને સમજી લેવું. હવે તો અષાઢીપુનમ પૂર્વે પણ એકાદ માસ વહેલો વરસાદ પડી જાય છે અને નિગોદ પણ થાય છે. એમાં વિહારાદિ થાય તો સચિત્ત નિગોદની કે છેવટે અચિત્ત પણ યોનિભૂત નિગોદની વિરાધના સંભવિત છે.

(અહીં યોનિરક્ષા કરવાનું જે જણાવ્યું છે, એનું તાત્પર્ય આ પ્રમાણે પણ વિચારી શકાય કે – ઉકાળેલું પાણી અચિત્ત છે, પણ યોનિ નષ્ટ નથી. માટે સમય વીત્યે પાછું સચિત્ત થાય છે. નિગોદમાં તો સુકાઈ ગયેલી નિગોદ ૫૨ વર્ષ પછી પણ વરસાદ પડે એટલે ફરીથી એ લીલી થઈ જાય છે. તાજા મગ વગેરે અચિત્ત હોય તો પણ અવિનષ્ટ યોનિના કારણે પાણીના સંગે ફરી ફણગા ફૂટે છે, માટે યોનિનાશ જરૂરી છે. એટલે યોનિરક્ષાનું તાત્પર્ય એવું પણ વિચારાય કે યોનિ હોવાથી અચિત્ત પણ ગમે ત્યારે સચિત્ત બની જાય. તેથી અચિત્તમાં પણ અન્ય જીવોનું સંક્રમણ થવાથી પગ મુકતી વેળાએ મિશ્રની સંભાવના હોય... આ વાત વિચારવી.)

<u>(૪૧) एकव्रतभङ्गे सर्वव्रतभङ्गः इति वचनात्</u> – ઓઘનિર્યુક્તિ-૪૭

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

પંચાશક વૃત્તિકાર મહર્ષિ અભયદેવસૂરિજીએ આ પંક્તિનો રહસ્યાર્થ બહુ જ સુંદર રીતે ખોલ્યો છે. તેઓએ જણાવ્યું છે કે એકવ્રતના ભંગમાં બધા જ વ્રતનો ભંગ થવાની જે વાત છે, તે અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાનીય કે પ્રત્યાખ્યાનીય કષાયના ઉદયથી જ્યારે કોઈપણ એકવ્રતનો ભંગ થાય ત્યારે સર્વવ્રતનો ભંગ થવાની વાત સમજવી.

દા.ત. એક સાધુના પગ નીચે કીડી મરી, તો એના પ્રથમવ્રતનો ભંગ થયો. પણ આ કીડી મરવામાં એનો સામાન્ય જ પ્રમાદ હતો કે અનુપયોગ જ હતો, સંજ્વલન કષાયનો જ ઉદય હતો, અને એટલે એને અતિચાર લાગવા છતાં એ છટ્ઠું ગુણસ્થાન ગુમાવી નથી બેઠો. તો અહીં બધા વ્રતોનો ભંગ માનવાનો જ નથી. રે ! પહેલા વ્રતનો પણ સંપૂર્ણ ભંગ ન ગણાય, માત્ર અંશતઃ જ ભંગ ગણાય.

પણ આ સાધુ જો નિષ્ઠુરતા પૂર્વક કીડી મારી નાંખે, એમાં એને સંજ્વલન સિવાયના કષાયોનો ઉદય જાગ્રત થાય તો એ વખતે એને પહેલા મહાવ્રતનો તો ભંગ ગણાય જ, એની સાથે બાકીના પણ ચારેય મહાવ્રતોનો ભંગ ગણાય.

પ્રશ્ન એ થાય કે બાકીના ચાર મહાવ્રતોમાં તો એણે કોઈ ગરબડ કરી જ નથી, તો એને એનો ભંગ શી રીતે ગણાય ?

એનું સમાધાન એ કે બાહ્ય દૃષ્ટિથી - વ્યવહારથી ભલે એણે બધા મહાવ્રતોનો ભંગ નથી કર્યો. પણ એ છટ્ઠું ગુણસ્થાન ગુમાવી પહેલે પહોંચી ગયો છે, અને પહેલે તો વિરતિ હોય જ નહિ. મહાવ્રતો એટલે સર્વવિરતિ ! પહેલે-ચોથે કે પાંચમે મહાવ્રતરૂપી સર્વવિરતિ નથી જ. હવે જો આ સાધુને બાકીના ચાર મહાવ્રતોની હાજરી માનીએ તો એને વિરતિની હાજરી

માનવી પડે. પણ નીચે તો સર્વવિરતિ છે જ નહિ. એટલે ભલે બાહ્યદૃષ્ટિથી એણે ચાર મહાવ્રતોમાં કોઈ ભૂલ ન કરી હોય તો પણ આંતરિક મહાવ્રતની પરિણતિ રૂપ વિરતિ તો એણે ગુમાવી જ છે, એટલે એ દૃષ્ટિએ એને પાંચેય મહાવ્રતોનો ભંગ થયેલો જ ગણાય.

આ વાત સૂક્ષ્મ દૃષ્ટિએ અપેક્ષાએ જાણવી. સ્થૂળ વ્યવહાર તો એમ કહે કે આણે એક વ્રતનો ભંગ કર્યો છે, બીજા-ત્રીજા વગેરે વ્રતોમાં એણે કોઈ ભૂલ કરી જ નથી, તો પછી એને સર્વવ્રતનો ભંગ શી રીતે ગણાય ? લોકોમાં પણ કોઈ એમ નથી બોલતું કે 'કીડી મારનારાએ ચોથાવ્રતનો ભંગ કર્યો." પણ કીડી મારનારાને પહેલા વ્રતનો ભંગ જ કહેવાય છે.

**(૪૨) यदि ग्लानो गन्तुं पारयति, तत उत्सर्गेण स एव नीयते । अथ न पारयति ततोऽन्ये साधवो वैद्यसकाशे गमनं कुर्वन्ति । – ઓઘનિર્યુક્તિ-૭૧**

સાધુ માંદો પડે અને એની ચિકિત્સા કરવા માટે વૈદ્યનો ઉપચાર કરવો જરૂરી પડે. તો એ માટે સાધુને વૈદ્યની તપાસ કરાવવી પડે. પ્રશ્ન એ છે કે વૈદ્યને સાધુ પાસે ઉપાશ્રયમાં લાવવો ? કે સાધુએ વૈદ્યની પાસે એના ઘરે દવાખાને જવું ?

શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે જો ગ્લાન ચાલી-ચાલીને વૈદ્યના ઘરે જવા સમર્થ હોય, એવી અતિગાઢ બિમારી ન હોય કે ચાલી-ચાલીને વૈદ્યના ઘરે પણ ન પહોંચી શકે...તો ઉત્સર્ગમાર્ગ એ જ છે કે ગ્લાન સાધુને જ વૈદ્ય પાસે લઈ જવો.

આવો આચાર દર્શાવવા પાછળ અનેક કારણો સંભવી શકે છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

(ક) વૈદ્યને ઉપાશ્રયમાં બોલાવીએ તો વૈદ્ય સાધુ નિમિત્તે જ ચાલતો ચાલતો કે વાહનમાં ઉપાશ્રયમાં આવે, એમાં જે કંઈપણ ષટ્કાયની વિરાધના થાય એ બધાનો દોષ સાધુને લાગે. સાધુ સ્વયં ત્યાં જાય તો આ દોષથી બચી જાય.

(ખ) જો વૈદ્યને અહીં બોલાવીએ તો એ અધર્મ ન પામી જાય એ માટે ઉપાશ્રયની ચોખ્ખાઈ કરાવવી પડે... વૈદ્યને બેસવા-જમવા વગેરેની વ્યવસ્થાઓ ગોઠવવી પડે...ઘરે-ઉપાશ્રયે આવીને ચિકિત્સા કરવાનું મૂલ્ય પણ વૈદ્ય દોઢું-બમણું લે...આ બધો બોજો સાધુઓ ઉપર કે છેવટે સાધુઓ દ્વારા શ્રાવકો ઉપર રહે.

(ગ) વૈદ્ય જો પોતાને ત્યાં બેઠેલા બીજા રોગીઓને રાહ જોવડાવીને સાધુને ચકાસવા આવે તો એ બધા રોગીઓએ રાહ જોવી પડે, એમાં તેમને સંતાપ-આર્તધ્યાનાદિ થાય... એ બધાનો દોષ પણ સાધુને લાગે.

(ઘ) વૈદ્ય જો બધા રોગીઓને જોયા બાદ જ સાધુ પાસે આવવાનું નક્કી કરે તો એને આવવામાં વિલંબ થાય. એટલો સમય ગ્લાન સાધુએ દવા ન મળવાના કારણે વધુ હેરાન થવું પડે.

(ચ) મામુલી મામુલી કારણે વૈદ્યને ઉપાશ્રયે બોલાવવામાં આવે તો પછી 'વાઘ આવ્યો રે...' એ ન્યાયે ગંભીર બિમારી વખતે પણ આવવાનું ટાળી દે. ક્યારેક વૈદ્યને અણગમો પણ થાય.

આવા કારણોસર જ શાસ્ત્રકારોએ સમર્થ ગ્લાનને વૈદ્ય પાસે લઈ જવાની જ પ્રથમ આજ્ઞા ફરમાવી છે.

રે ! ગ્લાનસાધુ વૈદ્ય પાસે જવા સમર્થ ન હોય, તો પણ વૈદ્યને ગ્લાન પાસે લાવવાની વાત અહીં નથી કરી. પણ બીજા સાધુઓ વૈદ્ય પાસે જઈ ગ્લાનની બધી જ પરિસ્થિતિ મોઢેમોઢ જણાવી એ પ્રમાણે વૈદ્ય જે દવા દર્શાવે, એ મુજબ ગ્લાનની

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ચિકિત્સા કરે. મોટાભાગના રોગોની ચિકિત્સા તો આ રીતે જ થઈ જતી.

હા ! વૈદ્ય જ એમ કહે કે "મારે ગ્લાનને ચકાસવો પડશે, એ સિવાય દવા આપવી યોગ્ય નથી." અને બીજી બાજુ ગ્લાનને વૈદ્ય પાસે લાવવો શક્ય નથી. તો આવી પરિસ્થિતિમાં જ છેવટે વૈદ્યને ગ્લાન પાસે લઈ જાય...

સામાન્ય કંઈક બિમારી આવે અને આપણે ડોક્ટરોને ફોન કરાવીને ઉપાશ્રયે બોલાવીએ, સંઘને એ માટે ઉતાવળ કરાવીએ... તો એ કેટલું ઉચિત ?...એ બધું આપણે વિચારવું જોઈએ.

(જો કે આજે દવાખાના દૂર થયા, રસ્તામાં ટ્રાફિક હોય, દવાખાનામાં ભીડ-સંઘટ્ટાની ઘણી સંભાવના - લાઈટ - પંખો વગેરે ચાલતું હોય, હવે તો ટી.વી. વગેરે પણ ટાઈમપાસ માટે રાખે છે....

આ બધાનો પણ વિચાર કરવો જરૂરી છે. સંયમીઓ આ બાબતમાં પોતાના ગુરુજનોની સલાહ લઈ ઉચિત પ્રવૃત્તિ કરે એ વધુ યોગ્ય છે.)

**(૪૩) असाम्भोगिकसकाशं प्रविशता तदनाक्रान्ते भूप्रदेशे निक्षिप्योपकरणं ततः कृतिकर्मादि साम्भोगिकेष्विव सर्वं कर्तव्यमिति, तदानाक्रान्तभूभागे चोपकरणं स्थापयति, मा भूच्छिक्षकाणां तत्सामाचारीदर्शनेऽन्यथाभावः स्यादिति । – ओघनिर्युक्ति-७२**

જે સાધુઓ સંવિગ્ન-સદાચારી હોય પરંતુ તેઓની સામાચારી આપણા કરતા જુદી હોય તેવા સાધુઓ અસાંભોગિક

ગણાય, કારણસર એકાકી ગયેલો સાધુ જ્યારે અસાંભોગિક સાધુઓ પાસે પહોંચે ત્યારે પોતાની ઉપધિ વગેરે અસાંભોગિક સાધુઓના વપરાશ વિનાની જગ્યામાં જ મૂકે, પણ અસાંભોગિકો જોઈ શકે એ રીતે ન મૂકે અને પછી સાંભોગિકોમાં જે રીતે કૃતિકર્માદિ કરતો હતો, એ જ રીતે અહીં પણ બધું જ કરે.

અસાંભોગિકોના વપરાશ વિનાની જગ્યામાં બધા ઉપકરણ રાખે, કેમકે જો તેઓના વપરાશવાળી જગ્યામાં ઉપકરણ મૂકે તો નૂતનદીક્ષિત સાધુઓ આ સાધુની જુદા પ્રકારની સામાચારી જોઈ વિપરીત પરિણામને પામે.

ઉપરની પંક્તિઓમાં બે અત્યંત મહત્ત્વની બાબતો દર્શાવી છે.

(૧) અસાંભોગિકોને વંદનાદિ કરવાના જ છે. એ પણ માત્ર **મત્થએણ વંદામિ** નહિ, પણ દ્વાદશાવર્ત વંદન પણ યથાયોગ્ય કરવાના છે. આ જ ગ્રન્થમાં આગળ એવો સ્પષ્ટ પાઠ દર્શાવવાના જ છે.

(૨) અસાંભોગિકો સાથે વંદન સિવાય બીજો કોઈ ગોચરી-પાણી-પ્રતિલેખનાદિ અંગેનો વ્યવહાર કરવાનો નથી. આ જ પંક્તિઓની પૂર્વે આ ગાથામાં એવું પણ લખેલ છે કે આ સાધુ અસાંભોગિક સાધુની વૈયાવચ્ચ કરે, તો પણ એમની સાથે એક વસતિમાં ન રહે, પોતે એકલો જુદી વસતિમાં રહીને ગ્લાનની વૈયાવચ્ચ કરે.

આ બે બાબતો ખૂબ જ અગત્યની - ખૂબ જ ઉપયોગી છે.

(૧) અસાંભોગિકોને આજે વંદન કરવામાં આવતા નથી. માત્ર **મત્થેણ વંદામિ** કરવાનો આચાર છે. પણ પ્રાચીન પરંપરા અને શાસ્ત્રપાઠોને આધારે વિચારીએ તો તો અસાંભોગિકો સાથે પણ વંદન વ્યવહાર હતો જ. એનું કારણ પણ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

વાસ્તવિક મળી આવે છે કે અસાંભોગિકોની સામાચારી આપણી સામાચારી કરતા જુદી છે, એટલું જ બાકી તેઓ શિથિલ-ચારિત્રભ્રષ્ટ-વેષમાત્રધારી નથી. સારા-સંયમી-સંવેગી સાધુ છે. હવે જો એ સુસાધુ જ છે અને આપણા કરતા પર્યાયમાં અધિક છે, તો એને વંદન થઈ શકે.

આ આચારનો મોટો લાભ એ કે પરસ્પર વાત્સલ્યભાવ વૃદ્ધિ પામે, પરસ્પરના આંખોના ઝેર ઘટે, એકબીજા માટે ધાર્મિક લાગણી પ્રગટે, ઈર્ષ્યા-રોષના ભાવો ખતમ થાય, વંદનવિધિની તાકાત કંઈ ઓછી નથી. લોકોમાં પણ સદ્ભાવ વધી શકે.

ઓઘનિર્યુક્તિમાં ત્રણ-ચાર જગ્યાએ અસાંભોગિકો વચ્ચે પરસ્પર વંદન વ્યવહાર હોવાની વાત એકદમ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવેલી છે. છતાં પૂર્વાચાર્યોએ કોઈક અકળ પુષ્ટ કારણોસર અસાંભોગિકો સાથેનો વંદનવ્યવહાર બંધ કર્યો છે, એટલે અત્યારે જે પરસ્પર વંદન વ્યવહાર થતો નથી. એ પૂર્વાચાર્યોએ પ્રવર્તાયેલી સામાચારી જાણવી.

(૨) અસાંભોગિકો સાથે જેમ વંદન વ્યવહાર કરવામાં ઘણો લાભ છે, તેમ ગોચરી-પાણી વગેરેનો વ્યવહાર કરવામાં એટલું જ નુકસાન છે.

ઘણાને એવું થાય કે "સાથે બેસીને ગોચરી વાપરીએ તો કેટલી બધી આત્મીયતા વધે...એકબીજાના પ્રતિલેખન કરી આપે... પાણીની ભક્તિ કરે...આ બધાથી સાધુઓ પરસ્પર ખૂબ જ નજીક આવે..."

પણ આમાં લાભ કરતા નુકસાન વધારે છે.

પ્રથમ તો માત્ર એટલું જ વિચારીએ કે શાસ્ત્રકારો સાધુને એકલા જુદા ઉપાશ્રયમાં રહેવાની રજા આપે છે, પણ

અસાંભોગિકોની સાથે રહેવાની રજા આપતા નથી. તો શાસ્ત્રકારોના મનમાં શું ભય પડેલો છે ? એ આપણે વિચારવો જોઈએ. શાસ્ત્રકારોને કંઈ 'સાધુઓનો પરસ્પર મૈત્રીભાવ ગમતો નથી'' એવું નથી. છતાં તેઓ આટલી સખ્તાઈ કરે છે, તો એની પાછળના કારણો ચકાસવા જોઈએ.

એનું કારણ શાસ્ત્રકાર મહર્ષિએ ટુંકાણમાં જણાવી જ દીધું છે કે એકબીજાની જુદી-જુદી સામાચારી જોઈને અપરિપક્વ સાધુઓના પરિણામો પલ્ટાય. કાં તો તેઓને પોતાની સામાચારી કરતાં સામેવાળાની સામાચારી સારી લાગવાથી પોતાના ગુર્વાદિ પ્રત્યે અરુચિ ઉત્પન્ન થાય અને ધીમે ધીમે તે સામેની સામાચારી પ્રમાણે જીવવા માંડે. આમ એક ગચ્છમાં બે જુદી જુદી સામાચારી શરૂ થવાથી પછી ઝઘડા-કંકાસ-બોલાચાલી વગેરે થાય.

અથવા તો એને સામેવાળાની સામાચારી બેહુદી-ખરાબ-વિચિત્ર લાગે, તો તેઓ પ્રત્યે અસદ્ભાવ પામે, એમના નિંદા-તિરસ્કારાદિ કરી ચિક્કાર પાપકર્મ બાંધે.

સામાચારી ભેદના અને તેનાથી થનારા નુકસાનોના કેટલાક દૃષ્ટાન્તો જોઈએ.

(ક) કેટલાક ગચ્છોમાં પરાતો પણ ૨૫ બોલથી પ્રતિલેખન કર્યા બાદ જ વાપરવાની સામાચારી છે, કેટલાક ગચ્છોમાં પરાતો ૨૫ બોલથી પ્રતિલેખન કર્યા વિના માત્ર પુંજણીથી પૂંજીને જ વપરાશમાં લેવાની સામાચારી છે. હવે આ બે વચ્ચે ગોચરી-પાણી વ્યવહાર થાય તો ક્યારેક જે સાધુઓ બોલ બોલ્યા વિના પરાતોમાં પાણી ઠારશે, એમના પ્રત્યે બીજાઓને ઉદ્વેગ થવાનો. તેઓ તો કહી પણ દે કે,''આ પાણી અમે નહિ વાપરીએ. અપ્રતિલેખિત પરાતમાં કેવી રીતે ઠરાય ?''

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

કેટલાક સાધુ વળી એમ વિચારે કે,"આ લોકોનો આચાર સારો છે. ૨૦-૨૫ પરાતો પ્રતિલેખન કરવાની કોઈ ઝંઝટ જ નહિ. માત્ર પૂંજીને પરાતો મૂકી દેવાય..." અને ધીરે ધીરે તે સાધુઓ પણ પ્રતિલેખન વિના પરાતો વાપરતા થાય. એ જોઈ એમના સાધુઓ એમને ઠપકો આપે... પરસ્પર ફોગટની ચર્ચા-વિચારણા થાય...

(ખ) કેટલાક ગચ્છો ૧૦૦ ડગલાની અંદરથી ગોચરી-પાણી લાવવાના હોય, તો દાંડો-કામળી વિના પણ વહોરતા હોય, એમના ગુરુએ સંમતિ આપી હોય, તો કેટલાક ગચ્છો કોઈપણ જગ્યાએ ગોચરી-પાણી વહોરવાના હોય, દાંડો-કામળી સાથે રાખીને જ વહોરનારા છે, છેવટે દાંડો તો રાખે જ. અહીં પણ ઉપર મુજબ દાંડા વિના લવાયેલ ગોચરી-પાણીનો બીજા સાધુઓ ઉપયોગ કરવાની ના પાડે. પરસ્પર બુદ્ધિભેદ થાય. અથવા દાંડો લીધા વિના ગોચરી પાણી લાવવામાં અનુકૂળતા થવાથી એ ગમી જાય અને પોતાના આચાર પ્રત્યે અરુચિ થાય....

(ગ) કેટલાક ગચ્છો અમુક કારણોસર અંધારામાં વહેલું પ્રતિલેખન કરી લેનારા હોય, કેટલાક ગચ્છો કટ્ટરતા સાથે અજવાળામાં પ્રતિલેખન કરનારા હોય. હવે આ બે વચ્ચે જો પ્રતિલેખનાદિ વ્યવહાર શરૂ થાય તો વહેલા પ્રતિલેખન કરનારાઓ તો ભોળાભાવે આ મોડા પ્રતિલેખન કરનારાઓની ઉપધિનું પ્રતિલેખન કરવા આવે...આ બધા ના પાડે..કો'ક કડવા શબ્દો પણ કહી દે કે,"આટલું વહેલું પ્રતિલેખન કરાતું હશે. આ કંઈ પ્રતિલેખન કહેવાય...?" આ બધું બનવાથી એ સાધુઓને આઘાત લાગે, દુઃખ પ્રગટે. મોડા પ્રતિલેખનવાળાઓ પછી તો જ્યારે પણ પ્રતિલેખન અંગેની વાત નીકળે, ત્યારે વહેલા પ્રતિલેખનવાળાઓની નિંદા-મશ્કરી કરે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ક્યારેક એવું પણ બને કે મોડા પ્રતિલેખનવાળો કોઈક સાધુ નબળો હોય તો એ આ વહેલા પ્રતિલેખનની ક્રિયા જોઈ આકર્ષાય, એને મજા પડે. "આ સારું. જલ્દી જલ્દી તૈયાર થઈ જવાય..." પછી એમના સંગે એ પણ વહેલું-અંધારામાં પ્રતિલેખન કરવા માંડે. એ જોઈ એના સાધુઓ સાથે એને કલહ થવાનો જ.

(ઘ) વર્તમાનકાળમાં કેટલાક ગચ્છો સવારે વસતિ જોયા વિના પણ (જોગ ન હોય ત્યારે) દશવૈકાલિક વગેરે આગમગ્રન્થોનો સૂત્રપાઠ કરવાની સંમતિ આપે છે. "વસતિ અશુદ્ધ જણાય, તો પાઠ ન કરવો. પણ વસતિ અશુદ્ધ છે કે નહિ ? એ તપાસ કરવા આખી વસતિ જોવાની જરૂર નહિ." એમ તેઓ જણાવે છે.

કેટલાકો વસતિ જોયા બાદ એ શુદ્ધ જણાય તો જ આગમાભ્યાસ કરવાનો આચાર ધરાવે છે.

(ચ) કેટલાકો ઝોળીના ગુચ્છાઓ પરસ્પર ચોંટી જાય એવા પ્રકારના રાખે છે. કેટલાકો બટનવાળા રાખે છે. તો કેટલાકો આ બેયની ના પાડી માત્ર દોરીથી બાંધવાના ગુચ્છા જ વાપરે છે.

(છ) કેટલાકો અંધારામાં ભગવાન અને દાંડો વગેરે દેખાય એ માટે ભગવાનની દાંડી અને દાંડા ઉપર રેડીયમ ચોંટાડે છે - રેડીયમની નિશાની ચોંટાડે છે. કેટલાકો આ રીતે રેડીયમ લગાડવું અનુચિત જાણી કદી એનો ઉપયોગ કરતા નથી.

(જ) કેટલાકો ટામેટા વાપરે, કેટલાકો ન વાપરે...

(ઝ) કેટલાકો માવાવાળી મીઠાઈ વાપરે, કેટલાકો માવાવાળી તમામ વસ્તુનો નિષેધ કરે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણ મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

(ટ) વાપરવા બાબતમાં તો અત્યારે સેંકડો સામાચારીભેદો પડી ચૂકેલા છે. એનું લીસ્ટ ઘણું ઘણું મોટું બની જાય છે.

(ઠ) કેટલાકો માત્રુ પરઠવ્યા બાદ પ્યાલો અવશ્ય કપડાથી=માતરીયાથી લુંછે, કેટલાકો આ રીતે કપડાથી લુંછતા નથી. પ્યાલો એમને એમ ઇંટના ટેકે સૂકવી દે છે.

(ડ) કેટલાકો કપડાનો ગળણા તરીકે ઉપયોગ કરે છે, પ્લાસ્ટીકની ગળણી વાપરતા નથી. કેટલાકો પ્લાસ્ટીકની ગળણીનો પણ પાણી ગળવા માટે ઉપયોગ કરે છે.

(ઢ) કેટલાકો લાઈટ-ગ્લોબ વગેરેના પ્રકાશને સંપૂર્ણપણે સચિત્ત માને છે, તો કેટલાકો કોટેડ લાઈટ વગેરેના પ્રકાશને સંપૂર્ણપણે અચિત્ત માને છે. તો વળી કેટલાકો તમામે તમામ લાઈટ-ગ્લોબાદિના પ્રકાશને સચિત્ત માને છે.

(ત) કેટલાકો વિગઈવાળી નિર્દોષ ગોચરી કરતા આંબિલની દોષિત ગોચરીને ઓછી નુકસાનકારી ગણી દોષિત પણ આંબિલ કરી વિગઈઓ ત્યાગવાની પ્રરૂપણા કરનારા છે, તો કેટલાકો દોષિત આંબિલ કરતા નિર્દોષ રોટલી-દાળશાકમાં આવતી અલ્પ વિગઈવાળી ગોચરીને ઓછી નુકસાનકારી ગણનારા છે.

(થ) કેટલાકો પુરિમઢ્ઢ પછી તરત જ ઉપધિ પ્રતિલેખન કરી લેનારા છે, તો કેટલાકો ત્રીજા પ્રહરના અંતમાં = લગભગ અવઢ્ઢ વખતે ઉપધિ પ્રતિલેખન કરનારા છે.

(દ) કેટલાકો બપોરના પ્રતિલેખન બાદ બધું બીજીનું પાણી બીજીવાર ગળીને જ વાપરનારા છે, તો કેટલાકો બીજીનું

પાણી લાવતી વખતે એકવાર ગળ્યા બાદ પછી બપોરે પ્રતિલેખન બાદ બીજીવાર ગળતા નથી.

(અલબત્ત ગીતાર્થ સંવિગ્ન મહાત્માએ પ્રવર્તાવેલો તે તે ગચ્છનો આચાર જ સામાચારી ગણાય. બાકી અગીતાર્થ કે અસંવિગ્ન સાધુ અણસમજ કે સુખશીલતાના કારણે કોઈ આચાર પ્રવર્તાવે તો એ સામાચારી ન ગણાય. ઉપરના દૃષ્ટાન્તોમાં જો કોઈ બાબતો સુખશીલતાદિથી પ્રવર્તેલી હોય તો એ સામાચારી ન ગણવી.)

આવી તો નાની-મોટી સેંકડો બાબતો છે કે જે સામાચારીભેદ રૂપ છે,. અને એ અપરિપકવ સાધુઓના આંતરપરિણામોમાં ભારે ઉથલપાથલ મચાવનાર છે. આપણને ભલે આ બધી બાબતો કે એના નુકસાનો સામાન્ય દેખાય પણ શાસ્ત્રકારો તો આના નુકસાનોને એટલી બધી ગંભીરતાથી નીરખે છે કે એના કારણે જ સાધુને છેક એકાકી રહેવાની પણ છૂટ આપે છે.

આપણે શાસ્ત્રકારોની ઈચ્છાને અનુસરીએ.

અલબત્ત શાસ્ત્રકારોએ માત્ર ગોચરી વગેરેનો વ્યવહાર જ નિષેધ્યો છે, વંદનવ્યવહાર નહીં...છતાં અકળ કારણે પૂર્વાચાર્યોથી વંદનવ્યવહાર પણ ઘણુંખરું બંધ થયેલો છે. અલબત્ત, બહુગીતાર્થો કોઈ નિર્ણય લઈને પુનઃ તે શરૂ કરે તો વાત જુદી છે.

(**સૌથી મહત્ત્વની વાત :** આવા સામાચારી ભેદ માત્રથી કેટલાક પોતાને ઊંચા સંયમી માને ને બીજાને તિરસ્કારે અને વળી એ વાત માત્ર શિષ્યોમાં નહીં, ગુરુઓમાં પણ દેખાય ને તેથી મુમુક્ષુને પણ એ રીતે તે ગુરુજનો ઉશ્કેરે તો એ કેટલું

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૧૬૩ ॥

ઉચિત ગણાય? સામાચારી ભેદે પણ વંદન વ્યવહાર સંયમ ચૂસ્ત હોવાના કારણે જો માન્ય છે તો પછી ઊંચુ કોણ ને નીચું કોણ ? શિષ્યોને પણ સમજાવાય કે સામાચારી ભેદ છે, માટે જ ગોચરી વ્યવહાર નથી. પણ તેટલા માત્રથી આપણે મહાન નથી થઈ જતા.)

**(૪૪) <u>याऽसौ प्रवर्तिनी, सा कदाचित्स्थविरा भवति, कदाचिच्च तरुणीति अतो विभाषा=विकल्पना, तत्र यदि स्थविरा निर्गच्छति तत आत्मद्वितीयाऽऽत्मतृतीया वा । अथ तरुणी ततः स्थविराभिस्तिसृभिश्चतसृभिर्वा सह निर्गच्छति ।</u> – ઓઘનિર્યુક્તિ-૭૭**

આમ તો સાધુએ સાધ્વીજીઓ સાથે બિલકુલ પરિચય કરવાનો નથી, પણ એ પરિચય ન કરવા પાછળનું કારણ તો સ્વપરના બ્રહ્મચર્યની રક્ષા જ છે. સાધુ સાધ્વી સાથે વાતચીત વગેરે ન કરે એમાં એને કંઈ સાધ્વીજીઓ ઉપર દ્વેષ છે - સાધ્વીજીઓ સાથે અબોલા છે... એવું નથી, પણ જિનાજ્ઞાનું પાલન કરવા - બ્રહ્મચર્યની નિર્મળતા જાળવી રાખવા સાધુ સામાન્યથી કોઈપણ સાધ્વીજી સાથે કશા પ્રકારની વાતચીત વગેરે ન કરે.

પણ પ્રસ્તુતમાં તો ગીતાર્થ સાધુ ગુરુના કાર્ય માટે એકલો નીકળ્યો છે, એના હૃદયમાં સંયમી માત્ર પ્રત્યે અપાર વાત્સલ્ય-બહુમાનભાવ છે. એ સાધ્વીજીઓને એક સંયમી તરીકે = સાધર્મિક તરીકે જ નિર્મળભાવથી સમજે છે. એટલે જ એમને પડતી મુશ્કેલીઓ દૂર કરવાના ઉદ્દેશથી એમના ઉપાશ્રયમાં પ્રવેશે છે અને ઉપાશ્રયના મકાનની બહાર જ ઊભો રહી અંદર રહેલા સાધ્વીજીઓને પોતાના આગમનના સમાચાર જણાવે છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

હવે અંદર રહેલા સાધ્વીજીઓએ શું કરવું ? એની વિધિ બતાવતા અહીં કહે છે કે જો મુખ્ય સાધ્વી વૃદ્ધા હોય તો એ બીજા કોઈપણ એક સાધ્વીજી સાથે બહાર નીકળે અને સાધુ સાથે યોગ્ય વાતચીત કરે. જો મુખ્ય સાધ્વી યુવાન હોય તો ત્રણ કે ચાર સ્થવિરા સાધ્વી સાથે બહાર નીકળી આગન્તુક સાધુ સાથે ઉચિત વાર્તાલાપ કરે.

આ કેટલી બધી સમજણપૂર્વકની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે !

ઉપરની બાબતો ધ્યાનથી વિચારતા કેટલીક બાબતોનું સ્પષ્ટીકરણ થાય છે.

(ક) આવનાર સાધુ સાથે વાતચીત વગેરે તો મુખ્ય સાધ્વીજી જ કરે. બીજા કોઈપણ સાધ્વીજી એ સાધુ સાથે વાતચીતાદિ કરી શકતા નથી. મુખ્ય સાધ્વી વૃદ્ધ હોય કે યુવાન, પણ એમણે જ બધો વાર્તાલાપ કરવાનો છે. “એ બીજા સાધ્વીજીઓને બહાર મોકલી આપે, અને તેઓ વાત કરે”...એ બધું ન ચાલે.

(ખ) સામાન્યથી અચાનક કોઈ સાધુ પરગામથી સાધ્વીજીના ઉપાશ્રયે જઈ ચડે તો સહજ છે કે બધાને એવી ઉત્કંઠા થાય કે “કોણ આવ્યું છે ? શા માટે આવ્યું છે ?” એટલે બધા સાધ્વીજીને મન થાય કે “આગન્તુકને જોઈએ” પણ છતાં અહીં તો શાસ્ત્રવિધિ એવી જડબેસલાક છે કે સુવિહિત શ્રમણીઓ આવી ઉત્કંઠા-ઉત્સુકતાનો ભોગ બનતા નથી. વિજાતીય સાથે જરૂર પુરતી, અતિ-આવશ્યક જ વાતચીત કરવાની હોય છે, એટલે જ ભલે ને મકાનમાં ૨૫-૩૦-૪૦ સાધ્વીજીઓ હોય, પણ મુખ્ય વૃદ્ધા સાધ્વી અને બીજા એક સાધ્વીજી...એમ બે સિવાય કોઈપણ સાધ્વીજી બહાર ન આવે. બહાર ડોકિયું પણ ન કરે. બધા પોતાના સ્વાધ્યાયાદિ કાર્યોમાં લીન રહે. આગન્તુક સાધુને હિતોપદેશ આપવાની પણ કોઈ વિનંતિ સાધ્વીજીઓ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

દ્વારા કરાતી નથી.

(ગ) યૌવનનો મદ અતિભયંકર છે, ભલભલા જ્ઞાની-સમજુઓ પણ યૌવનના નશામાં ક્યારેક ભાન ભૂલી જાય. મુખ્ય સાધ્વીજી જો યુવાન હોય તો ભલે એ ગમે તેટલું ભણેલા હોય, આખા ગ્રુપના સંચાલક હોય, સમજું-પરિપક્વ હોય...પણ યૌવનના મદમાં ક્યારેક કશીક ગરબડ થઈ જાય તો ? એટલે જ જ્યારે આ મુખ્ય સાધ્વીજી યુવાન હોય ત્યારે એમની સાથે એક-બે નહિ, પણ ત્રણ/ચાર વૃદ્ધ સાધ્વીજીઓ પણ બહાર નીકળે. તેઓ અનુભવી - પીઢ - ઠરેલ હોય, ઉંમર થઈ ગઈ હોવાથી એ વૃદ્ધ સાધ્વીજીઓને બીજી કોઈ મુશ્કેલી ન પડે...અને તેઓ મુખ્ય સાધ્વીજીની રક્ષા કરી શકે.

ખ્યાલ રાખવો કે મુખ્ય યુવાન સાધ્વીજી સાથે બીજા એકપણ યુવાન સાધ્વીજી બહાર નીકળતા નથી. કેમકે બીજા યુવાન સાધ્વીજી કોઈ જ લાભ કરી શકનારા બની શકે એમ નથી.

(ઘ) આ વિધિ વિચારતા એમ લાગે છે કે મુખ્ય સાધ્વીજી સિવાયના પણ બીજા યુવાન સાધ્વીજીઓ પણ ઉપાશ્રયાદિમાં આવીને જે તે સાધુઓને વંદન કરે, પછી એમની સાથે વાર્તાલાપ કરે...આ બધું ઉચિત નથી. અહીં શ્રમણીજીવનની મર્યાદાના ભંગ થતા સાક્ષાત દેખાય છે.

મુખ્ય સાધ્વીજી સિવાય કોઈપણ સાધ્વીજીઓએ સાધુ વગેરે સાથે કોઈપણ પ્રકારનો વાતચીતાદિ રૂપ પરિચય કરવો ઉચિત નથી.

રે ! આશ્ચર્યની વાત તો એ છે કે મુખ્ય સાધ્વીજી સિવાયના બીજા સાધ્વીજીઓ ઉત્સર્ગ માર્ગે તો આચાર્યશ્રી સાથે પણ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પરિચય કરી શકતા નહિ.

જુઓ.

પ્રાચીનકાળમાં આચાર્ય જ બધા સાધ્વીજીઓને બધા વસ્ત્રો પહોંચાડતા. સાધ્વીજીઓ શ્રાવકાદિ પાસેથી સીધા જ વસ્ત્રો લઈ શકતા નહિ. આચાર્ય જ સાધ્વીજીઓના વસ્ત્રો ભેગા કરે અને પછી એમને પહોંચાડે. પણ ત્યાં સ્પષ્ટ ફરમાન કર્યું છે કે આચાર્યશ્રીએ મુખ્ય સાધ્વીજી=પ્રવર્તિનીને જ બધા વસ્ત્રો આપવા. બીજા કોઈપણ સાધ્વીજીને આચાર્ય સ્વયં વસ્ત્ર ન આપી શકે. જો આપે, તો એ પ્રાયશ્ચિત્તના ભાગીદાર બને. પ્રવર્તિની સાધ્વીજી જ આચાર્ય પાસેથી વસ્ત્રો મેળવી સાધ્વીજીઓમાં જરૂરિયાત પ્રમાણે વહેંચી આપે.

હવે આ શાસ્ત્રીય વિધિ જ સ્પષ્ટ દેખાડે છે કે આચાર્ય પ્રવર્તિની સાધ્વીજી સિવાયના અન્ય સાધ્વીજીઓ સાથે વસ્ત્ર આપવાદિ વ્યવહાર કરી શકતા નહિ.

બીજી વાત એ કે બૃહત્કલ્પસૂત્રમાં ઘણા બધા સૂત્રો એવા છે કે જેની નિર્યુક્તિગાથા-વૃત્તિ વગેરેમાં જણાવ્યું છે કે "આ સૂત્રનો અર્થ જો આચાર્ય પ્રવર્તિનીને ન કહે તો પ્રાયશ્ચિત્ત આવે, જો પ્રવર્તિની સાધ્વીજીઓને ન કહે તો એમને પ્રાયશ્ચિત્ત આવે. જો સાધ્વીજીઓ પ્રવર્તિનીની વાત ન સાંભળે...તો એમને પ્રાયશ્ચિત્ત આવે."

આ હકીકત ઘણી ઘણીવાર બૃહત્કલ્પમાં વર્ણવાયેલી જોવા મળે છે. આમાં સૂત્રાર્થકથનનો ક્રમ આચાર્ય-પ્રવર્તિની-સાધ્વીજીઓ... એમ રાખેલો છે. હવે જો આચાર્ય જ બધો સૂત્રાર્થ બધા સાધ્વીજીઓને કહી દેતા હોત તો પછી પ્રવર્તિનીએ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
॥૧૬૭॥

સાધ્વીજીઓને એ અર્થ કહેવાની જરૂર જ ન રહે. પણ અહીં તો સ્પષ્ટ જણાવેલ છે કે આચાર્ય પ્રવર્તિનીને કહે (બધા સાધ્વીજીઓને નહિ) અને પ્રવર્તિની બધા સાધ્વીજીઓને કહે....

ખૂબ જ ગંભીરતાપૂર્વક આ પદાર્થ વિચારવો જોઈએ. જો આચાર્ય પણ પ્રવર્તિની સિવાય બીજા સાધ્વીજીઓ સાથે વધુ પડતા પરિચયાદિ ન કરતા હોય, તો પછી બીજા સામાન્ય સાધુઓ બીજા સામાન્ય સાધ્વીજીઓ સાથે વાર્તાલાપાદિ શી રીતે કરી શકે ?

હા ! અપવાદમાર્ગે પરિપક્વ સાધુઓને આ સંમતિ આપવામાં આવી હોય તો તો હજી કદાચ બરાબર ! પણ આવી સંમતિ નહિ પામેલા-અપરિપક્વ સાધુઓ પણ સાધ્વીપરિચય કરે તો ?

**(૪૫) अथासौ ग्लान एवमाह यदुतैते निर्धर्मा मम न परिचेष्टां कुर्वन्ति, ततश्चासौ साधुः वैयावृत्त्यं करोति । पुनश्चासौ साधुस्तं ग्लानमेवं ब्रवीति – अमीषां निर्द्धर्माणां मध्येऽनालोचिताप्रतिक्रान्तः कथञ्चिदेव त्वं नष्टो मृत इति । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૩૭**

જે પ્રવૃત્તિ સાક્ષાત કે પરંપરાએ મોક્ષનું કારણ બને, એ જ પ્રવૃત્તિ શાસ્ત્રકારો માન્ય રાખે છે. જે પ્રવૃત્તિ સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષનું કારણ ન બને એ પ્રવૃત્તિ શાસ્ત્રકારો માન્ય રાખતા નથી, એનું ખંડન કરતા પણ તેઓ ખચકાતા નથી.

સામાન્યથી દીક્ષાદાતા ગુરુ-ગચ્છ-ગુરુભાઈઓ વગેરેની નિશ્રામાં રહેવાથી જ આત્મકલ્યાણ થાય, એટલે જ સંયમીએ સ્વગુરુ-સ્વગચ્છાદિનો ત્યાગ કરવાનો નથી, એમની નિશ્રામાં રહેવાનું છે. પણ જો સ્વગુરુ-સ્વગચ્છ એવા વિચિત્ર કક્ષાના



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

હોય કે ત્યાં રહેનાર સાધુનું આત્મહિત જોખમાય, તો પછીં શાસ્ત્રકારો એને ગુરુ-ગચ્છનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતા પણ ખચકાતા નથી.

ગુરુના કાર્ય માટે એકલો નીકળેલો સાધુ રસ્તામાં કોઈ ગચ્છના ગ્લાન સાધુ પાસે સેવા માટે પહોંચ્યો. એ વખતે ગ્લાન એમ બોલે કે,"આ મારા ગચ્છના સાધુઓ નિર્ધર્મી છે, તેઓ મારી કાળજી કરતા નથી. મારી સમાધિનો વિચાર પણ કરતા નથી." તો આ આગન્તુક સાધુ સ્વયં એ ગ્લાનની સેવા કરે, અને એ ગ્લાનને કહે કે,"આ બધા નિર્ધર્મીઓની સાથે જો તું રહીશ, તો તું આલોચના પ્રતિક્રમણાદિ કોની પાસે કરીશ ? તારા મનવચનકાયાના પાપોની આલોચના તું કોની પાસે કરીશ ? આ બધા નિષ્ઠુર છે, એમને આ બધી બાબતોમાં રસ નથી. માટે જ તો તારી ગ્લાનાવસ્થામાં પણ સેવા નથી કરતા. વળી પ્રાયશ્ચિત્તાદિ પણ તું શી રીતે કરીશ ? હવે આ બધું કર્યા વિના તું મરીશ તો તો તારું સત્યાનાશ નીકળી જવાનું. એટલે તું આવા ગુરુ-ગચ્છને ત્યાગી દે."

જો આ બધું સમજાવવાથી એ ગ્લાન ગુરુ-ગચ્છને ત્યાગવા તૈયાર થાય, તો આગન્તુક સાધુ એને પોતાની સાથે લઈ જાય.

સાધુપણું લીધું છે જ આત્મકલ્યાણ કરવા, પણ જો ગુરુ કે ગચ્છ સારો ન મળે, વિચિત્ર મળે તો તો ત્યાં આત્મકલ્યાણ થવાને બદલે આત્માનું સત્યાનાશ જ નીકળે. રોજ નવા નવા પાપો બંધાયા કરે, તેનું પ્રાયશ્ચિત્તાદિ કશું ન થાય, કોઈ રોકનાર-ટોકનાર ન હોય... આવી પરિસ્થિતિમાં તો એ સાધુ સંસારી કરતા પણ વધુ ભૂંડીદશામાં મૂકાય. માટે જ આવા ગુરુ-ગચ્છનો ત્યાગ કરવામાં શાસ્ત્રકારો કોઈ ભૂલ ગણતા નથી. પણ ધર્મ માને છે. માટે જ તો સંબોધસિત્તરી-મહાનિશીથ વગેરે

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ગ્રન્થોમાં વિચિત્ર ગચ્છને ત્યાગી દેવાનો ઘણો ઉપદેશ આપેલો છે.

● જે ગચ્છમાં ગુરુજનો સારણા-વારણા-ચોયણા-પડિચોયણા નથી કરતા, તે ગચ્છ ગચ્છ જ નથી, સંયમાર્થી સાધુએ એ ગચ્છ ત્યાગી દેવો.

● મરણ આવી પડે તો પણ જે ગચ્છમાં પૃથ્વી-જલ-તેજસ્ વગેરે ષટ્કાયની વિરાધના કરાતી નથી તે ગચ્છ છે (અલબત્ત આ ઉત્સર્ગમાર્ગનું વચન છે... અપવાદમાર્ગનું વચન બીજું હોઈ શકે છે.)

● જે ગચ્છમાં કારણસર પણ સાધુઓ સોના-ચાંદીને સ્પર્શતા નથી, તે જ ગચ્છ છે.

● ભલેને સાધુ બહુગુણવાન હોય, ઉત્તમકુળવાન હોય, લબ્ધિસંપન્ન હોય પણ જો એ મહાવ્રતોમાં ગરબડવાળો હોય તો જે ગચ્છમાં આવા સાધુને ગચ્છમાંથી બહાર કાઢી મૂકાય છે તે ગચ્છ છે.

● જે ગચ્છમાં દાંત વિનાનો વૃદ્ધ સાધુ પણ સાધ્વી સાથે વાત ન કરે તે ગચ્છ છે.

આવા તો ઢગલાબંધ શ્લોકો શાસ્ત્રસમુદ્રમાં રત્નરૂપે ધરબાયેલા પડેલા છે. જો ગુરુ-ગચ્છ સરેરાશ પણ સારા ન હોય, ત્યાં આત્મકલ્યાણ જોખમમાં હોય તો એનો ત્યાગ કરી સરેરાશ સારા ગચ્છની નિશ્રા સ્વીકારવામાં કોઈ જ પાપ નથી.

હા !

(ક) ● ગુરુની કડકાઈ - પોતાનો વિચિત્ર સ્વભાવ વગેરેને કારણે ગુરુ-ગચ્છ વિચિત્ર સમજી એને ત્યાગી બીજા કોઈપણ

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

સારા ગુરુ-ગચ્છની નિશ્રા સ્વીકાર્યા વિના એકલો ફર્યા કરે તો એ સ્વચ્છંદતા જ કહેવાય.

(ખ) પોતાની સ્વચ્છંદતા પોષવા સારા ગુરુ-ગચ્છના પણ સામાન્યદોષો કાઢી ગચ્છ ત્યાગી દેનાર સાધુ એ ભયંકર ભ્રમણાના ભોગે ભવભ્રમણનો ભાગીદાર બને છે.

(ગ) આત્મકલ્યાણના ઓઠા હેઠળ, સંયમરક્ષાના સોહામણા મહોરા હેઠળ સરેરાશ સારા ગુરુ-ગચ્છને ત્યાગનારા પાપિષ્ઠ આત્માઓ પોતાનો અનંતસંસાર ઉપાર્જવાનું જ કામ કરી રહ્યા છે.

શાસ્ત્રપંક્તિઓનો પોતાને મનગમતો અર્થ પકડી એ પ્રમાણે શાસ્ત્રના આધારે ચાલનારાઓ ઉન્માર્ગગામી બિરુદ સિવાય બીજું કશું હાંસલ કરનારા બનતા નથી.

એટલે ખૂબ જ જાગૃતિ સાથે ઉપરની બાબતો વિચારવી. કોઈક વિશિષ્ટગીતાર્થની સલાહ લઈને જ મૂલગુણભ્રષ્ટાદિ ગુરુ-ગચ્છ ત્યાગવા - ન ત્યાગવાનો નિર્ણય લેવો.

**(૪૬) तित्थयराणमाणं करिंतेणं आयरिआणं चेव कया आणा । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૪૪**

આચાર્યશ્રીએ પોતાના મહત્ત્વના કાર્ય માટે પરિપક્વ સાધુને એકલો મોકલ્યો, એ સાધુ રસ્તામાં ગ્લાનાદિ મળી આવતા એમની સેવામાં રોકાયો, અને એના કારણે આચાર્યનું કામ તો અભરાઈ પર જ ચડી ગયું. આ વખતે પૂર્વપક્ષ પ્રશ્ન કરે છે કે, "આ સાધુએ તો આચાર્યની આજ્ઞાના ભાંગીને ભુક્કા જ કરી નાંખ્યા. વચ્ચે ગ્લાનસેવાદિમાં જ પુષ્કળ સમય વિતાવી દીધો.

આ યોગ્ય ન ગણાય."

આની સામે વૃત્તિકાર મહર્ષિ ઉત્તર આપે છે કે ગ્લાનની સેવા કરવી એ તીર્થંકરની આજ્ઞા છે, અને આ સાધુએ એ આજ્ઞાનું પાલન કરેલું છે અને તીર્થંકરની આજ્ઞાને પાળનારાને પરમાર્થથી ગુરુની આજ્ઞાનું પાલન કરાયેલું જ ગણાય. સાચા ગુરુ તો આ શિષ્યની પીઠ જ થાબડે, એને ઠપકો ન આપે. એ સમજે કે "મારી આજ્ઞા કરતા જિનની આજ્ઞાનું મહત્ત્વ વધારે છે." જો ગુરુને પોતાને ખબર હોત કે વચ્ચેના ગામમાં ગ્લાન સાધુ છે, તો ગુરુ જ સામેથી શિષ્યને કહેત કે ગ્લાનની વૈયાવચ્ચાદિ કરીને પછી જ મારું કામ કરવા આગળ વધજે..."

આ તો સામાન્યથી વાત કરી.

હકીકત વિચારીએ તો ગુરુ જે કંઈપણ આજ્ઞા શિષ્યને કરે એ જિનાજ્ઞા જ હોય છે. ગુરુ કંઈ જિનાજ્ઞાવિરુદ્ધ કશું જ કહેતા નથી. એટલે ખરેખર તો ગુરુએ સોંપેલું કામ પણ જિનાજ્ઞા જ છે એ ગુર્વાજ્ઞા કંઈ જિનાજ્ઞાથી વિપરીત નથી હોતી. વળી "ગુરુ જે કાર્ય સોંપે, તે અત્યંત હર્ષપૂર્વક કરવું" આ પણ જિનાજ્ઞા જ છે. એટલે જેમ ગ્લાનની સેવા કરવી એ જિનાજ્ઞા છે. તેમ ગુર્વાજ્ઞાપાલન પણ જિનાજ્ઞા જ છે. તો સાધુએ કઈ જિનાજ્ઞાને મહત્ત્વ આપવું ? ગ્લાનસેવા રૂપ જિનાજ્ઞાને મહત્ત્વ આપવું ? કે ગુર્વાજ્ઞા રૂપ જિનાજ્ઞાને = ગુર્વાજ્ઞાપાલન રૂપ જિનાજ્ઞાને મહત્ત્વ આપવું ?...

એટલે ભલે અહીં એ જણાવ્યું હોય કે "તીર્થંકરાજ્ઞાનો પાલક સાધુ ગુર્વાજ્ઞાનો પાલક જ ગણાય." પણ આ સ્થૂલદૃષ્ટિથી સમજવું. ઉંડાણથી વિચારીએ તો જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞા એ બે ય જિનાજ્ઞા જ છે. તો સાધુએ કંઈ જિનાજ્ઞાને વધુ મહત્ત્વ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આપવું ?

આ પ્રશ્નનું સમાધાન એ છે કે અવસર પ્રમાણે તે તે જિનાજ્ઞા વધુ મહત્ત્વની બની રહે છે. ગ્લાનસેવાદિ રૂપ જિનાજ્ઞા જ મહત્ત્વની બને કે ગુર્વાજ્ઞારૂપ જિનાજ્ઞા જ મહત્ત્વની બને... એવો કોઈ એકાંત બાંધી ન શકાય. અવસર જોવો પડે.

નીચેના દૃષ્ટાન્તો વિચારવાથી આ વાત વધુ સ્પષ્ટ સમજાશે.

(ક) શિષ્ય રૂમની બહાર ઉભો-ઉભો ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતો હોય અને રૂમમાં રહેલા ગુરુ શિષ્યના કાઉસ્સગ્ગની વાત ન જાણતા હોવાથી અંદરથી જ આજ્ઞા કરે કે "શિષ્ય ! પાણી લાવ !" તો આ વખતે પાણી લાવવું એ ગુર્વાજ્ઞા છે અને ૪ લોગસ્સ પૂર્વે કાયોત્સર્ગ ન પારવો, એ જિનાજ્ઞા છે. આ વખતે શિષ્ય ગુર્વાજ્ઞા જતી કરીને જિનાજ્ઞા પાળે, ૪ લોગસ્સ પૂર્ણ કર્યા બાદ પાણી આપે, ગુરુને વાસ્તવિક્તા જણાવે અને ગુરુ પણ એ વાતનો સહર્ષ સ્વીકાર કરે.

પરંતુ રૂમમાં રહેલા ગુરુને અચાનક ગભરામણ થાય, B.P. વધી ગયાનો અહેસાસ થાય, એટેકનો હુમલો આવ્યો હોવાનો ભય લાગે તેથી ગુરુ ગભરાટ સાથે બુમ પાડે કે "શિષ્ય ! જલ્દી આવ. મને કંઈક થાય છે..." તો પછી શિષ્ય અધવચ્ચે જ કાઉસ્સગ્ગ પડતો મૂકી તરત ગુરુ પાસે દોડી જાય અને યોગ્ય ઉપચાર કરે.

આમ આવા પ્રસંગોમાં સાધુ કાઉસ્સગ્ગને ગૌણ કરી ગુર્વાજ્ઞાને મુખ્ય કરે, કેમકે એમાં જ જિનાજ્ઞા છે.

(ખ) ગુરુએ કોઈક વસ્તુ નિર્દોષ જાણી એ વાપરવાની રજા આપી હોય પણ સાધુને શાસ્ત્રાભ્યાસાદિ દ્વારા એ વસ્તુ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

દોષિત લાગે, ગુરુના અનાભોગ દોષનો ખ્યાલ આવે તો ગુરુની રજા પ્રમાણે એ વસ્તુનો વપરાશ બંધ કરીને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે એ વસ્તુનો ત્યાગ કરે. જ્યારે ગુરુ મળે ત્યારે કે છેવટે પત્ર દ્વારા પણ આ બધી વાત ગુરુને જણાવી દે. ગુરુ પણ અનાભોગ દોષનો ખ્યાલ આવતા જ પોતાની ભૂલ સુધારી લે.

પણ ગુરુ તે વસ્તુને દોષિત જાણવા છતાં પણ બીજા કેટલાક ગાઢ કારણોસર એ વસ્તુને નિર્દોષ ગણી વાપરવાની રજા આપે તો સાધુ એ વસ્તુ શાસ્ત્રાજ્ઞા મુજબ દોષિત લાગવા છતાં પણ ત્યાં ગુર્વાજ્ઞાને પ્રધાન કરી તેનો અપવાદ તરીકે સ્વીકાર કરી વપરાશ કરે.

(ગ) ગુરુએ અષાઢીબીજના દિવસે ચાતુર્માસ પ્રવેશ કરી દેવાનું શિષ્યને ફરમાન કર્યું હોય, પણ ચાતુર્માસ ક્ષેત્રમાં પહોંચતા પૂર્વે અતિભારે વરસાદ પડવાથી સાધુ જિનાજ્ઞા પ્રમાણે સંયમરક્ષા કરવા રસ્તામાં અટકી પડે અને અષાઢીબીજને બદલે અષાઢી નોમ-દશમનો પ્રવેશ કરે તો અહીં ગુર્વાજ્ઞા ગૌણ કરી શાસ્ત્રાજ્ઞા પાળી હોવા છતાં એ સાધુને કોઈ દોષ ન લાગે.

પણ સંઘના અતિ અગત્યના કામ માટે ગુરુએ સ્પષ્ટ આદેશ કર્યો હોય કે "વિરાધના ગૌણ કરીને પણ અષાઢી બીજે પહોંચી જવું." તો સાધુ સંયમરક્ષા રૂપ શાસ્ત્રાજ્ઞા ગૌણ કરીને ગુર્વાજ્ઞા મુજબ ત્યાં પહોંચી જાય.

આમ ક્યારે ગુર્વાજ્ઞા મહત્ત્વની ? કે ક્યારે શાસ્ત્રાજ્ઞા મહત્ત્વની ? એ બરાબર વિચાર કરીને જ પછી કોઈપણ નિર્ણય લેવો.

વર્તમાનમાં તો ઘણી બધી બાબતોમાં શાસ્ત્રાજ્ઞાને ગૌણ કરીને ગુર્વાજ્ઞાને પ્રધાનતા અપાઈ છે. અને એ જ યોગ્ય ગણાય છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(ક) માસકલ્પપદ્ધતિવિહાર રૂપ શાસ્ત્રાજ્ઞા ગૌણ કરીને ગુર્વાજ્ઞા પ્રમાણે જ બધા વિહારો કરાય છે.

(ખ) નિર્દોષ ઉપાશ્રય વગેરે રૂપ શાસ્ત્રાજ્ઞા ગૌણ કરીને ગુર્વાજ્ઞા પ્રમાણે આધાકર્માદિ ઉપાશ્રયોમાં પણ નિવાસ કરાય છે.

(ગ) નિર્દોષ ગોચરી રૂપી શાસ્ત્રાજ્ઞા ગૌણ કરીને ગુર્વાજ્ઞા પ્રમાણે દોષિત પણ આંબિલ કરાય છે.

(ઘ) 'અગીતાર્થે દેશના ન આપવી' એ શાસ્ત્રાજ્ઞા ગૌણ કરીને ગુર્વાજ્ઞા પ્રમાણે અગીતાર્થો પણ ધર્મદેશના આપે છે.

(ચ) એક અક્ષર પણ ન લખવા રૂપ શાસ્ત્રાજ્ઞા ગૌણ કરીને ગ્રન્થો લખવા-લખાવવા-છપાવવા રૂપ કાર્ય ગુર્વાજ્ઞા પ્રમાણે જ આચરાય છે.

(જ્યાં ગુરુનું કાર્ય અતિ વિશિષ્ટ હોય તે અતિજરૂરી હોય, ત્યાં ગુરુ સ્પષ્ટ કહે કે કદાચ રસ્તામાં ગ્લાન મુનિ મળે, તો પણ વૈયાવચ્ચ પછી કરવી અથવા એ મુનિને ખબર ન પડે એમ પસાર થઈ જવું. પછી કાર્ય પતાવી પાછા વળતા સેવાદિ કરવા..તો ત્યાં આ ગુર્વાજ્ઞા શું જિનાજ્ઞાની ઉપરવટ ગણાશે ? ના. કેમકે ગીતાર્થગુરુએ ગૌરવ-લાઘવનો વિચાર કરીને જ આ નિર્ણય કર્યો છે.)

(અહીં એ સ્પષ્ટ સમજવું કે ગુર્વાજ્ઞા એ વાસ્તવમાં પરંપરા=સામાચારી=જિતકલ્પરૂપ છે, એ પણ જિનાજ્ઞા જ છે. એટલે સંવિગ્ન-ગીતાર્થ ગુર્વાજ્ઞા એ જિનાજ્ઞારૂપ જ છે. ગુર્વાજ્ઞાથી નીકળેલો ગ્લાનાદિસેવા કરે એમાં પ્રગટરૂપે જિનાજ્ઞા છે કેમકે ગુર્વાજ્ઞા અન્ય કાર્યની છે, પણ જેમ ઘણા ઠેકાણે કેટલીક વાત અધ્યાહારથી હોય છે, એમ ગુર્વાજ્ઞા જે અન્ય કાર્યની છે, એમાં ગર્ભાર્થમાં એ સમજવાનું કે "ગ્લાનાદિ વૈયાવચ્ચનું કાર્ય ન આવે તો જ એ અન્ય કાર્ય કરવું."

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
॥૧૭૫॥

આવી તો સેંકડો બાબતો મળશે. એટલે ખૂબ સમજી-વિચારીને ઉપરની પંક્તિનો રહસ્યાર્થ કાઢવો.)

**(૪૭) काञ्जिकेन सह विरोधो भवति, साधोः प्रायस्तत्संव्यवहारात् । – ઓઘનિર્યુક્તિ-૮૬**

સાધુ જો દૂધ વાપરે તો સાધુને કાંજી સાથે વિરોધ થાય, કેમકે સાધુઓ પ્રાયઃ કરીને કાંજી વડે જ વ્યવહાર કરતા હોય છે.

આ પંક્તિનો ભાવાર્થ એ છે કે સાધુઓ મોટા ભાગે દૂધ વગેરે વિગઈ વાપરતા જ ન હતા તેઓ મોટાભાગે કાંજીનો જ વપરાશ કરતા. કાંજી પીતા એટલે એમનું આખુ શરીર કાંજીથી ઘડાઈ ગયેલું રહેતું. એટલે જો હવે તેઓ દૂધ પીએ તો શરીરની સાતે ધાતુમાં વ્યાપી ગયેલી કાંજીની સાથે એ દૂધને વિરોધ ઉત્પન્ન થાય. સાધુ એ બે દ્રવ્યોના પરસ્પર વિરોધના કારણે પરેશાન થાય. ખજવાળ વગેરે રોગોનો ભોગ બને.

આજે પણ જે તપસ્વી સાધુઓ પુષ્કળ આંબિલો કરતા હોય છે, એમનું શરીર પછી પારણામાં વિગઈઓ પચાવી શકતું નથી. એમને તરત ઝાડા થાય કે બીજી જાતજાતની મુશ્કેલીઓ થાય છે. પેટ એકદમ ભારે ભારે બની જાય છે. તેઓ આંબિલ કરે તો જ એમનું શરીર સારું રહે. (હા ! તપ બાદ તરત જ વિગઈ વાપરવાને બદલે જો ક્રમશઃ આગળ વધે તો જરૂર વિગઈ પચાવી શકે અને શક્તિ-સ્ફૂર્તિ મેળવી પણ શકે છે...)

આ હકીકત ઉપરથી ભૂતકાળની ઉપરોક્ત બાબત પણ સમજી શકાય છે.

આજે તો આપણે વિગઈઓ વાપરતા હોવાથી આપણું શરીર વિગઈઓથી એવું ઘડાઈ ગયું છે કે હવે જો આપણે કાંજી વાપરીએ તો કાંજી સાથે એ વાપરેલા દૂધ વગેરેને વિરોધ આવવાથી હેરાન થવાનો વખત આવે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

અલબત્ત વર્તમાનકાળમાં સત્ત્વ-સંઘયણ-ગોચરીચર્યા-ગૃહસ્થોની ભૂમિકા, વર્તમાનસ્થિતિ બધાનો વિચાર કરીને અપવાદમાર્ગરૂપે સંયમપાલનના એકમાત્ર ઉદ્દેશથી શરીર ટકાવી રાખવા માટે ગુર્વાજ્ઞાથી મર્યાદા પ્રમાણે પોષ્ટિક લેવાય છે.

**(૪૮) ग्लानत्वे सति तस्य साधोर्यद्यसंयतः प्रतिजागरणं करोति, इच्छति च ततः को दोषस्तदेत्यत आह- असंयतकरणे जीवव्याघातो भवति इच्छतः । — ઓઘનિર્યુક્તિ-૯૦**

એકાકી સાધુ જો માંદો પડે અને ગૃહસ્થ તેની સેવા-કાળજી-વૈયાવચ્ચ કરે અને સાધુ પણ તે સેવા લે તો પછી સાધુને જીવહિંસાદિ દોષ લાગે.

પ્રાચીનકાળ એ સાધુપણા માટેનો સુવર્ણયુગ હતો. એમાં સાધુઓ એકપણ કાર્ય ગૃહસ્થોને સોંપતા નહિ. બધા જ કાર્યો જાતે જ કરતા. જ્યાં અપવાદમાર્ગે ગૃહસ્થોને કામ સોંપ્યા વિના ન જ ચાલે એવી પરિસ્થિતિ હોય, ત્યાં જ તેઓ ના છૂટકે ગૃહસ્થોને કામ સોંપતા.

કોઈ સાધુ માંદો પડે તો પ્રથમ તો અઠ્ઠમ કરાવવા દ્વારા જ એને સાજો કરી દેતા. કોઈ દવા-વૈદ્ય વગેરેની જરૂર જ ન પડતી. હવે જો વૈદ્યને બતાવવું જરૂરી પડે તો ગ્લાન સાધુને જ વૈદ્ય પાસે લઈ જતા અને ઉપચાર કરાવતા. વૈદ્ય જે દવાઓ સૂચવે, તે બધી સાધુઓ ઘર-ઘરમાંથી વહોરીને જાતે મેળવતા. સાધુના ઠલ્લા-માત્રુ પરઠવવા, ત્રણ ટાઈમની ગોચરી લાવવી, હાથ-પગ-મસ્તક વગેરે અવયવો દબાવી આપવા...બધું જ સાધુઓ જ કરતા.

હા ! ગાઢ અપવાદ માર્ગે જ શ્રાવકો પાસે - ગૃહસ્થો પાસે કોઈ કામ કરાવતા.



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આજની તો પરિસ્થિતિ એટલી બધી વિષમ છે કે સાધુ માંદો પડે કે તરત જ ગૃહસ્થો પાસે ઘણા કાર્યો કરાવવા પડે છે. એ અપવાદ છે કે દોષ ? એ પણ વિચારવું જરૂરી છે. સાધુઓ સ્વયં તે કાર્ય કરવા સક્ષમ હોય, છતાં પ્રમાદ-આળસને કારણે ગૃહસ્થોને એ કામ ભળાવી દે તો એ અપવાદમાર્ગ ગણી શકાતો નથી.

એક ગ્લાનસાધુ પાછળ અસંયમનો કેટલો મોટો ઢગલો થઈ શકે છે, એ કદી વિચાર્યું છે ખરું ?

(ક) સૌથી પહેલા તો સાધુને તાવ આવવા વગેરે રૂપ કોઈપણ માંદગી આવે એટલે શ્રાવકો દ્વારા ડૉક્ટરને મોબાઈલ કે સાદો ફોન કરાવવો પડે, તેજસ્કાયની વિરાધના થાય.

(ખ) ડોક્ટર જૈન હોય, ઉપાશ્રય જોયો હોય તો વળી પોતાની મેળે જ ગાડી-સ્કુટરાદિ વાહનમાં બેસીને સાધુને તપાસવા માટે આવે. પણ ઉપાશ્રય ન જોયો હોય તો શ્રાવકોએ એને લેવા જવું પડે. શ્રાવકો સ્કુટર-ગાડી લઈને જાય અને ડોક્ટરને સાથે લેતા આવે. આમાં ગાડીની અવરજવર દ્વારા ઘણા ત્રસજીવો વગેરેની વિરાધના થાય.

(ગ) ડોક્ટર સાધુને તપાસ્યા બાદ દવા લખી આપે અને શ્રાવક સ્કુટર-ગાડી દોડાવી ઝટ એ દવા લઈ આવી સાધુને આપે.

(ઘ) દવા ગરમ પડે એમ હોય તો ડૉક્ટર દવા સાથે દૂધ વગેરે લેવાનું કહે અને તરત નજીકના ભક્ત શ્રાવકોને ગરમ દૂધની સૂચના આપવામાં આવે. માંદગી રૂપી કારણને લઈને સાધુઓ આ સૂચના કદાચ કરી દે.

(ચ) સાધુ ત્રણ ટાઈમ ગોચરી-દૂધ વગેરે વહોરવા જાય તો તો હજી સારું. નહિ તો વળી ક્યાંક તો શ્રાવકોને જ કહી

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

દેવામાં આવે કે "તમારે માંદા સાધુ માટે આટલા-આટલા વાગે આ-આ વસ્તુ લઈને ઉપાશ્રયે આવી જવું." ભક્ત શ્રાવકો બરાબર એ આજ્ઞાનું પાલન કરે.

(છ) સાધુઓ હોવા છતાં ગૃહસ્થો સાધુના પગ દાબી આપે, માથું દાબી આપે, માથા-છાતી વગેરે ઉપર બામ ઘસી આપે, તળીયે કાંસાના વાટકાથી ઘી ઘસી આપી ગરમી ઉતારી આપે...પછી એ મલિન-ચીકણા થયેલા હાથ-વસ્ત્ર વગેરેને કાચા પાણીથી ધૂએ.

(જ) જો પગ-કમરાદિ ઉપર ગરમ શેક કરવાનો હોય, તો શ્રાવકને આદેશ કરીને પાણી ધગધગતું ગરમ કરાવડાવી, થેલીમાં ભરાવીને ઉપાશ્રયમાં મંગાવી લેવામાં આવે.

(ઝ) ક્યારેક તો વળી ગૃહસ્થો જ સાધુને માટે ધાબડા વગેરે પાથરીને સંથારો તૈયાર કરી દે. બાકીના સાધુઓ એમને સેવાનો લાભ હોંશે હોંશે આપે.

(ટ) એક્સ-રે કઢાવવા, બ્લડટેસ્ટ, યુરીન ટેસ્ટ, ટૂલ્સ ટેસ્ટ....અતિચિક્કાર વિરાધનાના કારણભૂત આવા અનેક ટેસ્ટો કોઈપણ જાતના ડંખ વિના, અનેક વાર બિન્ધાસ્ત બનીને કરાવાય. એમાં ઈલેક્ટ્રીક સાધનોનો પુષ્કળ ઉપયોગ, સંમૂર્ચ્છિમ-સચિત્તપાણી વગેરેની વિરાધના પણ ખૂબ-ખૂબ થાય.

આવી તો અનેક પ્રકારની વિરાધનાઓ ગૃહસ્થો પાસે ચિકિત્સાદિ કરાવવામાં થાય. જેમ અત્યારે કોઈપણ ગૃહસ્થ માંદો પડે તો મોંઘવારીના કારણે એના હજારો-લાખો રૂપિયા ખર્ચાઈ જાય, એમ અત્યારે કોઈપણ સાધુ માંદો પડે તો વર્તમાન

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૧૭૯ ॥

ચિકિત્સા પદ્ધતિને કારણે એ સાધુનું હજારો-લાખો રૂપિયાથી ય મૂલ્યવાન સંયમધન ચપટીમાં સાફ થઈ જાય.

સંયમીઓ જો શક્ય એટલી વૈયાવચ્ચ સ્વયં કરતા થાય, ગ્લાન સાધુની વૈયાવચ્ચ શ્રાવકોને ન સોંપે, થોડું ઘસાવાની તૈયારી રાખે તો ઘણા ઘણા દોષો ઘટી શકે એમ છે, પણ એ માટે સંયમસ્નેહની - ઘસાઈ છૂટવાની - ગ્લાનસેવાને મહત્ત્વ આપવાની ખૂબ જ જરૂર છે.

પૂર્વના કાળમાં વિશાળગચ્છ સાથે ને સાથે જ વિચરતો, એટલે કોઈપણ સાધુ માંદો પડે તો એની સેવા કરનારા અનેક સાધુઓ હોવાથી કાર્યો વહેંચાઈ જતા. એકના જ માથે બધો બોજો ન રહેતો અને સહેલાઈથી વૈયાવચ્ચ કરી શકાતી. પણ આજે બે-બે, ત્રણ-ત્રણના ગ્રુપમાં સાધુ-સાધ્વીઓ વિચરે, એ રીતે જ ચોમાસા પણ કરે અને એમાં પછી એક-બે સંયમી માંદા પડે એટલે બધી જ જવાબદારી બાકીના એક / બે સંયમી ઉપર આવી પડે. ત્રણ ટાઈમની ગોચરી-બે ટાઈમનું પાણી-બે ટાઈમનું બધાનું પ્રતિલેખન - કાજો -લુણાં-વધઘટ-સંઘની વ્યાખ્યાનાદિની જવાબદારી...વગેરે વગેરે બોજો ઘણો વધી જવાથી છેવટે કંટાળીને અસંયમનો આશરો લઈને ગૃહસ્થોને જ બધા કાર્યો ભળાવી દેવા પડે.

જો વધુ સંખ્યામાં સાધુ-સાધ્વીઓ સાથે વિચરે તો આ મુશ્કેલી ઉભી ન થાય, ઓછી થાય એમ લાગે છે.

**(૪૯) अथ स्थण्डिलं नास्ति, क्षुधा च पीड्यते ततोऽस्थण्डिल एव चीरमास्तीर्य पादयोरधस्ततश्च भुङ्क्ते, किमर्थं पुनस्तच्चीरमास्तीर्यते ? अत आह - परिशाटिनिपातसंरक्षणाय, तया हि परिशाट्या निपतन्त्या पृथिवीकायादि-र्विध्वस्यते इति । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૬૩**

સાધુ ગોચરી વહોરીને આગળના ગામે જઈ રહ્યો છે, પણ રસ્તામાં અતિસખત ભૂખ લાગી, ખાધા વિના આગળ ચાલવું શક્ય નથી અને બીજી વાપરવા માટે યોગ્ય એવી કોઈ સ્થંડિલભૂમિ=નિર્દોષ જગ્યા નથી. આશય એ છે કે જ્યાં ગૃહસ્થોની દૃષ્ટિ પણ ન પડે અને પૃથ્વી-પાણી-વનસ્પતિની વિરાધના પણ ન થાય તેવી કોઈ જગ્યા નથી. ચાલુ રસ્તા ઉપર બેસે તો ગૃહસ્થોની દૃષ્ટિ પડે અને ગુપ્તસ્થાનમાં બેસવા જાય તો ત્યાં નીચે સચિત્ત માટી-વનસ્પતિ વગેરે હોવાથી વિરાધના થાય, તો હવે શું કરવું ? વાપરવું તો અત્યંત જરૂરી છે.

શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે આવી પરિસ્થિતિમાં સાધુ જે પૃથ્વી-ઘાસ ઉપર વાપરવું હોય ત્યાં પગની નીચે વસ્ત્ર પાથરીને પછી ત્યાં વાપરે.

સાધુ ત્યાં સીધો ઉભો રહે તો પણ પૃથ્વી-ઘાસને કિલામણા તો થવાની જ અને વસ્ત્ર પાથરીને ઉભો રહે તો પણ પૃથ્વી-ઘાસને કિલામણા થવાની જ. તો પછી વસ્ત્ર પાથરે કે ન પાથરે શું ફરક પડે ? એવો પ્રશ્ન થાય.

આ પ્રશ્નનું સમાધાન બહુ સરસ આપ્યું છે કે "ખાતા ખાતા જે ઢોળાય, તેનાથી પૃથ્વી-ઘાસ વગેરેની વિરાધના અટકાવવા માટે વસ્ત્ર પાથર્યું છે."

આશય એ કે વસ્ત્ર પાથરો કે વસ્ત્ર વિના સીધા ઉભા રહો, બે ય અવસ્થામાં પૃથ્વી-ઘાસને કિલામણાદિ તો થવાના જ. પણ સાધુ અહીં માત્ર ત્રણ કે પાંચ કોળીયા જ ખાય છે, એટલે એકાદ મિનિટમાં તો એ તરત ત્યાંથી ઉભો થઈ જતો જ રહેવાનો. એટલે પૃથ્વી-વનસ્પતિ ઉપર સાધુનો ભાર એક મિનિટ જ રહેવાનો, ઝાઝો ટાઈમ નહિ. પણ જો વસ્ત્ર પાથર્યા

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

વિના ત્યાં વાપરે અને કોઈક કણિયા વગેરે નીચે ઢોળાય તો એ પાછા લેવા શક્ય ન પણ બને. તેથી એ કણિયા દીર્ઘકાળ માટે ત્યાં જ પડ્યા રહે. એટલે કે ધારો કે ૫-૧૦-૧૫ દિન સુધી એ કણિયા ત્યાં પડ્યા રહે તો ત્યાં સુધી એના દ્વારા પૃથ્વી-ઘાસની વિરાધના ચાલુ જ રહે. આમ આ વિરાધના ઘણી વધી જાય.

જો નીચે વસ્ત્ર પાથરીને વાપરે તો આ વિરાધના ન થાય, ઢોળાયેલા કણિયા વસ્ત્ર ઉપર જ પડે અને સાધુ ૧ મિનિટમાં વાપરીને તરત એ વસ્ત્ર લઈને ચાલવા માંડે એટલે એક પણ કણિયો પૃથ્વી-વનસ્પતિ ઉપર પડ્યો ન રહે તેથી એની વિરાધના ન થાય.

વળી સાધુ વસ્ત્ર પાથરી એની ઉપર ઊભો રહી વાપરે તો ઘાસ-સચિત્તપૃથ્વીનો સંઘટ્ટો કે અલ્પ કિલામણા થાય. જ્યારે વસ્ત્ર પાથર્યા વિના વાપરે તો ખોરાકના કણિયા કે પ્રવાહી જો ઢોળાય તો એ તો જમીન-ઘાસમાં વધારે એકમેક થાય, એનાથી એની વિરાધના વધુ થવાની શક્યતા રહે.

આ જ કારણસર બૃહત્કલ્પનું વચન પણ સંગત થાય છે. ત્યાં એવું દર્શાવેલ છે કે એક જગ્યા એવી છે કે ત્યાં વડીનીતિ કરવાની જગ્યા તદ્દન અચિત્ત છે, પણ એ સ્થાને પહોંચવા માટે ૧૦૦ ડગલા ઘાસ-પૃથ્વી વગેરે જીવો ઉપર ચાલીને જવું પડે એમ છે અને બીજી જગ્યા એવી છે કે જ્યાં વડીનીતિ કરવાની જગ્યા સચિત્ત=ઘાસ વગેરેવાળી છે. પણ ત્યાં જવા માટેનો રસ્તો નિર્દોષ છે. એમાં કોઈ વિરાધના નથી. તો શું કરવું ?

(૧) ૧૦૦ ડગલા ઘાસ પર ચાલી તદ્દન અચિત્ત ભૂમિ ઉપર સ્થંડિલ વોસિરાવવું ? કે

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(૨) ૧૦૦ ડગલા અચિત્ત ભૂમિ પર ચાલી ઘાસવાળી ભૂમિ ઉપર સ્થંડિલ વોસિરાવવું ?

ત્યાં પણ પ્રથમ વિકલ્પ જ પસંદ કર્યો છે, કેમકે ભલે એમાં ૧૦૦ ડગલા ઘાસ ઉપર ચાલવું પડે, પણ સાધુ તે ઘાસ ઉપર કાયમ ઉભો નથી રહેવાનો. એક - એક સેકંડમાં જ આગળ નીકળી જવાનો છે. એટલે અહીં કુલ ૧૦૦ સેકંડ જેટલો સમય પૃથ્વી-ઘાસની વિરાધના થશે. પણ સ્થંડિલ તો અચિત્તસ્થાને જ વોસિરાવે છે, એટલે એની તો કોઈપણ વિરાધના થવાની નથી જ.

હવે જો બીજો વિકલ્પ અપનાવીએ તો ભલે ઘાસાદિ ઉપર એક પણ ડગલું ચાલવાનું ન હોય તો પણ સચિત્ત સ્થાન ઉપર સ્થંડિલ વોસિરાવવાનું છે. હવે એ વિષ્ટા તો ત્યાં બે-પાંચ દિવસ તો પડી જ રહેવાની. એટલે ૨-૫ દિન સુધી એ વિષ્ટા દ્વારા એ પૃથ્વી-ઘાસાદિની વિરાધના ચાલુ રહે. આમ એક બાજુ માત્ર ૧૦૦ સેકંડની વિરાધના અને બીજી બાજુ ૨-૫ દિનની વિરાધના... સ્વાભાવિક છે કે પ્રથમ વિકલ્પ જ સ્વીકારાય.

આ ગણિત એટલું તો સ્પષ્ટ સૂચવે છે કે સ્થંડિલ પરઠવવાનું સ્થાન અચિત્ત હોવું વધુ જરૂરી છે. સ્થંડિલભૂમિ જવાનું સ્થાન-માર્ગ વનસ્પતિ વગેરેવાળો હશે તો પણ એમાં ઓછો દોષ લાગવાનો. ઘાસ ઉપર વધુ ચાલીને પણ તદ્દન અચિત્તભૂમિમાં વોસિરાવવું સારું, પણ ઘાસ પર વધુ ચાલવું ન પડે એ માટે વચ્ચે જ ઘાસાદિ ઉપર પરઠવી દઈએ તો એમાં વધુ દોષ લાગે.

<u>**(૫૦) तानि ( फलकानि ) हि वर्षाकाल एव गृह्यन्ते न शेषकाले, स तु प्रविष्टः शेषकालेऽपि फलकानि गृहीतानि**</u>

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

पश्यति । 'सेज्जा' इति शेरतेऽस्यामिति शय्या-आस्तरणं तदास्तृतमेवास्ते.... । – ઓઘનિર્યુક્તિ-૧૦૩

એકાકી સાધુ રસ્તામાં રાત્રે રોકાય તો કેવા સાધુઓ સાથે રોકાય ? એની વાત કરે છે કે જે સાધુઓ બાહ્ય અને અભ્યન્તર બે પ્રકારની દ્રવ્ય પ્રત્યુપેક્ષણા અને એ જ બે પ્રકારની ભાવપ્રત્યુપેક્ષણા વડે શુદ્ધ જણાય તે સાધુઓ સાથે રહે. જો અશુદ્ધ જણાય તો એમની સાથે ન રહે.

એમાં અભ્યન્તર દ્રવ્ય પ્રત્યુપેક્ષણામાં બે દોષો ઉપરની પંક્તિમાં દર્શાવેલા છે. જો આ બે દોષો જણાય તો એ સાધુઓ અભ્યન્તર દ્રવ્યપ્રત્યુપેક્ષણાથી અશુદ્ધ ગણાય, એમની સાથે આ સાધુ ન રહે.

એમાંનો પ્રથમ દોષ આ છે કે "ફલકો=પાટ, પાટલાઓ ચોમાસામાં જ સાધુઓએ ગ્રહણ કરવાના હોય છે, શેષકાળમાં નહિ. પણ આ પ્રવેશેલો સાધુ ઉપાશ્રયમાં શેષકાળમાં પણ પાટ-પાટલા ગ્રહણ કરાયેલા જુએ."

ચોમાસામાં જીવોત્પત્તિ ખૂબ થતી હોય, એટલે વિરાધના અટકાવવાદિ કારણોસર પાત્રા મૂકવા પાટલાની અને રાત્રે સંથારો કરવા પાટની જરૂર પડતી. નિર્દોષ સંયમના આગ્રહી શ્રમણો આધાકર્મી પાટ-પાટલા ન વાપરતા. તેઓ તો ગોચરીની માફક પાટ-પાટલા પણ ગૃહસ્થોના ઘરોમાંથી ચાર મહિના માટે યાચના કરી લઈ આવતા. સાધુઓ જાતે ઉંચકીને એ પાટ-પાટલાદિ લાવતા. ગૃહસ્થો પાસે ન ઉંચકાવતા. ચોમાસા પૂર્વે પાટ-પાટલાદિ લાવી, ચાર માસ વાપરી ચોમાસું પૂર્ણ થયા બાદ પાછા એ પાટ-પાટલા એમના માલિકને સોંપી દેતા.

સ્વાભાવિક છે કે આ પાટ-પાટલા માટે ઘેર-ઘેર તપાસ કરવી, અનુકૂળ પાટ-પાટલા મળે તો ગૃહસ્થ પાસે યાચના કરવી,

રજા મેળવી જાતે ઉંચકીને છેક ઉપાશ્રયમાં લાવવા, ચાર મહિના બાદ એ પાછા આપી દેવાના હોવાથી બગડી ન જાય - ચોરાઈ ન જાય - તૂટી ન જાય - બળી ન જાય.... એની ખૂબ કાળજી કરવી, ચાર મહિના બાદ પાછું જાતે જ એ પાટ-પાટલાદિ પાછા આપવા જવું...આ બધામાં સ્વાધ્યાયનો વ્યાઘાત-શરીરને પીડા-ક્યાંક જીવની વિરાધના વગેરે વગેરે દોષો સંભવિત છે જ. પણ જો ચોમાસામાં પાટ-પાટલા ન વાપરીએ તો બીજી મોટી વિરાધનાઓ થવાની સંભાવના છે, એટલે ચોમાસામાં તો મોટા દોષો ઉત્પન્ન થતા અટકાવવા આ સ્વાધ્યાયવ્યાઘાતાદિ નાના દોષો સ્વીકારીને પણ પાટ-પાટલા વાપરવાની રજા આપવામાં આવી.

પણ શેષકાળમાં તો પાટ-પાટલા ન વાપરીએ તો પણ કોઈ મોટા દોષો ઉત્પન્ન થતા જ નથી. એટલે એ કાળમાં પાટ-પાટલાદિ વાપરે તો તો સ્વાધ્યાય વ્યાઘાતાદિ દોષો નકામા જ ચોંટે. મોટા દોષો અટકાવવા રૂપ કોઈ લાભ આમાં ન થાય. એટલે શેષકાળમાં પાટ-પાટલાદિ વાપરવાનો સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે.

હવે જો આ સાધુ ઉપાશ્રયમાં શેષકાળમાં પણ પાટ-પાટલાદિ વપરાશ થતો જુએ, તો સમજી જાય કે "આ ગચ્છ જિનાજ્ઞાનો ભંગ કરે છે. સુવિહિત ગચ્છ તો આ બધી જિનાજ્ઞા પાળે જ..." તેથી આજ્ઞાભંજક ગચ્છ સાથે ન રહે.

અભ્યન્તર દ્રવ્યપ્રત્યુપેક્ષણામાં બીજો દોષ બતાવ્યો છે કે "સંથારો પાથરેલો જ હોય." દિવસ દરમ્યાન આચાર્ય ભગવંત કે સાધુઓ સાદા આસન ઉપર જ બેસે. માત્ર રાત્રે ઉંઘતી વખતે ઉત્તરપટ્ટા સાથે સંથારો પાથરી તેના ઉપર આરામ કરે. પણ દિવસ દરમ્યાન તેઓ સંથારો પાથરી ન રાખે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૧૮૫ ॥

અહીં પણ કોઈક એમ માનતા હોય કે, "આચાર્ય ભગવંતો વગેરેને આખો દિ' તૈયાર સંથારો પાથરી રાખવાની છૂટ જ હોય. તેઓ તો ઊંચાપદ ઉપર બેઠા છે..."

પણ આ વાત યોગ્ય નથી. આચાર્યના ૩૬ ગુણોમાં એક ગુણ બતાવ્યો છે, "**अल्पनिद्रः**" આચાર્યે ઓછી નિદ્રા લેવાની છે. એમાં જણાવ્યું છે કે આચાર્યે આખા ગચ્છને અપ્રમત્ત બનાવવાનો છે, જો પોતે વધુ નિંદ્રા લે, તો આખો ગચ્છ પણ વધુ નિંદ્રા લેવા માંડે. પણ એવું ન થવા દેવા માટે આચાર્ય સ્વયં અલ્પનિદ્રાવાળા હોય.

રે ! રાત્રે પણ તેઓ ખુદ પ્રથમ પોરિસી સ્વાધ્યાય કરે, બીજો પ્રહર આરામ કરે, બીજો આખો પ્રહર તેઓ પાછો સ્વાધ્યાય=ધ્યાન=અર્થચિંતન કરે. અને પછી ચોથા પ્રહરના આરંભમાં થોડોક આરામ કરે. આમ અતિ અલ્પનિદ્રા લેનારા હોય.

હા ! અપવાદ માર્ગ એ હોઈ શકે છે કે વર્તમાનકાળમાં સંઘયણો નબળા પડ્યા છે, આચાર્ય ભગવંતની ઉંમર મોટા ભાગે વધારે હોય. શારીરિક મુશ્કેલીઓના કારણે તેઓએ આરામ કરવો જરૂરી બને. દિવસે પણ વારંવાર આરામ કરવો પડે...તો એવા કારણોસર તેઓનો સંથારો પાથરેલો જ રહે તો પણ એ અપવાદમાર્ગે નિર્દોષ જ ગણાય. એમાં કોઈ દોષ ન ગણવો.

સુખશીલતા એ દોષ છે, શારીરિક-અસ્વસ્થતા એ અપવાદનું કારણ છે. આ બે ભેદ ધ્યાનમાં રાખવા. સુખશીલતા સેવવાની સત્તા-રજા તો કોઈને પણ નથી. પણ શારીરિક-અસ્વસ્થતાના નિવારણ માટે દિવસે પણ વારંવાર આરામ કરવો પડે તો એ ક્ષમ્ય છે.

ણ મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

બાકી ઉત્સર્ગમાર્ગ એ જ કે વિશેષકારણ વિના ઉપાશ્રયમાં દિવસ દરમ્યાન સંથારો પાથરેલો ન હોવો જોઈએ. જો એમ હોય તો એ અભ્યન્તરદ્રવ્યપ્રત્યુપેક્ષણાનો દોષ છે. આગન્તુક સાધુ આવા દોષવાળા ગચ્છની સાથે ન રહે. પ્રાચીનકાળમાં આચારવ્યવસ્થા કેવી ઉચ્ચકોટિની હશે ? એ આના ઉપરથી સમજી શકાય છે.

**(૫૧) <u>શ્લેષ્મણઃ પરિષ્ઠાપનમઙ્ગણે કુર્વન્તિ ।</u> – ઓઘનિર્યુક્તિ -૧૦૩**

સાધુઓનો આચાર છે કે મોઢામાંથી કફ કે નાકમાંથી શર્દી નીકળે તો એને પ્યાલામાં રાખેલ રાખમાં પરઠવે. ગમે ત્યાં નાંખીને ઘસી ન નાંખે. પૂર્વકાળમાં ખેરીયાનો ઉપયોગ ન હતો, પણ પ્યાલામાં જ તેઓ કફ-શર્દી પરઠવતા. વર્તમાનકાળની વ્યવસ્થા પ્રમાણે ખેરીયું પણ હજી ચાલે. પણ સાધુ ઉપાશ્રયની ભીંત ઉપર, ઉપાશ્રયના આંગણામાં, ઉપાશ્રયની જમીન ઉપર શર્દી-કફ કાઢી પછી હાથ-પગ વડે ઘસી નાંખે...તો એ અત્યંત અનુચિત અને બેહુદી પ્રવૃત્તિ લાગે.

જો પ્યાલા કે ખેરિયા વિના આંગણા-ભીંત કે જમીન ઉપર શર્દી-કફ કાઢે તો

(ક) જો એને બરાબર ઘસીને ધૂળ વગેરે સાથે મિશ્રિત ન કરે તો એમાં સંમૂર્ચ્છિમજીવોની ઉત્પત્તિ ૪૮ મિનિટ બાદ થઈ જાય.

(ખ) એ ઘસીને મિશ્રિત ન કરે તો ચીકણા કફ-શર્દી ઉપર માખી-મચ્છર-કીડી વગેરે જીવો આવી આવીને ચોંટી જાય અને મૃત્યુ પામે.

ણ મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

(ગ) હવે જો હાથ વડે ઘસે તો હાથ મેલા થાય, બગડે. એ હાથથી પુસ્તકાદિ પકડે તો જ્ઞાનની આશાતનાનો દોષ લાગે.

(ઘ) જો પગ વડે ઘસે તો પગ મલિન થાય, એ જ પગ પછી આસન ઉપર મૂકીએ એટલે આસન પણ મલિન થાય. વળી પગ વડે ઘસવામાં ખ્યાલ ન રહે તો કીડી વગેરે પણ પગ નીચે ઘસાઈ-કચડાઈને મરી જાય. વળી આ રીતે પગ વડે કફ-શર્દી ઘસવા એ લોકમાં નિંદાપાત્ર પણ બને.

(ચ) આંગણા-ભીંત કે ઉપાશ્રયની જમીન ઉપર કફ-શર્દી નાંખીને ઘસો તો આ બધા સ્થાનો ડાઘાવાળા-મેલા બને.

આ બધા કારણોસર જ કફ-શર્દી પ્યાલા કે ખેરિયામાં જ કાઢવા જોઈએ.

અહીં તો કહ્યું છે કે જે ગચ્છના સાધુઓ આંગણામાં કફ-શર્દી કાઢતા હોય તે ગચ્છની સાથે આ આગન્તુક સાધુ ન રહે. શાસ્ત્રકારોના મનમાં આ દોષની ભયંકરતા કેટલી બધી હશે ? તે આ ઉપરથી સમજી શકાય છે.

(૫૨) ये ते संयतीभिर्युक्तास्ते द्विविधाः - एके कालचारिणीभिः संयतीभिर्युक्ताः, तत्र निवसत्येव, अपरे अकालचारिणीभिः संयतीभियुक्ताः, कश्च कालः ? ताः संयत्यः पाक्षिकक्षामणार्थमागच्छन्ति स्वाध्यायार्थं वा, अयं कालः शेषस्तु अकालः, तत्र वासस्तु तस्य साधोः कालचारिश्रमणीयुक्तेषु भवतीति । अथ कालचारिसंयतीयुक्ताः साधवो न सन्ति, ततः पार्श्वस्थादिषु वसति, न च वसत्यकालचारिसंयतीसहितेषु ।

— ઓઘનિર્યુક્તિ ૧૦૮-૧૦૯

એકાકી સાધુએ રાત્રે કોઈ વસતિમાં રોકાવું છે. સાંભોગિક સાધુઓ ન મળ્યા, શૂન્યગૃહાદિ પણ ન મળ્યા, ત્યારે છેવટે નિત્યવાસી + અસાંભોગિક સાથે રહેવાનો અવસર આવ્યો. નિત્યવાસીઓ પણ નિત્યવાસ રૂપી એક દોષ સિવાય બીજી બધી બાબતોમાં = નિર્દોષ ગોચરી વગેરે બાબતોમાં સંવિગ્ન તુલ્ય છે, જો તેઓ એમાં પણ શિથિલ હોય તો એ પાસત્થાદિમાં જ ગણાય. નિત્યવાસીમાં નહિ. એટલે નિત્યવાસી અને અસાંભોગિકો સંવિગ્નતુલ્ય છે.

છતાં આ સાધુઓ-સાધ્વીઓવાળા કે સાધ્વીઓ વિનાના એમ બે પ્રકારના હોઈ શકે છે. જો તેઓ સાધ્વીઓ વિનાના હોય તો તો કોઈ પ્રશ્ન જ નથી. એમની સાથે આગન્તુક સાધુ રહે.

પણ આ સાધુઓ જો સાધ્વીઓવાળા હોય, તો એમાં એ વિચાર કરવો પડે કે એ સાધ્વીઓ કાલચારી છે ? કે અકાલચારી છે ?

જો એ સાધ્વીઓ સાધુઓના ઉપાશ્રયમાં માત્ર ચૌદશના દિવસે જ પાક્ષિક ખામણા કરવા આવતા હોય અને સ્વાધ્યાયના સમયે જ આવતા હોય, એ સિવાય સાધુઓના ઉપાશ્રયમાં પગ પણ ન મૂકતા હોય તો એ કાલચારી સાધ્વીઓ ગણાય. આવા સાધ્વીજીઓવાળા નિત્યવાસી કે અસાંભોગિક સાથે રહેવામાં કોઈ જ વાંધો નથી.

(અહીં એટલો ખ્યાલ રાખવો કે "સાધ્વીઓવાળા આ સાધુઓ છે." એનો અર્થ કોઈ એવો ન સમજે કે "સાધ્વીઓ સાધુઓના ઉપાશ્રયમાં જ રહે છે." કેમકે આ તો અતિભયંકર દોષ છે. એવા સાધુઓ સાથે તો રહેવાય જ નહિ. વળી એવો અર્થ કરીએ તો એ સાધ્વીઓ **કાલચારી** બને જ શી રીતે ? જો તેઓ ૨૪ કલાક સાધુના ઉપાશ્રયમાં જ રહેતા હોય તો પછી

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પાક્ષિકખામણા અને સ્વાધ્યાય માટે જ ઉપાશ્રયમાં આવવાની વાત શી રીતે ઘટે ? એટલે અહીં માત્ર એટલું જ સમજવાનું છે કે એ સાધુઓની નિશ્રામાં રહેનારા સાધ્વીજીઓ ત્યાં અલગ ઉપાશ્રયમાં રહેલા છે. અને પાક્ષિક ખામણા-સ્વાધ્યાય વિના સાધુના ઉપાશ્રયમાં પ્રવેશતા નથી. માટે તેઓ કાલચારી કહેવાય.)

પણ જો એ સાધ્વીજીઓ અકાલચારી હોય, એટલે કે પાક્ષિકખામણા-સ્વાધ્યાય સિવાય પણ વંદનાદિના બહાને ઉપાશ્રયમાં આવતા હોય, સાધુઓ વગેરે સાથે બીજી બધી વાતો કરતા હોય તો એ **અકાલચારી સાધ્વીજી** કહેવાય.

અહીં એક ગંભીર બાબત વૃત્તિકારમહર્ષિ જણાવી રહ્યા છે.

એકબાજુ નિત્યવાસી/અસાંભોગિક સાધુઓ છે પણ તેઓ અકાલચારી સાધ્વીઓવાળા છે. આ સાધુઓ બીજા બધા જ આચારો પાળવામાં ચોક્ખા છે. (માટે જ એમને પાસત્થાદિ નથી કહ્યા.) પરંતુ એમનો આ જ એક દોષ છે કે તેઓમાં અકાલચારી સાધ્વીજીઓ છે. તો બીજી બાજુ પાસત્થાદિ સાધુઓ અકાલચારી સાધ્વીઓ વિનાના છે. એટલે કે આ પાસત્થાદિ સાધુઓ શિથિલ હોવાથી દોષિતગોચરી વગેરે વગેરે દોષોવાળા છે, પણ તેઓમાં આ એક ગુણ છે કે તેમનામાં કોઈપણ અકાલચારી સાધ્વીઓ નથી.

તો આ બેમાંથી કોની સાથે રહેવું ?

અકાલચારી સાધ્વીઓવાળા નિત્યવાસીઓ વગેરે સાથે રહેવું ? કે પછી અકાલચારી સાધ્વીઓ વિનાના શિથિલ પાસત્થાદિઓ સાથે રહેવું ?

વૃત્તિકાર મહર્ષિ આચાર્યશ્રી દ્રોણ સાફસાફ શબ્દોમાં જણાવે છે કે આગન્તુક સાધુ પાસત્થાદિ શિથિલો સાથે રહે, પરંતુ અકાલચારી સાધ્વીઓ વાળા નિત્યવાસી અસાંભોગિક સાથે ન રહે. (જેઓ સાંભોગિક હોય તેઓ તો અકાલચારી સાધ્વીઓ વિનાના જ હોય. કેમકે જો તેઓ અકાલચારી સાધ્વીવાળા હોય તો આ પરિપક્વ સાધુ એમની સાથેનો બધો વ્યવહાર તોડી જ નાંખે. એમને અસાંભોગિક જ કરી દે. એટલે સાંભોગિકો તો અકાલચારી સાધ્વીવાળા મળતા જ નહિ. માટે જ જ્યારે સાંભોગિક સાધુઓની વાત આવી ત્યારે એવા બે ભેદ પાડ્યા જ નથી કે "તેઓ કાલચારી સાધ્વીવાળા અને અકાલચારી સાધ્વીવાળા એમ બે પ્રકારના હોય." ત્યાં તો સીધું એ જ બતાવ્યું કે "સાંભોગિકો હોય તો આ સાધુ એમની સાથે રહે." સાંભોગિક શબ્દનો અર્થ જ એ છે કે આગન્તુક સાધુના જેવી જ તમામ સામાચારી તે સાંભોગિકોની છે. એટલે એ સાધુઓ આગન્તુક સાધુની માફક અકાલચારી સાધ્વીઓ વિનાના જ હોય.... ખૂબ સૂક્ષ્મદૃષ્ટિથી આ પદાર્થ વિચારવો.)

આના ઉપરથી ઘણી બધી બાબતો જાણવા મળે છે.

(ક) ગોચરી દોષિત વાપરવી - વસ્ત્રોની વિભૂષા કરવી વગેરે દોષો પાસત્થાપણાનું કારણ છે. પણ આ બધા દોષો કરતા અકાળે સાધ્વીપરિચય એ વધુ ભયંકર દોષ છે. સાધ્વીજીઓ સામાન્ય સાધુઓને પણ વંદનાદિ કરે, વાતચીતો કરે એ અતિ ભયંકર દોષ છે. એટલે નિર્દોષગોચરી વગેરે આચારોથી સંપન્ન સાધુઓ પણ જો સાધ્વીપરિચયવાળા હોય, એમના ઉપાશ્રયમાં પાક્ષિકખામણા, સ્વાધ્યાય વિના પણ સાધ્વીઓ આવતા હોય...રે ! પાક્ષિક ખામણાદિ કારણસર આવે તો પણ ખામણા બાદ બીજી બધી વાતચીતો ચાલતી હોય તો તે સાધુઓ ભયંકરદોષના ભાગીદાર બને છે. શાસ્ત્રકારો દોષિતગોચરી



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

વગેરેવાળા સાધુઓ સાથે રહેવાની રજા આપે છે, જો તેઓ અકાલચારીસાધ્વીરહિત હોય. પણ અકાલચારી સાધ્વીઓવાળા સાથે રહેવાની રજા આપતા નથી.

(ખ) આની પાછળનું ગણિત એ હોઈ શકે કે આ સાધુઓ શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન કરીને પણ સાધ્વીઓ સાથે પરિચય કરે છે, તો એની પાછળ એમની આંતર પરિણતિ શું હોઈ શકે ? શા માટે તેઓ જિનાજ્ઞાનો ભંગ કરીને પણ સાધ્વીપરિચય કરવા તત્પર બને ? ત્યાં એમ જ કલ્પના થાય કે "આ સાધુઓના મન ઊંડે ઊંડે મલિનભાવો હશે, વિજાતીય પરિચય એમને રુચિકર હશે."

જેમ "આધાકર્મી ભયંકર દોષ છે" એવું જાણનારો સાધુ પણ કોઈપણ કારણ વિના આધાકર્મી શીરો વાપરે તો ત્યાં એમ કલ્પના પણ આપણને થઈ શકે ને ? કે "કાં તો આ સાધુમાં ઘોર આસક્તિ છે. કેમકે આસક્તિ વિના આવી નિષ્કારણ આધાકર્મી શીરો ખાવાની પ્રવૃત્તિ કેમ થાય ? કાં તો જિનાજ્ઞાપાલનની સરેઆમ ઉપેક્ષા છે."

એમ અહીં પણ "સાધ્વીપરિચય અતિભયંકર દોષ છે" એવું જાણનારો સાધુ પણ જો કોઈપણ ગાઢ કારણ વિના સાધ્વીપરિચય કરે, તો ત્યાં આવી જ કલ્પના થવાની ને કે "આ સાધુ વિજાતીય પ્રત્યે અનુરાગી છે." કેમકે એ વિના તે શા માટે જાણવા છતાં આવી આજ્ઞાભંગની પ્રવૃત્તિ આદરે ?

આમ પાસત્થાદિઓ ભોજનાસક્તિ વગેરે દોષવાળા છે, તો અકાલચારી સાધ્વીવાળાઓ ઊંડે ઊંડે વિજાતીયાસક્તિ વગેરે દોષવાળા છે. સીધે સીધી વાત છે કે ભોજનાસક્તિ એ ઉત્તરગુણ સંબંધી દોષ હોવાથી એ નાનો છે, જ્યારે વિજાતીયાસક્તિ

એ અતિમહાન ચતુર્થ મહાવ્રત સંબંધી = મૂલગુણ સંબંધી દોષ હોવાથી એ ઘણો મોટો છે.

તેથી જ અકાલચારી સાધ્વીઓવાળાને છોડીને અકાલચારી સાધ્વી વિનાના પાસત્થાદિમાં રહેવામાં ઓછો દોષ છે.

(ગ) કદાચ એવો પ્રશ્ન થાય કે – અકાલચારી સાધ્વીઓવાળા સાધુઓ સાથે રહેવામાં પણ શું વાંધો ? આગન્તુક સાધુએ તો રાત રોકાઈને આગળ જ જવાનું છે ને ? એ સાધ્વીઓ કંઈ રાત્રે થોડા જ આવવાના છે ? એ બધા તો દિવસે આવીને ચાલ્યા જ ગયા છે. એટલે રાત્રિમાં તો અકાલચારી સાધ્વીવાળાઓનો ઉપાશ્રય કે પાસત્થાદિનો ઉપાશ્રય એ બે ય સાધ્વીઓ વિનાના જ હોવાથી સમાન જ છે. તો પછી એ અકાલચારી સાધ્વીવાળાઓ સાથે ઉતરવામાં પણ શું વાંધો ?

પણ આ પ્રશ્નનું સમાધાન એ છે કે

(૧) આ સાધુ કંઈ સૂર્યાસ્ત બાદ જ ઉપાશ્રયમાં પહોંચે એવો નિયમ નથી. શક્ય છે કે એ તો સૂર્યાસ્તના એક-બે કલાક પહેલા પણ પહોંચી જાય, રે ! ક્યારેક દિવસે પહોંચીને આખો દિન પણ ત્યાં રોકાવાનું થાય. હવે આ બધા સમયમાં સાધ્વીજીઓ આવવાની શક્યતા છે જ. આ સાધુને આ બધું મંજુર નથી જ.

(૨) જો એ ગચ્છ આચારમાં વધુ છૂટછાટવાળો હોય તો રાત્રે સૂર્યાસ્ત બાદ અંધારામાં પણ ઉપાશ્રયમાં સાધ્વીઓની અવરજવર ચાલુ હોવી સંભવિત છે.

(૩) આવી રીતે સાધ્વીપરિચય કરનારા સાધુઓ અંદરખાને મલિનભાવવાળા હોવાની શક્યતા છે જ. તેઓનો કોઈ ભરોસો ન કરાય. કદાચ આગન્તુક સાધુને જ આ સાધુઓ કોઈક રીતે ફસાવી દે તો ? આવા પ્રસંગો પણ બની શકે છે.



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(૪) એ સાધુઓ રાત્રે કોઈપણ પાપ કરતા હોય અને એમાં જો તેઓ પકડાય, ભંડો ફુટે... તો ચાલાકીપૂર્વક બધો આરોપ નવા સાધુ ઉપર ચડાવી દે. એમ જાહેર કરે કે "આ નવા આવેલા સાધુએ બધી ગરબડ કરી છે." અને ખરેખર આવા પ્રસંગો સંભવી શકે છે કે જેમાં આગન્તુક નિર્દોષ સાધુઓ ઉપર સ્થાનિક સાધુઓ પોતાનું પાપ છૂપાવવા આરોપો મૂકી દે.

આવા ચોથાવ્રતના આરોપો માથે આવે, તો શું સાધુ સહી શકે ?

(૫) ધારો કે આગન્તુક સાધુને ઉપરના કોઈ નુકસાન ન થવાના હોય તો પણ આ સાધુઓનો બહિષ્કાર કરીને એ એમની આંખો ઉઘાડવાનું કામ તો કરે જ છે કે "આપણે સાધ્વીપરિચયવાળા છીએ, માટે આ સાધુ આપણી સાથે રહેતો નથી."

એક વાત ધ્યાનમાં રાખવી કે અતિશિથિલનો બહિષ્કાર-તિરસ્કાર કરવા પાછળ એમના પ્રત્યે દ્વેષભાવની લાગણી બિલકુલ નથી હોતી. પણ એમાં આજ્ઞાપાલનનો-અતિશિથિલોની આંખો ઉઘાડવાનો - એમના અતિશિથિલાચારને અનુમોદન ન આપવાનો જ એકમાત્ર નિર્મળ અભિપ્રાય હોય છે. જો એ અતિશિથિલમાં ખાનદાની હશે તો આ બહિષ્કારથી એને પશ્ચાત્તાપ થશે. પોતે દોષી હોવાનો અહેસાસ થશે. પણ ધારો કે એ ન સુધરે, તો પણ એના એ પાપોને આ સાધુ તરફથી સંમતિ-અનુમોદન તો ન જ મળે. લોકો પણ એ જાણતા થાય કે "આ સાધુઓ અતિશિથિલ છે. માટે એમની સાથે આ સાધુઓ પરિચયાદિ કરતા નથી."

એટલે આ બધા કારણોસર આગન્તુક સાધુ અકાલચારીસાધ્વીવાળા ગચ્છની સાથે ન રહે એ યોગ્ય છે.

હા ! વર્તમાનકાળની દૃષ્ટિએ હજી કદાચ નીચેની બાબતો અપવાદ રૂપ ગણી શકાય કે



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

(ક) જે આચાર્યના મસ્તકે સાધ્વીગણની જવાબદારી હોય તે આચાર્ય જો બ્રહ્મચર્યમાં સ્થિર-દઢ હોય તો એ આચાર્યશ્રી સાધ્વીજીઓના રોજેરોજ ઉભા થતા પ્રશ્નોના સમાધાન માટે જાહેરમાં = હોલમાં બેસીને એમની સાથે વાતો કરીને સમાધાન કરે. એ વ્યવસ્થા એવી હોય કે બધા લોકો આચાર્ય + સાધ્વીજીઓને વાતો કરતા જોઈ શકે ખરા, પણ એ વાતો સાંભળી ન શકે.

(ખ) સાધુના બેનસાધ્વી-બાસાધ્વી-પુત્રીસાધ્વી વગેરે હોય, તેઓ વિહાર કરીને આવ્યા હોય તો પોતાના સ્વજનસાધુને વંદનાદિ કરવા ઉત્કંઠાવાળા બને. આવી પરિસ્થિતિમાં મુખ્ય આચાર્યની રજા લઈ એ સાધુ તે સાધ્વીઓ સાથે જાહેરમાં સુખશાતાપૃચ્છાદિ વાતો કરી લે. (હા ! બેન-બા સાધ્વીના બહાને એમના આખા ગ્રુપ સાથે પરિચય થાય કે બેન-બા સાધ્વીજી સાથે પણ કલાક-બે કલાક પરિચય થાય, આ પ્રક્રિયા એક-બે દિવસને બદલે રોજીંદી થવા માંડે તો એને સંમતિ આપી ન શકાય.)

આવા કોઈક ગાઢ અપવાદો હજી માન્ય બને, બાકી આ બ્રહ્મચર્ય અંગેની બાબતો છે, એમાં છૂટ આપી ન શકાય.

ખરેખર તો સાધ્વીજીઓએ આ બાબતમાં સતર્ક બનવું જોઈએ. તેઓએ જ મક્કમ બનવું જોઈએ કે "આપણે સાધુઓ સાથે પરિચયાદિ કરવા જ નથી. ચૌદશે માત્ર આચાર્યશ્રીને પાક્ષિક ખામણા કરી લેશું. બીજા સાધુઓને પાક્ષિક ખામણા કરવાની જરૂર જ ક્યાં છે ? સ્વાધ્યાય માટે કોઈક વિશિષ્ટ વિદ્વાન-પરિપક્વ-ગંભીર સાધુને જ પ્રશ્ન પૂછી ઉત્તરો મેળવી લેશું. બાકી આપણે કોઈપણ સાધુને વંદન કરવાની ઈચ્છા રાખવી નથી. કોઈપણ સાધુ સાથે પરિચય કરવો નથી. રે ! હું મારા



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આત્માનો જ પરિચય હજી કરી શકી નથી, તો આ પારકા પરિચયો નાહકના શીદને ઉભા કરવા ?"

આવી દઢતા સાધ્વીજીઓએ કેળવવી જોઈએ. મુખ્ય સાધ્વીજી એક-બે સાધ્વીજી સાથે ઉપાશ્રયે જઈ ઉચિત કાર્ય પતાવી આવે. બાકીના સાધ્વીજીઓએ સાધુના ઉપાશ્રયમાં આવવાની જરૂર નથી.

જે સાધ્વીજીઓ સંવિગ્ન હશે, શાસ્ત્રાજ્ઞા ઉપર બહુમાનભાવવાળા હશે, મોક્ષૈકલક્ષી હશે... એવા સાધ્વીજીઓ તો ચોક્કસ આ વાતને અપનાવશે.

**(૫૩) वर्षासु उद्भिन्ना बीजादयः, आदिशब्दादनन्तकायः, तेन कारणेनापान्तराल एव तिष्ठति ।**

**— ઓઘનિર્યુક્તિ-૧૧૪**

ગુરુએ સોંપેલુ કાર્ય કરવા માટે આ સાધુ એકલો નીકળ્યો છે, તે દૂરના કોઈ ક્ષેત્રમાં જવા માટે નીકળ્યો છે. પણ ત્યાં પહોંચતા પહેલા જ રસ્તામાં વરસાદ પડ્યો અને વરસાદ પડવાથી ધરતી ઉપર બીજ ઉગી નીકળ્યા, નિગોદો પણ ઉત્પન્ન થઈ ગઈ. હવે જો આવું બને તો તે સાધુ વિહાર ન કરે અને રસ્તામાં જ ઉચિત ગામમાં રહીને આખું ચોમાસું ત્યાં જ પસાર કરે.

ષટ્કાયની રક્ષા માટે સાધુ કેવો તત્પર હોય ? એનું આ સચોટ ઉદાહરણ છે. ગુરુના કાર્ય માટે એકલો નીકળ્યો છે, પણ રસ્તામાં વરસાદ પડવાથી નિગોદાદિ ઉત્પન્ન થઈ તો એના ઉપર વિહાર કરીને આગળ નથી જતો, પણ ષટ્કાયની રક્ષા કરવા રસ્તામાં જ કોઈક વ્યવસ્થિત ગામ પસંદ કરી એમાં જ આખું ચાતુર્માસ પૂર્ણ કરી દે છે.

હા ! એવું અતિગાઢ કારણ હોય તો અપવાદમાર્ગે વિરાધના કરીને પણ જવું પડે. પણ આ સાધુને એવું અતિગાઢ કારણ નહિ હોય, એટલે સામાન્ય કારણોને ગૌણ કરીને એ ષટ્કાયની રક્ષાને જ મહત્ત્વ આપે છે.

વર્તમાનમાં આ વાત ખાસ વિચારવા જેવી છે.

કેટલાક સમુદાયોમાં આર્દ્રાનક્ષત્ર પૂર્વે ચોમાસાના ક્ષેત્રની નજીક પહોંચી જવાની જે સામાચારી છે, એની દૃઢતા છે... તે બધા જ સમુદાયોમાં જીવંત થાય તો કેટલું સરસ ! આપણા ચાતુર્માસની જય હાલ તો લગભગ ઘણી જ વહેલી બોલાઈ જતી હોય છે.... તો આપણો વિહાર કાર્યક્રમ એ રીતે જ ગોઠવીએ કે જેથી વરસાદપૂર્વે નજીકના ક્ષેત્રમાં પહોંચી જવાય... જેથી પ્રભુની આજ્ઞાનું પાલન પણ થાય અને અનેક પ્રકારની વિરાધનાથી બચી પણ શકાય... આ અંગેની ઉપેક્ષા ત્યજીને આપણે કાળજીવાળા બનીએ એ આપણા સંયમની શુદ્ધિ માટે ખૂબ જ ઈચ્છનીય છે.

કટોકટિ આવે અને એ કારણે વરસાદ પછી નિગોદાદિની વિરાધના કરીને પણ ચોમાસાના ક્ષેત્રમાં પહોંચાય, એ તો હજી ય બરાબર. પણ શું દરવર્ષે આવી કટોકટિ સર્જાય છે !

શાસ્ત્રાજ્ઞાને નજર સામે રાખીને વિચાર કરવો ખૂબ જરૂરી છે.

<u>(૫૪) तत्र च तिष्ठन् किं करोतीत्यत आह - दण्डादिकमाचार्यं कल्पयति निराबाधे प्रदेशे, अयं ममाचार्य इति । तस्य चाग्रतः सकलां चक्रवालसामाचारीं प्रयुङ्क्ते, निवेद्य करोतीत्यर्थः ।</u> – ઓઘનિર્યુક્તિ ૧૧૫


णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ગુરુના કાર્ય માટે એકલો નીકળેલો સાધુ રસ્તામાં વરસાદ શરુ થવાથી, રસ્તાના જ કોઈક ગામમાં ચોમાસા માટે રહી જાય છે, ત્યાં રહેલો એ સાધુ શું કરે ? એની વિધિ બતાવે છે કે સાધુ દાંડા વગેરે કોઈક ઉપકરણને આચાર્ય તરીકે સ્થાપી દે. વસતિના જે સ્થાનમાં કોઈની પણ અવરજવર ન હોય, એ દાંડો હલી જવાનો-પડી જવાનો ભય ન હોય તેવા સ્થાનમાં એ દાંડાને મૂકીને એને પોતાના આચાર્ય તરીકે કલ્પી લે અને પછી એ દાંડાની આગળ જ બધી જ ચક્રવાલ સામાચારી કરે. અર્થાત્ એ દાંડાને જ ગુરુ તરીકે માની એને પૂછી પૂછીને જ બધા કામ કરે, જે કંઈ ભૂલો થાય, એ બધાની એ દાંડા સામે જ આલોચના કરે. મિચ્છામિ દુક્કડમ્ આપે. પ્રતિક્રમણાદિ તમામ ક્રિયાઓ દાંડા સામે કરે.

ટુંકમાં અત્યારે જેમ ગુરુની ગેરહાજરીમાં આપણે બધી ક્રિયાઓ **સ્થાપનાજી** સામે કરીએ છીએ, તેમ તે સાધુ આખું ચોમાસું બધી જ ક્રિયાઓ એ ગુરુ તરીકે સ્થાપેલા દાંડા વગેરે સામે કરે.

પ્રશ્ન એ છે કે શું આ સાધુ પાસે ભગવાન - સ્થાપનાચાર્યજી નથી ? શું જ્યારે એ ગુરુ પાસેથી એકલો છૂટો પડ્યો, ત્યારે એણે સ્થાપનાજી સાથે લીધા ન હતા ? શું આ રીતે સ્થાપનાજી વિના આખું ચોમાસું માત્ર દાંડા આગળ બધી ક્રિયાઓ કરી શકાય ?

આ બધા પ્રશ્નોનો ઉત્તર હ કારમાં છે.

(ક) સ્થાપનાજી માત્ર આચાર્યશ્રી પાસે જ હોય. એ એમની જ ઉપધિ છે. ગચ્છમાં ઉપાધ્યાય વગેરે બીજા ગીતાર્થો પણ સ્થાપનાજી ન રાખતા. એકમાત્ર આચાર્યશ્રી જ સ્થાપનાજી રાખતા. એટલે જ્યારે હવે કોઈપણ સાધુને કારણસર એકલા

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

જવાનું થાય ત્યારે તે સ્થાપનાજી ન જ લઈ જાય એ સ્વાભાવિક છે. બીજા સ્થાપનાજી છે જ નહિ, તો લઈ શી રીતે જાય ? ગચ્છમાં તો બધા સાધુઓ સાક્ષાત આચાર્ય વિદ્યમાન હોવાથી એમની પાસે જ બધી ક્રિયાઓ કરતા. એમને સ્થાપનાજીનો ઉપયોગ ભાગ્યે જ કરવો પડતો. સ્થાપનાજીની જરૂર મુખ્યત્વે આચાર્યશ્રીને રહેતી. એટલે જ આચાર્યપદપ્રદાન અવસરે જ અક્ષ (સ્થાપનાજી) આપવાનો વિધિ છે, પંન્યાસ કે ઉપાધ્યાય આદિ પદ પ્રદાન અવસરે પણ અક્ષ આપવાનો વિધિ નથી. પણ ગ્રુપ મોટું હોય, બાળ-ગ્લાનાદિનો પ્રતિક્રમણાદિનો સમય આઘો પાછો રહેતો હોય, એનાથી આચાર્યને વિક્ષેપ થયા કરતો હોય... તેથી અનેક સ્થાપનાજી રાખવાનું શરૂ થયું હશે. વળી આજકાલ ગમે ત્યારે ગમે તે ૨/૩/૪ મહાત્માઓને અલગ પડવાનું હોય છે. એટલે પણ વધારે સ્થાપનાજી રાખવા જરૂરી બને છે. છતાં ક્રિયામાં પ્રમાદ, સ્વચ્છંદતા વગેરે દોષો ઘૂસી ન જાય એની કાળજી કરવી.

એટલે સાધુઓ જ્યારે પણ કારણસર અલગ પડતા, ત્યારે દાંડો વગેરે સ્થાપીને બધી ક્રિયાઓ કરી લેતા. સ્થાપનાજી ન રાખતા.

(ખ) સાધુઓ તદ્દન નિર્દોષ જીવન જીવનારા હતા. તેઓ પ્રાયઃ દોષિત કોઈપણ વસ્તુ લેવા તૈયાર ન થતા. હવે આ સ્થાપનાજી નિર્દોષ શી રીતે મળે ? જો સાધુઓ માટે જ એ સ્થાપનાજીઓ તૈયાર કરાતા હોય તો તો એ ચોક્ખા આધાકર્મી=દોષિત જ બની ગયા. અને જો સાધુઓ જાતે અચિત્ત શંખલાદિ ભેગા કરી એમાંથી સ્થાપનાજી બનાવતા હોય તો એમાં શંખલા ભેગા કરવા, એને ઘડવા વગેરેમાં પુષ્કળ સમય બગડે. એટલે જ બધા સાધુઓ સ્થાપનાજી રાખતા જ નહિ.

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

માત્ર આચાર્ય પુરતા એક જ સ્થાપનાજી રાખવાના હોય એટલે પછી સમય બગડવાદિ દોષો ન લાગે.

(ગ) સ્થાપનાજી રાખે તો પરિગ્રહ વધે. પાંચમા મહાવ્રતમાં અતિચાર લાગે. આચાર્યશ્રીના સ્થાપનાજી છે જ, એટલે બીજા સાધુઓએ પોતાની પાસે જુદા સ્થાપનાજી રાખવાનું કોઈ પુષ્ટ કારણ નથી. વગર કારણે રાખે તો દોષ લાગવાનો જ. વળી બે ટાઈમ એ સ્થાપનાજીનું પ્રતિલેખનાદિ કરવામાં સમય પણ જાય. આચાર્ય પાસે જઈ બધી ક્રિયા કરવાને બદલે પોતાની પાસેના સ્થાપનાજી પાસે જ બધી ક્રિયા કરવાની શરુ થવાથી અવિનય-શિથિલતાદિ દોષો પણ પ્રગટે.

આ હતી પ્રાચીન પરંપરા !

**<u>(૫૫) उपदेशाहिण्डको यो देशदर्शनार्थं सूत्रार्थोभयनिष्पन्नो हिण्डते-विहरति</u> – ઓઘનિર્યુક્તિ-૧૧૯**

ક્ષયોપશમવાળો સાધુ ૧૨ વર્ષ સૂત્રાભ્યાસ અને ૧૨ વર્ષ અર્થાભ્યાસ કરી ૨૪ વર્ષના દીક્ષાપર્યાયે શાસ્ત્રબોધની બાબતમાં સંપૂર્ણ તૈયાર થઈ જાય. હવે એને જરૂર છે અનુભવજ્ઞાનની ! જો આ સાધુ આચાર્યપદવી વગેરેને યોગ્ય હોય તો એને બહોળો અનુભવ પ્રાપ્ત થાય એ માટે એના ગુરુ જ એની સાથે ઓછામાં ઓછા બે સાધુ આપીને દેશમાં પર્યટન કરવા મોકલે. એ સાધુ માસકલ્પ પદ્ધતિ પ્રમાણે નહિ, પણ પોતાની ઈચ્છા પ્રમાણેના વિહાર કરે. આ રીતે વિહાર કરવાથી એને ઘણા ફાયદા થાય.

(ક) રસ્તામાં અનેક ગીતાર્થ અનુભવી આચાર્ય ભગવંતો મળે, એમની પાસેથી અવનવી ઘણી બધી બાબતો જાણવા મળે, પોતાને કોઈક પદાર્થોની શંકા હોય તો એ વિશિષ્ટ મહાપુરુષોના સંપર્કથી દૂર થાય. આમ પુષ્કળ જ્ઞાનવૃદ્ધિ થાય.

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

(ખ) ગામે ગામે, નગરે નગરે નવા નવા દેરાસરોમાં નવી નવી પ્રતિમાઓના દર્શન થાય. કોઈક પ્રતિમાઓ અતિપ્રાચીન હોય, કોઈક પ્રભાવક હોય...આ બધાના દર્શનથી, કલ્યાણક ભૂમિઓની સ્પર્શનાથી સમ્યગ્દર્શન નિર્મળ બને, દૃઢ બને.

(ગ) જુદા જુદા દેશની ભાષાઓ, ત્યાંના આચારો-વ્યવહારો-માન્યતાઓ વગેરે વગેરે ઘણું ઘણું જાણવા મળે. શાસ્ત્રોમાં વાંચેલી ઘણી બધી બાબતો તે વખતે તો એકદમ સામાન્યથી સમજાઈ હોય, પણ આ બધું જોયા બાદ એ બધી બાબતો વધુ ને વધુ સ્પષ્ટ થવા લાગે. શાસ્ત્રબોધ સ્ફટિકવત્ નિર્મળ થવા માંડે.

(ઘ) અવનવા ગચ્છો મળે, એમની સાથે રહેવાનું થાય, એમની વિશિષ્ટ સામાચારીઓ જાણવા મળે...

આવા અનેક લાભો ગીતાર્થ સાધુને દેશપર્યટન કરવાથી પ્રાપ્ત થાય, એટલે જ એ ૧૨ વર્ષ સુધી દેશપર્યટન કરે. આ શાસ્ત્રમાન્ય છે. આવા ગીતાર્થને કોઈ દોષ નથી.

**(૫૬) एतान्यकारणानि संयतस्य, किंविशिष्टस्य ? असमाप्तसूत्रार्थोभयस्य संयतस्य भवन्ति अकारणानीति। तान्येव च धर्मचक्रादीनि भवन्ति कारणानि, कस्य ? गीतार्थविहारिणः सूत्रार्थोभयनिष्पन्नस्य दर्शनादि स्थिरीकरणार्थं विहरत इति । – ઓઘનિર્યુક્તિ - ૧૨૧**

ગીતાર્થતા એ એક પ્રકારનું લાઈસન્સ છે. જેમ ગાડી ચલાવવાનું લાઈસન્સ પામેલો વ્યક્તિ આખા ભારતમાં એ લાઈસન્સના આધારે સ્કુટર-ગાડી વગેરે બધું જ ચલાવી શકે, એને પ્રાયઃ કોઈ દોષ ન લાગે. કેમકે એ બરાબર શીખેલો છે.

કોઈપણ પોલીસ એને કશું જ નુકસાન ન કરી શકે. એમ જે ગીતાર્થતા પામી ગયો એને જિનપ્રતિમાઓના દર્શન માટે, દીક્ષાકલ્યાણક-કેવલજ્ઞાનકલ્યાણક-નિર્વાણકલ્યાણક-જન્મકલ્યાણકાદિ ભૂમિઓની સ્પર્શના માટે...જવાની રજા મળે. આ બધા કારણોસર એ જાય તો પણ એ આજ્ઞાભંજક ન ગણાય.

જેમ ગાડી ચલાવનારાની બરાબર પરીક્ષા કર્યા બાદ એમ લાગે કે,"આ હવે એક્સીડન્ટ નહિ કરે, એને બરાબર ગાડી ચલાવતા આવડી ગઈ છે." પછી જ સરકાર એને લાઈસન્સ આપે અને ખરેખર મોટાભાગે આ લાઈસન્સવાળો માણસ એક્સીડન્ટ ન જ કરી બેસે.

એમ સાધુની બરાબર પરીક્ષા કર્યા બાદ ગુરુને એમ લાગે કે,"આને ભણાવી-ગણાવીને ગીતાર્થ બનાવવામાં કોઈ જ વાંધો નથી. એ ગીતાર્થ બનશે, અને સાચો ગીતાર્થ બની સ્વ-પરનું હિત કરનાર બનશે." તો જ ગુરુ એને ગીતાર્થ બનાવે, ગીતાર્થતારૂપી લાઈસન્સ આપે અને ખરેખર આ પરિપક્વ ગીતાર્થ લગભગ કદી કોઈ ખોટા નિર્ણય ન લે. સ્વ-પરના હિતમાં જ નિમિત્ત બને. અને માટે જ ઉપરના કારણોસર એને તે તે સ્થાને જવાની રજા મળે.

વળી લોકમાં પણ નિયમ છે કે

લાઈસન્સવાળાથી ક્યારેક એક્સીડન્ટ થાય તો પણ એને સરકાર તરફથી કોઈ શિક્ષા ન થાય, પણ લાઈસન્સ વિનાનાએ એક્સીડન્ટ કર્યો ન હોય તો પણ જો એ લાઈસન્સ વિના ગાડી ચલાવતો પકડાય તો સરકાર એને શિક્ષા કરે જ.

એમ લોકોત્તર શાસનમાં પણ આ વ્યવસ્થા છે કે ગીતાર્થતાવાળો કારણસર યતનાથી દોષ સેવે તો એને એની માફી મળે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પરંતુ ગીતાર્થતા વિનાનો સાધુ ગીતાર્થની માફક જો બધા કાર્યો કરવા માંડે તો કદાચ એનાથી કોઈ ભૂલ ન થઈ હોય તો પણ ગુરુજનો એને શિક્ષા કર્યા વિના ન રહે.

હા ! જેમ લાઈસન્સવાળો પણ સરકારી કાયદાનો ભંગ કરીને સ્કુટર-ગાડી ચલાવે તો એને શિક્ષા થાય, એમ ગીતાર્થ પણ નિષ્કારણ કે અયતનાથી દોષ સેવે તો એને પ્રાયશ્ચિત્ત આપવામાં આવે.

પ્રસ્તુતમાં આ જ વાત કરી છે કે જે ગીતાર્થ નથી બન્યો, તે તીર્થયાત્રા કરવા વગેરે માટે જો નીકળી પડે તો એના માટે આ બધા અકારણો છે. એને દોષ લાગે. પણ જે ગીતાર્થ બની ગયો છે, એના માટે ઉપર દર્શાવેલા કારણો પુષ્ટકારણો કહેવાય. એના માટે તે વિહારાદિ કરે તો પણ એ નિર્દોષ ગણાય.

ગીતાર્થની વ્યાખ્યા નીચે મુજબ છે.

**(૧) જઘન્ય ગીતાર્થ :** નિશીથસૂત્ર આખું જેને મોઢે આવડતું હોય અને એની ચૂર્ણિનો ગીતાર્થો પાસે જેણે ખૂબ સારી રીતે અભ્યાસ કર્યો હોય એ બધા પદાર્થો જેને ઉપસ્થિત હોય તે જઘન્ય ગીતાર્થ કહેવાય.

(૨) ચૌદ પૂર્વો જેને મોઢે આવડતા હોય અને એના તમામ અર્થોનો પણ જેને બોધ હોય તે ઉત્કૃષ્ટ ગીતાર્થ કહેવાય.

(૩) આ બેની વચ્ચેના બોધવાળાઓ મધ્યમગીતાર્થ તરીકે જાણવા.

જઘન્ય ગીતાર્થમાં ચતુર્ભંગી નીચે પ્રમાણે છે.

(૧) નિશીથસૂત્ર મોઢે આવડે + એની નિર્યુક્તિ-ચૂર્ણિ વગેરેનો બિલકુલ અભ્યાસ ન હોય.

(૨) નિશીથસૂત્ર મોઢે ન આવડે + એની નિર્યુક્તિ-ચૂર્ણિનો ખૂબ સારો અભ્યાસ કરેલો હોય.

(૩) નિશીથસૂત્ર મોઢે આવડે + એની નિર્યુક્તિ-ચૂર્ણિનો ખૂબ સારો અભ્યાસ પણ કરેલો હોય.

(૪) નિશીથસૂત્ર મોઢે ન આવડે + એની નિર્યુક્તિ-ચૂર્ણિનો ખૂબ સારો અભ્યાસ પણ ન કરેલો હોય.

આમાં ચોથો ભાંગો તો સાવ નકામો જ છે. સર્વશ્રેષ્ઠ ભાંગો ત્રીજો છે. સાચો જઘન્યગીતાર્થ એ જ કહેવાય. અપવાદમાર્ગે છેવટે બીજા ભાંગાવાળો પણ જઘન્ય ગીતાર્થ કહેવાય. પહેલા ભાંગવાળાને બોધ કશો ન હોવાથી એ જઘન્ય ગીતાર્થમાં ન આવે.

મધ્યમગીતાર્થ વગેરેમાં પણ આ જ પદ્ધતિથી ચતુર્ભંગી સમજી લેવી.

(અલબત્ત નિશીથાદિના સૂત્ર કે પદાર્થો ઉપસ્થિત કરી લેવા માત્રથી પણ ગીતાર્થ બનાતું નથી. દેશ-કાળ-પુરુષાદિનું મુલ્યાંકન કરી શકે, તથા શાસ્ત્રોમાં આગળ-પાછળ આવતી જુદા જુદા પ્રકારની વાતો પાછળના કારણોનો યથાયોગ્ય નિશ્ચય કરવાનો ક્ષયોપશમ પણ હોય તે ગીતાર્થ ગણાય.)

સાધ્વીજીઓને નિશીથસૂત્રાદિનો અભ્યાસ કરાવાતો નથી.

જે સાધુએ સાચા ગીતાર્થ બનવું હોય એણે આખું નિશીથસૂત્ર ગોખવું જોઈએ. કડકડાટ કરવું જોઈએ. અને અનુભવી



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ગીતાર્થ પાસે એનો તનતોડ અભ્યાસ કરવો જોઈએ. પણ હા ! એ અભ્યાસ જીદ કરીને ન થાય. અનુભવી ગીતાર્થ રજા આપે, પાત્રતા જોઈ અનુમતિ આપે તો જ પછી એનો અભ્યાસ થાય.

કમ સે કમ બીજા ભાંગાવાળા ગીતાર્થ તો બનવું જ જોઈએ.

**(૫૭) गीयत्थो य विहारो बिइओ गीयत्थमीसओ भणिओ । एत्तो तईअविहारो नाणुन्नाओ जिणवरेहिं ।**

**– ઓઘનિર્યુક્તિ-૧૨૨**

અત્યંત મહત્ત્વની, અત્યંત ઉપયોગી, અનેક શાસ્ત્રોમાં ઠેર ઠેર જોવા મળતી આ ગાથા છે. એનો સીધે સીધો અર્થ આ છે કે - (૧) ગીતાર્થ વિહાર, (૨) ગીતાર્થ મિશ્રિત વિહાર. આ બે વિહાર કહેવાયેલા છે. આ સિવાયનો ત્રીજો વિહાર જિનવરો વડે કહેવાયેલો નથી.

આમાં ગીતાર્થો બે પ્રકારના છે. ગચ્છનિર્ગત અને ગચ્છવાસી.

જિનકલ્પિકો, પરિહારવિશુદ્ધિઓ, ૧૨ પ્રતિમાધારીઓ અને યથાલન્દિક કલ્પવાળાઓ...આ ચાર શ્રમણો અવશ્ય ગીતાર્થ જ હોય. કેમકે એમની પાસે જઘન્યથી પણ નવમાપૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું જ્ઞાન સૂત્ર-અર્થ બેયનું હોય. અને આ બધા ગચ્છમાંથી નીકળીને આત્મસાધના કરનારા છે. એટલે આ બધા ગચ્છનિર્ગત ગીતાર્થો કહેવાય.

આ બધા સ્વયં ગીતાર્થ છે, કોઈ ગીતાર્થની નિશ્રામાં નથી. એટલે એમનો વિહાર ગીતાર્થવિહાર ગણાય. (જો કે એમની

સાથે બીજા ગીતાર્થો હોવાથી ગીતાર્થમિશ્રિત પણ કહી શકાય. પણ છતાં અહીં આ બધાને ગીતાર્થવિહાર તરીકે જ ગણવાના છે.)

ગચ્છમાં રહેનારા ગીતાર્થો તરીકે પાંચ તો અવશ્ય ગીતાર્થ જ હોય. (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) પ્રવર્તક (૪) સ્થવિર (૫) ગણાવચ્છેદક. આ પાંચ અવશ્ય ગીતાર્થ હોય. આ પદવી ન પામેલા બીજા સાધુઓ પણ ગીતાર્થ હોઈ શકે છે. પણ આ બધામાં આચાર્ય અને ઉપાધ્યાય આ બેનો વિહાર જ ગીતાર્થવિહાર કહેવાય. બાકીના પ્રવર્તક વગેરે સ્વયં ગીતાર્થ હોવા છતાં પણ તેઓ આચાર્યાદિરૂપ ગીતાર્થની નિશ્રામાં જ વિચરનારા કહેવાય, એટલે એ બધા ગીતાર્થમિશ્રિત-ગીતાર્થનિશ્રિત જ ગણાય.

જે અગીતાર્થ સાધુઓ છે, તેઓ તો આચાર્યાદિ ગીતાર્થની નિશ્રામાં જ વિચરે છે, એટલે તેઓ તો આમ પણ ગીતાર્થમિશ્રિતમાં જ ગણાય.

આમ,

**ગીતાર્થવિહારમાં** જિનકલ્પી +પરિહારવિશુદ્ધિક+પ્રતિમાધારી+યથાલન્દિક આ ચાર ગચ્છનિર્ગતો તથા આચાર્ય + ઉપાધ્યાય આ બે ગચ્છગત સાધુઓ આવે.

**ગીતાર્થમિશ્રિત વિહારમાં** પ્રવર્તક + સ્થવિર + ગણાવચ્છેદક + સામાન્ય ગીતાર્થો આ ચાર ગીતાર્થો તથા તમામ અગીતાર્થ સાધુઓ આવે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આ સિવાયના કોઈપણ સાધુઓ હોય તે બધા આજ્ઞાબાહ્ય જાણવા.

હા ! ઘણી જગ્યાએ **ગીતાર્થમિશ્રિત** શબ્દની જગ્યાએ **ગીતાર્થનિશ્રિત** શબ્દ પણ વપરાયો છે. આ બેમાં મોટો તફાવત છે. ગીતાર્થમિશ્રિત એટલે જે ગ્રુપમાં ઓછામાં ઓછો એક ગીતાર્થ હાજર હોય જ. એ ગ્રુપ ગીતાર્થના મિશ્રણવાળું =ગીતાર્થમિશ્રિત કહેવાય. એ ગ્રુપના સાધુઓનો વિહાર ગીતાર્થમિશ્રિત વિહાર કહેવાય.

જ્યારે **ગીતાર્થનિશ્રિત** એટલે ગીતાર્થ સાથે ન હોય તો પણ ગીતાર્થની જ રજા-અનુજ્ઞા-સંમતિથી જે જુદા વિચરતા હોય તો એ ગીતાર્થનિશ્રિત વિહારમાં ગણી શકાય.

ગચ્છાચાર વૃત્તિમાં આ વાત દર્શાવીને કહ્યું છે કે અશિવ-દૂકાળ-રાજદ્વેષ-ગ્લાનિ વગેરે વગેરે કારણોસર સાધુ ગીતાર્થથી છૂટો પડી જાય, છતાં એમાં ગીતાર્થની રજા હોવાથી એ ગીતાર્થનિશ્રિત ગણાય.

આમ શાસ્ત્રમાં ગીતાર્થમિશ્રિત અને ગીતાર્થનિશ્રિત આ બે ય શબ્દો આવતા હોવાથી અને એનું નિરૂપણ કરનારા ગ્રન્થો સંપૂર્ણપણે પ્રામાણિક હોવાથી એ બે ય અર્થો શાસ્ત્રમાન્ય બની રહે છે અને એટલે ગીતાર્થની સાથે જ રહેનારા સાધુઓનો વિહાર અને ગીતાર્થની ગેરહાજરી છતાં ગીતાર્થની રજાથી જ રહેનારા=વિહરનારા સાધુઓનો વિહાર એ **ગીતાર્થમિશ્રિત-ગીતાર્થનિશ્રિત** એ બેય રૂપે શાસ્ત્રમાન્ય બની રહે છે.

નીચેની શાસ્ત્રીય બાબતો એવું સૂચન કરી રહેલી લાગે છે કે ગીતાર્થની સાક્ષાત હાજરી જોઈએ.

(૧) શાસ્ત્રમાં જાત-સમાપ્તકલ્પ બતાવાયો છે. એમાં ચોમાસામાં ઓછામાં ઓછા ૭ સાધુ અને શેષ કાળમાં ઓછામાં

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ઓછા પાંચ સાધુ હોય તો એ સમાપ્ત કલ્પ કહેવાય. હવે એમાં જો ગીતાર્થ હાજર હોય તો એ જાતકલ્પ અને ગીતાર્થ હાજર ન હોય તો એ અજાતકલ્પ.

એટલે

(ક) ગીતાર્થ હાજર + ૫/૭ની સંખ્યા હાજર = જાત-સમાપ્તકલ્પ.

(ખ) ગીતાર્થ હાજર + ૫/૭ની સંખ્યા ગેરહાજર (ઓછી) = જાત-અસમાપ્તકલ્પ.

(ગ) ગીતાર્થ ગેરહાજર + ૫/૭ની સંખ્યા હાજર = અજાત-સમાપ્તકલ્પ.

(ઘ) ગીતાર્થ ગેરહાજર + ૫/૭ની સંખ્યા ગેરહાજર(ઓછી) = અજાત-અસમાપ્તકલ્પ.

આમ ચાર ભાંગા થાય.

આમાં ઉત્સર્ગમાર્ગે માત્ર પહેલો ભાંગો જ શુદ્ધ ગણ્યો છે. બાકીના ત્રણે ય ભાંગાઓ અશુદ્ધ ગણ્યા છે. એટલું જ નહિ આ ત્રણ ભાંગાવાળાઓને તીર્થંકરોએ વસ્ત્ર-પાત્ર-ઉપધિ-વસતિ-ગોચરી-પાણી-શિષ્ય વગેરે કોઈપણ વસ્તુ લેવાની=વહોરવાની સંમતિ આપી નથી, એટલે જો આ લોકો આમાંની કોઈપણ વસ્તુ લે તો એ તીર્થંકર-અદત્તને ગ્રહણ કરનારા કહેવાયેલા છે.

હવે જો દૂર રહેલા ગીતાર્થની પણ નિશ્રા ગણાતી હોત તો તો જે ૫/૭નું અગીતાર્થવૃંદ છે, એ પણ દૂર રહેલા ગીતાર્થની

નિશ્રામાં જ ગણાય. અર્થાત્ તેઓ ગીતાર્થનિશ્રિત જ ગણાય. અને તો પછી એમનો વિહાર શાસ્ત્રમાન્ય બનવો જોઈએ. જ્યારે અહીં તો એમનો વિહાર શાસ્ત્રવિરુદ્ધ દર્શાવેલો છે.

વળી શાસ્ત્રકારોએ એવો કોઈ ભેદ પણ નથી જણાવ્યો કે,"૫/૭ સાધુઓ જો ગુર્વાજ્ઞાથી વિચરતા હોય તો એ જાતકલ્પ અને ગુર્વાજ્ઞા વિના વિચરતા હોય તો અજાતકલ્પ." એમણે તો ગીતાર્થની ગેરહાજરી થઈ એટલે અજાતકલ્પ જ દર્શાવી દીધો.

આમ જાત-સમાપ્તકલ્પની વ્યવસ્થા એમ સૂચવે છે કે ગીતાર્થની સાક્ષાત હાજરી જોઈએ.

(૨) ઉપદેશમાલા ગાથા ૩૯૮-૩૯૯-૪૦૦માં સ્પષ્ટ દર્શાવ્યું છે કે ગીતાર્થ વિનાનો અગીતાર્થ અને અગીતાર્થની નિશ્રામાં રહેલો હોય તે ગચ્છ એ બે ય જણ અનંતસંસારી થાય. આવું થવા પાછળનું કારણ એ બતાવ્યું કે અગીતાર્થ સચિત્ત-અચિત્તાદિ દ્રવ્યોને-દુકાળ સુકાળાદિ રૂપ કાળને - ભાવિત-રુક્ષાદિ રૂપ ક્ષેત્રને...જાણતો નથી, એટલે એ અનંતસંસારી થાય. એની નિશ્રામાં રહેલો પણ અનંતસંસારી થાય.

અહીં ગીતાર્થનિશ્રિતને આવા કોઈ દોષ જણાવ્યા નથી.

ટુંકમાં અગીતાર્થનિશ્રિત-અગીતાર્થ પુષ્કળ દોષો પામે,

પણ ગીતાર્થનિશ્રિત-અગીતાર્થ કોઈ દોષ ન પામે, મોક્ષ પામે.

આ રીતનો સ્પષ્ટ ભેદ બતાવ્યો છે.



ણ મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

એમાં અગીતાર્થનિશ્રિત-અગીતાર્થ પાસે તો ગીતાર્થ સાક્ષાત્ હાજર નથી, એટલે એ નુકસાન પામે એ સીધી વાત છે. આપણે વિચારી કરીએ ગીતાર્થનિશ્રિત-અગીતાર્થનો !

જો દૂર રહેલા ગીતાર્થની પણ નિશ્રાથી સાધુ ગીતાર્થનિશ્રિત બનતો હોય તો આ (અગીતાર્થનિશ્રિત) અગીતાર્થ અને ગીતાર્થનિશ્રિત અગીતાર્થમાં વિશેષ કોઈ ભેદ જ નહિ રહે.

તે આ પ્રમાણે - સ્વચ્છંદ અગીતાર્થ સચિત્તાદિનો નિર્ણય નથી કરી શકતો, તો ગીતાર્થથી સેંકડો કી.મી. દૂર રહેલો અગીતાર્થ પણ સચિત્તાદિનો નિર્ણય નથી કરી શકતો. ગોચરી-પાણી વગેરે અનેક બાબતોમાં રોજેરોજ તત્કાલ નિર્ણયો લેવાના હોય એટલે ત્યાં દૂરવર્તી ગીતાર્થને પૂછાવવું શક્ય ન બને. હા ! જે નિર્ણયો શાંતિથી લઈ શકાય એમ હોય, એમાં અગીતાર્થ સાધુ દૂરવર્તી ગીતાર્થને પૂછાવી શકે. પણ છતાંય સાક્ષાત હાજરી હોય તો ઘણો ફરક પડે.

આમ સ્વચ્છંદ અગીતાર્થનો અનંતસંસાર થવામાં જે જે કારણો દર્શાવેલા છે, તે તમામે તમામ કારણો દૂરવર્તી ગીતાર્થની નિશ્રાવાળા અગીતાર્થમાં મોજુદ છે, એટલે એ દૃષ્ટિએ તો એ દૂરવર્તી ગીતાર્થની નિશ્રાવાળાને પણ અનંતસંસાર જ માનવો પડે.

હા ! ગીતાર્થનિશ્રિત એટલે ગીતાર્થગુરુની સાથે રહેલો-પાસે રહેલો....એવો અર્થ કરીએ તો કોઈ જ વાંધો ન આવે. કેમકે જે સ્વચ્છંદ અગીતાર્થ છે, તે સાથે ગીતાર્થ ન હોવાથી કોઈપણ બાબતમાં ગીતાર્થની સલાહ મેળવી જ ન શકે અને પરિણામે તે બધા ઊંધા નિર્ણયો લઈને અનંતસંસારી બને. પણ જે ગીતાર્થ નિશ્રિત અગીતાર્થ છે, એ તો ભલેને જાતે કોઈ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

નિર્ણય ન લઈ શકે, પણ ગીતાર્થ સાથે જ હોવાથી દરેક બાબતમાં એમને પૃચ્છા કરીને ઝટપટ નિર્ણયો કરી સંયમજીવન નિર્દોષ પાળી શકે. આજે આપણે અનુભવીએ છીએ કે જો ગીતાર્થ પાસે હોય તો એને પૃચ્છા કરીએ, એટલે આપણા બધા કાર્યો સીધા ઉતરી જાય છે. પણ એ દૂર હોય તો ઘણા બધા ઊંધા નિર્ણયો લેવાવાથી પુષ્કળ નુકસાન પણ થાય છે. યોગોદ્વહન વગેરે અનેક બાબતો એવી છે કે જેમાં ઉત્સર્ગ અપવાદની બધી જાણકારી ગીતાર્થો પાસે હોય છે. પણ જો એ સાથે ન હોય અને અગીતાર્થો ઘણા ભેગા મળીને યોગોદ્વહન કરતા હોય તો પણ ડગલે ને પગલે ઊભા થતા નવા નવા પ્રશ્નોના કારણે મુંઝાય. કાંતો અપવાદ ન હોય તો પણ અપવાદ માની લઈ આચારહીન બને અથવા તો પછી અપવાદ હોવા છતાં, એ સેવવો જરૂરી લાગવા છતાં પણ ઉત્સર્ગને જ પકડી રાખી અનેકોને અસમાધિની અગ્નિમાં હોમી નાંખે.

ટુંકમાં આ બધી બાબતો એમ દર્શાવે છે કે ગીતાર્થની સાક્ષાત હાજરી જરૂરી છે.

(૩) ગુરુકુલવાસ કહો કે ગીતાર્થનિશ્રા કહો એ એકજ છે.

હવે જો ગુરુકુલવાસ-ગીતાર્થનિશ્રાનો અર્થ આ જ થતો હોત કે દૂરવર્તી ગીતાર્થની નિશ્રાવાળા સાધુઓ ગીતાર્થ-નિશ્રિત ગણાય, ગુરુકુલવાસી ગણાય તો ગુરુકુલવાસના જે લાભો શાસ્ત્રકારોએ વર્ણવેલા છે, એ ઉપર બતાવેલા ગુરુકુલવાસમાં ઘટી શકતા નથી.

જુઓ -

→ ગુરુને સરોવરની ઉપમા અને સાધુઓને માછલાની ઉપમા આપી છે. માછલાઓ શું સરોવરની બહાર હોય અને છતાં સરોવરની નિશ્રામાં કહેવાય ? માછલાઓ સરોવર વિના ટળવળીને મરી જાય. એમ સાધુઓ ગુરુ વિના ભાવમરણ પામી અનંતા મરણોનું ઉપાર્જન કરનારા બને.

→ "વિનય વધે ગુરુ પાસે વસતા..." સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં ગુરુકુલવાસનો લાભ બતાવતી વખતે મહોપાધ્યાયજી કહે છે કે ગુરુ પાસે વસતા ઉભયટંક વંદન, પ્રતિલેખન, પગ દબાવવા, અભ્યુત્થાનાદિ કરવા વગેરે રૂપ વિનય વધે, દર્શન નિર્મળ થાય, ઉચિત પ્રવૃત્તિ થાય, વૈયાવચ્ચ દ્વારા પાપો તૂટે, હિતોપદેશ અને સુવિહિતસંગ દ્વારા બ્રહ્મચર્ય નિર્મળ બને... આ સેંકડો લાભો જે બતાવે છે, એ શું ગુરુથી સેંકડો કિ.મી. દૂર રહેલા સાધુને સંભવી શકવાના ખરા ? જે ગુરુની સાથે રહેલો હોય તે જ એ લાભો પામે.

એટલે મહોપાધ્યાયજી પણ ગુરુકુલવાસ - ગુરુનિશ્રાનો અર્થ ગુરુની સાક્ષાત હાજરી જ જણાવી રહ્યા છે.

(૪) **करेमि भंते !** ના **भंते** શબ્દનો ખૂબ જ સુંદર રહસ્યાર્થ આવશ્યક નિર્યુક્તિ ગ્રન્થમાં દર્શાવેલો છે. ત્યાં કહ્યું છે કે - સંબોધન એને કરાય કે જે આપણી સામે હાજર હોય. જે હાજર જ ન હોય, તેને સંબોધન સામાન્યથી કરાતું નથી. પ્રસ્તુતમાં **भंते** ! શબ્દ એ ગુરુને કરાતું સંબોધન છે. અર્થાત્ આચાર્યને આ શબ્દથી સંબોધન કરાય છે. આનો અર્થ એ જ કે આ સૂત્ર બોલતી વખતે આચાર્યની સાક્ષાત હાજરી હોવી જરૂરી છે. અને માટે જ સાધુઓ ગુરુ-આચાર્યની હાજરીમાં જ પ્રતિક્રમણ કરે. સાંજે વિહાર કરી કોઈક ગામમાં પહોંચ્યા, ત્યાં એકજ ઉપાશ્રયમાં બધા સાધુઓ ઉતર્યા, પણ પછી જ્યાં સુધી

આચાર્ય પ્રતિક્રમણ માંડલીમાં ન આવે ત્યાં સુધી બધા સાધુઓ રાહ જુએ. એ આવ્યા બાદ જ પ્રતિક્રમણ થાય.

ધારો કે વસતિ નાની પડવાથી કેટલાક સાધુઓ બીજા ઉપાશ્રયમાં ઉતર્યા હોય, તો પણ તેઓ પ્રતિક્રમણ તો આ આચાર્યના ઉપાશ્રયમાં આવીને જ કરે, ત્યાં પ્રતિક્રમણ કરી, સૂત્રાર્થ પોરિસી પણ ત્યાં કરી પછી અંધારામાં પોતાના ઉપાશ્રયમાં જઈ સંથારો કરે.

પણ જો સૂત્રાર્થપોરિસી આચાર્યના ઉપાશ્રયમાં કર્યા બાદ મોડેથી પોતાના ઉપાશ્રયમાં જવામાં અંધારામાં ચોર-કુતરા વગેરેનો ભય રહેતો હોય તો પછી પ્રતિક્રમણ + સૂત્રપોરિસી આચાર્યની હાજરીમાં કરીને પોતાના ઉપાશ્રયમાં જઈ અર્થપોરિસી કરે.

પણ આ રીતે સૂત્રપોરિસી આચાર્યની હાજરીમાં કર્યા બાદ પોતાના ઉપાશ્રયે જવામાં પણ રાત્રિના ૯ જેવા તો વાગી જ જાય. અને ગામડામાં તો આ સમયે બધું સુમસામ થઈ જાય. એટલે જો આ સમયે પોતાના ઉપાશ્રયમાં જવામાં કુતરાદિનો ભય રહેતો હોય તો પછી આચાર્યની નિશ્રામાં પ્રતિક્રમણ કરી પોતાના ઉપાશ્રયમાં જતા રહે. આ વખતે ૬॥ કે ૭ વાગ્યા હોય... બહું અંધારું ન થયું હોય એટલે વાંધો ન આવે.

જરાક ધ્યાનથી આ આખીય આચારવ્યવસ્થા વિચારશું તો સ્પષ્ટ લાગશે કે પ્રાચીનકાળમાં આચાર્યની નિશ્રાનું પણ કેટલું બધું મહત્ત્વ હતું ! કે માત્ર એક પ્રતિક્રમણ પણ તેઓ આચાર્યની નિશ્રામાં જ કરતા. જુદા ઉપાશ્રયમાં ઉતરવું પડ્યું હોય તો પણ પ્રતિક્રમણ તો આચાર્યના ઉપાશ્રયમાં જ આવીને કરતા. રે ! સૂત્રપોરિસી - અર્થ પોરિસી પણ આચાર્યની નિશ્રામાં જ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

કરવાનો આગ્રહ રાખતા.

આચાર્ય હાજર હોય તો જ **ભંતે** ! સંબોધન સાર્થક ગણાય, એ દર્શાવવા માટે ઉપરની આચારવ્યવસ્થા બતાવી છે.

આ બધુ કહ્યા બાદ ત્યાં આગળ કહ્યું છે કે

→ જો માત્ર પ્રતિક્રમણ કર્યા બાદ ઉપાશ્રયમાં જવામાં પણ કોઈક ભય રહેતો હોય, કોઈક ક્ષેત્ર જ એવા હોય કે સૂર્યાસ્ત બાદ કોઈ બહાર પણ ન ફરકે... તો આવી પરિસ્થિતિમાં આચાર્યના ઉપાશ્રયમાં આવીને એમની હાજરીમાં પ્રતિક્રમણ કરવું શક્ય ન બને તો પછી છેવટે એ જુદા ઉપાશ્રયમાં ઉતરેલા સાધુઓ આચાર્યની ગેરહાજરીમાં સ્થાપનાજી સમક્ષ પ્રતિક્રમણ કરે. પણ આચાર્ય આ સાધુઓને એક ગીતાર્થ સાધુ સાથે આપે. અર્થાત્ એ જુદા ઉપાશ્રયમાં જે સાધુઓ હોય, તેમાં એક સાધુ તો ગીતાર્થ રાખે જ. બધા અગીતાર્થ ન રાખે.

ગીતાર્થની હાજરી કેટલી બધી અગત્યની છે ! એ આનાથી સ્પષ્ટ જણાઈ આવે છે. એ સાધુઓ કારણસર આચાર્યના ઉપાશ્રય કરતાં જુદા ઉપાશ્રયમાં ઉતર્યા છે. એ પણ માત્ર એક રાત માટે... એ પણ ઘણા દૂર નહિ પણ સાવ નજીકના જ ઉપાશ્રયમાં... (વધુ દૂર હોય તો રાત્રે જઈ ન શકાય.) સવારે તો આચાર્ય મળી જ જવાના છે. છતાં પણ એ સાધુઓ એક રાત પણ અગીતાર્થ વિના ન રહે એ માટે એમને ગીતાર્થ સાધુ સાથે આપવામાં આવે.

(૫) શાસ્ત્રોમાં વાંચવા મળેલી બે ત્રણ ઘટનાઓને સંક્ષેપમાં ચકાસી લઈએ.

→ આવ. નિર્યુક્તિમાં ભાભી-કુતરી-વાંદરી-વ્યંતરી બનેલ સ્ત્રીએ દિયરમુનિને કેવી રીતે પરેશાન કર્યા એ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

દર્શાવતા જણાવ્યું છે કે "દિયરમુનિ વહોરવા ગયા, બીજા સાધુઓ પણ વહોરવા ગયા. એ બીજા સાધુઓ જ્યારે ઉપાશ્રયમાં પાછા ફરતા હતા ત્યારે રસ્તામાં આવતી નદીમાં વ્યંતરીએ એ દિયર મુનિનું રૂપ લઈ સ્નાન કરવા માંડ્યું. સાધુઓએ નજરોનજર દિયરમુનિને નદીમાં સ્નાન કરતા જોયા. (તેઓને ખબર ન હતી કે આ તો વ્યંતરીનું કારસ્તાન છે.) તેઓએ ઉપાશ્રયે પહોંચી ગુરુને વાત કરી. ગુરુએ બધી વાત સાંભળી લીધી. સાચા દિયરમુનિ વહોરીને આવ્યા, ગોચરી આલોવી. પણ સ્નાન કર્યાની વાત ન કહી. (એમણે સ્નાન કર્યું જ નથી. કશી ખબર જ નથી.) ગુરુ સમજ્યા કે "આ સાધુ પાપ છૂપાવે છે." ત્યારે તો કશું ન બોલ્યા, પણ જ્યારે સાંજે પ્રતિક્રમણમાં સાધુઓ ગુરુ પાસે પાપ આલોચે છે. ત્યારે દિયરમુનિના વારા વખતે ગુરુએ એમને કહ્યું કે "તમે સાચી આલોચના કરો.. તમે પાપ છૂપાવો છો. તમે નદીમાં સ્નાન કર્યું છે."

દિયરમુનિએ સ્પષ્ટ ના પાડી, પણ બીજા સાધુઓ કહે કે "અમે નજરોનજર જોયું છે." પરિસ્થિતિ ગંભીર બની. પણ ત્યાં જ એ વ્યંતરીને આ પ્રસંગ જોઈ પશ્ચાત્તાપ થયો, પ્રગટ થઈ સાચી વાત જાહેર કરી.

→ એક સાધુ રોજ નાના-મોટા દોષો સેવતો અને પછી સાંજે પ્રતિક્રમણમાં આલોચના કરતી વખતે ધ્રુસકે ધ્રુસકે રડવા સાથે પોતાના પાપોની આલોચના કરતો. ગુરુ એને પ્રશંસતા કે "પાપ તો થઈ જાય, પણ પશ્ચાત્તાપ કરે એ ધન્ય છે."

એકવાર ગીતાર્થ સાધુ ત્યાં આવ્યો, એણે આ રોજનું નાટક જોયું. એણે આચાર્યને કહ્યું કે આપ એને સખત શિક્ષા કરી પાપ કરતા અટકાવો. નહિ તો આખો ગચ્છ આવું જ કરવા માંડશે કે "પાપ ભલે થાય, પશ્ચાત્તાપ કરો." પણ એ આચાર્ય આ વાત ન સમજ્યા. છેવટે ગીતાર્થે બીજા સાધુઓને સમજાવી એ આચાર્યનો ત્યાગ કરાવડાવ્યો.

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

→ ચંડકૌશિક સર્પ પૂર્વભવમાં સાધુ હતો, વહોરવા જતાં એના પગ નીચે દેડકી મરી. એનાથી જે નાનો સાધુ હતો, એણે એની આલોચના લેવા જણાવ્યું. પેલાએ પોતાનાથી દેડકી મરી હોવાની વાતનો જ અસ્વીકાર કર્યો. સાંજે પ્રતિક્રમણમાં ક્ષુલ્લક સાધુએ ચંડકૌશિકને કહ્યું કે "પેલી દેડકી મરી ગયાની આલોચના કરો." ગુસ્સે થયેલો એ સાધુ ક્ષુલ્લકને મારવા દોડ્યો, અંધારામાં ન દેખાવાથી થાંભલા સાથે અથડાયો અને મરણ પામ્યો.

→ સંગમાચાર્ય વૃદ્ધત્વના કારણે એકલા સ્થિરવાસ રહ્યા. શાસ્ત્રીય યતના બરાબર પાળે છે. એમના સમાચાર મેળવવા માટે એમના શિષ્યે = આચાર્યે દત્ત નામના સાધુને મોકલ્યો. ગેરસમજના કારણે દત્ત સાધુ સંગમાચાર્યને શિથિલ માની બેઠો. જુદો ઉતર્યો. વહોરવા સાથે ગયા. અંતપ્રાન્ત ગોચરીથી ત્રાસ પામતા દત્તને જોઈ સંગમાચાર્યે ધાત્રીપિંડ-ચિકિત્સાપિંડ એ બે દોષવાળા મોદકો અપાવડાવ્યા.

સાંજે પ્રતિક્રમણના સમયે સંગમાચાર્યે દત્તને કહ્યું કે "વત્સ ! આજે તે બે ગોચરીદોષ સેવ્યા છે, એની આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લઈ લે..."

ઉપર આપણે ચાર દૃષ્ટાન્તો જોયા.

આનાથી એક વાત એકદમ સ્પષ્ટ જણાય છે કે પ્રાચીન કાળમાં સાધુઓ રોજેરોજના પાપોની આલોચના રોજેરોજ સાક્ષાત ગુરુ-ગીતાર્થ પાસે કરતા અને ગીતાર્થગુરુ એને પ્રાયશ્ચિત્ત આપતા. ચારેય કથાનકોમાં પ્રતિક્રમણ સમયે પાપની આલોચના કરવાની વાત ચોક્ખે ચોક્ખી લખી છે.


ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આલોચના સાંભળવાનો અને એ અનુસારે પ્રાયશ્ચિત્ત આપવાનો હક એકમાત્ર ગીતાર્થને છે, ગુરુને છે. હવે જો ગીતાર્થથી દૂર અગીતાર્થ સાધુઓ વિચરતા હોય, તો એમાં આલોચના કોણ સાંભળે ? પ્રાયશ્ચિત્ત કોણ આપે ? પ્રતિક્રમણનો મુખ્ય આશય જ આલોચના-પ્રાયશ્ચિત્ત છે. એ બેય વસ્તુ ગીતાર્થની ગેરહાજરીમાં શી રીતે શક્ય બને ? રે ! માટે જ તો આચાર્ય પ્રતિક્રમણમાંડલીમાં ન આવે ત્યાં સુધી બધા સાધુઓ રાહ જોતા. પણ એમના વિના પ્રતિક્રમણ ન કરતા.

એટલે પ્રાચીનકાળની આ વ્યવસ્થા એમ સુચવે છે કે સાધુઓ આચાર્ય = ગીતાર્થની હાજરીમાં પ્રતિક્રમણ કરતા, અર્થાત્ ગીતાર્થ સાથે રહેતા.

(૬) સૂત્રપોરિસી અને અર્થપોરિસી તો સાધુઓનો રોજીંદો આચાર છે, અનિવાર્ય આચાર છે. રોજેરોજ સૂત્રાર્થ પોરિસી ન કરનારાઓને મહાનિશીથમાં જ્ઞાનકુશીલ કહ્યા છે.

હવે જો બધા અગીતાર્થો જ હોય, ગીતાર્થ દૂર રહીને નિશ્રાદાન કરતા હોય તો પછી આ બધા અગીતાર્થોને સૂત્રો કોણ આપે ? એના વિના એમની સૂત્રાર્થપોરિસી શી રીતે ચાલે ? એ ન હોય તો એમનામાં જ્ઞાનકુશીલતાદિ અનેક દૂષણો ઉત્પન્ન થતા કોણ અટકાવે ?

(૭) સેનપ્રશ્નમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે - "વ્યવહારભાષ્યમાં તો ગીતાર્થ વિના વિચરનારાઓને અનેકાનેક દોષો બતાવેલા છે. તો પછી વર્તમાનમાં કેમ કેટલાક સાધુઓ ગીતાર્થ વિના વિચરતા દેખાય છે ?" - આનો ઉત્તર પૂજ્યપાદશ્રીસેનસૂરિજીએ આપ્યો છે કે - એ વ્યવહારભાષ્યનો આચાર છતાં આજે જે એ નથી પળાતો, તે વિષમકાળનો

પ્રભાવ જાણવો.

આ ઉપરના સાત મુદ્દાઓ ગીતાર્થની સાક્ષાત હાજરીને જરૂરી ગણાવે છે. અર્થાત્ **ગીતાર્થમિશ્રિત** શબ્દને પુષ્ટ કરનારા છે. ખરેખર તો **નિશ્રા** શબ્દ પણ સાક્ષાત હાજરીને સુચવવા જ વપરાય છે. આજે તમામે તમામ પત્રિકાઓમાં **નિશ્રાદાતા** તરીકે કોનું નામ લખાય છે ? જે એ અનુષ્ઠાનમાં સાક્ષાત હાજર હોય એનું જ નામ ને ? દૂર રહેલાઓનું નામ **નિશ્રાદાતા** તરીકે નથી લખાતું ને ?

**પ્રશ્ન :** તમે ઉપરની સાત બાબતો બતાવી, એ બરાબર છે. ઉત્સર્ગમાર્ગે તો આ બધી વાતો સાચી જ છે કે "સાધુએ ગુરુ પાસે જ રહેવું જોઈએ..." પણ દરેક બાબતમાં અપવાદ હોય છે અને વર્તમાનમાં તો સંઘયણાદિની વિષમતાના કારણે લગભગ ઘણી બાબતોમાં આપણે અપવાદમાર્ગે ચાલીએ છીએ. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના કાળમાં જે રીતે જેટલા ઉત્સર્ગો પળાતા હતા, એ રીતે એટલા ઉત્સર્ગો તો આજે નથી જ પળાતા ને ?

એટલે આ બાબતમાં પણ અપવાદનો વિચાર કરવો જોઈએ.

ઓઘનિર્યુક્તિમાં તો કારણસર અગીતાર્થ એકાકી વિચરે, એની પણ પ્રરૂપણા કરી છે. ત્યાં કહ્યું છે કે "અશિવ-દુકાળ-રાજદ્વેષ વગેરે કારણોસર સાધુ એકલો પણ વિચરે." ત્યાં કોઈ ગીતાર્થ અને અગીતાર્થ એવો ભેદો નથી પાડ્યો, એટલે બંને પ્રકારના સાધુઓ આ અપવાદના કારણે એકાકી વિચરી શકે છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

હવે જો કારણસર અગીતાર્થ સાધુ એકલો પણ વિચરી શકતો હોય અને એ ખુદ શાસ્ત્રોએ માન્ય કરેલ હોય, તો પછી કારણસર ઘણા અગીતાર્થો એકલા વિચરે તો તો વાંધો જ ક્યાં છે ? એક અગીતાર્થ કરતા અનેક અગીતાર્થો તો ઓછા ખરાબ !

એ જે કારણો એકાકી વિહારના બતાવેલ છે, તેમાં છેલ્લું એક કારણ આ બતાવેલ છે કે "ગુરુ એ સાધુને કોઈ અગત્યના કાર્ય માટે દૂર ગામમાં મોકલે."

ત્યાં "અગીતાર્થને ન મોકલે" એવા કોઈ જ ખુલાસા કરેલા નથી. એટલે ત્યાં પણ એમ માની શકાય છે કે ગુરુ અગીતાર્થને પણ મોકલતા જ હશે. આમ ગુરુની આજ્ઞાથી અગીતાર્થ સાધુ સાવ એકલો પણ દૂર સુધી જઈ શકતો હોય તો પછી ગુરુની આજ્ઞાથી અનેક અગીતાર્થો દૂર જાય તો એ શાસ્ત્રાનુસારી જ ગણાય.

વર્તમાનમાં ગુરુજનો પોતાના અગીતાર્થ સાધુ-સાધ્વીઓને પણ ક્ષેત્રો સાચવવા માટે ચોમાસું કરવા દૂર મોકલે છે. ઉપધાન, સંઘ, મહોત્સવાદિ અનુષ્ઠાનોની સંપૂર્ણ જવાબદારી એ અગીતાર્થ સાધુઓને સોંપે છે. આસો-ચૈત્રની ઓળીઓ સાચવવા માટે તે તે સંઘોમાં વ્યાખ્યાનાદિ કરવા પણ મોકલે છે... આ બધું જ ગુરુની આજ્ઞાથી થાય છે અને એટલે આ બધું શાસ્ત્રમાન્ય જ બની રહે છે. આ બધા ગીતાર્થનિશ્રિત વિહાર જ માનવા પડે. જો આ અગીતાર્થોના વિહારો તમે ગીતાર્થનિશ્રિત ન માનો, તો પછી એ ગીતાર્થવિહાર તો છે જ નહિ, કેમકે અગીતાર્થોનો વિહાર છે અને ગીતાર્થનિશ્રિત તમે માનતા નથી, એટલે એ આ બે સિવાયનો ત્રીજો વિહાર જ માનવો પડે. જ્યારે તીર્થંકરોએ બે સિવાયના તમામ વિહારનો નિષેધ જ કરેલો

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

છે. એટલે આ રીતે તો ગુરુના કાર્ય માટે જુદા વિચરનારા એક કે અનેક અગીતાર્થોનો વિહાર શાસ્ત્રવિરુદ્ધ માનવો પડશે. જ્યારે ખરેખર તો આ શાસ્ત્રાનુસારી જ છે. શાસ્ત્રોએ જ એની સંમતિ આપી છે.

એટલે ગીતાર્થની ગેરહાજરીમાં પણ ગીતાર્થથી દૂર રહેનારાઓ ગીતાર્થનિશ્રિત ગણી શકાય છે. હા ! ઉત્સર્ગમાર્ગે તમે બતાવેલા બધા મુદ્દાઓ સાચા, એ પ્રમાણે ગીતાર્થની સાક્ષાત્ હાજરી હોય તોજ ગીતાર્થનિશ્રિત ગણાય. પણ ઉપર બતાવેલી બાબતોમાં તો ગીતાર્થની સાક્ષાત હાજરી ન હોવા છતાં પણ એ અગીતાર્થ સાધુઓ ગીતાર્થનિશ્રિત જ ગણાય.

**ઉત્તર :** તમારી વાત સાચી છે. ઉત્સર્ગમાર્ગે તો ગીતાર્થની સાક્ષાત હાજરી જોઈએ જ, પણ જિનશાસનમાં અપવાદમાર્ગ પણ છે જ. અને ગીતાર્થ ગુરુ પોતાના શિષ્યોને સકારણ જુદા મોકલે, તો એ શિષ્યો તો ગીતાર્થગુરુની આજ્ઞા પ્રમાણે વર્તતા હોવાથી જ તેઓ પરમાર્થથી ગીતાર્થનિશ્રિત કહેવાય.

શાસ્ત્રોમાં પણ આ અપવાદમાર્ગ જોવા મળે જ છે.

(ક) જેમ ગોચરી લેવા માટે માત્ર ગોચરી સંબંધી ગીતાર્થતાવાળો સાધુ જાય જ છે. એ કંઈ નિશીથાદિ નથી ભણ્યો, છતાં ગોચરીગીતાર્થ બની ગયો હોવાથી એ ગોચરી જઈ શકે છે, અને એ રીતે એકાદ કલાક ગુરુથી દૂર થયેલો સાધુ ગીતાર્થનિશ્રિત જ ગણાય છે ને ? એમ ગુરુ વિશેષ કારણોને ધ્યાનમાં લઈને યોગ્ય શિષ્યને ચોમાસા સંબંધી ગીતાર્થતા પ્રાપ્ત કરાવીને ચોમાસું મોકલે, નવપદની ઓળી પૂરતી જરૂરી ગીતાર્થતા પ્રાપ્ત કરાવીને ઓળી કરાવવા મોકલે, પર્યુષણ પૂરતી ગીતાર્થતા પ્રાપ્ત કરાવીને પર્યુષણ કરવા મોકલે... તો આ બધા સાધુઓ ગીતાર્થગુરુના કહ્યા પ્રમાણે જ કરતા હોવાથી,

પોતાની ઈચ્છાથી એકપણ દિવસ ગુરુથી જૂદા ન રહેતા હોવાથી, ગુરુ સાથે જ રહેવાની તમન્નાવાળા હોવાથી પરમાર્થથી ગીતાર્થનિશ્રિત જ ગણાય.

(ખ) બૃહત્કલ્પાદિ ગ્રન્થોમાં અનેકાનેક બાબતોમાં એવું જણાવવામાં આવ્યું છે કે વસ્ત્ર, પાત્ર, વસતિ વગેરે ગ્રહણ કરવાનું કામ વસ્ત્રગીતાર્થાદિ કરે. એ કામ માટે નિશીથ ભણેલો ગીતાર્થ જ જોઈએ, એવું નથી. એટલું જ નહિ, પણ એવો વસ્ત્રગીતાર્થાદિ હાજર ન હોય અને તત્કાળ વસ્ત્રાદિની જરૂર પડે તો સુયોગ્ય સાધુને જરૂરિયાત પૂરતી એ અંગેની જાણકારી આપીને એ રીતે વસ્ત્રગીતાર્થ બનાવીને વસ્ત્રાદિ લેવા મોકલે.

વર્તમાનમાં પણ આ જ વાત વિચારી શકાય છે. સામાન્યથી તો ગીતાર્થ સાધુ જ વ્યાખ્યાનો આપવા, વિવિધ અનુષ્ઠાનો કરાવવા વગેરે કામો કરે. પણ એવો ગીતાર્થ સાધુ હાજર નથી, હાજર છે તો પણ કાર્યો ઘણા બધા આવી પડેલા હોવાથી એ ઓછા ગીતાર્થો બધા કાર્યોમાં પહોંચી શકે એમ નથી. બીજી બાજુ ગીતાર્થ ગુરુને એમ ચોક્કસ લાગે છે કે આ કાર્યો થાય, તો અનેક લાભો થવાના છે. તો આવી પરિસ્થિતિમાં ગીતાર્થગુરુ સુયોગ્ય સાધુઓને જરૂરિયાત પૂરતી સમજણ આપીને એમના દ્વારા કાર્યો પાર પડાવે તો એમાં કશો વાંધો નથી.

(ગ) ગચ્છાચારાદિમાં તો દૂરવર્તીગીતાર્થની નિશ્રાવાળા સાધુઓને પણ ગીતાર્થનિશ્રિત ગણાવેલા જ છે. એ આપણે જોઈ જ ગયા છીએ.

આ બધાનો સાર એ કે

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

શક્ય હોય તો ઉત્સર્ગમાર્ગ જ આદરવો. સાધુઓએ ગીતાર્થગુરુની સાથે જ રહેવું. ગીતાર્થગુરુ પણ સાધુઓને પોતાની સાથે જ રાખે, જૂદા ન મોકલે. કેમકે એ ગીતાર્થ હોવાથી ઉત્સર્ગમાર્ગના અપરંપાર લાભોને જાણે જ છે.

પણ અપવાદ માટેના પુષ્ટ કારણો આવી પડે તો ગુરુ ગૌરવ-લાઘવનો વિચાર કરીને સાધુઓને જૂદા પણ ચોમાસાદિ માટે મોકલે. એમાં દૂર જવાથી જે સાધુઓને નુકસાન થવાની સંભાવના ન હોય... એવા વૈરાગી, પરિપક્વ સાધુઓને દૂર મોકલે. અને કાર્ય પૂરુ થાય એટલે તરત પોતાની પાસે બોલાવી લે.

આમાં એ સાધુઓને પણ કોઈ નુકસાન ન થાય અને વિશિષ્ટ કાર્યો સંપન્ન થાય.

હા ! જો ગુરુ અગીતાર્થ હશે, તો એમની આજ્ઞામાં રહેલા શિષ્યોને મુશ્કેલી થવાની. અગીતાર્થતાના કારણે ખોટા નિર્ણયો લેવાઈ જાય, તો એનું નુકસાન શિષ્યોને પણ થઈ શકે. પણ ગુરુ ગીતાર્થ હશે, તો એ ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગને અને અપવાદના સ્થાને જ અપવાદને સેવશે. શિષ્યોનું અહિત થાય એવો નિર્ણય નહિ જ લે... એ સ્પષ્ટ વાત છે.

આપણે કાળજી એ રાખવાની છે કે ગુરુ અપવાદમાર્ગે આપણને ક્યાંક મોકલે, તો આપણે જવું ખરું. પણ એ અપવાદ ગમવા માંડે એ ખોટું. આપણો રાગ તો ઉત્સર્ગમાર્ગનો જળવાઈ જ રહેવો જોઈએ. 'ક્યારે આ કામ પૂર્ણ થાય અને હું પાછો મારા ગીતાર્થગુરુની પાસે પહોંચી જાઉં.' એવો ભાવ ઘુંટાવો જોઈએ. રે ! કાળની વિષમતાના લીધે વિશિષ્ટ ગીતાર્થો દુર્લભ છે... એટલે જ સરેરાશ સારા ગુરુને સર્વસ્વ તરીકે સ્વીકારી લેવા જોઈએ. 'સિંહ કેસરિયા ન મળે, તો સામાન્ય લાડુ પણ ન ખાવા' એવું કરનાર ભૂખ્યો મરે. એમ 'શાસ્ત્રોમાં વર્ણવેલા વિશિષ્ટ ગુરુ તો મને મળતા નથી.' એમ વિચારી સરેરાશ સારા

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ગુરુને પણ જે છોડી દે એ તો ભવભ્રમણ વધારનાર બને.

**(૫૮) हरितं, तत्र शाकादि बाहुल्येन भक्ष्यते, तच्च साधूनां न कल्पते ।** – ઓઘનિર્યુક્તિ-૧૩૪

જે સ્થાનમાં આખો ગચ્છ મહિનો રોકાવાનો હોય તે ક્ષેત્રને ચકાસવા માટે સાધુઓ જાય. પણ જો એ ક્ષેત્રમાં લીલા શાકભાજી વધારે વપરાતા હોય તો ત્યાં મહિનો ન રહેવાય. ત્યાં માસકલ્પ ન કરાય. કેમકે સાધુઓને લીલા શાકભાજી વાપરવા કલ્પતા નથી.

શાસ્ત્રકારોએ સાધુઓને માત્ર ફળોનો જ નિષેધ કર્યો છે, એટલું નહિ. પણ ટીંડોડા-ભીંડા, દૂધી વગેરે વગેરે તમામ પ્રકારના પ્રત્યેક વનસ્પતિકાય રૂપ શાકભાજીઓનો પણ સ્પષ્ટ નિષેધ કર્યો છે. એનું એકમાત્ર કારણ એ કે આ બધું સ્વાદિષ્ટ હોય. આસક્તિ પોષનાર હોય. સાધુએ તો શરીર ટકાવવા માત્ર ટેકો જ લેવાનો છે. આસક્તિઓ પોષવાની નથી.

આ ફળ-શાકભાજીનો જ વધુ વપરાશ જ્યાં હોય, ત્યાં જો ગચ્છ રહે તો (૧) સાધુઓ પણ આ બધું રોજેરોજ દેખીને ખાવા માટે લલચાય, ખાવાનું શરુ કરે, આસક્તિનો ભોગ બને. આજે પણ સુકા શાક કરતાં લીલા શાકભાજીમાં વધુ આસક્તિ થતી લગભગ બધા અનુભવે છે. એના કરતાંય ફળોમાં તો સૌથી વધુ આસક્તિ થતી હોય છે. આમાં એ સાધુઓના સંયમપરિણામો મલિન થાય. (૨) ક્યારેક એવું બને કે એ સ્થાનમાં લીલોતરીનો જ વધારે વપરાશ હોવાથી ગચ્છયોગ્ય બીજી ગોચરી મળે જ નહિ, આવી પરિસ્થિતિમાં પછી ના છૂટકે પણ આ લીલોતરી વાપરવી પડે અને એકવાર આ રીતે કારણસર પણ લીલોતરી વાપરે, પછી તો એ અનુકૂળ લાગવાથી નિષ્કારણ પણ લીલોતરીનો વપરાશ શરુ થઈ જાય.

એટલે સાધુઓએ લીલોતરી ખાવી નહિ, એ તો ખરું જ. પણ ખરેખર તો લીલોતરીના વધુ વપરાશવાળા સ્થાનમાં રહેવું જ નહિ. મૂળ જ ન હોય તો પછી બીજા દોષો ઉત્પન્ન થવાનો પ્રશ્ન જ ન રહે.

જો ફળો-શાકભાજીનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય તો એના નુકસાન પણ ઓછા નથી.

(ક) પ્રાચીનકાળમાં તદ્દન નિર્દોષ-અચિત્ત એવા પણ ફળાદિ વપરાતા ન હતા. પણ એકવાર એ આચાર તૂટે, કેરી-કેળા વગેરે ફળો વપરાતા થાય, એનો સ્વાદ મનમાં આર્તધ્યાન ઊભા કરે અને પછી એની પાછળ મોટા દોષો ઉભા થાય. શરુઆતમાં તો નિર્દોષ-અચિત્ત ફળાદિ જ વાપરવાના શરુ થાય, પણ પછી કેટલાકના આસક્તિ-અપેક્ષા-પ્રમાણ વધતા જાય. હવે ઉનાળામાં ઘણા મોટા પ્રમાણમાં કેરીના રસની આવશ્યકતા ઊભી થાય, એ પ્રમાણ નિર્દોષ રસથી પૂર્ણ કરવું શક્ય ન બને એટલે પછી જે ભક્તિવાળા ઘરો હોય ત્યાં એ ગૃહસ્થોએ ઘણા વધારે પ્રમાણમાં કાઢેલો, મિશ્રાદિ દોષવાળો રસ પણ વહોરાવા લાગે. મનને મનાવી લેવાય કે "આ શ્રાવકો તો પોતાના માટે જ રસ કાઢે છે, એ નિર્દોષ જ છે." એટલું પણ ન વિચારાય કે "આપણે એમાંથી ૨૦,૨૫ ટકા જેટલો વહોરીએ તો હવે એ મિશ્ર બનવાની શક્યતા રહેવાની જ. એમના ઘરના સભ્યોની સંખ્યા કરતા ઘણા વધુ પ્રમાણમાં આ રસ છે."

વાત આગળ વધે. બધે તો કંઈ આવા ભક્તિવાળા, વગર કીધે વધુ પ્રમાણમાં રસ કાઢનારા શ્રાવકો ન મળે, અને એકાદ બે મળે તો પણ મોટા ગચ્છની અપેક્ષા એનાથી પૂર્ણ ન થાય અને એટલે છેવટે સાધુઓએ સીધો કે આડકતરી રીતે રસ કરાવવો પડે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ભોળા શ્રાવકો સંયમધર્મ પ્રત્યેના બહુમાનથી ભક્તિ કરવા તલપાપડ બને. એ લોકોને ભલે લાભ થાય, પણ શું આપણા માટે આ અપવાદમાર્ગ બને ખરો ? એમાં આપણને દોષ ન લાગે ?

જો આપણે નિર્દોષ રસના આગ્રહી હશું તો દોષિત નહિ લઈએ, પણ નિર્દોષ રસ મેળવવા લાંબી ભિક્ષાચર્યા કરશું. બીજી બધી ગોચરી અડધો કલાકમાં આવી જતી હોવાં છતાં આ એક દ્રવ્યની અપેક્ષા પૂર્ણ કરવા વધારાની ૧૫-૨૦-૩૦ મિનિટ ફરીશું.

આ પણ શાસ્ત્રીયદૃષ્ટિએ અનુચિત જ છે ને ?

(ખ) કેરી તો માત્ર ઉનાળાના બે માસ પુરતી છે ! જયારે કેળા તો લગભગ બારેમાસનું ફળ છે. વળી પાકેલા કેળા અચિત્ત જ હોવાથી એ સાધુ માટે અચિત્ત કરવાના નથી હોતા, સમારીને ૪૮ મિનિટ રાખવાના નથી હોતા. નિર્દોષ વાપરનારને કેળા સુલભ રહે. એટલે એનો વપરાશ પણ થાય.

એમાં નિષ્કારણ ફળાદિ વપરાશને લીધે જિનાજ્ઞાભંગ રૂપી દોષ તો છે જ, આસક્તિનું પોષણ પણ છે. એ કેળાની છાલ આખી ઉતારી કેળું વહોરાવે તો પાછળથી એ છાલ નાંખી દે એટલે પશ્ચાત્કર્માદિ દોષો પણ છે. એક જ ઘરે પાંચ-છ કેળામાંથી જો ત્રણ-ચાર વહોરી લઈએ તો સ્વાભાવિક છે કે હવે બે ત્રણ દિવસ બાદ શ્રાવકો સાધુના આશયથી છ કેળાને બદલે ૮-૧૦ કેળા લાવતા થઈ જાય. એટલે એમાં ક્રીત-અભ્યાહૃત વગેરે દોષો પણ ઉભા થાય.

(ગ) આમળાનો મુરબ્બો - કેરીનો મુરબ્બો - છુંદો - આમળાના મસાલાવાળા ટુકડા... આ બધાનો વપરાશ પણ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૨૨૫ ॥

કર્મબંધનું કારણ બને.

(ઘ) વિજ્ઞાને ટેન્ક પાવડરો - સરબત માટેના પાવડરો, ગોળીઓની શોધ કરી. બજારમાં એ બધા પાવડરો તૈયાર મળે. એ સાધુ માટે બનતા ન હોવાથી તદ્દન નિર્દોષ ગણાય.

એટલે આ પાવડરો - ગોળીઓ - સરબતના બાટલાઓની સંનિધિ-વપરાશ પણ ધીરે ધીરે શ્રમણસંસ્થામાં શરુ થાય તો ?

(ચ) ફળો જેવી પરિસ્થિતિ શાકભાજીમાં પણ મહદંશે ઊભી થઈ.

ખેર !

વાત એટલી જ છે કે શાસ્ત્રકારોએ તો આપણા સંયમપરિણામની રક્ષા માટે કેવો સુંદર માર્ગ બતાવેલો કે "જ્યાં ફળ-શાકભાજી વપરાતા ન હોય, સાવ ઓછા વપરાતા હોય ત્યાં જ રહેવું." વસ્તુ મળે જ નહિ, વપરાશમાં આવે જ નહિ... તો પછી એની આસક્તિ અને એના દ્વારા બીજા અનેક દોષો પણ ઉત્પન્ન ન જ થાય. પણ વસ્તુ મળે, વપરાશ થાય તો પછી એની પાછળ ઘણા દોષો ઉભા થવાની શક્યતા પાકી રહેવાની જ.

જો કે આજે લીલા શાકભાજી ન વપરાતા હોય એવા ક્ષેત્રો પ્રાયઃ મળતા નથી. જે ગામડાઓ એવા છે એમાં વર્તમાનકાળમાં જૈન શ્રમણ શ્રમણીઓને ગોચરી દુર્લભ છે એટલે ત્યાં રહેવું પણ શક્ય નથી. એટલે હવે એક જ માર્ગ છે કે ભલે લીલા શાકભાજીના વપરાશવાળા સ્થાનોમાં રહીએ, પણ એમાં શક્ય એટલી યતના પાળીએ. ફળો જો અત્યાવશ્યક

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ન હોય તો એ ન વાપરીએ અને શાકભાજીમાં યતના જાળવીએ...

<u>(૫૯) स्तुतिमङ्गलं कृत्वा - प्रतिक्रमणान्ते स्तुतित्रयं पठित्वा ततश्चामन्त्रयति ।</u> — ઓઘનિર્યુક્તિ-૧૩૮

આચાર્યે આખા ગચ્છને ભેગો કરીને પૃચ્છા કરવાની છે કે "હવે આપણે કઈ બાજુ વિહાર કરવાનો છે...?" એ માટે એ આચાર્ય આખા ગચ્છને સાંજે પ્રતિક્રમણ પૂર્ણ થયા બાદ ત્રણ સ્તુતિઓ બોલીને આખા ગચ્છને આમંત્રે.

પ્રાચીનકાળમાં પ્રતિક્રમણ ક્યાં સુધીનું હતું ? એ આના ઉપરથી જણાઈ આવે છે. છઠ્ઠા આવશ્યકની મુહપત્તી પ્રતિલેખન કર્યા બાદ બે વાંદણા આપીએ એટલે પ્રતિક્રમણ પૂર્ણ થાય. એ પછી પ્રતિક્રમણ નિર્વિઘ્ને પૂર્ણ થવાના આનંદથી નમોઽસ્તુની ત્રણ સ્તુતિઓ બોલાય. બસ, અહીં પ્રતિક્રમણની પૂર્ણાહૂતિ થઈ જાય.

એ પછીનું નમોત્થુણં, સ્તવન - દેવસિઅપાયચ્છિત્તના ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ - સજ્ઝાય - દુક્ખક્ખયનો ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ - શાન્તિ વગેરે સુવિહિત પરંપરાથી આવેલું જાણવું. તે તે કારણસર તે તે કાળના ગીતાર્થ સંવિગ્નોએ તે તે ક્રિયાઓ વધારી અને એ પ્રતિક્રમણના અંગ રૂપ બની ગઈ.

પૂર્વે પ્રતિક્રમણની શરુઆત સીધી કરેમિ ભંતે - થી જ થતી. (આ વાત આ જ ગ્રન્થમાં આગળ વિસ્તારથી દર્શાવાશે.) એ પૂર્વેની ચાર થોયો, ભગવાનહં... વગેરે ચાર ખમાસમણા... એ પણ સુવિહિત પરંપરાથી આવેલું જાણવું.

આમ પ્રાચીનકાળનું પ્રતિક્રમણ આજના પ્રતિક્રમણ કરતા લગભગ અડધુ-અડધુ હતું. આજે એ બમણું થઈ ગયું.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

હવે આ જે પ્રતિક્રમણ ક્રિયામાં નવા નવા ઉમેરા થયા છે એ તો તે તે કાળના ઘણા ગીતાર્થસંવિગ્નોએ એકમતે કર્યા હશે અને એ પછીના ગીતાર્થોએ પણ એ માન્ય રાખ્યા જ હશે, એટલે એ તો સુવિહિત પરંપરા રૂપે સ્વીકાર્ય બને જ. આજે જો કોઈ વ્યક્તિગત રીતે આ પરંપરાને ઉલ્લંઘે તો એ માર્ગભંજક - પ્રવચનવિરાધક કહેવાય જ. હા ! આજે પણ ઘણા ગીતાર્થો ભેગા મળીને કોઈક ક્રિયા ઓછીવત્તી કરે તો એમાં દોષ ન લાગે. ઘણા ગીતાર્થોને તે તે કાળે તે તે ઉચિત નિર્ણયો કરવાની શાસ્ત્રે જ સંમતિ આપી છે.

હવે જેમ પ્રતિક્રમણ ક્રિયામાંથી કોઈપણ ક્રિયા કોઈ પોતાની એકલાની ઈચ્છાથી, ઘણા ગીતાર્થોની રજા વિના ઓછી ન કરી શકે એ હકીકત છે, તેમ એ જ પ્રતિક્રમણક્રિયામાં નવી કોઈ ક્રિયા ઉમેરી પણ ન શકે એ પણ હકીકત છે.

જો કોઈ સાધુ કે કોઈ ગચ્છ સમસ્તસંઘના ઘણા ગીતાર્થોની સંમતિ વિના પ્રતિક્રમણાદિ ક્રિયામાં કોઈ ઉમેરો કરે, તો એને જિનાજ્ઞાનું ઉલ્લંઘન કર્યાનો દોષ લાગવાનો જ.

આપણું સૌભાગ્ય છે કે આખાય ભારતમાં પ્રત્યેક સંઘમાં પ્રતિક્રમણની ક્રિયા એકસરખી જ થાય છે. એમાં ઝાઝો ભેદ નથી. ચાર થોયથી માંડીને શાંતિ સુધીની બધી ક્રિયા આખો સંઘ એક સરખી રીતે કરે છે.

પણ હવે જો આ પ્રતિક્રમણક્રિયા આખાય સંઘને માન્ય હોય તો કોઈક એકાદ ગચ્છ તો એમાં કોઈપણ ઉમેરો ન જ કરી શકે ને ? બધા / ઘણા ગચ્છો ભેગા થઈને જ એ ઉમેરો થઈ શકે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એટલે સાધુઓ પ્રતિક્રમણ બાદ વધારાની કોઈપણ સ્તુતિ બોલાવે તો પણ આવશ્યક રૂપે ન બોલાવે એ વધુ યોગ્ય ગણાય.

એમાં

(ક) સામાયિક પરાઈ ગયા બાદ મરજિયાતપણે એ બોલાવવી.

(ખ) સંઘને કહેવું કે આ સ્તુતિઓ બોલવી જ પડે એ જરૂરી નથી. પણ જેઓને ભાવના હોય તેઓ બોલી શકે છે.

ટુંકમાં આ સ્તુતિઓ બોલવા નિમિત્તે આજે કે ભવિષ્યમાં કોઈપણ સંઘમાં કલહ ઊભો ન થાય એ જોવાની આપણા બધાની અંગત ફરજ છે.

**(૬૦) પૂર્વદૃષ્ટાઽપિ વસતિઃ પ્રત્યુપેક્ષણીયા । – ઓઘનિર્યુક્તિ-૧૩૯**

કેટલાક આચાર્યો એમ કહે છે કે "જે ઉપાશ્રય-સ્થાનમાં આપણે પૂર્વે રહેલા હોઈએ, ગોચરી-પાણી વાપર્યા હોય, સ્થંડિલભૂમિ પણ ગયા હોઈએ અને એટલે એ સ્થાન અંગેનો આપણને પાકો અનુભવ હોય, એ સ્થાન અનુકૂળ લાગ્યું હોય... તો એક-બે વર્ષ બાદ એ સ્થાને ફરી ચોમાસું કરવા જવાનો કે માસકલ્પ કરવા જવાનો જો અવસર ઊભો થાય તો એ સ્થાનની ફરીથી તપાસ કરવા-કરાવવાની જરૂર નહિ. આપણને એ સ્થાનનો પાકો અનુભવ છે જ. એટલે વગર તપાસ કર્યે પણ ત્યાં માસકલ્પાદિ કરવા પહોંચી જવું."

આ વાતનું ખંડન કરવા માટે વૃત્તિકાર મહર્ષિ કહે છે કે "પૂર્વે જોયેલી વસતિની પણ ફરી પ્રત્યુપેક્ષણા કરવી."

એક વાત ધ્યાનમાં રાખવી કે પ્રાચીનકાળના સાધુઓ તમામે તમામ કાર્યો જાતે જ કરતા, શ્રાવકોને કોઈપણ કામ સોંપતા નહિ.

આજે જેમ શ્રાવકો દ્વારા ઉપાશ્રય કે રહેવાનું સ્થાન નક્કી કરાવાય, ફોન-મોબાઈલ કરાવીને બધી વ્યવસ્થા કરાવાય, સાધુઓના પહોંચતા પહેલા જ નોકરો દ્વારા ઉપાશ્રયાદિ સાફ કરાવી દેવાય, શ્રાવકોને એ માટે ગાડીઓ-સ્કુટરો સાથે દોડાવાય, આવા કોઈ દૂષણો એ મહામુનિઓમાં ન હતા.

એટલે એક જગ્યાએ માસકલ્પ રહ્યા બાદ જ્યારે હવે બીજા કોઈ સ્થાને એક માસ રહેવાનું હોય ત્યારે એ બીજું સ્થાન નક્કી તો કરવું પડે ને ? જે સ્થાન બધી રીતે સંયમને અનુકુળ હોય, નિર્દોષ સ્થંડિલભૂમિ હોય, નિર્દોષ ગોચરી-પાણી મળતા હોય, સ્વાધ્યાયની ખૂબ અનુકુળતા હોય - વસતિ સ્ત્રી વગેરેથી સંસક્ત ન હોય... તો એવા સ્થાનમાં મહિનો રહેવાય.

એ માટે તે તે સ્થાનો તપાસવા સાધુઓ જાતે જાય, જાતે બધું જોઈ આવે, રહેવાનું સ્થાન નક્કી કરી આવે અને પછી આખો ગચ્છ ત્યાં પહોંચે.

પણ ધારો કે બે-ચાર-છ માસ પૂર્વે જ એ સ્થાનમાં સાધુઓ રહેલા હોય અને એ સ્થાનનો બધો જ અનુભવ હોય તો તો અત્યારે એ સ્થાનની ચકાસણી કર્યા વિના જ આખો ગચ્છ ત્યાં પહોંચી જાય તો શું વાંધો ?"

પણ આ વાત શાસ્ત્રકારોને મંજુર નથી. તેઓ જણાવે છે કે દરેકે દરેક સ્થાનોમાં દિવસે - સપ્તાહે- પખવાડીયે - મહિને

જાત જાતના ફેરફારો થવાની શક્યતાઓ હોય છે. હવે જો બે-ચાર-છ મહિના પૂર્વેના અનુભવને જ પ્રમાણભૂત માની સીધા ત્યાં પહોંચી જઈએ તો શકય છે કે ત્યાં ઘણા ફેરફારો થઈ ગયેલા હોય.

(ક) પહેલા વસતિ સંસક્ત ન હતી. હવે ત્યાં આજુબાજુ ઘરો બની જવાથી સંસક્ત બની ગઈ હોય.

(ખ) પહેલા સ્વાધ્યાયની સુવિધા હતી, હવે આજુબાજુમાં કોઈ માંસાહારીઓ ઝૂંપડા બાંધીને રહેવા લાગ્યા હોય તો અસજ્ઝાયાદિને કારણે સ્વાધ્યાય દુર્લભ હોય.

(ગ) પહેલા સ્થંડિલ જવાની નિર્દોષ ભૂમિ મળતી હતી, પણ હવે ત્યાં પણ રહેઠાણો બની જવાથી કે બીજા કોઈ કારણોસર સ્થંડિલભૂમિ ન રહી હોય.

(ઘ) પહેલા ગોચરી સુલભ હતી, પણ હવે એ ગોચરીવાળા ઘરો દૂર-દૂરના સ્થાનોમાં રહેવા જતાં રહેવાથી ત્યાં ગોચરી પણ દુર્લભ થઈ ગઈ હોય.

આવી ઘણી મુશ્કેલીઓ છેલ્લા ૪, ૬, ૮, ૧૦ મહિનામાં ઊભી થઈ હોવાની શક્યતા છે. એટલે જો ભૂતકાળના અનુભવના ભરોસે અત્યારે ત્યાં પહોંચી જાય તો આખો ગચ્છ ત્યાં ઊભી થયેલી અવનવી મુશ્કેલીઓના કારણે ખૂબ પરેશાન થાય, અસંયમનો ભોગ બને.

માટે જ પૂર્વે જોયેલી-અનુભવેલી જગ્યાએ પણ ફરીથી સાધુઓએ તપાસ કરવા જવું અને પછી જ એ ક્ષેત્ર યોગ્ય લાગે તો આખા ગચ્છે ત્યાં આવવું.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

સંયમમાં અતિચારો , ડાઘાઓ, મલિનતાઓ ન લાગે એ માટેની આ ખૂબ જ સુંદર વ્યવસ્થા હતી.

આજે માસકલ્પ વિહાર પદ્ધતિ તૂટી અને રોજેરોજના વિહારો શરુ થયા, એટલે રોજે રોજ આખા ગચ્છે નવા નવા સ્થાનોનો અનુભવ કરવો પડે, કાં તો આજુબાજુ ફલેટો વગેરે હોવાના કારણે ઉપાશ્રય સંસક્ત હોય, કાં તો ટીવી, વીડીયો, ટેપ વગેરેના મોટે મોટેથી અવાજો સંભળાતા હોય, કાં તો સ્થંડિલ જવાની જગ્યા ન હોવાથી કે અતિદૂર હોવાથી વાડાનો ઉપયોગ કરવો પડવાનો હોય, કાં તો ગોચરી દુર્લભ કે સાવ અલભ્ય હોવાથી આધાકર્મી સુધીના બધા દોષો સેવવાના હોય, અસંયમોનો ડુંગર જ ખડો થઈ જાય એવી પરિસ્થિતિ સર્જાય, કેમકે રોજે રોજ આવા નવા નવા સ્થાનોમાં જવાનું થાય.

રોજે રોજ વિહાર હોવાથી બધા સ્થાનો પૂર્વેથી તપાસી રાખવા શક્ય પણ ન બને. એ બધું તો માસકલ્પપદ્ધતિમાં શક્ય બને. એટલે શેષકાળમાં આજે પૂર્વેથી વસતિ જોવી... એ ઓછું શક્ય છે. હા ! જ્યાં માસ-બે માસ રોકાવાનું હોય, ત્યાં આ શક્ય બને. એમ ચાતુર્માસના ક્ષેત્ર માટે પણ શક્ય બને. છતાં જો દૂરના ક્ષેત્રની જય બોલાવવાની હોવાથી ત્યાં જઈને ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરવી શક્ય ન હોય તો કમ સે કમ જે ક્ષેત્રોની જય બોલાય, ત્યાંના આરાધક શ્રાવકોને - જય બોલાવવા આવેલા શ્રાવકોને અડધો કલાક પાસે બેસાડી બધી ઝીણી ઝીણી માહિતી મેળવી લેવી જોઈએ.

(ક) બહાર સ્થંડિલ જવાની જગ્યા છે ? કેટલી દૂર છે ? આજુ બાજુ વસતિ નથી ને ?

(ખ) સ્થંડિલ-માત્રુ પરઠવવાની જગ્યા છે ? માત્રુ પરઠવવાની કુંડી છે ? અગાસીમાં છે કે નીચે જ છે ? ઉપાશ્રયની

ણમો ત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

બહાર જઈને પરઠવવાનું છે ? કે કમ્પાઉન્ડની અંદર જ વ્યવસ્થા છે ?

(ગ) જૈનોના ઘરો ૧૦૦ ડગલામાં કેટલાં છે ? ઘરો વસ્તારી છે કે એકલ-દોકલ સંખ્યાવાળા છે ? કુલ ઘરો કેટલા છે ? ગરીબ છે ? નોકરિયાત છે ? શ્રીમંત છે ? કે મધ્યમવર્ગીય છે ?

(ઘ) ઉપાશ્રયના કમ્પાઉન્ડમાં કોઈપણ નોકર-ચાકર રહેતા નથી ને ? ઉપાશ્રયની આજુબાજુ ખૂબ નજીકમાં ફલેટો નથી ને ? ફલેટોમાં નજર પડે, ટી.વી. વગેરે દેખાય - રાત્રે ટી.વી. વગેરેનો અવાજ સંભળાય એવું તો નથી ને ?

આપણા સંયમજીવન અંગેની બધી માહિતી મેળવ્યા બાદ એકંદરે શુદ્ધ ક્ષેત્ર લાગે તો પછી ચાતુર્માસાદિની જય બોલાવવી આ કાળની દૃષ્ટિએ અપવાદ માર્ગ હજી ગણી શકાય.

વળી તે ચાતુર્માસક્ષેત્રની નજીકમાં રહેલા સાધુઓને પત્રથી પૂછાવી શકાય, તેઓ ત્યાંની માહિતી આપે, એ બાદ જય બોલાવી શકાય. વર્તમાનમાં સર્વથા નિર્દોષસ્થાન દુર્લભ હોય તો છેવટે ઓછામાં ઓછા દોષવાળી વસતિ મળે, એ રીતનો પ્રયત્ન કરી ત્યાં યતનાપૂર્વક ચાતુર્માસ કરી શકાય.

પણ "સંઘ ઘણો શ્રીમંત છે, કરોડોપતિઓ આ સંઘમાં રહે છે. અનુષ્ઠાનો સારામાં સારા થશે. આપણને આપણા પ્રોજેક્ટો માટે લાખો રૂા. મળી રહેશે. સંઘના શ્રાવકો આપણા છે. એમની ખૂબ વિનંતિ છે. ભક્તોને તો સાચવવા જ પડે. જો ના પાડશું તો એમને ખોટું લાગશે." આવા કોઈક વિકલ્પોને પરવશ થઈને ચાતુર્માસની જય બોલાય તો અત્યંત વિચારણીય થઈ પડે છે.

ણમો ત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

(૬૧) इदानीं बालादीनां प्रेषणार्हत्वे प्राप्ते यतना प्रतिपाद्यते -तत्र च गणावच्छेदकः प्रेष्यते, तदभावेऽन्यो गीतार्थः तदभावेऽगीतार्थोऽपि प्रेष्यते, तस्य को विधिः ? अगीतार्थस्य सामाचारी कथ्यते ततः प्रेष्यते ।

—ઓઘનિર્યુક્તિ-૧૪૨-૧૪૩

એક મહિનો આખો ગચ્છ જે સ્થાનમાં સુખેથી સંયમ નિર્વાહ કરવા પૂર્વક રહી શકે, એવા સ્થાનની તપાસ કરવા માટે પહેલા સાધુઓને મોકલવામાં આવે એ સાધુઓ તપાસ કરી એ ક્ષેત્ર જોઈ પાછા ગચ્છમાં આવે અને પછી આખા ગચ્છને ત્યાં લઈ જાય.

પણ આ ક્ષેત્ર તપાસ કરવા માટે બાલ-વૃદ્ધ-ક્ષપક (તપસ્વી) - યોગી (યોગાદ્વહન ચાલતા હોય તેને) વૈયાવચ્ચી-અગીતાર્થ વગેરે સાધુઓને ન મોકલવા એમને મોકલવામાં તે તે દોષો લાગવાની શક્યતા પૂર્વે જણાવી ગયા. પણ જો આ સિવાયના બીજા કોઈ સાધુ મોકલી શકાય તેમ ન હોય અને એટલે બાલાદિમાંથી જ કોઈકને મોકલવાનો અવસર આવે તો એમાં પહેલા કોને મોકલવા ?... વગેરે યતના અહીં બતાવતા કહે છે કે સૌ પ્રથમ ગણાવચ્છેદકને મોકલવો. અર્થાત્ બાલ, વૃદ્ધ, અગીતાર્થ, તપસ્વી, યોગી, વૈયાવચ્ચી વગેરેમાંથી જ કોઈકને મોકલવાના હોય તો આમાંથી જે ગણાવચ્છેદક પણ હોય એને મોકલવો. અર્થાત્ આમાંથી બાલ ગણાવચ્છેદક હોય તો એને મોકલવો. વૃદ્ધ ગણાવચ્છેદક હોય તો એને મોકલવો... આનો લાભ એ કે ગણાવચ્છેદક અવશ્ય ગીતાર્થ હોય એટલે એમાં બાલત્વ-વૃદ્ધત્વાદિ દોષ હોવા છતાં પણ ગીતાર્થતા હોવાથી દોષો લાગવાની શક્યતા ઘણી ઘટી જાય.

આમાં એ ખ્યાલ રાખવો કે બાલાદિ રૂપ ન હોય એવા ગણાવચ્છેદકને મોકલવામાં તો ઉત્સર્ગમાર્ગે પણ કોઈ વાંધો જ નથી. પરંતુ જો એ ગણાવચ્છેદકમાં બાલત્વ-વૃદ્ધત્વ વગેરે રૂપ દોષ હોય તો ઉત્સર્ગમાર્ગે એને ન મોકલાય. પણ હવે બીજા કોઈને મોકલી શકાય એમ ન હોય તો અપવાદમાર્ગે આવા દોષવાળા પણ ગણાવચ્છેદકને મોકલાય, કેમકે ગણાવચ્છેદક અગીતાર્થ તો ન જ હોય એ નિશ્ચિત છે, એટલે એને દોષો લાગવાની સંભાવના ઘણી ઘટી જાય.

પણ જો ગણાવચ્છેદકને મોકલી શકાય તેમ ન હોય તો પછી એ સિવાયના બીજા કોઈ ગીતાર્થને મોકલવો.

અહીં ખ્યાલ રાખવો કે બાલાદિમાંથી જ કોઈકને મોકલવાની વાત અત્યારે ચાલી રહી છે. એટલે ઉપરની વાતનો તાત્પર્યાર્થ એ કે બાલ-વૃદ્ધ-જોગી-તપસ્વી-વૈયાવચ્ચી-અગીતાર્થ વગેરેમાંથી જે ગીતાર્થ હોય, એને જ સૌપ્રથમ મોકલવો. ઉત્સર્ગ માર્ગે તો આમાંથી કોઈને મોકલવાના ન હતા, પણ જ્યારે અપવાદ માર્ગે મોકલવાનો અવસર આવ્યો ત્યારે એમાંથી પણ જે ગીતાર્થ હોય તેને જ પ્રથમ પસંદ કર્યો. દા.ત. બાલ સાધુ ગીતાર્થ બની ગયો હોય તો એને મોકલવો. ટુંકમાં જે ગીતાર્થ હોય એને પ્રથમ મોકલવો.

આમાં ગીતાર્થતાને શાસ્ત્રકારો કેટલું બધું મહત્ત્વ આપે છે, એ સ્પષ્ટ જણાઈ આવે છે. જરાક વિચારો કે ૧૦-૧૨ વર્ષનો ગીતાર્થ સાધુ અને ૨૫-૩૦ વર્ષનો જોગી- વૈયાવચ્ચી અગીતાર્થ સાધુ હોય તો પણ શાસ્ત્રકારો ૨૫-૩૦ વર્ષવાળાને ન મોકલતા ૧૦-૧૨ વર્ષના બાળસાધુને મોકલવા તૈયાર થયા છે. આની પાછળનું કારણ એ કે ગીતાર્થ સાધુને બધી બાબતની ખબર હોવાથી એ બધા દોષોને ટાળી શકે. પોતે જ ગીતાર્થ હોવાથી એ જાણતો હોય કે "હું બાલ છું, અને બાલ ક્ષેત્રતપાસ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

કરવા જાય, તો એમાં અમુક અમુક દોષો સંભવી શકે છે..." અને એટલે એ રીતે જ પ્રવૃત્તિ કરે કે જેથી બાલતાજન્ય કોઈ દોષ ઉત્પન્ન ન થાય.

આ બધી બાબતો અગીતાર્થ સમજી શકવાનો નથી, માટે એને ન મોકલાય.

પણ માનો કે બાલ, વૃદ્ધ, યોગી, વૈયાવચ્ચી, તપસ્વી, અગીતાર્થ વગેરેમાં કોઈપણ સાધુ ગીતાર્થ નથી. (અગીતાર્થ તો અગીતાર્થ છેજ, પણ બાલાદિ પણ અગીતાર્થ છે.) તો પછી કોને મોકલવો ?

હવે જો બધા જ અગીતાર્થ હોય તો એમાં (બાલાદિ ન હોય એવા) અગીતાર્થને મોકલવો યોગ્ય છે.

આશય એ છે કે ક્ષેત્રતપાસ માટે જે અપાત્ર ગણ્યા છે, તેમાં બાલાદિની માફક અગીતાર્થ પણ છે. હવે બાલાદિ પણ જો અગીતાર્થ હોય તો બાલમાં બાલતા અગીતાર્થતા એમ બે દોષ છે. વૃદ્ધમાં વૃદ્ધત્વ + અગીતાર્થતા એમ બે દોષ છે. વૈયાવચ્ચીમાં વૈયાવચ્ચક્રિયા + અગીતાર્થતા એમ બે દોષ છે... એટલે જો આમાંથી કોઈને પણ મોકલવામાં આવે તો બમણા દોષો લાગે. પણ જે સાધુ બાલ નથી, ગ્લાન નથી, વૈયાવચ્ચી નથી, વૃદ્ધ નથી... માત્ર અગીતાર્થ જ છે. એ સાધુમાં અગીતાર્થતા નામનો એકજ દોષ પડેલો છે. એટલે એને મોકલવામાં એક દોષ જ લાગે.

એટલે બાલાદિમાં જો કોઈપણ ગીતાર્થ ન હોય તો પછી માત્ર અગીતાર્થતારૂપી એકજ દોષવાળા સાધુને મોકલવો. પણ અગીતાર્થતા-બાલાદિ અનેક દોષવાળા સાધુને ન મોકલવો.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

હવે જ્યારે આ અગીતાર્થને મોકલવામાં આવે ત્યારે એને તત્કાળ પુરતી ગીતાર્થતા આપવામાં આવે એટલે કે આચાર્યશ્રી એને બોલાવીને કહે આમ તો તું અગીતાર્થ છે. એટલે તને ન મોકલાય, પણ કટોકટિ છે, માટે મોકલવો પડે છે. પણ તું ક્ષેત્રતપાસ કેવી રીતે કરવી ?... વગેરે બધી સામાચારી સાંભળી લે..." આમ કહીને એને ક્ષેત્રતપાસ પુરતી બધી સામાચારી જણાવી એ રીતે એને એટલી બાબત પુરતો ગીતાર્થ જેવો બનાવીને પછી ક્ષેત્રતપાસ માટે મોકલે.

આ વિધિ લગભગ દરેક જગ્યાએ સમજવી. જ્યારે પણ અગીતાર્થને કોઈપણ કામ માટે મોકલવામાં આવે, ત્યારે તેને તે કામ પુરતી ઉપયોગી બાબતો-સામાચારીઓ જણાવી દઈને, એ રીતે એટલા કામ પુરતો કામચલાઉ ગીતાર્થ બનાવી દઈને મોકલવામાં આવે.

દા.ત. જેને પિંડૈષણાનો સંપૂર્ણ અભ્યાસ નથી થયો, અને છતાં એને ગોચરી મોકલવાનો અવસર આવી પડે તો જરૂરિયાત પુરતી ૪૨ દોષની સમજણ આપીને મોકલાય. એમ વસ્ત્રૈષણાના અભ્યાસ વિનાનાને વસ્ત્ર લેવા મોકલવાનો અવસર આવે તો ત્યાં પણ વસ્ત્રૈષણા-અધ્યયનની જરૂરિયાત પુરતી બધી બાબતો જણાવી દઈને પછી મોકલાય.

આ એક આપવાદિક આચરણા છે. ઉત્સર્ગમાર્ગે તો ગીતાર્થને જ મોકલવો પડે, કામચલાઉ બનાવાતા ગીતાર્થ ન ચાલે.

અહીં એક ખ્યાલ એ પણ રાખવો કે ગીતાર્થની વ્યાખ્યા એ છે કે શ્રી નિશીથસૂત્ર અને તેના અર્થનો અભ્યાસ કરી ચૂકેલો સાધુ જઘન્યગીતાર્થ કહેવાય.

પણ બધે જ એ વ્યાખ્યા નથી લેવાની.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ગોચરી લેવા જવા માટે ગીતાર્થને મોકલવાનો છે, ત્યાં ગીતાર્થ એટલે ગોચરીગીતાર્થ જ સમજવો. એટલે દશવૈ. પિંડૈષણા અધ્યયનનો-પિંડનિર્યુક્તિનો જેણે તલસ્પર્શી અભ્યાસ કરેલો હોય તે ત્યાં ગીતાર્થ કહેવાય અને તેને ગોચરી મોકલી શકાય. ત્યાં "નિશીથ ભણેલા ગીતાર્થને જ ગોચરી મોકલાય" એમ ન સમજવું.

એમ વસ્ત્રો લેવા જવા માટે વસ્ત્રગીતાર્થ જોઈએ, આચારાંગ સૂત્રના વસ્ત્રૈષણા અધ્યયનનો સૂત્રાર્થ ભણી ચૂકેલો સાધુ વસ્ત્રગીતાર્થ ગણાય.

એમ પાત્રગીતાર્થ - વસતિગીતાર્થ વગેરે પણ સમજી લેવા.

પ્રસ્તુતમાં આખો ક્રમ આ પ્રમાણે થશે.

(૧) બાલ, વૃદ્ધ, તપસ્વી, યોગી, વૈયાવચ્ચી, અગીતાર્થ આટલા સાધુઓ સિવાયના જ સાધુઓને વસતિપ્રત્યુપેક્ષણા માટે મોકલવા. એ સાધુઓ પણ ગીતાર્થ હોવા જરૂરી છે. પછી એ ગણાવચ્છેદકાદિ ગમે તે હોઈ શકે છે.

(૨) જો બીજા કોઈને મોકલી શકાય એમ ન હોય અને આ બાલાદિમાંથી જ મોકલવાના હોય તો આ બાલાદિમાં જ જે ગણાવચ્છેદક હોય એને મોકલવો. એનામાં બાલત્વાદિ રૂપ દોષ હોવા છતાં પણ ગીતાર્થતા હોવાથી દોષો ન લાગે.

(૩) આ બાલાદિમાં કોઈ ગણાવચ્છેદક ન હોય (ગચ્છની કાળજી કરવાની જવાબદારીવાળો સાધુ ગણાવચ્છેદક કહેવાય) તો ગણાવચ્છેદક સિવાયનો પણ જે ગીતાર્થ હોય તેને મોકલવો. પછી એ બાલ-વૃદ્ધ ગમે તે હોય.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

(૪) આમાંથી કોઈ ગીતાર્થ ન હોય તો આ બધામાં જે માત્ર અગીતાર્થતા નામના એક જ દોષવાળો છે, એને કામચલાઉ ગીતાર્થ બનાવીને મોકલવો.

(૬૨) भावतः प्रत्युपेक्षणा इयं यदुत स विषयः स्वपक्षेण परपक्षेण वाऽऽक्रान्तो व्याप्तः । कश्चासौ स्वपक्षः परपक्षश्चात आह - निह्नवकादिः स्वपक्षः, एभिरनवरतं प्रार्थ्यमानो लोको न किञ्चिद् दातुमिच्छति इत्येवं या निरुपणा सा भावप्रत्युपेक्षणा । — ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૭૫

માસકલ્પ યોગ્ય ક્ષેત્રની તપાસ કરવા ગયેલા સાધુઓએ ત્યાં ભાવપ્રત્યુપેક્ષણા કરવાની છે કે એ સ્થાન સ્વપક્ષ કે પરપક્ષથી ભરેલું નથી ને ? એમાં નિહ્નવો - પાસત્થાઓ વગેરે સ્વપક્ષ તરીકે લેવા. જો એ ક્ષેત્ર આ બધાથી ભરેલું હોય તો ત્યાં માસકલ્પાદિ કરવા યોગ્ય નથી. કેમકે આ બધા સાધુઓ સતત ત્યાંના લોકો પાસે કંઈ ને કંઈ માંગ્યા જ કરે અને એટલે ત્યાંના લોકો પણ દાન આપી આપીને કંટાળી ગયા હોય, પરિણામે ત્યાં જો આ ગચ્છ માસકલ્પ કરે તો ગચ્છપ્રાયોગ્ય વસ્તુ દુર્લભ બની જાય. લોકો પેલા બધાથી કંટાળેલા હોવાથી હવે સંવિગ્નોને પણ કશું જ ન આપે.

આ એક મહત્ત્વનો પદાર્થ છે.

(ક) ઉપરના શાસ્ત્રપાઠમાં સ્વપક્ષ તરીકે નિહ્નવ વગેરે જ લીધા છે, સંવિગ્ન સાધુઓ નહિ. એનું કારણ એ કે સંવિગ્ન સાધુઓ જો ત્યાં હોય તો તો ઉપરોક્ત દોષ ન લાગે. તેઓ તો એ વાતની ખૂબ જ કાળજી રાખે કે "દાતાઓના ભાવ ખતમ ન થઈ જાય." માટે જ તો દૂર દૂર ગોચરી વહોરવા જવું... વગેરે આચારો પાળે કે જેથી ત્યાં ગૃહસ્થોનો ભાવ જળવાઈ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

રહે. સાધુઓ પ્રત્યેનો સદ્ભાવ કાયમ રહે. એટલે જો એ ક્ષેત્ર સંવિગ્નસાધુઓથી વ્યાપ્ત હોય તો તો ઉપર બતાવેલો વાંધો ન આવે.

પણ જો નિહ્નવો-પાસત્થાઓ-કુશીલો વગેરે શિથિલ સાધુઓથી એ ક્ષેત્ર ભરેલું હોય તો મુશ્કેલી થવાની જ. આ સાધુઓ સુખશીલ હોવાથી જિનાજ્ઞાની પણ અવગણના કરીને શિથિલ બન્યા છે, તો પછી તેઓ ગૃહસ્થોના ભાવની કાળજી કરવા માટે અત્યંત ઉપયોગવાળા હોવા શક્ય જ નથી. પોતાની સુખશીલતાને પોષવા જેઓ જિનાજ્ઞાને ભાંગી શકે, તેઓ લોકોના ભાવોને ભાંગતા શું વાર લગાડવાના ?

આ સાધુઓને દૂધની જરૂર હશે તો જે ઘરોમાં દૂધ મળતું હશે, ત્યાં રોજેરોજ જશે, વધુ પ્રમાણમાં વહોરશે... એ ઘરમાં બીજા સાધુઓ ગયા હોવાની ખબર હોવા છતાં પણ જશે... પેલા બિચારા ગૃહસ્થોનો દાનપરિણામ શી રીતે ટકે ? પછી એ ગૃહસ્થ વહોરાવવાની ભક્તિ વિનાનો બની જાય તો એમાં શું આશ્ચર્ય !

(ખ) અમદાવાદ-સુરત વગેરે શહેરોના અમુક સંઘો એવા છે કે જ્યાં બારેમાસ સેંકડો સાધુ-સાધ્વીઓની હાજરી હોય છે. ભક્તિભાવવાળા થોડાક ઘરોમાં આ બધાની સવાર-સાંજની ગોચરીનો ભાર ઘણો ઘણો વધારે હોય છે. સુખશીલતાદિને કારણે કેટલાક સંયમીઓ દૂર દૂર નવા નવા ઘરોમાં જવા તૈયાર થતા નથી. એકના એક ઘરોમાં જ મોટી સંખ્યામાં સાધુ-સાધ્વીઓના પગલા થાય. એ જૈનો ખાનદાન હોવાથી કદી ના ન પડે. પોતે ઘસાઈ છૂટીને પણ વહોરાવે. પણ એક વાત નક્કી કે એમાં કેટલાકોમાં ઉમળકો-ઉછળતા ભાવ - સુપાત્રદાનનો લાભ મળ્યાનો સંતોષ - "સાહેબ ! વહોરો, વહોરો.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
॥ ૨૪૦॥

વસ્તારી છો..." વગેરે વગેરે મીઠામધ જેવા શબ્દો... આ બધાનો દુકાળ પડતો જાય છે.

આવા ક્ષેત્રોમાં ક્યારેક જ જનારા સંયમીઓ બોલે પણ છે કે "આ ક્ષેત્રો સાવ જ રુક્ષ થઈ ગયા લાગે છે. ન મળે સત્કાર-આવકાર કે ન મળે બહુમાન ! ઘરે જઈએ, તો "પધારો" પણ બોલ્યા વિના મૂંગા મૂંગા અંદર રસોડામાં જાય. રોટલી-શાકની વિનંતિ કરે, આપણે ના પાડીએ તો કોઈ આગ્રહ પણ નહિ. તરત ડબો-તપેલી બંધ કરી દે અને જેવા બહાર નીકળીએ કે "ધડ્" કરતો દરવાજો બંધ થયાનો અવાજ સંભળાય, બિલ્ડીંગોમાં કોઈ આજુબાજુ ઉપર-નીચેના ઘરો બતાવવાનો પણ વિવેક ન કરે. આપણો વહોરવાનો ઉલ્લાસ જ ખલાસ થઈ જાય..."

આવા તો કંઈ કેટલાય ઉદ્ગારો સંયમીઓના મુખમાંથી સાંભળવા મળે છે ત્યારે એક જ વિચાર આવે છે કે "દોષ કોનો ? એ મહાન શ્રાવકસંઘનો શો દોષ ? આપણી જ વિચિત્ર વર્તણૂકોએ એમને ભાવહીન-સદ્ભાવહીન-વિવેકહીન બનવા પ્રેર્યા નથી ને ?"

જે નવા સંઘો હોય છે, તેમાં ભક્તિ-ઉમળકો, મધુર આવકાર વગેરે દેખાય છે. પણ તેનું કારણ એ કે તેઓને હજી કડવા અનુભવો થયા નથી. એ જ નવા સંઘો ૫-૭ વર્ષ બાદ શુષ્ક રુક્ષ બનતા પણ દેખાય છે. કેમકે એટલા કાળમાં એ બધાને એવા અનુભવોનો સ્વાદ ચાખવા મળી ચૂક્યો હોય છે.

શાસ્ત્રકારો તો શ્રાવકોના ભાવોનો ભંગ કરનારાઓને સંવિગ્ન તરીકે ગણવા જ તૈયાર નથી. માટે જ તો સ્વપક્ષ શબ્દનો અર્થ સાધુ-સાધ્વી કરવાને બદલે નિહ્નવાદિ જ કર્યો. અર્થાત્ સ્વપક્ષ તરીકે ઉત્સૂત્રપ્રરૂપકો-શિથિલો જ લીધા. કેમકે આ લોકો

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

જ નિષ્ઠુર બની, વિચિત્ર પ્રવૃત્તિ કરી ગૃહસ્થોના ભાવને એવી રીતે તોડી નાંખનારા હોય છે કે પછી એ ગૃહસ્થો કંઈપણ આપવાની ઈચ્છા ન કરે.

એટલે જો આપણે પણ આપણી ગોચરી વહોરવાની વિચિત્ર પદ્ધતિઓને કારણે - એકજ ઘરોમાં વારંવાર જવું - સારી વસ્તુ મોટા પ્રમાણમાં વહોરી લેવી... વગેરેને કારણે ગૃહસ્થોના શુભભાવના ભંજક હોઈએ તો શિથિલાચારીઓમાં જ અગ્રગણ્ય બની રહીએ છીએ.

હવે ધારો કે આપણે આવી કોઈ વિચિત્ર પ્રવૃત્તિ આદરી ન હોય, ગૃહસ્થોના ભાવોના ભંજક આપણે ન બન્યા હોઈએ, પરંતુ શાસ્ત્રકારો જે કહે છે કે "જ્યાં લોકોના ભાવો આ નિહ્નવાદિ વડે ખલાસ થઈ ચૂક્યા હોય ત્યાં માસકલ્પ ન કરવો." ત્યાં માસકલ્પાદિ કરીએ તો એ યોગ્ય ગણાય ?

હવે જો ત્યાં માસકલ્પ કરવો પણ અનુચિત છે. તો પછી ચાતુર્માસકલ્પ કરવો તો અનુચિત લેખાશે ને ?

આત્માર્થી સાધુઓ આવા ભગ્નભાવવાળા ક્ષેત્રોમાં એમના ભાવોની વૃદ્ધિ થાય એ રીતે ખૂબ જ કાળજીપૂર્વક વહોરે એ ઈચ્છનીય છે.

(૬૩) एतदसौ साधुर्ब्रवीति - न वयं दोसीणं चिय याचयामः, किन्तु देहि दधिं दधि याचयामः, तथा क्षीरं याचयामः । तथा क्षीरे लब्धे सति गुडं घृतं पेयां ददस्व ।– ઓઘનિર્યુક્તિ-૧૪૭

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ण मो त्थु णं स म ण स्स भ ग व ओ म हा वी र स्स

કેટલાક સંયમીઓ એમ સમજે છે કે "આપણે ગોચરી જઈએ, ત્યારે આપણાથી કોઈપણ વસ્તુની યાચના ન કરાય, માંગણી ન કરાય. ગૃહસ્થો સામેથી વિનંતિ કરે તો જ વહોરાય." આવી માન્યતાવાળા કેટલાક સંયમીઓ ગોચરી વહોરવા જાય અને પોતાને જે વસ્તુ જોઈતી હોય, એની વિનંતિ જો ગૃહસ્થ તરફથી ન થાય તો "બીજું શું છે ? બીજું શું છે ?" એમ પૃચ્છા કર્યા જ કરે. પેલા ગૃહસ્થ આ પ્રશ્ન સાંભળી યાદ કરી કરીને એક, બે, ત્રણ, ચાર વસ્તુઓના નામ બોલી દે. પણ સાધુને શું જોઈએ છે ? એની એને ખબર ન હોવાથી ક્યારેક એવું બને કે ચાર, પાંચ, નામ બોલવા છતાં સાધુને જોઈતી વસ્તુનું નામ ન આવે... સાધુ ના પાડ્યા જ કરે. પેલો શ્રાવક મુંઝાય, મુરઝાય... અંતે કાં તો સાધુ વહોર્યા વિના નીકળી જાય કે પછી છેલ્લે કોઈક સાચું નામ ગૃહસ્થના મોઢામાંથી નીકળી જાય અને સાધુ હા પાડી વસ્તુ વહોરી લે.

જો કે ઉત્સર્ગમાર્ગે તો આ વાત બરાબર છે કે સાધુ કોઈપણ વસ્તુની યાચના ન કરે. જેની જેની વિનંતિ થાય, એમાંથી પ્રાયોગ્ય વસ્તુ વહોરે. આ રીતે યાચના ન કરવામાં નિઃસ્પૃહતાગુણ વિકસે છે, અનાસક્તિ કેળવાય છે, શ્રાવકો ધર્મ પામે છે... એટલે સામાન્ય રીતે તો યાચના ન કરવી એ જ સારું છે. પણ આ બાબતમાં આપણે થોડોક વિવેક કેળવવાની જરૂર લાગે છે.

ઉપરના શાસ્ત્રપાઠમાં તો સ્પષ્ટ લખ્યું છે કે "ગૃહસ્થો સુકુ-પાકું વહોરાવવા કાઢે, તો સાધુ કહે કે અમારે દહીં વગેરે પણ ચાલે. દૂધ પણ ચાલે, ઘી - ગોળ આપો...." આમ સાધુ યાચના પણ કરે છે.

આગળ ૧૪૮મી ઓઘનિર્યુક્તિ ગાથામાં પણ લખ્યું છે કે प्रार्थितमप्रार्थितं वा लभ्यते યાચના કરાયેલ કે યાચના નહિ

ण मो त्थु णं स म ण स्स भ ग व ओ म हा वी र स्स

કરાયેલ પણ વસ્તુ મળી રહેતી હોય...

૧૫૦મી ગાથામાં લખ્યું છે કે "औषधं- हरितक्यादि, भेषजं- पेयादि, एतच्च प्रार्थनाद्वारेण प्रत्युपेक्षन्ते" હરડે-રાબ વગેરે વસ્તુઓની યાચના-પ્રાર્થના કરવા દ્વારા તપાસ કરે કે આ વસ્તુઓ અહીં મળે છે કે નહિ ?

આ ત્રણ પાઠમાં "સાધુ વસ્તુની યાચના કરી શકે છે" એવું સ્પષ્ટ જણાય છે હા ! એની પાછળનું કારણ એ છે કે આખા ગચ્છને અહીં લાવવાનો છે. ગચ્છમાં તો ઘણાં પ્રકારની વસ્તુઓની જરૂર પડે જ. એ બધી અહીં મળે છે કે નહિ ? એની તપાસ કરવી જરૂરી છે. મળતી હોય તો પણ ગૃહસ્થોને એ વહોરાવવાના સંસ્કાર છે કે નહિ?"...વગેરે કારણસર સાધુ આ રીતે યાચના કરે છે. એટલે ભલે આ એક અપવાદ માર્ગે યાચના હોય. પણ એવા અનેક બીજા કારણોસર પણ યાચના કરવામાં દોષ જણાતો નથી.

આ બાબતમાં નીચે મુજબ વર્તવું ઉચિત લાગે છે.

(ક) મીઠાઈ-ફરસાણ-કેરી વગેરે વિશિષ્ટ ફળો... આ બધાની યાચના કરવી અત્યંત અનુચિત જણાય છે. ટુંકમાં જે વસ્તુની યાચના કરવામાં સાધુ આસક્ત તરીકે દેખાય... એવી વસ્તુઓની યાચના ન કરાય. "આમળાનો મુરબ્બો છે ? છુંદો છે ? કેરીનો રસ છે ?..." આ બધા શબ્દો કાનમાં ખૂબ ખુંચનારા લાગે છે એટલે આવી યાચના ન કરાય.

(ખ) સુંઠ-પીપરીમુળ-બલવણ-ગોળ-દૂધ-ઘી ... વગેરે દ્રવ્યો જૈનોના ઘરોમાં યાચના કરવામાં અનુચિત જેવું જણાતું

નથી. હા ! અજૈનોના ઘરોમાં કે સાધારણ જૈનઘરોમાં દૂધ-ઘીની યાચના ખૂબ જ સમજી વિચારીને જ કરવી. શક્ય હોય તો એવા ઘરોમાં દૂધ-ઘીની યાચના ન કરવી.

(ગ) "બીજું શું છે ?" એ પ્રશ્ન વારંવાર પૂછી પૂછી ગૃહસ્થના મોઢે વસ્તુઓના નામ બોલાવ્યા કરીએ, એમાં તે મુંઝાય અને ક્યારેક ઊંધો વિચાર પણ કરી બેસે. ઉનાળામાં જો આ રીતે પ્રશ્નો પુછાય, તો બહેનો ધડ દઈને જવાબ આપી દે છે કે "સાહેબ ! કેરીનો રસ તો ફ્રીજમાં છે." અર્થાત્ એ આ સાધુના પ્રશ્નનો એવો અર્થ કરી બેસે છે કે "મહારાજ કેરીનો રસ માંગે છે."

એમના મનમાં આવો વિચાર પ્રગટે એ સાધુ માટે શરમજનક બાબત ગણાય. સાધુ સુંઠ, ગોળ, ખાંડાદિ લેવા માટે "બીજું શું છે ?" પ્રશ્નની વણઝાર ચલાવતો હોય, અને સામે પક્ષે ઉંધાવિચારોની વણઝાર ચાલે. આ બધું ન થાય તે માટે સામાન્ય ગણાતી વસ્તુઓની સૌમ્યભાષામાં યાચના કરી લેવામાં કોઈ દોષ જણાતો નથી. "દૂધ બહાર છે ? ફ્રીજમાં નથી મૂક્યું ને ? થોડોક ગોળનો ખપ છે ? દળેલી ખાંડ હશે ? જરાક ઘી લેવાનું છે..." આવી મૃદુ ભાષામાં યાચના કરવામાં કોઈ વાંધો જણાતો નથી.

(ઘ) ગુરુ-ગ્લાન-તપસ્વી વગેરેને માટે ક્યારેક વિશિષ્ટ વસ્તુઓની પણ યાચના કરવાનો અવસર આવે. કોઈકને ખૂબ પિત્ત થતું હોય તો એને માટે મુરબ્બા વગેરેની જરૂર પડે. હવે જે ઘરમાં એ વસ્તુ હોવાનો ખ્યાલ હોય તે ઘરમાં એ વસ્તુની વિનંતિ ન થાય તો પછી છેવટે યાચના પણ કરવી પડે. પણ એ વખતે કારણ દર્શાવવું કે "અમારા એક સાધુને સખત ગરમી

॥ ૨૪૫ ॥

થઈ ગઈ છે. એટલે ઠંડકવાળી વસ્તુની જરૂર પડી છે. ખૂબ માથું દુઃખે છે." જો આમ કારણ બતાવવામાં આવે તો પછી આવી વિશિષ્ટ વસ્તુની યાચના કરવા છતાં ગૃહસ્થો **અધર્મ ન પામે**, ઉલ્ટુ બહુમાનભાવ સાથે વહોરાવે. બીજા દિવસે પાછી વિનંતિ પણ કરે...

આ વિષયમાં અનેક બાબતો કહેવા જેવી છે. પણ એ હવે અનુભવી વડીલને પૃચ્છા કરીને એમની સલાહ મુજબ કરવું.

**(૬૪) वसतिं निरुपयन्ति किं प्रशस्ते प्रदेशे आहोस्विदप्रशस्ते सिंगक्खोडादियुक्ते इति ।** —ઓઘનિર્યુક્તિ-૧૫૩

જો ક્ષેત્ર માસકલ્પયોગ્ય લાગે તો એ ક્ષેત્રમાં સાધુઓને ઉતરવા માટેનું મકાન-ઉપાશ્રય-વસતિ તપાસે. ત્યારે કોઈ આજની જેમ તૈયાર ઉપાશ્રયો ન હતા. પણ દેવકૂલિકા, શૂન્યગૃહો વગેરે મેળવીને સાધુઓ એમાં એક માસ રોકાતા.

હવે આવી વસતિ ક્યા પ્રદેશમાં છે ? એ ખાસ જોવું પડતું. એ સ્કંધ વગેરે સારાભાગમાં છે ? કે શીંગડા વગેરે ખરાબ ભાગમાં છે ? એની એ સાધુઓ બરાબર તપાસ કરી લેતા.

આશય એ છે કે પૂર્વાભિમુખ ડાબા પડખે વૃષભને-બળદને બેસાડીને પછી વસતિ લેવી.

આમાં સૌથી અગત્યની બાબત એ છે કે પૂર્વાભિમુખ ડાબા પડખે વૃષભની કલ્પના કરવાની છે, એ ક્યાં કરવાની? અત્યારે ઘણાઓમાં એવી માન્યતા પ્રચલિત છે કે "ઉપાશ્રયનો જે હોલ છે, એમાં પૂર્વાભિમુખ ડાબે પડખે બેઠેલા વૃષભની કલ્પના કરવી અને પછી એના શીંગડા વગેરે અવયવો ઉપાશ્રયના જે ભાગમાં આવતા હોય તે ભાગમાં ન બેસવું. પણ સ્કન્ધ



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

વગેરે અવયવો ઉપાશ્રયના જે ભાગમાં આવતા હોય ત્યાં બેસવું."

પણ આ માન્યતા શાસ્ત્રાનુસારી જણાતી નથી, આમાં ગેરસમજ થઈ રહી છે.

હકીકત એ છે કે જે ગામમાં રહેવાનું છે, એ આખા ગામની જગ્યામાં પૂર્વાભિમુખ ડાબાપડખે બેઠેલો વૃષભ કલ્પવાનો છે. અને પછી ગામના જે ભાગમાં વૃષભના શીંગડાદિ આવતા હોય, તે જગ્યાએ રહેલ મકાનમાં ગચ્છે ન રહેવું. ગામના જે ભાગમાં વૃષભના સ્કંધાદિ આવતા હોય, તે ભાગમાં રહેલ મકાનને જ ગચ્છે વસતિ તરીકે સ્વીકારવું.

ટુંકમાં મકાનમાં વૃષભની કલ્પના કરીને સાધુઓ બેસે... એ માન્યતા બરાબર નથી.

પણ ગામમાં વૃષભની કલ્પના કરીને ગચ્છ રહે... એ માન્યતા શાસ્ત્રાનુસારી જણાય છે.

આની પાછળ અનેક યુક્તિઓ છે.

(ક) જો મકાનના હોલમાં જ વૃષભની કલ્પના કરીને જે ભાગોમાં શીંગડા-પગ-ગુદા આવતા હોય, તે ભાગોમાં કોઈપણ સાધુએ બેસવાનું ન હોય તો મકાનના એટલા ભાગો ખાલી રહી જાય. જ્યારે આ જ ગ્રન્થમાં આગળ કહેવાના છે કે "ઉત્સર્ગથી સાધુ પ્રમાણયુક્ત વસતિમાં રહે. એટલે કે બધા સાધુને ત્રણ-ત્રણ હાથની જગ્યા આપી દીધા બાદ એકપણ સ્થાન ખાલી ન રહે... એવા પ્રકારની વસતિમાં ઉતરવું." આ મુજબ તો પ્રમાણયુક્તા વસતિમાં લેશ પણ ભાગ ખાલી ન રાખવો એ જ શાસ્ત્રને માન્ય છે. જ્યારે ઉપર મુજબ તો વસતિમાં પુષ્કળ જગ્યા ખાલી જ છોડી દેવાની રહે. આમ બે પાઠો પરસ્પર

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
॥ ૨૪૭॥

વિરોધી બને.

પ્રમાણયુક્તા વસતિવાળો પાઠ આખા મકાનમાં જગ્યા ખાલી ન છોડવાનું સૂચવે છે. અને મકાનમાં વૃષભની કલ્પના કરવાની માન્યતા મકાનમાં શીંગડા, પગ, ગુદાના ભાગો ખાલી છોડવાનું સૂચન કરે છે. એનો શી રીતે મેળ પડે ?

જો ગામમાં વૃષભની કલ્પના કરવાની હોય તો તો વાંધો જ નથી. કેમકે એનો અર્થ એ થાય કે ગામના જે ભાગમાં કલ્પિતવૃષભના શીંગડા-પગ-ગુદા આવે, એ ભાગમાં રહેલ મકાનમાં ગચ્છે ન રહેવું. પણ સ્કન્ધાદિ ભાગમાં રહેલા મકાનમાં રહેવું. હવે એ મકાનમાં તો કોઈપણ જગ્યા છોડવાની જ નથી. એમાં તો ગમે ત્યાં બેસી શકાય છે. એટલે પ્રમાણયુક્તા વસતિવાળા પાઠ સાથે કોઈ વિરોધ ન આવે.

(ખ) જો ઉપાશ્રયમાં વૃષભની કલ્પના કરવાની હોય, તો ઉપાશ્રયનાં જે ભાગોમાં વૃષભનાં મસ્તક-પીઠ-પેટ-મુખ વગેરે આવે, એ ભાગમાં બેસનારા તે તે સાધુને જ એના બતાવેલા વિશિષ્ટ લાભો મળે. બીજા ભાગોમાં બેઠેલાને એ લાભો ન મળે. હવે આમ થાય તો તે તે લાભો મેળવવા માટે, તે તે જગ્યાએ બેસવા માટે સાધુઓ વચ્ચે સંકલેશ-કલહ થવાનો પ્રશ્ન પાકો છે. દા.ત. માન-સન્માનની ઈચ્છાવાળા બે સાધુઓ મસ્તકના ભાગવાળા સ્થાને બેસવા માટે ઝઘડશે. અથવા તો સારી સારી ગોચરી મેળવવાની ઈચ્છાવાળા સાધુઓ મુખના ભાગવાળા સ્થાને બેસવા માટે ઝઘડશે.

પણ જો ગામમાં વૃષભની કલ્પના કરવાની હોય તો આ મુશ્કેલી ઊભી જ ન થાય. કેમકે ધારો કે મકાન મુખના સ્થાને છે તો ગચ્છના તમામ સાધુઓને પુષ્કળ ગોચરી મળવા રૂપ લાભ થવાનો. કેમકે બધા એ મકાનમાં રહેલા છે. ભલે ને

મકાનમાં ગમે ત્યાં બેસે, પણ મકાન તો મુખસ્થાને જ છે ને ? એટલે ગચ્છના પ્રત્યેક વ્યક્તિને સરખો જ લાભ થવાથી મકાનમાં તે તે જગ્યાએ બેસવા માટેનો ઝઘડો થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય.

એમ મકાન મસ્તકસ્થાને હોય, તો આખા ગચ્છને માન-સન્માનાદિ મળવા રૂપ લાભ એક સરખો જ થવાનો.

ટુંકમાં ઉપાશ્રયમાં વૃષભકલ્પના કરીએ તો સાધુ-સાધુને જુદા જુદા ફળો મળવા-એ માટે ઝઘડા થવા વગેરે પ્રસંગોની શક્યતા રહે. ગામમાં વૃષભ કલ્પના કરીએ તો આખા ગચ્છને એકસરખું ફળ મળવાના કારણે ઉપરના કોઈ પ્રસંગો ન બને.

(ગ) પંક્તિમાં સ્પષ્ટ લખ્યું છે કે "વસતિ સારાસ્થાને છે ? કે ખરાબ સ્થાને ?" એની સાધુઓ તપાસ કરે. હવે જો વસતિમાં જ વૃષભકલ્પના કરવાની હોય, તો પછી વસતિ ક્યાં છે ? એની તપાસ કરવાની રહેતી જ નથી. વળી વસતિમાં તો સારા-ખરાબ બેય સ્થાનો હોય. તો "વસતિ ખરાબ સ્થાને કે સારા સ્થાને ?" એ પ્રશ્ન જ ક્યાં ઉપસ્થિત થાય ?

એટલે આ પદાર્થ સ્પષ્ટ કરવો કે ઉપાશ્રયમાં તો ગમે ત્યાં બેસી શકાય, ઉપાશ્રયમાં વૃષભની કલ્પના કરવાની જ નથી અને એ પ્રમાણે બેસવાનું જ નથી. હા ! ઉપાશ્રય જ યોગ્ય સ્થાને શોધવાનો છે. ઉપાશ્રય ગામમાં કલ્પેલા વૃષભના શીંગડાદિ સ્થાને ન જોઈએ.

**(૬૫) ते हि सूत्रपौरुषीमकुर्वन्तः प्रयान्ति, मा भून्नित्यवासो गुरोरिति, किं कारणं ? यतस्तेषां विश्रब्धमागच्छतां मासकल्पोऽधिको भवति, ततश्च नित्यवासो गुरोरिति ।** —ઓઘનિર્યુક્તિ-૧૫૭

આચાર્ય જ્યારે માસકલ્પ પૂર્ણ થવાને થોડા દિવસો બાકી હોય, ત્યારે જ સાધુઓને માસકલ્પ યોગ્ય ક્ષેત્રની તપાસ માટે મોકલી આપે. હવે તે સાધુઓ ક્ષેત્ર તપાસ કરી પાછા ગુરુ પાસે આવી રહ્યા છે તે વખતે તેઓ કેવી રીતે આવે? એનું અહીં વર્ણન કરે છે કે તે સાધુઓ સૂત્રપોરિસી કરતા કરતા ન આવે, પણ ઝટઝટ આવે. જો સૂત્રપોરિસી વગેરે સાચવી સાચવીને આવે તો તો એમાં ઘણું મોડું થાય. એટલી વારમાં તો ગુરુનો માસકલ્પ પૂર્ણ થાય, અને એની ઉપર એક-બે-ચાર દિવસ થઈ જાય. હવે જો માસકલ્પના ૩૦ દિવસ કરતા વધુ દિવસ રહેવાનું થાય તો ગુરુને નિત્યવાસનો દોષ લાગે.

અહીં ધ્યાન દેવા જેવી બાબત એ છે કે આખી જીંદગી માટે એક જગ્યાએ રોકાઈ જવું એ જ નિત્યવાસ નથી, પણ વગર કારણે એકક્ષેત્રમાં ૩૦ દિવસ કરતા એક-બે દિન પણ વધારે રહીએ તો પણ નિત્યવાસનો દોષ લાગે. એમ ચોમાસામાં પણ કાર્તકપુનમે જ વિહાર કરી જવાનો ઉત્સર્ગમાર્ગ છે, જો વિશેષ કારણ વિના વધુ રોકાય તો નિત્યવાસનો દોષ લાગે.

અત્યારે ચાતુર્માસ બદલવું - શત્રુંજયની ભાવયાત્રા વગેરે કા.પુ.ના દિવસે થતું હોવાથી એ દિવસે તો પ્રાયઃ કોઈપણ વિહાર કરતું જ નથી. છતાં એ પુષ્ટ કારણ ગણી શકાય. પણ એ પછી પણ પુષ્ટકારણ વિના જો ૧૦-૧૫-૨૦ દિવસ ત્યાં જ રહેવાસ થાય, તો નિત્યવાસનો દોષ લાગુ પડી જાય.

અલબત્ત હાલમાં તો ગુર્વાજ્ઞામુજબ વિહાર કરવાનું વિધાન છે, એટલે જો ગુર્વાજ્ઞા પ્રમાણે વધુ રહેવામાં આવે તો પણ એ ગુર્વાજ્ઞા પ્રમાણે થતું હોવાથી એ અપવાદમાર્ગ બની રહે છે... માટે એમાં નિત્યવાસનો દોષ ન ગણવો. ગુરુ ગીતાર્થ-સંવિગ્ન જ હોય એટલે એ વિશેષ કારણ હશે તો જ સંમતિ આપશે.

(૯૬) प्रचुरभक्तपानकेभ्यः सकाशाद् बलवान् भवति, बलिनश्च मोहोदयो भवति कामोद्भवो भवतीत्यर्थः। आह-एवं तर्हि यत्र भिक्षा न लभ्यते तत्र प्रयान्तु, उच्यते कृशशरीरो न साधयति - नाराधयति योगान्-व्यापारान् यतस्ततो मध्यमबलाः साधव इष्यन्ते । – ઓઘનિર્યુક્તિ-૧૯૩

જે ક્ષેત્રમાં પુષ્કળ પ્રમાણમાં ભોજન-પાણી મળતા હોય, એ ક્ષેત્રમાં જો સાધુઓ રહે તો તેઓ પ્રચુર ભોજન-પાણી વાપરીને એના દ્વારા હૃષ્ટપુષ્ટ, તગડા, બલવાન બને, અને બલવાનને કામવિકારો જાગે. માટે આવા ક્ષેત્રમાં સાધુએ રહેવું ન જોઈએ.

આની સામે કોઈ મુગ્ધ કહે છે કે "તો પછી જ્યાં બિલકુલ ભિક્ષા મળે જ નહિ, ત્યાં જ રહી જઈએ તો કેમ ? ગોચરી જ ન મળે, ખાવાનું જ બંધ થાય એટલે પછી કામવિકાર જાગવાનો પ્રશ્ન જ ન રહે..."

એનું સમાધાન આપે છે કે કામવિકાર તો બંધ થઈ જશે, પણ આ રીતે ખાધા વિના તો સાધુ અત્યંત કૃશ બની જશે. એ શી રીતે પછી પ્રતિલેખનાદિ યોગોને સાધશે ? એટલે એ પણ બરાબર નથી. માટે સાધુઓ મધ્યમબલવાળા હોવા ઈષ્ટ છે.

આ આખાય પાઠનો સાર એ છે કે જ્યાં ખૂબ ખૂબ ગોચરી મળે, માલ-મલીદા ચિક્કાર મળે, વિગઈઓની નદીઓ જ જાણે કે વહે, ભક્તો ગાંડાતુર બનીને ભક્તિ કરે... એવા સ્થાનોમાં ગચ્છ ન રહે. જો આવા સ્થાનોમાં સાધુઓ રહેશે તો એ વિકારી બની ચારિત્રભ્રષ્ટ બન્યા વિના નહિ રહે.



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ટુંકમાં જ્યાં ચારેબાજુ પુષ્કળ પ્રમાણમાં સાધુ-સાધ્વીઓની અતિગાંડી ભક્તિ થાય છે, જ્યાં વિગઈઓ-માલમલીદાઓ વગેરેનો પુરજોશમાં વપરાશ ચાલુ જ રહે છે... એવા સ્થાનોમાં સાધુઓને રહેવાની છૂટ શાસ્ત્રકારો નથી આપતા. સાર એટલો જ કે પુણ્યના ઉદયે બધું મળતું થયું છે, પણ આપણે તેનો ત્યાગ કરવો જોઈએ.

**(૬૭) गच्छद्भिश्च शय्यातर आपृच्छनीयः । – ઓઘનિર્યુક્તિ-૧૬૭**

સાધુઓ જયારે ઉપાશ્રય છોડી વિહાર કરે ત્યારે શય્યાતરની રજા લેવી જોઈએ. જો એની રજા લીધા વિના જ એમને એમજ ઉપાશ્રય ખુલ્લો મૂકી નીકળી જાય તો એ યોગ્ય નથી.

અહીં એના દોષો બતાવેલા જ છે અને એ સ્પષ્ટ જ છે. સાર એટલો જ કે

(ક) ઉપાશ્રયના બધા બારી-બારણા બંધ કર્યા બાદ નીકળવું. એ ખુલ્લા મૂકીને ન જવું.

(ખ) જે પાટ-પાટલા-પરાતો-ઘડાઓ-ટેબલો જ્યાંથી લીધા હોય, ત્યાં બધા વ્યવસ્થિત મૂકીને જવું. બધી વસ્તુઓ ગમે ત્યાં રખડતી મૂકીને ન જવું.

(ગ) જવાબદાર શ્રાવકને કે પછી છેવટે ઉપાશ્રયની વ્યવસ્થા સંભાળનારને નીકળતી વખતે સ્પષ્ટ જણાવી દેવું કે "અમે જઈએ છીએ..." જેથી ઉપાશ્રયને તાળુ મારવું વગેરે રૂપ ઉચિત કાર્યો કરવાની એને ખબર પડે.

આટલી કાળજી અવશ્ય રાખવી.

(६८) अथ अनागतमेव कथयन्ति अमुकदिवसे गमिष्यामः, तत्राप्येते दोषाः तद्धि शय्यातरकुटुम्बं साधवो यास्यन्तीति विमुक्तशेषव्यापारं सत् गृह एव तिष्ठति, कृष्यादिप्रतिजागरणं न करोति, ततश्च क्षणिकं सत् स्वगृहजातहरितच्छेदं करोति । तथा निर्व्यापारत्वादेव च ता रण्डाः षट्पदीनां परस्परनिरुपणेनोपमर्दनं कुर्वन्ति । तत्र दिवसे क्षणिका विमुक्तकृषिलवनव्यापारा वस्त्राणि शोधयन्ति...। एते दोषा अनागतकथने ।

—ઓઘનિર્યુક્તિ-૧૬૯

ચોમાસું પૂર્ણ થવા આવે, ત્યારે જ આચાર્ય શય્યાતર શ્રાવકનો સ્નેહરાગ ઘટાડવા પોતાના વિહારની વાતને વહેતી મૂકી દે, પાકો દિવસ ન કહે, પણ વર્તન એવું કરે કે શય્યાતરને એમ લાગે કે "આચાર્ય અનુકૂળ દિવસે વિહાર કરી જવાની ઈચ્છાવાળા છે." આમ થવાથી શય્યાતર વગેરેનું મન આચાર્યના વિહાર માટે તૈયાર થઈ જાય.

એ પછી વિહાર કરવાના આગલા દિવસે સાંજે શય્યાતર કુટુંબને ભેગું કરી ધર્મોપદેશ આપી કહે કે "આવતી કાલે વિહાર કરવાનો થશે."

શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે જો વિહારના દિવસના ઘણા દિવસો પહેલા જ એ ગૃહસ્થને એમ જણાવી દેવામાં આવે કે "અમે અમુક દિવસે વિહાર કરવાના છીએ." તો વિહારનો નિશ્ચિત દિવસ જાણીને એ કુટુંબ વિચારે કે "સાધુઓ હવે અમુક જ દિવસ અહીં છે." એટલે તેઓ ખેતી-ધંધા વગેરે બધું બંધ કરી ઘરમાં જ રહે. સાધુનો સત્સંગ-લાભ વગેરે લેવાની

તમન્ના રાખે. હવે અહીં ઘરે ચોવીસ કલાક તો સાધુ પાસે બેસવાના નથી. એટલે પછી જે કંઈ નવરાશનો સમય મળે, તેમાં પોતાના ઘરના ઘાસ કાપવા વગેરે કાર્યો કરી લે. નવરી પડેલી સ્ત્રીઓ એકબીજાના વાળો જોઈ આપી જુ કાઢી આપે. બે-ચાર દિ'ના ભેગા થયેલા કપડા પણ ધોઈ લે.

આ બધી વિરાધનાનું પાપ સાધુઓને લાગે, માટે સાધુએ પહેલેથી વિહારનો ચોક્કસ દિવસ કહેવો ન જોઈએ.

આજની પરિસ્થિતિ એ છે કે લગભગ તમામે તમામ સ્થાનોમાં ચાતુર્માસ પૂર્ણ થયા બાદ સાધુઓનો જે વિહાર દિન નક્કી થયો હોય, તેની રીતસર જાહેરાત કરવામાં આવે, બોર્ડ ઉપર ભારપૂર્વક લખવામાં આવે કે "બધા શ્રાવકોએ સાધુભંગવંતોના વિહારમાં વળાવવા માટે ખાસ હાજરી આપવી."

આ બધું શાસ્ત્રમાન્ય બને કે કેમ ? એ વિચારણીય છે.

જે દિવસે સવારે કે સાંજે વિહાર હોય તે દિવસે શ્રાવક શ્રાવિકાઓ બીજા બધા કાર્યો છોડી ઘરે જ રહે, અને એમાં નવરાશની પળો મળી હોવાથી ઘરના પરચૂરણ કામ પણ પતાવી દે.

જોકે પ્રાચીનવ્યવસ્થા અને વર્તમાન વ્યવસ્થામાં ઘણું અંતર જણાય છે. આજે સાધુનું ચોમાસું કોઈ એકાદ શય્યાતરની નિશ્રામાં નથી, પણ સેંકડો ઘરોની નિશ્રામાં છે. ત્યાં માત્ર એક શય્યાતરને જ જણાવવાનું હતું. આજે જો સાધુ આવી રીતે એકાદ શ્રાવકને કહીને વિહાર કરી દે તો સંઘના શ્રાવકો આ પ્રવૃત્તિ વિચિત્ર જ માને. "મહારાજ કીધા વિના જતા રહ્યા." એમ જ કહે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આજે ઘણા શ્રાવકો-શ્રાવિકાઓ સાધુને વળાવવા જાય, એ એમના માટે ધર્મભાવનાનું કારણ બની રહે છે, કંઈક અંશે શાસનપ્રભાવનાનું પણ કાર્ય બની રહે છે.

એટલે સાધુ જો માત્ર પોતાનો વિહાર દિવસ શ્રીસંઘને જણાવી દે, બીજી કોઈ બાબતમાં સ્વયં રસ ન લે અને શ્રાવકો જ પોતાની મેળે વળાવવા આવવા સંઘને આમંત્રણ આપે, બોર્ડ પર લખાવે, પ્રભાવના ગોઠવે, કદાચ બેંડ મંગાવે - પ્રભાવના આપવા લાડવા બનાવે.. તો એ શ્રાવકો પોતાની ધર્મભાવનાથી કરતા હોવાથી, સાધુએ એમાં સાક્ષાત્ રસ લીધો ન હોવાથી એમાં દોષ ન લાગે... એમ ઉચિત ભાસે છે.

એમ અહીં "શય્યાતરી રડે" એ વસ્તુ દોષ તરીકે દર્શાવી છે, કેમકે એમાં શય્યાતરને ખોટી શંકા થવા વગેરે રૂપ ઘણી મુશ્કેલીઓ ઊભી થવાની શક્યતા છે.

પણ વર્તમાનમાં સાધુના વિહાર વખતે શ્રાવકસંઘ કે શ્રાવિકાસંઘ લાગણીસભર બનીને આંસુ વહાવે... તો એમાં કોઈને ખોટી શંકા થવા વગેરે રૂપ કોઈ દોષો ઉત્પન્ન થતા જણાતા નથી. એટલે એમાં પણ આ કાળની દૃષ્ટિએ કશું અનુચિત થતું લાગતું નથી.

છતાં આ અંગે ગીતાર્થોને પૃચ્છા કરવી.

હા ! એક વાત તો નક્કી કે "મને વળાવવા સેંકડો-હજારો માણસો આવે, તો લોકોને મારા પ્રત્યે અતિશય સદ્ભાવ હોવો નક્કી થાય, મારો વટ પડી જાય..." આવા કોઈ મલિન આશયને લીધે જ સાધુ જ જાહેરાત કરે કે "બધા વિહાર વખતે

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૨૫૫ ॥

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ખાસ-ખાસ આવજો." સાધુ જ લોકોને આકર્ષવા માટે શ્રાવકો દ્વારા એ દિવસે સારામાં સારી પ્રભાવના રખાવડાવે, "સવારે વિહાર રાખીશ તો લોકો વહેલા ઉઠીને આવી નહિ શકે, માટે સાંજે વિહાર ગોઠવું..." આમ વધુ સંખ્યા ભેગી કરવા માટે સાધુ ચાહીને સાંજનો જ વિહાર ગોઠવે... તો પરિણતિના ક્ષેત્રે આ સાધુ અહંકષાય પોષી-યશકીર્તિની અપેક્ષાઓ સંતોષી - માયાકપટ આદિ કરી ચિક્કાર અહિત મેળવનારો બને એ નિઃશંક હકીકત છે.

**(૬૯) विकालवेलायां कृतावश्यका इदं भणन्ति-यदुत कल्लं गच्छामः, पुनश्च तत आचार्याः सपरिजनं सागारिकं शय्यातरं आहूय अनुशास्ति ददति धर्मकथां कुर्वन्ति । – ઓઘનિર્યુક્તિ-૧૭૪**

વિહાર કરવાના આગલા દિવસે સાંજના સમયે પ્રતિક્રમણ કર્યા બાદ આચાર્યશ્રી શય્યાતરને કહે કે "અમે કાલે જશું." અને પછી આચાર્ય શય્યાતરને આખા પરિવાર સાથે બોલાવી ધર્મકથા કહે.

અહીં આચાર્ય સાંજે પ્રતિક્રમણ બાદ એટલે કે સૂર્યાસ્ત બાદ શય્યાતરના આખા ય પરિવારને ધર્મકથા કરે છે. અર્થાત્ સૂર્યાસ્ત બાદ પણ બહેનો વગેરેને પણ ધર્મકથા કરે છે. પણ આ એક અપવાદ સમજવો. માત્ર છેલ્લા દિવસે જ આ રીતે ધર્મદેશના આપે છે. વળી શય્યાતર વગેરે પુરુષો પણ હાજર જ છે. એકલા બહેનોને ધર્મદેશના નથી આપતા. વળી એકમાત્ર આચાર્ય જ ધર્મદેશના આપે છે. બીજા સાધુઓ નહિ. એટલે અહીં બીજા નુકસાનો થવાનો સંભવ નથી.

પણ આનો કોઈએ એવો અનર્થ ન કરવો કે "સૂર્યાસ્ત બાદ પણ સાધુઓ બહેનો-ભાઈઓને ઉપદેશ આપી શકે." કેમકે એનું ખંડન કરનારા બીજા પાઠો પણ છે. આ તો માત્ર છેલ્લા દિવસ પુરતી જ વાત છે.



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

એમ "સાંજે સૂર્યાસ્ત બાદ બહેનોને ઉપદેશ ન જ અપાય." એવો અતિ-એકાંત પણ કોઈએ ન પકડવો. આવા ગાઢ કારણસર સંવિગ્ન ગીતાર્થ સાધુ સૂર્યાસ્ત બાદ પણ ભાઈઓ સાથે રહેલા બહેનોને ઉપદેશ આપી શકે છે. એમાં વગર વિચાર્યે વિરોધ કરવો યોગ્ય નથી.

**(૭૦) अथ ते साधवो न प्रतीक्षन्ते, ततो मार्गमजानानाः परस्परतः पूत्कुर्वन्ति । तेन च पूत्कृतेन लोको विबुध्यते, ततश्चाधिकरणं भवति । – ઓઘનિર્યુક્તિ-૧૭૬**

સવારે વહેલો વિહાર કરવાનો હોય તો બધા સાધુઓ સાથે નીકળે, પાછળવાળા સાધુની રાહ જુએ. જો તેઓ રાહ જોયા વિના નીકળી જાય તો પાછળના સાધુઓ જો માર્ગ ન જાણતા હોય તો પોકારો પાડી પાડીને પૃચ્છા કરે. હવે આ બધી રાડારાડના કારણે સંસારી લોકો જાગી જાય અને તેથી તેમના દ્વારા હિંસાદિ દોષો ઉત્પન્ન થાય.

આનો સાર એ જ કે આપણા નિમિત્તે કોઈપણ સંસારી જાગવો ન જોઈએ. કેમકે સંસારીઓ તો ઉઠતાની સાથે જ જાત-જાતના પાપોમાં લાગી પડે. એ બધાનું પાપ એને ઉઠાડવામાં નિમિત્ત બનનારા સંયમીઓને લાગે.

આ સિદ્ધાંત પ્રમાણે નીચેની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે.

(ક) સવારનું પ્રતિક્રમણ મોટા સ્વરે ન કરવું. જો બે-ચાર સાથે પ્રતિક્રમણ કરે તો એકજણે મોટેથી બોલવું પડે, એના અવાજથી ગરોળી વગેરે હિંસક તિર્યંચો કે મનુષ્યો જાગી જવાની પાકી શક્યતા છે જ. ગ્લાનાદિને જો પ્રતિક્રમણ કરાવવું જ



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

પડે તો શક્ય એટલા ધીમા અવાજે બોલવું. પ્રતિક્રમણમાં સ્તવનાદિ લલકારવા નહિ. બધું અત્યંત અત્યંત ધીમા અવાજે પતાવવું.

(ખ) સવારે જો ડોળીવાળાઓને - સાઈકલવાળાને - વ્હીલચેરવાળા ભાઈને બહેનને... સંયમી ઉઠાડે તો તેઓ તો ઉઠતાની સાથે સંડાસ-બાથરૂમ જાય, લાઈટો કરી પ્રકાશ કરે, હાથ-મોઢું ધૂએ, ચા વગેરે પણ પી આવે... વગેરે પુષ્કળ વિરાધના તેઓ કરવાના જ. ગૃહસ્થોને તપાવેલા લોખંડના ગોળાની ઉપમા એમ ને એમ નથી આપી. એટલે જ આ બધાને ઉઠાડવામાં સંયમીને અનેક દોષો લાગે. છતાં વિહારાદિ હોવાથી ઉઠાડવા જ પડે તો બુમો પાડીને ઉઠાડવાને બદલે એના સિવાય બીજા કોઈ ન ઊઠી જાય એવી પદ્ધતિથી ઉઠાડવા.

(ગ) આગળના ગામમાં દેરાસર ન હોય, તો સંયમીઓ વહેલી સવારે પુજારીને ઉઠાડીને દર્શનાદિ કરીને આગળ વિહાર કરતા હોય છે. પ્રાચીનકાળના સાધુઓ સંયમપ્રધાન જીવનવાળા હતા. પ્રભુદર્શન કરતા ષટ્કાયરક્ષા એ એમના માટે વધુ અગત્યની હતી. આ જ ઓઘનિર્યુક્તિમાં આગળ આવશે કે "એકમાત્ર દેરાસર વિનાના ગામમાં પણ સાધુઓની હાજરી હોઈ શકે છે..." દેરાસર હોય અને ષટ્કાયની રક્ષા સાથે પ્રભુદર્શનાદિ કરાય તો સમ્યક્ત્વની નિર્મળતા થવાની જ. પણ ષટ્કાયનો ઘાત થાય એ રીતે પ્રભુદર્શનનો આગ્રહ એ વિચારણીય તો ખરો જ.

એ પુજારી આપણા નિમિત્તે ઉઠે, ભર અંધારામાં દેરાસર ખોલે, લાઈટ-દીવો કરે... આમ પુષ્કળ જીવવિરાધના થવાની જ. આને બદલે પ્રભુદર્શન વિના જ વિહાર કરી આગલા સ્થાને જઈ સ્થાપનાજી સામે ચૈત્યવંદના કરવામાં ઓછો દોષ જણાય છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

છતાં સામે ગામ દેરાસર હોય તો તો આ ગામમાં સવારે વહેલું દેરાસર ખોલાવવાની જરૂર નહિ. ત્યાં આગલા દિવસે સાંજે દર્શન કરી લેવા.

(ઘ) સાધુઓએ આગલા દિવસે સાંજે જ પોતાની બધી વસ્તુઓ ભેગી કરી રાખવી જોઈએ. જો એમ ન કરે અને વહેલી સવારે વિહારના સમયે બુમો પાડે કે "મારો દાંડો કોઈને મળે તો કહેજો... મારો દોરો ખોવાય છે... મારી ટોકસી મળતી નથી..." તો તો આ બધા અવાજના કારણે અસંયતો ઉઠી જ જવાના. બધા પાપો લાગે.

અંધારામાં વિહાર અપવાદમાર્ગે જ કરવાનો છે, અને જ્યારે નાછૂટકે એ કરવો પડે ત્યારે ઉપરની બધી યતનાઓ પાળવી જરૂરી છે. બિલકુલ અવાજ ન થાય, એમ ચૂપચાપ બધી પ્રવૃત્તિ કરવાની છે. રસ્તામાં પણ પરસ્પર કોઈ વાતચીત ન કરાય. પશુપંખીઓ ઉઠી જવાનો ભય રહે.

(ચ) પ્રાચીનકાળમાં આજના જેવા સીધે સીધા રોડ ન હતાં, માટીના રસ્તાઓ હતા. વાંકા ચૂકા રસ્તાઓ પણ ઘણા હોય. એટલે સાધુઓ રસ્તો ન જાણતા હોય એ પણ શક્ય હતું. એટલે બધા એક સાથે જ નીકળતા. પણ જો બધા જ રસ્તો જાણતા જ હોય તો પછી અમુક-અમુક ગ્રુપ રૂપે બધા નીકળે તો એમાં વાંધો જણાતો નથી. એમ આજે પણ બધા જ સાધુઓ રસ્તો જાણતા હોય તો ગ્રુપ રૂપે આગળ નીકળી જવામાં વાંધો નથી લાગતો.

હા ! માર્ગ જાણકાર પણ સાધુ એકલો આગળ ન વધે કે માર્ગ જાણકાર સાધુ એકલો પાછળ ન રહે એ જરૂરી છે. **શાસ્ત્રકારો તો દિવસે પણ એકલા વિહારની ના પાડે છે, તો કમસે કમ અંધારું હોય ત્યાં સુધી તો ઓછામાં ઓછા બે સંયમીઓ**

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

સાથે જ રહે એ જ અત્યંત યોગ્ય છે

(૭૧) ते हि साधवः प्रभातमात्र एव प्रतिलेखयित्वा उपधिकां पुनश्च वेण्टलिकां कुर्वन्ति-संवर्तयन्तीत्यर्थः ततश्चानिक्षिप्तोपधय एव सूत्रपौरुषीं कुर्वन्ति... —ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૭૯

સાધુઓ વિહાર કરવાના દિવસે સવારે જ પ્રતિલેખન કરીને ઉપધિનો વીંટીયો બનાવી એ વીંટીયાને નીચે મૂક્યા વિના જ અર્થાત્ પોતાની પાસે જ રાખીને સૂત્રપોરિસી કરે. એ પછી પાત્રા પ્રતિલેખન કરી, પાત્રાઓ બાંધી નીચે મૂક્યા વિના જ પોતાની પાસે જ રાખીને અર્થપોરિસી કરે અને પછી બપોરે વિહાર કરે.

અત્યારે જેમ આપણે સંઘટ્ટાવાળા જોગમાં બધી જ સંઘટ્ટાવાળી વસ્તુ શરીરને અડાડીને જ રાખીએ છીએ, જો એ શરીરથી છૂટી પડી જાય તો એ વસ્તુ વાપરી શકતા નથી, એનું ફરીથી પ્રતિલેખનાદિ કરી, સંઘટ્ટામાં લઈને જ એનો વપરાશ થઈ શકે છે, એમ પ્રાચીન સાધુઓ આ વિધિ સાચવતા. આપણે તો જોગમાં જ આ બધું આચરીએ છીએ, પણ તેઓ તો જોગ વિના પણ આ આચારો પાળતા.

જો પ્રતિલેખન કર્યા બાદ ઉપધિને નીચે જમીનાદિ ઉપર મૂકીને સૂત્રપોરિસી વગેરે કરે તો એ ઉપધિમાં કીડી-મંકોડા-ગરોળી વગેરે ઘુસી જવાની પાકી શક્યતા છે જ. એટલે જ જો વિહાર વખતે એ વીંટીયો સીધો જ ઉપાડીને બાંધે તો એ બધા જીવો મરી જવાની, કિલામણા થવાની, ઘરભંગ થવાની શક્યતા રહે જ. એટલે જ એકવાર કોઈપણ ઉપધિ આપણી રક્ષામાંથી

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૨૬૦ ॥

દૂર થાય એ પછી જ્યારે એને પાછી લેવી હોય ત્યારે ફરી બધું પ્રતિલેખનાદિ કરીને જ લેવાય, કે જેથી એમાં જો જીવો આવી ગયા હોય તો એ દૂર કરીને ઉપધિ વાપરી શકાય.

પ્રસ્તુતમાં જો સાધુઓ વીંટીયો નીચે મૂકીને સૂત્રપોરિસી કરે તો વિહાર સમયે એ વીંટીયો આખો ફરી પ્રતિલેખન કરવો પડે. એમ ન કરવું પડે એટલે વીંટીયાને ખોળા વગેરેમાં રાખીને જ તેઓ સૂત્રપોરિસી કરતા, જેથી પોતાની રક્ષામાં જ વીંટીયો હોવાથી એમાં કોઈ જીવાદિ આવી ગયા હોવાનો પ્રશ્ન જ ન રહે અને એટલે એનું બીજીવાર પ્રતિલેખન કર્યા વિના જ ત્યાંથી વિહાર કરી શકાય.

આ જ વાત પાત્રા અંગે પણ સમજવી.

એક અગત્યની બાબત એ કે એ સાધુઓ સવાર-સાંજ તો બધી ઉપધિનું પ્રતિલેખન કરતા જ, પણ એ ઉપરાંત દિવસ દરમ્યાન જ્યારે જે ઉપધિનો વપરાશ કરવાનો અવસર ઊભો થાય ત્યારે તે ઉપધિને બરાબર પ્રતિલેખન કરીને જ ઉપયોગમાં લેતા. (અલબત્ત એમાં ઈરિયાવહિની જરૂર નહિ.) દા.ત. બપોરે ગોચરી જતી વખતે કામળીની જરૂર પડે, તો આખી કામળી આગળ પાછળ બરાબર જોયા બાદ, પલ્લા ઝોળી વગેરે પણ ફરી જોયા બાદ જ એનો ઉપયોગ કરે.

ટુંકમાં કોઈપણ ઉપધિનું પ્રતિલેખન કર્યા બાદ જો એ પોતાના શરીરથી જુદી ન કરી હોય તો તેના વપરાશના સમયે એનું પુનઃ પ્રતિલેખન કરવાની જરૂર નહિ, પણ એકવાર કોઈપણ પ્રતિલેખિત પણ ઉપધિ જો શરીરથી અલાયદી કરી, જમીનાદિ પર મૂકી તો એના વપરાશ વખતે પુનઃ પ્રતિલેખન કરવું જ પડે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આજે આવો કોઈ આચાર લગભગ પળાતો નથી. સવારે ઉપધિ પ્રતિલેખન કરી ઘડીવાળી મૂકી દઈએ અને ઉપયોગ સમયે વગર જોયે જ એ ઉપધિનો ઉપયોગ કરી લઈએ... આમાં ઘણી જીવવિરાધના થતી જ હશે. પણ બધી નજરમાં આવતી હોતી નથી.

છતાં કેટલાક પ્રસંગો જોઈએ.

(ક) રાત્રે સ્કૂલ વગેરેમાં સાધુઓએ સંથારો કર્યો. સવારે પ્રતિલેખનાદિ કર્યા બાદ ઝોળી-થેલો ગળે લગાડી વિહાર કરવા માંડ્યો. રસ્તામાં પેલા થેલામાં હલચલ થતી લાગી. સાધુ ગભરાયો, થેલો નીચે ઉતારી જરાક ખોલ્યો, તો ચીસ પડી ગઈ. અંદરથી નાનો સર્પ બહાર નીકળ્યો.

(ખ) પાત્રા પ્રતિલેખન કરી ગોચરી જવા માટે ઝોળી-તરપણી તૈયાર કરી રાખ્યા અને ગોચરી સમયે જોયા વિના જ એ બધું ઉપાડી ગોચરી જવા નીકળી ગયા. પહેલા જ ઘરે પાત્રુ કાઢ્યું અને એમાં પુષ્કળ કીડીઓ ચડેલી દેખાઈ. બધી કીડીઓ ખંખેર્યા બાદ ગોચરી વહોરી. બિચારી ઉપાશ્રયમાં ઘરવાળી કીડીઓ હવે આ શ્રાવકના ઘરે તો બેઘર જ બની ગઈ ને ?

(ગ) રાત્રે ઘડો ઢાંક્યા વિના જ મૂકી રાખ્યો, સવારે પ્રતિલેખન બરાબર કર્યા વિના જ એમાં ધગધગતું પાણી લાવ્યું અને અંદર બળી મરેલી ગિરોળી અંતે દેખાણી.

(ઘ) રાત્રે સ્કુલમાં ઉતર્યા બાદ સવારે સાધુએ દવાનો થેલો ઉંચકીને વિહાર કરવા માંડ્યો, સ્થાને પહોંચ્યા બાદ થેલો

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૨૬૨ ॥

જોયો તો એમાં સેંકડો નહિ, હજારોની સંખ્યામાં કીડી હતી. મીઠી દવાની સુગંધથી બધી કીડીઓ એમાં આવી ભરાઈ હતી. હવે શું થાય ? છેવટે તડકામાં થેલો સૂકવી બધી કીડીઓ દૂર કરી.

પ્રાચીનકાળની જેમ આજે ઉપધિ અનિક્ષિપ્ત રાખવી શક્ય ન હોય તો પણ કમ સે કમ એટલું થાય કે જ્યારે જે ઉપધિનો વપરાશ કરીએ ત્યારે તે ઉપધિ આગળ-પાછળ માત્ર ધ્યાનપૂર્વક જોઈ લઈએ અને પછી જ એનો ઉપયોગ કરીએ. આમાં સંયમરક્ષા-આત્મરક્ષાદિ અનેક લાભો છે.

**(૭૨) ते च शोभन एवाह्नि व्रजन्तीति, अत एवाह तिथौ प्रशस्तायां करणे च बवादिके प्रशस्ते नक्षत्रे वा अधिपतेः आचार्यस्य अनुकूले सति गृहीत्वा अक्षान् प्राग् वृषभा निर्गच्छन्ति । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૮૦**

માસકલ્પની સમાપ્તિ બાદ બીજા ક્ષેત્રમાં માસકલ્પ કરવા માટે જ્યારે વિહાર કરવાનો હોય ત્યારે સાધુઓ ગમે તે દિવસે વિહાર ન કરી દે, પણ સારા જ દિવસે વિહાર કરે. તિથિ, કરણ, નક્ષત્ર વગેરે જો આચાર્યને અનુકૂળ હોય તો તે વખતે વિહાર કરે. તે વખતે સૌપ્રથમ વૃષભ સાધુઓ સ્થાપનાજી લઈને નીકળે.

મુહૂર્ત વગેરે સાવ નકામા નથી. ખુદ શાસ્ત્રકારો જ સારા દિવસો જોઈ વિહાર કરવાનું વિધાન કરે છે. કોઈ પ્રતિષ્ઠા-અંજનશલાકા-ઉપધાન-સંઘ વગેરે વિશિષ્ટ કાર્યો કરવા માટે જવાનું હોય ત્યારે ચાતુર્માસ બાદનો વિહાર કરવાનો હોય ત્યારે, કોઈક સ્થાને ૧૫-૨૦ દિન રોકાયા બાદ વિહાર કરવાનો હોય ત્યારે મુહૂર્તાદિ જોઈને નીકળવું ઉચિત છે. આમાં માસ કરતા વધુ સમય થાય તો પણ કારણસર આમ કરેલું હોવાથી નિત્યવાસનો દોષ ન લાગે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

હા ! રોજેરોજના વિહારો હોય ત્યારે રોજેરોજ કે બે-ત્રણ દિવસે મુહૂર્તાદિ જોવાની જરૂર લાગતી નથી.

**(૭૩) तैश्च बालादिभिः जघन्यतः रजोहरणं चोलपट्टकश्च, एतदशक्नुवद्भिरपि ग्राह्यम् ।**

—ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૮૮

વિહારમાં બાલસાધુઓ અને વૃદ્ધસાધુઓએ પોતાની શક્તિ પ્રમાણે ઉપધિ ઉંચકવી. હા ! તેઓએ ઓછામાં ઓછી બે વસ્તુ તો રાખવી જ પડે. ઓઘો + ચોલપટ્ટો. અસમર્થ બાલવૃદ્ધે પણ આ બે વસ્તુ તો રાખવાની જ. એમની બાકીની પાત્રાદિ ઉપધિઓ યુવાન સાધુઓ ઉંચકી લે.

પ્રશ્ન એ થાય કે શું એ બાલવૃદ્ધો કપડો-કામળી-પાંગરણી કશું પહેર્યા વિના જ વિહાર કરતા હશે ? માત્ર ઓઘો રાખી અને ચોલપટ્ટો પહેરીને જ ચાલતા હશે ? એ અનુચિત નહિ લાગતું હોય ?

આનું સમાધાન એવું ભાસે છે કે બાલ સાધુ તો આમ પણ બાલ હોવાથી તેઓની છાતી ખુલ્લી રહે તો પણ એમાં કોઈને અજુગતું ન લાગે તથા તે કાળમાં બ્રાહ્મણ વગેરે નદીએ સ્નાન કરવા જાય, તો માત્ર લંગોટી પહેરીને પણ જતા. રાજા-મહારાજાઓ ઉપર માત્ર ખેસ જેવું સામાન્ય વસ્ત્ર પહેરતા. એટલે પુરૂષો માટે ઉપરનો ભાગ ઢાંકવો એ વખતે એટલો બધો જરૂરી નહિ હોય. એટલે જ ઉપરનો ભાગ ખુલ્લો હોય તો લોકોને અજુગતું નહિ લાગતું હોય. વળી આ વાત બાલ-વૃદ્ધ માટે જ છે અને તે પણ અસમર્થ હોય તેવા માટે છે. બધા માટે નથી. એટલે ખાસ અપવાદ સર એમને આવી અનુમતિ આપવામાં આવી હોય એમ ભાસે છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(૭૪) तत्र रात्रिगमने बहवो गुणा दृश्यन्ते । बालवृद्धादयः सुखेन गच्छन्ति रात्रौ, न तृषा बाध्यन्ते इति ।

—ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૯૨

જિનશાસનનો સ્યાદ્વાદ કેવો વ્યાપક છે ? એ વાતની પ્રતીતિ અહીં થાય છે. ઉત્સર્ગમાર્ગે છેક સૂત્ર-પોરિસી અને અર્થ-પોરિસી કર્યા બાદ મધ્યાહ્ન સમયે વિહાર કરવાની વાત કરી, પણ પછી ધીરે ધીરે અપવાદ આપતા ગયા. એ અપવાદ છેક ત્યાં સુધી આપ્યો કે સૂર્યોદયે નહિ, સૂર્યોદયની પૂર્વે પ્રભાતમાં નહિ, પણ એનાથી પણ પહેલા અંધારામાં રાત્રિમાં વિહાર કરવાની પણ રજા આપી.

ગચ્છમાં બાલ સાધુ-વૃદ્ધસાધુ-ગ્લાન-અશક્ત વગેરે અનેક પ્રકારના સાધુઓ હોય, જો મોડો વિહાર કરાય તો સૂર્યપ્રકાશના કારણે ગરમી લાગે, પરસેવો થવા દ્વારા બધું પાણી શરીરમાંથી નીકળી જાય, સખત તરસ લાગે, માથું દુઃખવા માંડે, પિત્ત થાય.... આ બધાના કારણે એ બધાનો સંયમ પરિણામ પણ તૂટી જાય. દીક્ષા લીધા બદલ અફસોસ થવાની પણ શક્યતા રહે.

આ બધા નુકસાનો ઘણા મોટા છે. એની સામે અંધારામાં વિહાર કરવો એ દોષ ખરો, છતાં એમાં આખો ગચ્છ સુખે સુખે સ્થાને પહોંચી જાય... એટલે ઉપરના મોટા દોષો ઉત્પન્ન થતા અટકે.

હા ! ઉત્સર્ગ માર્ગે, શક્તિ હોય તો અજવાળામાં જ વિહાર કરવો. પણ ઉપર બતાવેલા કારણોસર કોઈ અપવાદ માર્ગે - ગાઢ કારણસર અંધારામાં વિહાર કરે તો એટલા માત્રથી એને ચારિત્રભ્રષ્ટ માની લેવાની ભૂલ કરવા જેવી નથી.

એક વાત સમજી લેવી કે પૂર્વકાળમાં પ્રાયઃ કરીને આખો ગચ્છ સાથે જ વિહાર કરતો. એનાં કારણો - સાધુઓ માર્ગ ન જાણતા હોય, રોકાવાનું સ્થાન નિશ્ચિત ન હોય....વગેરે હતા. પણ આજે એવું નથી. વિહારમાં સાધુઓ જુદા જુદા ચાલતા હોય છે. મોડા-વહેલા પણ નીકળતા હોય છે. તો જે અસમર્થ સાધુઓ હોય તે ભલે અંધારામાં વિહાર કરી લે, પણ જે સમર્થ સાધુઓ હોય તે પાછળથી અજવાળામાં વિહાર કરી શકે. એમ સામે મુકામે પહોંચ્યા બાદ ગોચરી-પાણી લાવવા વગેરે કાર્યો અસમર્થ સાધુઓ માટે અઘરા હોય તો છેવટે જરૂરિયાત પુરતા સમર્થ સાધુઓ પણ વહેલો વિહાર કરીને આગળ પહોંચી શકે.

હા ! જો માત્ર એક જ સાધુ મોડો વિહાર કરવા સક્ષમ હોય, બાકીના સાધુઓ વહેલો જ વિહાર કરવાના હોય તો એ સક્ષમ સાધુએ પણ વહેલો જ વિહાર કરવો ઉચિત છે. સંયમપાલનના ઉદ્દેશથી પણ એકલા મોડો વિહાર કરવો એ બિલકુલ ઉચિત નથી.

**(૭૫) गच्छे तु स्वपतोऽपि नोपहन्यते, किं कारणम् ? यतस्तत्र केचित्सूत्रपौरुषीं कुर्वन्ति, अन्ये द्वितीयप्रहरेऽर्थानुचिन्तनं कुर्वन्ति, तृतीये तु प्रहरे आचार्य उत्तिष्ठति ध्यानाद्यर्थं, चतुर्थे तु प्रहरे सर्व एव भिक्षव उत्तिष्ठन्ति, ततश्च रात्रौ नैकोऽपि प्रहरः शून्यः, अतो नोपहन्यते उपधिः, एकाकिनस्तु जागरणं नास्त्यत उपघातः । – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૯૩**

ઉપધિની રક્ષા-કાળજી કરનાર જો કોઈ ન હોય અને ઉપધિ એમને એમ પડી હોય તો એ ઉપધિ હણાઈ જાય એમ શાસ્ત્રકારો દર્શાવે છે. ભલે એ ઉપધિ ન ચોરાય, એ ઉપધિ ન બગડે... પણ સંયમીએ એને રેઢી મૂકી, ભગવાન ભરોસે છોડી

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

એનો અર્થ એ જ કે એ ઉપધિ ચોરાવાની, બગડવાની પાકી શક્યતા હતી. એટલે એ ઉપધિ હણાયેલી ગણાય અને એ પરઠવવી પડે.

એકલો સાધુ ઉપધિની ચોવીશ કલાક કાળજી ન કરી શકે એટલે એની બધી ઉપધિ હણાઈ જાય અને એ બધી પરઠવી દેવી પડે. આવું હોવાથી સાધુઓ એકાકી થવાનું પસંદ જ ન કરે અને ઉપધિની કાળજી પણ પાકી કરે.

મુખ્ય વાત એ કે ગચ્છમાં તો સાધુ રાત્રે ઊંઘે તો પણ એની ઉપધિ ન હણાય એનું કારણ અહીં જે દર્શાવેલ છે એના ઉપરથી ગચ્છની અપ્રમત્તતાનો, સ્વાધ્યાયરમણતાનો મોક્ષૈકલક્ષિતાનો પાકો અણસાર આવે છે.

સાંજે પ્રતિક્રમણ બાદ પહેલો પ્રહર પૂર્ણ થાય ત્યાં સુધી તમામ સાધુઓ ખુદ આચાર્ય પણ સ્વાધ્યાય કરે. ઊંઘી ન જાય. મોટા ભાગે બધા સૂત્રપોરિસી કરે. ગપ્પા-સપ્પા ન મારે. આમ પહેલા પ્રહરમાં તો બધા જાગતા હોવાથી ઉપધિરક્ષકોની હાજરીના કારણે ઉપધિ ન હણાય.

એ પછી જે નવા-નવા દીક્ષિતો હોય તેઓ હજી અલ્પનિંદ્રાથી ઘડાયા ન હોવાથી તેઓ બીજા પ્રહરના પ્રારંભમાં જ ઊંઘી જાય. આમ તેઓ બીજો અને ત્રીજો પ્રહર-લગભગ ૬ કલાક આરામ કરે. પણ જે સ્થવિરો-દીર્ઘપર્યાયવાળા સાધુઓ હોય તેઓએ તો પોતાની નિંદ્રા ઘણી ઘટાડી દીધી હોય એટલે તેઓ આખો બીજો પ્રહર અર્થચિંતન કરે. આમ બીજા પ્રહરમાં પણ ગચ્છમાં કોઈ ને કોઈ સાધુઓ જાગતા હોય.

આચાર્ય ભગવંત બીજો પ્રહર સંપૂર્ણ આરામ કરે, અને ત્રીજા પ્રહરમાં તેઓ ઉઠી જાય અને પન્નવણા વગેરે

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમગ્રન્થોના સૂક્ષ્મતમ પદાર્થોનું ચિંતન-ધ્યાન કરે. એ વખતે પેલા સ્થવિરો આરામ કરે. આમ સ્થવિરોએ ત્રીજો આખો પ્રહર આરામ કરવાનો હોય. એ ત્રીજા પ્રહરમાં આચાર્ય જાગતા જ હોય.

ચોથો પ્રહર શરૂ થાય એટલે સાધુઓ અને સ્થવિરો બધા જ ઉઠી જાય. ચોથા પ્રહરમાં કોઈપણ સાધુ ઉંઘેલો ન રહે. માત્ર આચાર્ય ભગવંત ચોથા પ્રહરમાં પાછો થોડોક વિશ્રામ કરી લે. કેમકે એમણે દિવસ દરમ્યાન વ્યાખ્યાનાદિનો ઘણો શ્રમ લેવાનો હોય છે.

આમ નૂતનો-નહિ ઘડાયેલા સાધુઓ બીજો ત્રીજો પ્રહર-૬ કલાક

સ્થવિરો - ઘડાયેલા સાધુઓ માત્ર ત્રીજો પ્રહર-૩ કલાક

આચાર્ય ભગવંત માત્ર બીજો પ્રહર-ચોથાનો થોડોક ભાગ-૪ કલાક...આરામ કરે.

પણ ક્યારેય એવું ન બને કે આખો ગચ્છ ઘસઘસાટ ઉંઘતો હોય. દરેકે દરેક સમયે કોઈને કોઈ તો જાગ્રત હોય જ. એટલે ઉપધિસંરક્ષણ કરનારની હાજરીના લીધે એ ઉપધિ ન હણાય.

કેટલી બધી સુંદર-સુઘટિત આ વ્યવસ્થા !

હવે આજે તો બે-ત્રણ-પાંચની જૂજ સંખ્યામાં સંયમીઓ વિચરે, એમાં આ બધું શક્ય શે બને ? રાત્રિના પાંચ-છ કલાક તો એવા જતા હશે કે એમાં આખા ઉપાશ્રયમાં કોઈ જાગતું નહિ હોય. અને તો એ સંયમીઓની બધી ઉપધિ શાસ્ત્રીયદષ્ટિએ

હણાઈ ગયેલી બને અને એ બધી પરઠવી દેવી પડે.

જો કોઈ સાધુ ઉપધિસંરક્ષક તરીકે અપ્રમત્ત ન હોય તો એ બધી ઉપધિ રદ કરાતી, પરઠવી દેવાતી. સાધુના પ્રમાદથી એ ઉપધિ અયોગ્ય બની જાય છે. પણ આજે તો એ બધી વ્યવસ્થા સાવ ખોરંભાઈ ગઈ છે.

હજી પણ જો વિપુલ સંખ્યામાં સંયમીઓ સાથે હોય તો મહદંશે આ વ્યવસ્થા જાળવી શકાય ખરી.

વળી બધા સાધુઓ પ્રમાદમાં હોય તો ઉપધિને નુકસાન થવાની શક્યતા છે જ, એ વાતના દૃષ્ટાંતો પણ મોજુદ છે.

(ક) ગિરધરનગરમાં મોટો ગચ્છ ઉતરેલો હતો, સવાર પડે અને કોઈપણ એક સાધુની ફરિયાદ આવે કે "મારો દોરો કોણે કાપી નાંખ્યો..." બે-ચાર દિન રોજ આવું ચાલ્યું.

પણ પછી બે જ દિવસ બાદ એનું રહસ્ય પકડાઈ ગયું. બન્યું એવું કે એ રાત્રે એક સાધુ અડધી રાતે માત્રુ જવા ઉઠ્યો. એણે "કચ...કચ..." અવાજ સાંભળ્યો. અવાજની દિશામાં જોયું તો ઓછા પ્રકાશમાં મોટો ઉંદરડો દોરાને કાપતો દેખાયો. સાધુ પાસે ગયો કે ઉંદરડો ભાગી ગયો. સાધુએ જોયું તો રોજેરોજ કપાતા દોરાની જેમ જ આ દોરો કપાઈ રહ્યો હતો.

રાત્રે સાધુઓ ઉંઘતા હતા તો ઉપધિની રક્ષા ન થઈ. જ્યારે રાત્રે સાધુ જાગ્યો તો એ ઉપધિ ટકી શકી.

(ખ) કચ્છમાં ધરતીકંપ થયો, એ વખતે ઘણા દિવસો સુધી બધા ભયભીત રહ્યા. ઘણા ગચ્છોએ રાત્રે એવી વ્યવસ્થા ગોઠવી કે ૧૦ થી ૧૧ અમુક બે સાધુ જાગે, ૧૧ થી ૧૨ બીજા બે સાધુ જાગે, ૧૨ થી ૧ બીજા બે સાધુ જાગે... એમ રાત્રે

ણમો ત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

૧૦ થી સવારે ૫ સુધી બે-બેની ટુકડી ગોઠવવામાં આવી. તેઓ જાગતા હોય તો ધરતીકંપનો જરાક પણ આંચકો લાગે એટલે બુમો પાડી બધાને જલ્દી ઉઠાડી બહાર દોડાવે. જો બધા ઉંઘતા હોય, તો ઉંઘમાં આંચકાનો જલ્દી ખ્યાલ ન આવે, અને એમાં મૃત્યુને ભેટવાનો વખત આવે.

અહીં તો ઉપધિ કરતા પણ અતિ કિંમતી એવી સાધુની જીંદગી માટે રાત્રે સાધુઓએ જાગ્રત રહેવું આવશ્યક થઈ ગયું.

(ગ) વિહારમાં અમુક સ્થાનોમાં જ્યારે ચોરોનો - આક્રમણખોરોનો ભય હોય ત્યારે એમાં સાધુઓને જાગતા રાખવા પડે છે. ત્યાં પણ વારાઓ ગોઠવીને જ એ રક્ષા કરાય છે.

આમ, શાસ્ત્રીય વ્યવસ્થાની જરૂર તો આજે પણ છે. ફરક માત્ર એટલો કે આપણે જ્યારે અતિ ગાઢ મુશ્કેલી હોય તો જ આ વ્યવસ્થા જાળવીએ છીએ. એ સિવાય પ્રમાદનો આશરો લઈએ છીએ.

શક્ય એટલી અપ્રમત્તતા જળવાય તો ખૂબ સારૂં. બાકી સંઘયણાદિની નબળાઈને કારણે સંપૂર્ણ વ્યવસ્થા ન પણ જળવાય તો એમાં બીજું તો શું થઈ શકે ?

**(૭૬) वसतिप्रत्युप्रेक्षणार्थं प्राग् वृषभा गृहीतचिलिमिलिन्याद्युपकरणा आगच्छन्ति । – ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૯૪**

જ્યાં ગચ્છે માસકલ્પાદિ માટે રોકાવાનું છે, એ સ્થાનમાં તો ગચ્છ પહોંચી ગયો, પણ ત્યાં રહેલા ઉપાશ્રયોમાં આખો ગચ્છ એક સાથે પ્રવેશ ન કરે. ગચ્છ તો બહાર રહે, પણ જે વૃષભ સાધુઓ હોય તેઓ સૌથી પહેલા ઉપાશ્રયમાં પ્રવેશ કરે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આ સાધુઓ પ્રાયઃ ગીતાર્થ જ હોય. તેઓ પોતાની સાથે દોરો-પડદો વગેરે બધા ઉપકરણ લઈ જાય. પહેલાના જમાનામાં કંઈ આજની જેમ સાધુઓ માટે બનતા ઉપાશ્રયો ન હતા કે એ સાધુઓ નોકરો દ્વારા ઉપાશ્રયની સાફસુફી કરાવડાવે એવું પણ ન હતું. સાધુઓ ખુદ તે તે જગ્યા ગચ્છને રહેવા માટે પસંદ કરતા અને પછી સ્વયં એની સાફસૂફી કરતા.

હવે એ જગ્યાએ તો ધૂળ પણ ઘણી પડી હોય, એટલે જ આ વૃષભ સાધુઓ પહેલા ત્યાં જઈને એ સ્થાન બરાબર સાફ કરી લેતા અને બધી વ્યવસ્થા કરી લેતા. એ પછી જ ગચ્છ ઉપાશ્રયમાં પ્રવેશે.

આ રીતે ગચ્છનું બહાર રહેવું અને ગીતાર્થવૃષભોનું પહેલા અંદર જઈ વ્યવસ્થા કરવી... આની પાછળ ઘણા હેતુઓ હતા.

(ક) જો આખો ગચ્છ સીધો જ ઉપાશ્રયમાં ઘૂસી જાય તો ઉપાશ્રય ધૂળીયો-મેલો-ગંદો હોવાથી એ બધાના પગ ધૂળવાળા બને, ધૂળ ઉડવાથી કપડા પણ ધૂળવાળા બને, જો ઉપધિ છોડે તો ઉપધિ પણ ધૂળવાળી બને. આમ શરીર-વસ્ત્રાદિ બધું જ મેલુ બનતા એનો કાપ કાઢવાદિ પ્રવૃત્તિ કરવી પડે.

(ખ) આખો ગચ્છ ઉપાશ્રયમાં આવી જવાથી જગ્યા ભરાઈ જાય, હવે એને વ્યવસ્થિત સાફ કરવી ન ફાવે. વૃષભો એકલા હોય તો જલ્દી જલ્દી બધી સાફસૂફી કરી ઉપાશ્રયને ચોખ્ખો કરી શકે. પણ બધા આવી ગયા બાદ બધાને હટાવી-હટાવીને, બધાની ઉપધિઓ હટાવી-હટાવીને સાફસુફી કરવી ખૂબ કપરી પડે. આજે પણ બધાના આવી ગયા બાદ કાજો લેનારાને ઘણી મુશ્કેલી પડતી અનુભવવા મળે જ છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૨૭૧ ॥

(ગ) ગચ્છ બહાર હોય તો શાંતિથી બેસી રહે... સ્વાધ્યાયાદિ કરે... પણ પહેલેથી અંદર આવે અને વ્યવસ્થા ન થઈ હોય એટલે જ્યાં સુધી વ્યવસ્થા થાય ત્યાં સુધી બધા સાધુઓ આમતેમ આમતેમ અટવાયા જ કરે. ઠેકાણું ન પડે. જ્યારે બધી વ્યવસ્થા બાદ વૃષભો ગચ્છને કહે તો ગચ્છ અંદર પ્રવેશી ફટાફટ ગોઠવાઈ જાય.

(ઘ) અતિ મહત્ત્વની વાત એ છે કે ક્યારેક ગચ્છના હિત માટે એ ઉપાશ્રયમાં નાની-મોટી વિરાધનાઓ પણ ગચ્છની રક્ષા માટે કરાવડાવવી પડે. એ બધું અપવાદ માર્ગે ગીતાર્થ સાધુઓ જ કરે. દા.ત. સાંજે અંધારૂ જેવું થયા બાદ પહોંચ્યા હોય તો ઉપાશ્રયમાં ક્યાંક પડી જવા જેવું જોખમવાળું સ્થાન છે કે નહિ ? અવાવરૂં સ્થાન હોય તો સર્પ-ઉંદરડાદિના દર છે કે નહિ ? કીડી-મંકોડાના નગરાઓ છે કે નહિ ? આ બધું જોવું જરૂરી બને. એ માટે શ્રાવકો પાસે દીવો વગેરે કરાવડાવવો પડે. એના પ્રકાશમાં ગીતાર્થ સાધુઓ બધું જોઈ લે. કોઈ મુશ્કેલી ન દેખાય તો ગચ્છને અંદર લાવે.

પણ જો ગચ્છ આખો પહેલેથી જ અંદર આવી ગયેલો હોય તો એમાં તો નૂતનદીક્ષિતો-અપરિપક્વ સાધુઓ ઘણા હોય. એ બધાને અપવાદમાર્ગ બતાવાયો ન હોય, એમને તો એમ શિખવાડાયું હોય કે "તેજસકાયનો ઉપયોગ અતિ-અતિ ભયંકર પાપ છે" એટલે હવે જો એ બધાની હાજરીમાં ઉપાશ્રય ચકાસવા દીવો કરાવડાવાય તો એ બધા તો ઉકળી જાય. "આ સાધુઓ પાપી છે, દીવો કરાવડાવે છે. વાતો તો ઊંચી ઊંચી કરતા હતા. પણ આચરણમાં દેવાળું જ છે..." વગેરે વિચારે, બોલે, ગુર્વાદિ પ્રત્યે અરુચિભાવવાળા પણ બની જાય.

આવા બધા નુકસાનો અટકાવવા માટે પણ આ અત્યંત જરૂરી હતું કે ગચ્છ બહાર જ રહે. ગીતાર્થ સાધુઓ બધી વ્યવસ્થા



ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

કરી દીધા બાદ ગચ્છને અંદર આવવા સંમતિ આપે એટલે પછી આખો ગચ્છ એમાં પ્રવેશે. એમના પ્રવેશ પૂર્વે જે કંઈ અપવાદાદિથી કરવાનું હોય, તે બધુ થઈ ચૂક્યું હોય એટલે એ અપરિણત સાધુઓને કોઈ નુકસાન ન થાય.

તથા ખૂબ જ ધ્યાન દેવા યોગ્ય બાબત એ છે કે અહીં ઉપાશ્રય સાફ કરવા માટે, વ્યવસ્થા માટે, કાજો કાઢવા માટે નાના સાધુઓને, અગીતાર્થ સાધુઓને મોકલવામાં આવતા નથી. પરંતુ ગીતાર્થ-વૃષભ સાધુઓને મોકલવામાં આવે છે.

એનું કારણ પણ સ્પષ્ટ છે કે ઉત્સર્ગ-અપવાદના જ્ઞાતા હોવાથી ઉપાશ્રયનું સ્વરૂપ જોયા બાદ શું કરવું ? ન કરવું? વગેરેનો ઝપાટાબંધ નિર્ણય લઈ તેનો તરત અમલ પણ કરી લે. અપવાદો સેવવા પડે તો અપવાદ પણ સેવી લે, ગચ્છ માટે શાસ્ત્રીય વિધિને અનુસરીને જે કરવું પડે એ બધું તેઓ કરી શકે.

હવે જો નાના-અગીતાર્થ સાધુઓ પહેલા ઉપાશ્રયમાં જઈને વ્યવસ્થા કરવા માંડે તો તેઓ ઘણી ભૂલો કરી બેસે. તેઓ કાં તો કેટલીકવાર બિનજરૂરી ઘણી વિરાધનાઓ કરાવી બેસે અથવા તો જડ બનીને અતિ-આવશ્યક એવી પણ વિરાધનાઓને પાપ માનીને ન કરાવે અને ગચ્છને = વિશિષ્ટ વ્યક્તિઓને સહન કરવાનો વખત આવે.

દા.ત. એક જગ્યાએ સાંજે અગીતાર્થ સાધુઓએ વહેલા પહોંચી ઉપાશ્રયમાં બધી વ્યવસ્થા ગોઠવી. પાછળથી ગુરુ પધાર્યા. એમણે જોયું કે ઉપાશ્રયની અંદર જ એક રૂમમાં કામ કરનાર માણસ અને એની પત્ની વગેરે રહેતા હતા. આવી ભયંકર સંસક્ત વસતિ જોઈ એમણે અગીતાર્થોને ઠપકો આપ્યો કે "આવી વસતિમાં ઉતરાતું હશે." અને આખો ઉપાશ્રય બદલાવ્યો, એમાં બધાએ બમણો પરિશ્રમ કરવો પડ્યો.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એમ અગીતાર્થોએ એક ઉપાશ્રયમાં બધી વ્યવસ્થા ગોઠવી, પણ એમાં પવનની અનુકૂળતા બિલકુલ ન હતી. આ વાતનો ઉપયોગ અગીતાર્થોને ન આવ્યો, તેઓ તો પવન વિના ટેવાયેલા એટલે "ગુરૂને પવન જરૂરી છે" એ તરફ લક્ષ્ય ન રહ્યું. ગુરૂ સૂર્યાસ્ત બાદ પધાર્યા, ઉનાળાની ભયંકર ગરમીનો બફારો ! વધુમાં એ વખતે પવન સંપૂર્ણ અટકેલો હતો. ગુરૂને ખૂબ અશાતા થઈ. હવે રાત્રે તે વસતિ શી રીતે બદલે ? અગીતાર્થોએ ઠપકો સાંભળવો પડ્યો. છેવટે બીજા દિવસે સ્થાનબદલી કરી.

આમ અગીતાર્થો પ્રથમ વસતિપ્રવેશ કરે અને વ્યવસ્થા કરે એમાં નુકસાનો છે. આજે કમ સે કમ એટલું કરી શકાય કે અમુક સાધુઓને આ વસતિ સંબંધી મહત્ત્વની બાબતોથી માહિતગાર કરી અને ૪-૫ વાર સાથે રાખીને તે તે બાબતમાં ગીતાર્થ-પરિપક્વ બનાવી દેવા અને શક્ય હોય ત્યાં સુધી એમને જ વસતિની બધી વ્યવસ્થા કરવાની સત્તા સોંપવી.

આમાં જ ૧૮૪ નિ.ગાથામાં કહેશે કે **सङ्घाटको वसतिप्रत्युपेक्षणार्थं प्रेष्यते, सङ्घाटकाभावे एको वा प्रेष्यते । किंविशिष्टः ? परिणतः गीतार्थः...** એટલે એનાથી એ તો સ્પષ્ટ થાય છે કે વસતિની પ્રત્યુપેક્ષણા કરવા ગીતાર્થ મોકલાય છે.

**(૭૭) तत्र भोजनस्थाने सागारिका यदि बहवस्तिष्ठन्ति, ततस्ते साधवो भिक्षामटित्वाऽऽगताः सन्तो यद्येवं भणन्ति-यदुत वच्चह-हे सागारिकाः ! गच्छतास्मात्स्थानात्, ततश्चैवमुच्यमाने संयमविराधनादोषो भवति । – ઓઘનિર્યુક્તિ-૧૮૯**

ભોજનના સ્થાનમાં જો ઘણા બધા ગૃહસ્થો હાજર હોય, તો ગોચરી વહોરીને આવેલા સાધુઓ એ બધાને દૂર કરવા જો એમ બોલે કે "ચલો, બધા ગૃહસ્થો અહીંથી જતા રહો." તો આ રીતે બોલવામાં સંયમવિરાધના થાય. તે એટલા માટે કે ગૃહસ્થો તો અસંયત છે, ઈર્યાસમિત્યાદિ પાળવાના નથી, ગમે ત્યાં ગમે તેમ ચાલવાના છે. એટલે એમને જો ચાલ્યા જવાનું કહીએ તો તેઓ તો ઘણી બધી વિરાધના કરતા કરતા જ ત્યાંથી ચાલ્યા જવાના. એમાં નિમિત્ત સાધુનું વચન બને. એટલે સાધુનું સંયમ મલિન બની રહે.

હવે જો આ બધી સૂક્ષ્મ બાબતો વિચારીએ તો એમ જ લાગે કે ગૃહસ્થોથી શક્ય એટલા દૂર રહેવામાં જ મજા છે. માત્ર આપણા સંયમપાલન માટે ગૃહસ્થોનો જે પરિચય કરવો પડે, એટલો જ કરવો. એ સિવાય એમની સાથે વધુ પરિચય કરવામાં બિલકુલ મજા નથી. એમાંય હજી ગીતાર્થો શાસનપ્રભાવનાદિ કાર્યો માટે ગૃહસ્થોનો પરિચય કરે તો તો હજી બરાબર, કેમકે તેઓ ગીતાર્થ-પરિપક્વ હોવાથી પોતાના સંયમને સાચવી શકશે. પણ સામાન્ય સાધુઓ તો ગૃહસ્થપરિચયમાં ઘણું બધું ગુમાવશે.

દશવૈ.૭માં અધ્યયનમાં સાધુએ કેવી ભાષા બોલવી એ વિષયમાં સ્પષ્ટ જણાવ્યું છે કે સાધુએ ગૃહસ્થને એમ ન કહેવાય કે "તમે જાઓ, આવો, બેસો, ખાઈ લો, સ્નાન કરી લો,... વગેરે.

આજે ગૃહસ્થોના અતિપરિચય અને આપણી પોતાની અણસમજ-અલ્પવૈરાગ્યને કારણે વગર કારણે અનેક પ્રકારની સાવદ્ય ભાષાઓ બોલવાનો અને એના દ્વારા ષટ્કાયહિંસાનો પ્રસંગ આવી પડે છે.

દા.ત. (ક) વ્યાખ્યાન બાદ શ્રાવકો ગોચરી માટે વિનંતિ કરે, એટલે સાધુ બોલે "અમે અમુક સમયે ગોચરી નીકળી છીએ. તમે એ ટાઈમે બોલાવવા આવજો. જો, જો. મોડું ન કરતાં" સ્વાભાવિક છે કે હવે એ શ્રાવક પોતાના ઘરે જઈ કલાક બાદ પાછો આવશે, કાં તો ચાલતો કે કાં તો વાહનમાં... પણ બેયમાં એ તપાવેલા લોખંડના ગોળાથી ઘણી જીવહિંસા થવાની શક્યતા છે જ.

(ખ) બહારગામથી શ્રાવકો મળવા આવે અને અહીં મહેમાનો માટે રસોડું ચાલતું હોય તો સાધુ બોલશે કે "તમે જમી લીધું ? અહીં રસોડું ચાલુ જ છે. તમે જમી આવો. એય જવાનમલ ! આમને રસોડે જમવા લઈ જા..."

(ગ) ક્યારેક તો આ મહેમાન શ્રાવકો સ્નાન કરવાનું સ્થાન ન જાણતા હોય તો સાધુને જ પૂછે અને સાધુ આંગળી ચીંધીને બતાવે કે "અહીં બાથરૂમ છે. ત્યાં બધી વ્યવસ્થા છે. જુઓ, આ બધી ડોલો પણ પડી છે. ગરમ પાણી જોઈએ તો એની પણ વ્યવસ્થા પાછળ છે...

(ઘ) શ્રાવકો લઘુનીતિ-વડીનીતિ (માત્રુ-સ્થંડિલ) જવા માટે સ્થાન શોધતા હોય, મુંઝાતા હોય. ત્યારે છેવટે સાધુ એમને એ સ્થાન પણ બતાવી દે. હવે આ સંડાસ-બાથરૂમમાં તેઓ લાઈટ ચાલુ કરે, ડોલ ભરીને પાણીથી સ્નાનાદિ કરે, એ બધું પાણી ગટરમાં જાય, એમાં કરોડો-અબજો ત્રસજીવો તો ખદબદતા જ હોય... આ પાણી દ્વારા એમની વિરાધના થાય... આ અસંયમનું નુકસાન કેટલું ? એ ભાષા વાપરનારા સાધુને કર્મબંધ કેટલો ?

(ચ) શ્રાવકોના અતિપરિચયમાં ક્યારેક તો સાધુઓ એવા રંગાઈ જાય કે એ શ્રાવકોની તબિયત સારી ન હોય, એમના

દીકરા-દીકરીઓ બિમાર હોય તો સાધુઓ એ અંગે માર્ગદર્શન આપે. "અમદાવાદના ડોક્ટર પાસે તમે જાઓ. ખૂબ સારા ડોક્ટર છે અને બધી રીતે અનુકુળ છે..." ક્યારેક વળી પોતાની પાસે રહેલી દવા પણ આપે અને કહે કે "આ દવા ત્રણ ટાઈમ લેવાની..." ક્યારેક પેટ સાફ કરવા માટેના ઉપાયો પણ બતાવી દે કે "હરડે / ત્રિફળા, દિવેલ, ત્રિકટુ, હિમજ લો, બધું ઠેકાણું પડી જશે..."

આવા તો કેટલા દૃષ્ટાન્તો કહેવા ? જેઓ ગૃહસ્થ સાથે અતિપરિચયમાં છે, તેઓ તો આના કરતા ૧૦૦ ગણા દૃષ્ટાન્તો આપી શકશે.

જરાક એટલું તો વિચારો કે એકાસણાદિ પચ્ચક્ખાણમાં આપણને सागरियागारेण આગાર-છૂટ બતાવી છે. એનું વર્ણન કરતાં શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે "સાધુ વાપરવા બેઠો હોય અને અચાનક ત્યાં ગૃહસ્થ આવી ચડે તો જો એ તરત ત્યાંથી નીકળી જ જવાનો હોય તો સાધુ અલ્પસમય માટે વાપરવાનું બંધ રાખે, પણ જો એ ત્યાં વધુ સમય કોઈક કારણોસર રહેવાનો હોય તો એની સામે, એની નજર પડે ત્યાં વાપરવું ઉચિત ન હોવાથી સાધુ ત્યાંથી ઊભો થઈ અન્ય સ્થાને જઈને વાપરી લે. આ રીતે ચાલુ એકાસણામાં ઊભા થવા છતાં, અન્યસ્થાને જઈને વાપરવા છતાં પણ એ સાધુને પચ્ચક્ખાણનો ભંગ ન થાય. જો સાધુ ઊભા થવાને બદલે ત્યાં જ બેસી રહે અને લાંબા સમય સુધી વાપર્યા વિના જ ગૃહસ્થના જવાની રાહ જુએ અને એના ગયા બાદ વાપરે તો એમાં ઘણો બધો સમય સ્વાધ્યાયનો વ્યાઘાત થાય. એ ન થવા દેવા માટે સાધુને આ છૂટ આપવામાં આવી છે.

અહીં સૂક્ષ્મદષ્ટિથી વિચારીએ તો ત્રણ વિકલ્પો સંભવિત છે.

(૧) સાધુ ગૃહસ્થને કહી દે કે "હું અહીં વાપરું છું. તમે બધા અહીંથી દૂર જાઓ. થોડેક દૂર જઈને તમારું કામ કરો." પ્રાયઃ તો ગૃહસ્થો એ વાત માની લે અને દૂર જતા રહે, એટલે પછી સાધુએ ખસવું ન પડે, સમય પણ ન બગડે.

(૨) સાધુ ગૃહસ્થને કશું જ ન કહે અને એ ન જાય ત્યાં સુધી વાપર્યા વિના ચૂપચાપ બેસી રહે. આમાં સમય-બગાડ થાય. પણ ઊભા થવું ન પડે.

(૩) સાધુ ઊભો થઈને અન્યસ્થાને જઈને વાપરે. એમાં ગૃહસ્થને કહેવું પણ ન પડે, સમય પણ ન બગડે. પણ એક જ સ્થાને બેસીને વાપરવા રૂપ પચ્ચ.માં આગાર-છૂટનો ઉપયોગ કરવો પડે.

"ગૃહસ્થની સામે ન વાપરવું" એ આચારની રક્ષા ઉપરના ત્રણમાંથી કોઈપણ વિકલ્પથી શક્ય છે. પણ છતાં શાસ્ત્રકારો પ્રથમ બે વિકલ્પોનો ઉલ્લેખ નથી કરતાં અને ત્રીજો વિકલ્પ જ અપનાવે છે. શાસ્ત્રકારોએ એમ પણ નથી કહ્યું કે "સાધુએ પ્રથમ તો ગૃહસ્થોને તે સ્થાનમાંથી દૂર જવાનું કહેવું. તેઓ માને તો સુંદર, ન માને તો પછી પોતે ઊભા થઈને જતા રહેવું."

આ ઉપરથી એ તો સ્પષ્ટ સમજાય છે કે ગૃહસ્થોની સામે ન વાપરવા રૂપ આચારની રક્ષાના એકમાત્ર કારણસર પણ ગૃહસ્થોને "તમે અહીંયાથી જાઓ" એમ કહેવાની પ્રવૃત્તિ શાસ્ત્રોને મંજુર નથી. એને બદલે ચાલુ એકાસણામાં ઊભા થઈને અન્યસ્થાને જઈને વાપરવાની પ્રવૃત્તિ શાસ્ત્રોને મંજુર છે. તો બોલો, કયો દોષ મોટો ? ચાલુ એકાસણામાં ઊભા થઈ જવું એ ? કે પછી ગૃહસ્થને ચાલ્યા જવાનું કહેવું એ ?

આજે તો આપણે सागरियागारेणं આગાર હોવા છતાં પ્રાયઃ એનો ઉપયોગ કરતા નથી. એકાસણામાં ઊભા ન થવા રૂપ આચારને જ બરાબર પાળીએ છીએ. લગભગ એ આગારની ગણના થતી નથી. રે ! અત્યારની આચરણા પ્રમાણે કદાચ એ બરાબર પણ હોય તો ભલે, પણ આપણે એટલું તો વિચારવું જોઈએ કે જો ગૃહસ્થને જવાની આજ્ઞા કરવી ન પડે એ માટે શાસ્ત્રો આપણને છેક આટલી મોટી છૂટ આપતા હોય તો શાસ્ત્રકારોની ઈચ્છા–અપેક્ષા શું હશે ? શું આજે આપણે એ અપેક્ષા પૂરી કરીએ છીએ ? સુખશીલતા-પ્રમાદ-રાગભાવ-વિવેકશૂન્યતા વગેરે વગેરેને કારણે ઘણી બધી હિંસાના સ્થાનરૂપ એવા પણ કાર્યોની આજ્ઞા-આદેશભાષા જો ગૃહસ્થોને આપણે કરતાં હોઈએ તો શાસ્ત્રોની -શાસ્ત્રકાર ભગવંતોની સંયમની, આશાતના કરેલી ન કહેવાય ?

નીચેના શાસ્ત્રવચનો ગોખી લઈએ, જીવનમાં ઉતારી લઈએ.

गिहिजोगं परिवज्जए जे स भिक्खू દશવૈકાલિક.

જેઓ ગૃહસ્થ પરિચયનો ત્યાગ કરે છે તે ભિક્ષુ છે.

थोवो वि गिहिपसंगो जईणो सुद्धस्स पंकमावहइ ઉપદેશમાલા.

થોડો પણ ગૃહસ્થપરિચય શુદ્ધ સાધુને પંક-કાદવ-મેલ-અતિચાર લગાડી દે છે.

गिहिसंथवं न कुज्जा, कुज्जा साहूहिं संथवं

ગૃહસ્થ સાથે પરિચય ન કરવો, સાધુઓ સાથે પરિચય કરવો.



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

तप्तायोगोलकल्पस्य.... યોગશાસ્ત્ર

ગૃહસ્થો તપાવેલ ધગધગતા લોખંડના ગોળા જેવા છે. (એ ગોળો જ્યાં સરકે ત્યાં અનેક જીવોનો ઘાત કરતો જ જાય...)

**(૭૮) उपधिभिक्षाभारेण या वेदना क्षुद्वेदना वा तया न पश्यति स्थाणुकण्टकादीन्, ततश्चात्मविराधना भवति संयम विषया विराधना ईर्यादि, तथा परिगलमाने च पानादौ षट्कायविराधना भवति ।**

**— ઓઘનિર્યુક્તિ-૧૯૧**

ગોચરી વહોરી લાવેલા સાધુઓને ઉપધિ અને ભિક્ષાના ભાર વડે જે વેદના થાય અથવા તો ભૂખની જે વેદના હોય... તેના કારણે તેઓ નીચે ઠૂંઠું-કાંટા વગેરેને જોઈ ન શકે. એનાથી એમને પોતાને નુકસાન થાય અને ઈર્યાસમિતિ વગેરે પાળી ન શકે એટલે સંયમની વિરાધના થાય. તથા પાત્રામાં રહેલ પાણી વગેરે ઢોળાય એટલે ષટ્કાયની વિરાધના થાય.

અહીં પદાર્થ એ રીતે છે કે આ ગામમાં ગૃહસ્થો સાથે ઝગડો થવાથી સાધુઓને રહેવાની જગ્યા ન મળે તો ગોચરી વહોરી લાવેલા સાધુઓએ ગોચરી અને ઉપધિ સાથે બીજા ગામ જવું પડે, એમાં આ બધી મુશ્કેલી થાય.

અહીં મહત્વની વાત એ કે એ વખતે બધા સાધુઓ ગોચરી જતા હોવાથી લગભગ બે બે સાધુઓએ પોત-પોતાના પુરતી ગોચરી લાવવાની રહેતી, એટલે કે પ્રત્યેક સાધુ પાસે પોતાને વાપરવા જેટલી ગોચરી રહેતી, વધારે નહીં. ઉપધિ તો આમ પણ એમની ઓછી હતી. આમ છતાં એમને દૂર ગામ જવાનું થાય ત્યારે આ બધાની ભારની પીડા સંયમવિરાધનાદિ દોષોને



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ઉત્પન્ન કરનાર દર્શાવી છે.

આજે એવું જોવા મળે છે કે લગભગ એક એક સાધુએ ૩ થી ૪ જણની ગોચરી લાવવાની હોય. ૧૦-૧૨ જુમ્મા આહાર, ચારેક ટોકસી વ્યંજન, બે-અઢી ચેતના સુપ... આ બધો હિસાબ એક એક ઝોળીને મળતો હોય છે. ભલે આ સાધુઓએ બહારગામ જવાનું ન હોય તો ય પા-અડધો કી.મી. તો ઉપાશ્રયથી દૂર ગોચરી જવાનું બનતું હોય છે. અને ત્યાંથી બધી ગોચરી લઈને જ્યારે ઉપાશ્રયે પાછા ફરવાનું હોય ત્યારે ગોચરી જનારા સાધુઓને અનુભવ હશે જ કે ભાર ખૂબ લાગે, હાથ નમી જાય, જલ્દી પહોંચી જવા માટે ઝડપ વધારવી પડે, ક્યારેક તો અધવચ્ચે થાક ખાવા માટે ઊભા પણ રહી જવું પડે.

આ જ પરિસ્થિતિ મોટા રસોડામાંથી ગોચરી લાવતી વખતે થતી હોય છે. એમાં જો કે ઘરે ઘરે ફરવાનું નથી હોતું, અને એ સ્થાન બહુ દૂર પણ નથી હોતું. ૧૦૦-૨૦૦-૩૦૦ ડગલા હોય. પણ એ વખતે એક એક સાધુના ભાગે ૮ થી ૧૦ સાધુની ગોચરીનો ભાર આવે. એટલે ત્યાં પણ એ સંપૂર્ણ ભરેલા પાત્રા-તરપણીઓ લઈને ઉપાશ્રયે પહોંચતા સાધુઓએ ઘણીવાર તો રીતસર દોડવું પડે... ખૂબ ઝડપથી ચાલવું પડે... ઉપાશ્રયે પહોંચી દાંડો ટેકવે ત્યારે "હાશ" કારો થાય.

આ બધું જોતા એવું લાગે છે કે આપણી આ વર્તમાન ગોચરી પદ્ધતિમાં ઉપરના દોષો લાગતા જ હશે, અને એ અનુભવાયું પણ છે કે એ વખતે ભારની પીડાને કારણે ઈર્યાસમિતિનો ઉપયોગ રહેતો નથી, નીચે કાચ-કાંટા-પત્થરાદિ તરફ પણ ઝાઝું લક્ષ્ય રહેતું નથી. ભૂલથી કોઈ અધવચ્ચે ઊભો હોય, ચડવાના દાદરા પાસે કે હોલમાં પ્રવેશવાના બારણા પાસે

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ઊભો હોય તો બુમ પાડી ઝડપથી એને ત્યાંથી ખસી જવાનો આદેશ પણ કરવો પડે છે. હવે આ રીતે ઝડપી ચાલવામાં નીચે ઉપયોગ ન રહેવાથી જીવવિરાધનાદિ દોષો લાગવાના જ. એ વખતે રસ્તામાં પાણીનું ખાબોચીયું આવે તો એને ફરીને લાંબા રસ્તે જવાને બદલે પાંચ-દસ ડગલા એ પાણીમાંથી ચાલ્યા જવાની પ્રવૃત્તિ પણ શક્ય બનવાની. ભારની પીડા સાધુને એ માટે મજબુર કરી દે એ શક્ય છે. વળી પાત્રા-તરપણી પુષ્કળ ભરેલા હોય તો એમાંથી દૂધ-તેલ-દાળ શાકાદિ ઢોળાવાથી ઝોળી ઘણીવાર ઘણા પ્રમાણમાં બગડતી લગભગ બધાએ અનુભવી છે.

એટલે ઉપરની પંક્તિમાં બતાવેલા દોષો અત્યારની ગોચરીચર્યામાં અનુભવાતા હોવાથી એમાં કોઈક ફેરફાર કરવાની જરૂર ખરી. સંયમીઓ જો કામ વધારે કરવાની તૈયારી રાખે, અને એક બે ઝોળી વધારી દેવાય તો આ બધા દોષોથી બચવું શક્ય બને.

ઉપરના બધાય દોષો કરતા એક મોટો દોષ છે **શાસનહીલના** - બોધિ દુર્લભતાની પ્રભાવના, સંયમીઓ પ્રત્યે અસદ્ભાવની ઉત્પત્તિ !

એક સંયમીએ ઘણા સંયમીઓની ગોચરી લાવવાની હોય એટલે એના પાત્રા-તરપણીમાં લગભગ બધી વસ્તુઓનું પ્રમાણ વધારે હોય. દા.ત. એક પાત્રામાં ૧૨-૧૫ કદલીના ટુકડા હોય અને સંયમી બીજા ઘરમાં ગોચરી વહોરતી વખતે એ પાત્રુ બહાર કાઢે, ગૃહસ્થાદિની નજર પડે અને એ ચોંકે. “આટલા બધા કેળા !”

એમ ૨૦-૨૫-૩૦ ટુકડા એક પાત્રામાં હોય અને એમાં જ નવી મીઠાઈ વહોરવા સાધુ પાત્રુ બહાર કાઢે, એમાંય

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ગૃહસ્થોની આંખ પહોળી થઈ જાય. "સાધુઓ આટલી બધી મીઠાઈ ખાશે."

આ જ વાત દાળ, ભાત, રોટલી વગેરે તમામ વસ્તુમાં બને છે.

એક વાત ખ્યાલમાં રાખવી કે "આ એક સાધુ જે ગોચરી વહોરી જાય છે એ તો ઘણા વાપરવાના છે..." આવો વિચાર બધાને આવતો નથી. મોટા ભાગે દેખ્યાનું ઝેર ચડતું હોય છે. વસ્તુનું માપ મોટું દેખાય એટલે જોનાર ચમકે.

જુનાગઢના અનુભવી ટ્રસ્ટીએ કહેલો અનુભવ ! એક સાધ્વીજી પુષ્કળ ગોચરી વહોર્યા બાદ કો'ક શ્રાવિકાની ખૂબ વિનંતિથી એ છેલ્લા ઘરે ગયા. એમની પાસે ભરચક ભરેલું ઓદનનું પાત્રુ હતું. એ બહાર કાઢ્યું અને શ્રાવિકાની આંખો ફાટી." આટલા બધા ભાત !" નજર લાગી ગઈ. સાધ્વીજી ઉપાશ્રયે આવ્યા, પણ તબિયત બગડી. કશું વાપરી ન શક્યા. ગાંડાની જેમ લવારાઓ કરવા લાગ્યા. માણસોને બોલાવી વિધિ કરાવી, અને પછી સાધ્વીજી એકદમ સાજા થયા. જાણકારોએ નજર લાગી હોવા વગેરે બધી વાત જણાવી. (જો કે આવું નજર લાગવાનું ક્યારેક જ બને. કંઈપણ થાય અને 'નજર લાગી' એવા ખોટા વહેમમાં રહેવું નહિ. મોટા ભાગે તો નજર લાગવી, વળગાડ હોવો... એમાં નાહકના ભ્રમમાં જ વધુ પરેશાન થવાનું બને છે.)

મોટું પ્રમાણ વહોરાયેલું જોઈને તથા મોટું પ્રમાણ સ્વયં વહોરાવતા પણ તેઓ અધર્મ પામે. મોટા રસોડામાં જો નવા શ્રાવકો વહોરાવવા આવે તો એ તો એક બે ત્રણ ટુકડા લઈ લઈને વહોરાવે. હવે અહીં જો ૧૦૦ ટુકડા વહોરવાના હોય તો ક્યાં મેળ પડે ? એ વહોરાવતા ક્ષોભ પામે...

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૨૮૩ ॥

સંયમીઓ ! આપણા નિમિત્તે કોઈ અધર્મ ન પામે એની ખાસ કાળજી રાખવી જોઈએ.

(૭૯) विकालगमने वसतौ एते वक्ष्यमाणा दोषा भवन्ति । – ઓઘનિર્યુક્તિ-૧૯૨

વિહાર કરીને જો મોડી સાંજે - આછા પ્રકાશમાં કે લગભગ અંધારામાં જો સ્થાને પહોંચીએ તો ઘણા બધા દોષો લાગે. અત્યારે આપણા શેષકાળના વિહારોમાં સાંજે તો કેટલાક સંયમીઓ સૂર્યાસ્ત બાદ પણ અડધો-પોણો એક કલાક બાદ અંધારામાં પહોંચતા હોય છે. એમાં પણ ઉનાળામાં તો લગભગ મોડા પહોંચવાનું થતું હોય છે. શાસ્ત્રકાર ભગવંતોએ એના અનેક દોષો દર્શાવ્યા છે. આપણે આ કાળની દૃષ્ટિએ તે દોષોનો વિચાર કરીએ.

(ક) સાધ્વીજીઓને અંધારુ થયા બાદ વિહાર કરવામાં સૌથી મોટું જોખમ છે બ્રહ્મચર્યનું ! અંધારાનો લાભ લઈ દુષ્ટતત્ત્વો ગરબડ કરી દે એ પાકી સંભાવના છે.

(ખ) અંધારું થયા બાદ ખાડા-ટેકરા-કાંટાદિ કશું ન દેખાય, સામેથી આવતા વાહનોની લાઈટ સીધી આંખ પર આવતા ચાલવામાં વારંવાર મુશ્કેલી પડે. એક્સીડન્ટ થવાનો ભય પણ રહે. રોડની કિનારી પણ ન દેખાતા જો બરાબર કિનારી ઉપર પગ પડે તો પગ મચકોડાઈ જવાની પણ પાકી શક્યતા રહે.

(ગ) ઉપાશ્રય ધૂળવાળો હોય, હવે અંધારામાં તો સ્પષ્ટ દેખાય નહિ. એટલે એમને એમ ઉતરીએ તો બધા ઉપકરણો મેલા થાય અને જો લાઈટ વગેરે કરાવીને બધી સાફસુફી કરાવીએ તો વિરાધના ઘણી થાય.

(ઘ) ત્યાં માત્રુ પરઠવવાની જગ્યા સ્પષ્ટ જોઈ ન શકાય, એટલે જો એ જગ્યામાં ઘણા બધા જીવો હોય તો વિરાધના

થવાની જ. વળી સ્થંડિલાદિની જગ્યા પણ ન જોઈ શકાય. ભૂલથી જો રાત્રે કોઈ ખોટા સ્થાને પરઠવાઈ જાય અને સવારે લોકોને ખબર પડે તો જબરદસ્ત શાસનહીલના થાય.

(ચ) અંધારામાં ગરોળી-કરોળીયાના જાળા - મધમાખીના પુડા... આ બધું કશું ન દેખાય એટલે બારી, બારણા ઉઘાડ-બંધ કરવામાં આવે તો આ બધાની વિરાધના થવાની શક્યતા છે. ક્યારેક મધમાખીનો વડે જાતની વિરાધના થવાની પણ પાકી શક્યતા છે. એક સાધુએ જોરથી બારી ઉઘાડેલી અને પાછળની બાજુ પર રહેલ મધપુડો છેક ઉપરથી ધડાક કરતો નીચે પડ્યો. સદ્ભાગ્યે એમાં મધમાખી ઓછી હતી. સવારે દેરાસરે જતા એ તૂટેલો મધપુડો દેખાયો ત્યારે ખ્યાલ આવ્યો. બિચારી મધમાખીઓ બેઘર બની ગઈ.

આવા અનેક પ્રકારના નુકસાનો સાંજે મોડા પહોંચવામાં થાય છે.

આ બધા નુકસાનોથી બચવું હોય તો

(ક) બને ત્યાં સુધી સાંજના વિહાર ન કરવા, કરવા જ પડે તો સૂર્યાસ્ત બાદ ૧૫ મિનિટ પસાર થાય ત્યાં સુધીમાં ઉપાશ્રયે પહોંચી જવાય એમ કરવા.

(ખ) ઉનાળાની ભયંકર ગરમીને કારણે સાંજે મોડો વિહાર કરવો પડે અથવા તો વિહાર મોટો હોવાથી વહેલા નીકળવા છતાંય સાંજે મોડા પહોંચવાનું થાય એમ હોય તો છેવટે એટલું તો કરી શકાય કે ગ્રુપના સમર્થ બે ચાર સંયમીઓ વહેલા પહોંચી જાય. તેઓ ત્યાં ઉપાશ્રય સાફ કરાવવો, સ્થંડિલ-માત્રાની વસતિ જોઈ લેવી, રસ્તો વાંકો ચૂંકો હોય તો કો'ક ગૃહસ્થને પણ છેવટે

ગચ્છની સહાય માટે મોકલવા...વગેરે પ્રવૃત્તિ કરી શકે. દરેક ગચ્છમાં આવા બે ચાર સક્ષમ સાધુ તો મળી જ રહે કે જેઓ ભર ઉનાળામાં પણ અજવાળે અજવાળે ઈષ્ટસ્થાને પહોંચી જવાનું સામર્થ્ય ધરાવતા હોય.

(૮૦) अशुचिकं भवति, तस्मिंश्च सेहस्य जुगुप्सया अश्रुतार्थस्यान्यथाभावः उन्निष्क्रमणादिर्भवति ।

— ઓઘનિર્યુક્તિ-૧૯૬

→ સાંજે જો વિહાર કરીને મોડા પહોંચીએ અને અશુચિવાળા, ગંદા, ધૂળવાળા ઉપાશ્રયમાં ઉતરવાનું થાય તો એમાં જે નૂતનદીક્ષિતો હોય કે જેણે હજી અર્થ સાંભળ્યો નથી, એને જુગુપ્સા થાય અને એટલે એ દીક્ષાત્યાગ કરી દે કે પછી પાસત્થાદિ શિથિલોની સાથે જોડાઈ જાય એ શક્ય બને. ←

સાંજે ઉપાશ્રયે મોડા પહોંચવામાં ક્યા ક્યા દોષો લાગે ? એનું વર્ણન કરતા શાસ્ત્રકાર ભગવંતોએ ઉપરનો દોષ દર્શાવ્યો છે.

આ અત્યંત ગંભીર બાબત છે. નૂતન દીક્ષિતો, અગીતાર્થ સાધુઓએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી છે એ વાત સાચી. પણ હજી ઘણી ઘણી બાબતોમાં એમનું ઘડતર થયું નથી. સંસાર અસાર લાગી જવો એ એક જુદી વસ્તુ છે, અને સંસારની અસારતા પ્રમાણે જ બધી પ્રવૃત્તિ થવી એ એક જુદી વસ્તુ છે.

ખાનદાન-ઉચ્ચકુળના આત્માઓએ દીક્ષા લીધી હોય, તેઓ સંસારીપણામાં શુદ્ધ-સ્વચ્છ વસ્ત્રો પહેરતા હોય, રોજે રોજ

કચરા-પોતા થાય એવા ઘરમાં - ચોક્ખા ઘરમાં રહેતા હોય, ઠલ્લે માત્રુ જવાની જગ્યા પણ એવી રીતે હોય કે ઘરમાં દુર્ગંધ ન આવે. રે ! એ સ્થાને એવા સુગંધી દ્રવ્યોનો છંટકાવ પણ કરતા હોય કે જેથી ત્યાં પણ દુર્ગંધ ન આવે...

આવા શુદ્ધ, સ્વચ્છ, સુઘડ જીવન જીવનારા સંસારીઓ વૈરાગ્ય પામી જ્યારે દીક્ષા લે, ત્યારે અહીંની કેટલીક જીવનપદ્ધતિમાં વ્યવસ્થિત ગોઠવાઈ જતાં એમને વાર લાગે. અહીં આવી વૈરાગ્ય ભરપૂર વાચનાઓ સાંભળે, શાસ્ત્રાભ્યાસ કરતા રહે, ગીતાર્થો, સંવિગ્નોના પરિચયમાં જ સતત રહે... એટલે ધીમે ધીમે અનેક બાબતોમાં એમનું ઘડતર થતું જાય. એ પછી એમને વાંધો ન આવે. અલબત્ત દીક્ષા પૂર્વે એમને તાલીમ તો આપવામાં આવી હોય છે. પણ કેટલીક બાબતોની તાલીમ દીક્ષા બાદ જ આપી શકાતી હોય છે. વળી દીક્ષા પૂર્વેની તાલીમ અને દીક્ષા પછીની તાલીમમાં પણ ઘણું અંતર છે. એટલે જ્યાં સુધી નૂતનદીક્ષિતો-અગીતાર્થો પરિપક્વ ન બને, શાસ્ત્રબોધાદિ દ્વારા વિષમપરિસ્થિતિઓને સહેલાઈથી પચાવી જનારા ન બને ત્યાં સુધી એમને એવી વિષમપરિસ્થિતિમાં મૂકવા ન જોઈએ. નહિ તો સાવ સામાન્ય બાબત પણ એમને દીક્ષા પ્રત્યે અરુચિ પ્રગટાવી દેશે અને છેક દીક્ષાત્યાગ સુધીની પ્રવૃત્તિ એ કરી બેસશે.

અલબત્ત બધાને આવું થાય જ એવો કોઈ નિયમ નથી. પણ આની શક્યતા તો છે જ એટલે જ એ નૂતનદીક્ષિતો, અગીતાર્થોની કાળજી કરવા માટે ઘણી બાબતો શાસ્ત્રમાં દર્શાવેલી છે, છૂટછાટો પણ આપી છે. અને આચારોમાં ય ફેરફાર કર્યા છે.

સૌપ્રથમ તો એ જોઈએ કે એવી કઈ કઈ બાબતો છે કે જેમાં અપરિપક્વ સાધુઓ છેક દીક્ષાત્યાગ સુધી કે છેવટે

શિથિલોના સંગ સુધી પહોંચી જાય છે.

(ક) સંસારમાં તે આત્માઓ ચોકખા સ્થાનોમાં જ રહેવા ટેવાયેલા હોય અને અહીં આવીને જો ધૂળવાળા ગંદા ઉપાશ્રયોમાં રહેવાનો વખત આવે તો એ એમને અત્યંત ખેદજનક બને. "અમારે આવા બધા ગંદા સ્થાનોમાં રહેવું પડશે. આવા પ્રસંગ તો અનેકાનેક વાર બનશે. હજી તો આખી જીંદગી કાઢવાની છે. આપણે શી રીતે જીવશું ?" વગેરે વિચારી ઘરે જવાનો નિર્ણય કરી લે. અથવા તો ગૃહસ્થો દ્વારા ઉપાશ્રયો ચોકખા ચટ કરાવીને જ ત્યાં રહેનારા, એ માટે ઘણા સાવદ્યોને પણ સ્વીકારનારા શિથિલોની સાથે ભળી જાય.

(ખ) નિશીથસૂત્રમાં ઉત્સર્ગમાર્ગે પ્યાલા વાપરવાનો નિષેધ કર્યો છે. લઘુનીતિ, વડીનીતિ ગૃહસ્થોની માફક direct જ કરવાની છે. કોઈ સંસારીઓ પ્યાલામાં લઘુ-વડીનીતિ (માત્રુ સ્થંડિલ) કરીને ક્યાંક પરઠવે એવું બનતું નથી. તેમ સંયમીઓએ ઉત્સર્ગમાર્ગે પ્યાલા વાપરવાના નથી. (અલબત્ત આજની જે પરિસ્થિતિ છે, એમાં માત્રાદિ માટે તો પ્યાલા વાપરવા અનિવાર્ય જેવા થઈ પડ્યા છે... પણ હાલ એની ચર્ચા નથી.)

આની પાછળ ત્યાં એક કારણ એ પણ દર્શાવ્યું છે કે આ રીતે માત્રા કે સ્થંડિલવાળો પ્યાલો ઉંચકવો, એ પરઠવવા લઈ જવો... આ બધું અપરિપક્વ સંયમીઓને તો ભયંકર જુગુપ્સાનું કારણ બને. તેઓ તો આ માત્રુ-સ્થંડિલથી મોઢું મચકોડતા હોય.

જો ધૂળવાળો ઉપાશ્રય પણ એમને ચારિત્રત્યાગ કરાવનારો બની શકતો હોય, તો એના કરતા તો વધુ જુગુપ્સા

કરાવનારા આ લઘુ-વડીનીતિઓ એમને શું ચારિત્રત્યાગ કરાવનાર બની ન શકે ?

(ગ) ગ્લાન સાધુને ઉલ્ટીઓ થાય અથવા કોઈક સાધુને મોઢા-નાકમાંથી ઘણો કફ-શર્દી નીકળે. એ સાધુ ખેરીયામાં કે રાખવાળા પ્યાલામાં એ બધું કાઢે... પછી એ ખેરીયું બે હાથ વડે ઘસે... હવે જો અપરિપક્વસંયમીએ એ ઉલ્ટી ધૂળમાં ભેગી કરીને પરઠવવી પડે કે કફાદિના પ્યાલા પરઠવવા પડે તો ઉપર મુજબ એ પણ એને ભારે પાડે. ખેરીયાનો કાપ જો એ અપરિપક્વને કાઢવા આપવામાં આવે તો એનું મોઢું બગડ્યા વિના ન રહે.

(ઘ) ઉત્સર્ગમાર્ગે સાધુએ સંયોજના કર્યા વિના વાપરવાનું છે, સંયોજના કરીને વાપરનારને છેક ગચ્છમાંથી કાઢી મૂકવા સુધીની પણ શિક્ષાઓ ફરમાવી છે. પણ આ બધું હોવા છતાં શાસ્ત્રકાર ભગવંતોએ ત્યાં સ્પષ્ટ જણાવ્યું છે કે "જે સંયમીઓનો ચારિત્રપરિણામ દૃઢ નથી બન્યો, અપરિપક્વ છે, નવા છે, અણઘડ છે... એ બધાને સંયોજનાની છૂટ."

(ચ) સામાચારી ભેદ એ કોઈ પાપ નથી, અપરાધ નથી. છતાં જુદી સામાચારીવાળા સાધુઓની સાથે રહેવાનો નિષેધ કરાયો છે, એ માટે ગીતાર્થ સાધુને એકલા રહેવાની પણ છૂટ અપાઈ છે એની પાછળ કારણ આ જ છે કે "અપરિપક્વસંયમીઓ સામાચારીભેદ જોઈ નુકસાન ન પામે..." એ અપરિપક્વ સંયમીઓના પરિણામની રક્ષા કરવા માટે એકાકી રહેવા સુધીના અપવાદોની પણ રજા આપવામાં આવી.

શાસ્ત્રોમાં આવી તો અનેક બાબતો અપરિપક્વ સંયમીઓના ચારિત્ર પરિણામોની રક્ષા કરવા માટે દર્શાવાઈ છે.

અપવાદ માર્ગે પ્યાલા વાપરી શકાય, ગ્લાનના સ્થંડિલમાત્રાના પ્યાલા પરઠવવા એ તો ઉત્કૃષ્ટ વૈયાવચ્ચ છે. એની

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
॥ ૨૮૯ ॥

ઉલ્ટી પરઠવવી કે ખેરીયા ધોવા એ પણ સાધુનું કર્ત્તવ્ય છે... આ બધી વાત સાચી જ છે પણ આ બધું અપરિપક્વોને ન આપવું જોઈએ. જેમને આ બધું કરવામાં દુગંછા થવાનો સંભવ હોય એમને આ કાર્યોથી અળગા રાખવા જોઈએ. હા ! એમને સુંદર બોધ આપી પરિપક્વ બનાવવાનો પ્રયત્ન તો ચોક્કસ કરાય અને એ રીતે તેઓ પરિપક્વ બની જાય પછી આ બધા ઉત્તમકાર્યો સોંપવામાં પણ કોઈ વાંધો નથી. પણ એવી ભૂમિકા ઊભી ન થાય ત્યાં સુધી આ તમામ બાબતોમાં અપરિપક્વસંયમીઓના ભાવોની રક્ષા કરવી એ આપણી અંગત ફરજ બની રહે છે.

મુશ્કેલી એ છે કે કેટલાક નવા પણ સંયમીઓ આ બધી બાબતમાં દુગંછા ન પામતા હોવાથી હોંશે હોંશે આ બધું જ કરતા હોય છે. અને એ જોઈને જે અપરિપક્વ સંયમીઓ આ બધું કરી શકવા ઉત્સાહી ન બન્યા હોય એમની નિંદા થવા માંડે, "આ સાધુઓને વૈયાવચ્ચનો રસ નથી." એમ એમના માટે અપપ્રચાર થવા માંડે, એમના માટે મનમાં પૂર્વગ્રહ ઊભો થાય, ખોટી ગાંઠ બંધાય.

પેલા સંયમી ! વધુ મુંઝાય. બધાને પોતાના વિરોધમાં જોઈ ચિંતાતુર બને અને છેવટે ગોઝારો સંસાર પાછો યાદ આવે. માતા, પિતા, ભાઈ, બહેનનો સ્નેહ ફરી આંખોને ભીની કરાવનારો બને. એકાકીપણું, અસહાયપણું એના તન-મન બેયની ભારે પજવણી કરે...

આ શું યોગ્ય છે ? એમની અપરિપક્વતાને દૂર કરીને પરિપક્વ બનાવવાનો શાસ્ત્રીય માર્ગ અપનાવવાને બદલે એમને ધિક્કારી, તિરસ્કારી, ઉપેક્ષીને વધુ અપરિપક્વ બનાવવા એ શું ન્યાય્ય છે ? જે પરિપક્વ સંયમીઓ આ વૈયાવચ્ચાદિ કરે

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

એમની અનુમોદના ભલે કરીએ, પણ જે અપરિપક્વ સંયમીઓ આ બધું ન કરી શકે એમની નિંદા તો ન જ કરવી. એમને બળજબરી આ કાર્યોમાં જોડવાની હીણપત ભરેલી પ્રવૃત્તિ પણ ન આદરવી. પરંતુ વાત્સલ્યભાવ સાથે એમને વૈયાવચ્ચનો મહિમા સમજાવાય, દુર્ગંછાદિ દૂર થાય એ માટેના પદાર્થો સમજાવાય, એ સ્વયં માંદો પડે ત્યારે એના સ્થંડિલ, માત્રુ, કફાદિના પ્યાલા પરઠવી આપવા... આ બધું થશે તો એ પરિપક્વ બનશે અને સ્વયં દુર્ગંછાહીન બની આ તમામ કાર્યો માટે ઉત્સાહી બનશે.

સાર એટલો જ કે અપરિપક્વસંયમીઓ જેમાં જુગુપ્સા પામે એવી શક્યતા હોય, તેવા પ્રકારના કાર્યોમાં એમને જોડવા નહિ, એ માટે બળજબરી કરવી નહિ. એ જુગુપ્સનીય કાર્યો એ જોઈ પણ ન શકે એવો શક્ય પ્રયત્ન કરવો. એમને પરિપક્વ બનાવ્યા બાદ બધા કાર્યો સોંપી શકાય.

**(૮૧) संस्तारकभूमित्रयमाचार्याणां निरुप्यते, एका निवाता संस्तारकभूमिरन्या प्रवाता, अन्या निवातप्रवाता ।**

— ઓઘનિર્યુક્તિ-૨૦૩

ગચ્છે આચાર્ય ભગવંતની કાળજી ખૂબ કરવાની છે. આચાર્યની સેવા એ પરમાર્થથી તો આખા ગચ્છની સેવા છે. કેમકે આચાર્ય જો પ્રસન્ન હોય તો એ આખા ગચ્છની કાળજી સારામાં સારી કરી શકે અને એ બધાનો લાભ આચાર્યની સેવા કરનારા સાધુઓને મળે. એટલે જ આચાર્ય ભગવંતની સેવામાં ગચ્છે લેશ પણ ઉણપ રાખવી ન જોઈએ.

અહીં એમની કાળજી કરવા માટેનો જ એક સુંદર આચાર દર્શાવ્યો છે. ઉપાશ્રયમાં ત્રણ સ્થાનો આચાર્ય માટે ખાલી


ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
॥ ૨૯૧ ॥

રાખવા. એક સ્થાન એવું હોય કે જ્યાં ઘણો પવન આવતો હોય. એકસ્થાન એવું હોય કે જ્યાં બિલકુલ પવન ન આવતો હોય અને એક સ્થાન એવું હોય કે જ્યાં મધ્યમ પવન આવતો હોય. આ ત્રણ જગ્યા આચાર્ય માટે તૈયાર રાખવી એટલે આચાર્યને જ્યારે જે જગ્યા ગમે ત્યારે તે જગ્યાએ રહી શકે.

આચાર્ય જ્યારે એક જગ્યાએ હોય ત્યારે બાકીની બે જગ્યાના ઉપયોગ સાધુઓ કરે એ પણ ખરેખર તો ન ચાલે. કેમકે અચાનક આચાર્યને એ જગ્યાએ આવવાનું મન થાય અને જો ત્યાં સાધુ, ઉપધિ, ચોપડાદિ રહેલા હોય તો આચાર્યે ઊભા રહેવું પડે. એ બધું ત્યાંથી ઝટપટ હટાવવામાં વાર લાગવાથી આચાર્ય પરેશાન થાય. આમ ખરેખર તો આચાર્ય માટે નક્કી કરાયેલી ત્રણે ત્રણ જગ્યા ગચ્છ માટે અપરિભોગ્ય જ રહે. ગચ્છે એનો ઉપયોગ ન કરવો. જેમ સંસ્થાઓમાં અમુક રૂમો ટ્રસ્ટી વગેરે માટે અનામત રખાય છે. ગમે એટલી ભીડ થાય તો પણ એ અનામત રૂમો ખોલી અપાતી નથી. ટ્રસ્ટીઓ વગેરે આવે કે ન આવે છતાં એ રૂમોનો વપરાશ એમના વિના બીજા કોઈ ન કરી શકે. એમ આચાર્ય માટે પણ આવી વ્યવસ્થા હોવી જરૂરી છે.

હા ! શાસ્ત્રકારોએ આચાર્યભગવંત માટે આટલી બધી અનુકૂળતા કરી આપી છે, કેમકે સંવિગ્નગીતાર્થ જ હોવાથી આ અનકૂળતાઓ હોય તો ગચ્છના યોગક્ષેમ વગેરે વધારે સારી રીતે કરી શકે. ગચ્છનું બરાબર પાલન કરવું, સાધુ-સાધ્વીઓના સંયમ-સ્વાધ્યાયાદિ યોગોની રક્ષા કરવી, એમની અંગત કાળજી કરવી... એ બધું આ અનુકૂળતાઓનું પ્રયોજન છે.

**(૮૨) जइ रत्तिं आगया ताहे कालं न गिण्हंति, निज्जुत्तीओ संगहणीओ य सणिअं गुणंति... मा वेसित्थ**




णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

दुगुंछिआदओ दोसा होहिंति, कायिकां मत्तएसु छड्डेंति उच्चारंपि जयणाए । – ઓઘનિર્યુક્તિ-૨૦૪

સાધુઓ રાત્રે જ પહોંચે તો પછી કાલગ્રહણ લેવાની જગ્યા જોઈ ન શકાય એટલે કાલગ્રહણ ન લે. અને કાલગ્રહણ ન લે તો એના સૂત્રનો પાઠ પણ કરી ન શકે. જે ઉદ્દેશાદિનું કાલગ્રહણ આવે, એજ ઉદ્દેશાદિ તે દિવસે ગુરુ શિષ્યોને આપે. પણ કાલગ્રહણ લીધું ન હોવાથી ઉદ્દેશાદિ સૂત્રોનો પાઠ ન કરી શકે.

તો પ્રશ્ન થાય કે આખો પહેલો પ્રહર શું કરશે ? એનું સમાધાન આપે છે કે નિર્યુક્તિઓ અને સંગ્રહણીઓનો ધીમે ધીમે પાઠ કરે. એ પાઠ ધીમે ધીમે કરવાનું કારણ બતાવતા કહ્યું છે કે "વેશ્યા-સ્ત્રી-જુગુપ્સિત વગેરે દોષો ન થાય."

આનો સ્પષ્ટ અર્થ નીચે પ્રમાણે સમજાય છે.

(ક) સાધુઓ રાત્રે આવેલા હોવાથી આજુબાજુ કોણ રહે છે ? વગેરેનો ખ્યાલ નથી. શક્ય છે કે આજુબાજુ વેશ્યા કે કામથી તરફડતી અન્ય સ્ત્રી કે ચંડાલ વગેરે હલકી કોમના લોકો રહેતા હોય. હવે સાધુ સ્પષ્ટ-મધુર-મોટા અવાજે પાઠ કરે તો એ સ્વર સાંભળી વેશ્યા કે અન્ય સ્ત્રી આકર્ષાય. સ્ત્રીઓને શબ્દ-સંગીતનો રાગ વિશેષ હોય છે. હવે એ સાધુ પ્રત્યે આકર્ષાય તો ક્યારેક બ્રહ્મચર્ય મુશ્કેલીમાં મુકાય. નવાંગી વૃતિકાર અભયદેવસૂરિજીની અજીતશાંતિ સાંભળી શાહજાદી આકર્ષાઈ હોવાની વાત પ્રસિદ્ધ જ છે. જે સ્ત્રીનો પતિ પરદેશ ગયેલો હોય, તેવા પ્રકારની સ્ત્રી પણ કામાતુર હોવાથી એ પણ આવા શબ્દોથી આકર્ષણ પામે એ સંભવિત છે.

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આ હકીકત છે માટે જ સ્ત્રીઓની હાજરીમાં સાધુઓ સ્તવન, સજ્ઝાયાદિ મધુર સ્વરે બોલે એ ઉચિત નથી. કેમકે સ્ત્રીઓ આમ પણ સાધુ પ્રત્યે ભક્તિ-બહુમાન-આદરવાળી હોય, એમાં જો મધુર સ્વર સાંભળે તો એના પ્રત્યે આકર્ષણ પામે જ. એમની મુગ્ધતા એવી વિચિત્ર હોય છે કે ભલભલા સાધુનું પણ કદાચ પતન થઈ રહે. પૂજ્યપાદ દાદાગુરુદેવ શ્રી પ્રેમસૂરિજી મ. સાહેબે માટે જ એ વખતે મધુર સ્વરવાળાઓને સ્ત્રીઓની હાજરીમાં સ્તવનાદિ ગાવાનો નિષેધ કરેલો. આજે પણ યુવાન-રૂપવાન સાધુઓ વ્યાખ્યાનાદિમાં મધુરસ્વરે ગાય એ આ દૃષ્ટિએ ઉચિત ભાસતું નથી. છતાં છેવટે તો ગીતાર્થો કહે તે પ્રમાણ !

(ખ) આજુબાજુમાં જો ચંડાલ વગેરે હલકી કોમના લોકો રહેતા હોય તો એમની સ્ત્રીઓ પણ આ શબ્દથી આકર્ષણ પામે, કદાચ સાંભળવા માટે બહાર ધસી આવે. આ બધું એમના પતિ, પિતા, ભાઈને ન ગમે, તેઓ સાધુ ઉપર ગુસ્સે ભરાય અને સાધુને મારવા દોડી આવે.

(ગ) એવો અર્થ પણ કરાય કે એ ચંડાલ વગેરે ઉંઘી ગયા હોય અને આ અવાજ સાંભળી ઉઠે તો ફરી જલ્દી ઊંઘ ન આવવાથી એમના હલકા કાર્યો કરવા પણ લાગી પડે. આ જ વાત વેશ્યામાં પણ વિચારી શકાય.

વેશ્યા, સ્ત્રી, જુગુપ્સિત દોષો આવી રીતે અમને સમજાયા છે. આમાં શાસ્ત્રીયદૃષ્ટિએ વિરોધ ન આવે તેવી બીજી પણ પદ્ધતિઓ દ્વારા આ દોષો સમજી શકાય છે.

આ સ્થાનમાં પ્યાલામાં માત્રુ કરીને પરઠવવાનું જણાવેલ છે. એનું કારણ એ કે સાધુઓ રાત્રે પહોંચ્યા હોવાથી માત્રુ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પરઠવવાની જગ્યા જોઈ શક્યા નથી હવે જો ત્યાં સીધા જ માત્રુ કરવા બેસે તો ત્યાં અમુક જ જગ્યાએ માત્રુ પડે. હવે જો ત્યાં કીડીના નગરા હોય, કીડીઓ ફરતી હોય તો એક સાથે ઘણું બધું માત્રુ પરઠવવાથી તેઓની વિરાધના થાય. પણ પ્યાલામાં કરીએ તો પછી એ માત્રુ ખૂબ થોડું થોડું ચારેબાજુ છુટું છુટું પરઠવી શકાય. આમ એકજ જગ્યાએ બધું માત્રુ ભેગું ન થવાથી જીવવિરાધના ઓછી-નહિવત્ થાય.

બીજી વાત એ કે એ જગ્યા જોયેલી ન હોવાથી ત્યાં સર્પ-વીંછી વગેરેનો પણ ભય હોય. જો direct માત્રુ બેસે તો એકાદ મિનિટ બેસી રહેવું પડે, એ સમય દરમ્યાન સર્પાદિ આવીને ડંખ મારી દે, એ શક્ય બને. પણ પ્યાલામાં જઈને પરઠવે તો ત્યાં એક જગ્યાએ બેસી રહેવું ન પડવાથી સર્પાદિનો ભય લગભગ ન રહે.

આ કારણસર અહીં direct માત્રુ જવાને બદલે પ્યાલામાં માત્રુ કરીને પરઠવવાનું જણાવેલ છે.

આ રીતે અમને આ પંક્તિનો અર્થ સમજાયો છે.

**(૮૩) जइ सुद्धो कालो ताहे करेंति सज्झायं, अह न सुद्धो न पडिलेहिआ वा वसही ताहे निज्जुत्तीओ गुणिंति**

**– ઓઘનિર્યુક્તિ-૨૦૪**

જો કાલગ્રહણ શુદ્ધ ન આવે અથવા તો વસતિનું પ્રતિલેખન કરેલું ન હોય એટલે કે ૧૦૦ ડગલામાં વસતિ શુદ્ધ છે કે નહિ ? એની તપાસ કરેલી ન હોય તો નિર્યુક્તિઓનો પાઠ કરી શકે છે.

આ પંક્તિ ધ્યાનથી વિચારવા જેવી છે.

જો કાલ શુદ્ધ હોય તો સ્વાધ્યાય કરવો પણ જો કાલ શુદ્ધ ન હોય કે વસતિ જોયેલી ન હોય તો નિર્યુક્તિઓનો પાઠ કરવો... આનો અર્થ શું ? નિર્યુક્તિઓનો પાઠ કરવો એ સ્વાધ્યાય નથી ? જો એ સ્વાધ્યાય જ છે, તો પછી આ પંક્તિ શી રીતે સંગત થાય ? આ નિર્યુક્તિપાઠ સ્વાધ્યાય જ હોય તો એનો અર્થ તો એ થાય કે "જો કાલ શુદ્ધ હોય તો સ્વાધ્યાય કરવો અને જો કાલ શુદ્ધ ન હોય તો સ્વાધ્યાય (નિર્યુક્તિપાઠ) કરવો."

હવે આવી વાક્યરચના તો સંગત ન થાય. ખરેખર તો નિર્યુક્તિપાઠ સ્વાધ્યાય ન ગણાતો હોય તો આ પંક્તિ સંગત થાય. કે "કાલ શુદ્ધ હોય તો સ્વાધ્યાય કરાય પણ જો કાલ શુદ્ધ ન હોય તો (સ્વાધ્યાય ન કરવો પણ) નિર્યુક્તિઓનો પાઠ કરવો."

આમ આ પંક્તિ પ્રમાણે એવું જણાય છે કે "સ્વાધ્યાય એટલે મૂળ આગમોનો પાઠ કરવો તે." દા.ત. આચારાંગ વગેરેના જે મૂલ સૂત્રો છે, તેનો પાઠ એ સ્વાધ્યાય ગણાય. અલબત્ત શાસ્ત્રમાં પાંચ પ્રકારનો સ્વાધ્યાય બતાવેલો જ છે, એટલે આમ તો સ્વાધ્યાયનું સ્વરૂપ અનેક પ્રકારે સંભવે છે, પણ અહીં સ્વાધ્યાયનો અર્થ મૂલઆગમપાઠ સમજવો ઉચિત ભાસે છે.

હવે અહીં તો લખ્યું જ છે કે "વસતિ ન જોઈ હોય તો સ્વાધ્યાય ન કરાય. પરંતુ નિર્યુક્તિઓનો પાઠ કરાય." અર્થાત્ જ્યારે વસતિ શુદ્ધ હોવાની તપાસ ન થઈ હોય ત્યારે પણ નિર્યુક્તિનો પાઠ કરવામાં વાંધો નથી. એનો અર્થ એ થયો કે શાસ્ત્રમાં જે વસતિ સંબંધી અસજ્ઝાયમાં સ્વાધ્યાયનો નિષેધ કરેલો છે, એ મૂલ-આગમપાઠનો નિષેધ સમજવો, નિર્યુક્તિ

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

વગેરેનો નહિ.

આ એટલા માટે કહેવું પડે છે કે અત્યારે અસજ્ઝાયમાં શેનો સ્વાધ્યાય કરાય અને શેનો ન કરાય એની ઘણી બધી ચર્ચાઓ થાય છે. કોઈક કહે છે કે અસજ્ઝાયમાં સ્તવનાદિ પણ ન ગોખાય, ગુજરાતી ભાષાંતરાદિ પણ ન વંચાય...

આમાં ઉપરના પાઠ પ્રમાણે તો એમ લાગે છે કે વસતિમાં લોહી, કબુતર વગેરેના કલેવર..... આ બધું હોવા રૂપ અસજ્ઝાય હોય તો પણ એમાં જો ચૌદપૂર્વધરરચિત નિર્યુક્તિઓનો પાઠ કરી શકાતો હોય તો પછી વૃત્તિ, ચૂર્ણિ, ભાષ્ય, ગુજરાતી વિવેચન, સ્તવન, સજ્ઝાયાદિનો પાઠ કેમ ન કરાય ? એમાં કોઈ વાંધો ન હોવો જોઈએ.

હા ! ધુમ્મસ વગેરે રૂપ અસજ્ઝાયમાં તો બોલવા, હલવાનો જ નિષેધ હોવાથી કોઈ પણ પ્રકારનો સ્વાધ્યાય ન થાય એ બરાબર, પણ અહીંની પંક્તિ મુજબ તો લોહી-માંસાદિ સંબંધી અસજ્ઝાયમાં મૂલ આગમ સિવાય કોઈનો પણ પાઠ કરી શકાતો હોવો જોઈએ.

ઉપરની પંક્તિને અનુસારે મન્તવ્ય છે પરંતુ શાસ્ત્રાજ્ઞા કરતા પણ સુવિહિતગીતાર્થોની પરંપરા વધુ મહાન છે, પ્રામાણિક છે. એટલે સુવિહિતગીતાર્થ પરંપરા મુજબ પંચાંગીનો સ્વાધ્યાય ન કરવાનું ફરમાન હોવાથી એ પ્રમાણે વર્તવું એ પ્રત્યેક સંયમીને હિતાવહ છે. એટલે આ બાબતમાં પણ સ્વગુરુજનોની સલાહ લેવી એ પ્રમાણે જ પ્રવૃત્તિ કરવી. બાકી તો આમાં બુહુશ્રુતો જે કહે તે પ્રમાણ !

(આમાં અમુક ગીતાર્થોનો આ પંક્તિ અંગે અભિપ્રાય આવો પણ છે કે કાલગ્રહણ શુદ્ધ ન આવે તો અથવા કાલગ્રહણની

ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

વસતિ ન જોઈ હોવાથી કાલગ્રહણ ન લીધું હોય તો નિર્યુક્તિઓનો પાઠ કરે. એટલે કે અહીં જે न पडिलेहिआ वा वसही શબ્દ છે, એમાં વસતિ = ૧૦૦ ડગલા ન સમજવા. પણ કા.ગ્ર. માટેની વસતિ સમજવી. એટલે નિર્યુક્તિ વગેરેના પાઠ માટે ૧૦૦ ડગલાની વસતિ તો જોવી જ પડે...)

**<u>(८४) संथारगपट्टयं उत्तरपट्टयं च पडिलेहित्ता दोवि एगत्थ लाएत्ता उरुम्मि ठवेंति ताहे संथारगभूमिं पमज्जयंति, ताहे संथारयं अच्छुरंति सउत्तरपट्टं,</u> – ઓઘનિર્યુક્તિ-૨૦૪**

રાત્રે જ્યારે સંથારો કરવાનો હોય ત્યારે પહેલા તો હાથમાં જ સંથારા અને ઉત્તરપટ્ટાના છેડાઓને ભેગા કરીને ખોળામાં મૂકે અને પછી જ્યાં સંથારો કરવાનો હોય એ ભૂમિને બરાબર પૂંજીને ઉત્તરપટ્ટા સાથે જ આખો સંથારો પાથરે.

અત્યારે આપણે પ્રથમ સંથારો પાથરી અને પછી એના ઉપર ઉત્તરપટ્ટો પાથરીએ છીએ, પણ શાસ્ત્રવિધિ જુદી છે. એમાં તો ઉપર જણાવ્યા મુજબ બેય ભેગા કરીને એક સાથે પાથરવાના હોય છે. વળી અત્યારે આપણે જે કરીએ છીએ એ કંઈ પરંપરા નથી, પણ આપણા જીવનમાં ઘૂસી ગયેલી અવિધિ-પ્રમાદ છે. અત્યારની પદ્ધતિ પ્રમાણે સંથારો પાથરવો સરળ પડે અને જુની પદ્ધતિ પ્રમાણે કઠિનાઈ પડે એટલે અજ્ઞાન-પ્રમાદને લીધે અત્યારે ખોટું કરાય છે. હવે આ જાણ્યા બાદ પ્રમાદ ત્યાગી મૂળવિધિ આદરવી રહી.

બીજી મહત્ત્વની વાત એકે આપણે જે સંથારાપોરિસી અત્યારે બોલીએ છીએ એ પૂર્વમાં સાધુઓને સાક્ષાત આચરવાની હતી. અહીં સ્પષ્ટ જણાવ્યું છે કે રાત્રે પહેલો પ્રહર સ્વાધ્યાય કરે અને પોરિસી લગભગ પૂર્ણ થવા આવી હોય ત્યારે ગુરુ

પાસે જઈ એક ખમાસમણું આપી કહે કે "સાહેબ ! પોરિસી લગભગ પૂર્ણ થઈ છે. આપ મને રાત્રિસંથારો કરવાની રજા આપો..." अणुजाणह संथारं શબ્દ આપણે સૂત્રરૂપે બોલીએ છીએ, જ્યારે તેઓ તો આ પ્રાકૃતભાષામાં જ વાતચીત કરતા હતા અને એ વાતચીત રૂપે જ એ કહે કે "ગુરુજી ! સંથારાની રજા આપો..." એ પછી માત્રુ કરી, ઈરિયાવહિ કરી... સંથારા ઉપર ચડતો એ સાધુ વડીલ સાધુઓની રજા લેવા માટે બોલે કે "अणुजाणह जिट्ठिज्जा" હે જયેષ્ઠ આર્યો ! વડીલો ! મને સંથારો કરવાની રજા આપો..." આમ આપણા વડે સૂત્ર રૂપે બોલાતા આ શબ્દો તેઓ વ્યવહારમાં વાતચીત રૂપે બોલતા. અને પછી ત્રણ વાર करेमि भंते બોલી સંથારી જતા.

बाहूवहाणेणं... વગેરે જે શબ્દો આપણે બોલીએ છીએ, તે તો કેવી રીતે ઊંઘવું... વગેરેની વિધિ દર્શાવનારા સૂત્રો છે. એ સૂત્રો એ સાધુઓ એમાં બતાવેલી વિધિ પ્રમાણે સ્વયં સાક્ષાત જીવતા. અત્યારે આપણે સુવિહિતપરંપરા મુજબ એ તમામ સૂત્રો બોલવાનો આચાર પ્રસ્થાપિત કર્યો છે.

આવી તો ઘણી બધી ક્રિયાઓ એવી છે કે જે આગમ પ્રમાણે વિચારીએ તો પહેલા ન હતી અને પછી પાછળથી તે તે સમયે તે તે કારણોસર તે ક્રિયાઓ ઉમેરાઈ. હવે જ્યારે આવી અનેક ક્રિયાઓ માટે આપણે કોઈ ઝઘડા નથી કરતા, સ્વયં આચરીએ છીએ ત્યારે હવે કોઈક ક્રિયા આપણને વધારાની લાગવાથી એ માટેનો સખત વિરોધ, ઝઘડો ઊભો કરવો એ વ્યાજબી ન દેખાય.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

**(८५) यदा पुनः कायिकार्थमुत्तिष्ठति स, तदा किं करोतीत्याह-दव्वाईउवओगं' द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्चोपयोगं ददाति, तत्र द्रव्यतः कोऽहं प्रव्रजितो गृहस्थो वा ? क्षेत्रतः किमुपरितलेऽन्यत्र वा ? कालतः किमियं रात्रिर्दिवसो वा ? भावतः कायिकादिना पीडितोऽहं न वेति ।** — **ओघनिर्युक्ति-२०७**

એકવાત અનુભવ સિદ્ધ છે કે માણસ જાગ્રત અવસ્થામાં ભલે ગમે તેવો હોય પણ પ્રાયઃ ઉંઘમાં એનો મૂળસ્વભાવ જ પ્રગટ થતો હોય છે. આત્મામાં જે સંસ્કાર તીવ્ર હોય એ ઊંઘમાં જાગ્રત થતા હોય છે. જાગ્રતદશામાં તો એનો પોતાના ઉપર કાબુ હોવાથી એ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તન કરી શકે પણ ઊંઘમાં એનો પોતાના ઉપર કાબુ હોતો નથી, ત્યારે તો એના આત્મામાં જેના સંસ્કાર વધારે હોય એ જ પ્રગટ થઈ જતા હોય છે.

(ક) ૩૫ વર્ષથી યુરોપમાં રહેલા કચ્છીભાઈ કચ્છીભાષા બોલવાનું ભૂલી ગયેલા, વિદેશમાં વિદેશીભાષા બોલતા. અમુક પ્રસંગોમાં ત્યાંના માણસોને એ જાણવાની ઈચ્છા થઈ કે "આ કયાંનો છે ?" અને એક દિવસ અતિગાઢ નિંદ્રામાંથી અચાનક ઉઠાડ્યો ત્યારે એના મોઢામાંથી અડધી ઉંઘમાં કચ્છીભાષાના શબ્દો નીકળી પડ્યા.

(ખ) ઘણા નૂતન દીક્ષિતોને શરુઆતના વર્ષોમાં સ્વપ્નમાં ક્રિકેટ મેચ, પિક્ચરો, માતા પિતાદિ સ્વજનો દેખાય. ખરાબ સંસ્કારો પડેલા હોય તો ખરાબ સ્વપ્નો પણ આવે... વર્ષો પસાર થાય અને સ્વાધ્યાય-સંયમના સંસ્કારો ગાઢ થતા જાય એટલે પછી પેલા સ્વપ્નો બંધ થાય અને સ્વાધ્યાયાદિના સ્વપ્ન શરૂ થાય.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

(ગ) ખરાબ તબિયતમાં એક સાધુ ભગવંતને ઘેનનું ઈંજેકશન આપવામાં આવ્યું. આખી રાત અર્ધનિંદ્રાવસ્થામાં ગાળી, એમાં જ મુહપત્તી પ્રતિલેખન, ચૈત્યવંદનાદિ ક્રિયા વારંવાર કર્યા જ કરી. વર્ષોના સંસ્કારો ઊંઘમાં જાગ્રત થયા.

(ઘ) દિવસની ૩૦-૩૦ સિગરેટ પીનારો માણસ એકવાર બેભાન થયો, કોઈપણ રીતે ભાનમાં આવતો ન હતો. અંતે બુદ્ધિમાને બુદ્ધિ દોડાવી અને એના નાક પાસે સિગરેટ સળગાવી, નાકમાં સિગરેટનો ધુમાડો જતા જ એ વ્યસની તરત ભાનમાં આવી ગયો.

શાસ્ત્રકારો આ હકીકત જાણે છે. હવે જો રાત્રે સાધુ માત્રુ લાગવાથી ઉઠે, તો એ વખતે ઊંઘ પૂર્ણ ન થઈ હોવાથી એ ઉઠવા છતાં નિંદ્રા-તંદ્રા જેવી દશામાં હોય. એ વખતે એને એકદમ જાગ્રત દશા ન હોય. હવે આવી પરિસ્થિતિમાં એના જૂના સંસ્કારો ભાગ ભજવી જાય એ શક્ય છે. ઓઘો કે દંડાસન લઈને પુંજતા પુંજતા જવાના સંસ્કારો ગાઢ ન હોય તો ગૃહસ્થની જેમ સડસડાટ ચાલવા લાગે, જો સંડાસમાં જવાના સંસ્કાર હોય અને ઉપાશ્રયમાં સંડાસ હોય તો કદાચ એમાં પણ પ્રવેશ કરી દે... ટૂંકમાં એક સંસારીની જેમ જ બધી પ્રવૃત્તિ કરી બેસે.

આવું ન થાય એ માટે અહીં સાધુને આજ્ઞા કરવામાં આવી છે કે ઉઠતાની સાથે જ પહેલા આ વિચાર કરવો કે "હું કોણ છું ? સાધુ કે સંસારી ?" એ ઉપયોગ આવતા જ એની બધી પ્રવૃત્તિ સાધુ જેવી થવા માંડે.

અઠવાડિયું-મહીનો કોઈક ઉપાશ્રયમાં ભોંયતળીયે રહ્યો હોય અને ત્યાંથી જ સીધું માત્રું જઈ શકાતું હોવાથી એના સંસ્કાર પડેલા હોય અને હવે જો ક્ષેત્ર બદલાય કે એ જ ક્ષેત્રમાં પહેલે માળે રોકાય અને રાત્રે ઉંઘમાંથી ઊઠીને દાદરા

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ઉતરવાની પદ્ધતિ પ્રમાણે ઉતરવાને બદલે સીધો ચાલવા જ જાય, તો એ સાધુ પડે, કદાચ પગ-માથું ભાંગી જાય.

આવું કશું ન થાય તે માટે "હું ક્યાં છું ?" એ વિચાર કરવાની આજ્ઞા કરી છે.

એમ કાળ અંગે પણ જો ઊંધા વિચારમાં ચડી જાય તો ક્યારેક નુકસાન થવાની સંભાવના રહે.

"મને માત્રાની શંકા છે કે નહિ ?" આવો ઉપયોગ મુકવાથી લાભ એ થાય કે જો માત્રાની શંકા થઈ હોય તો તરત જઈ અવાય. આવો ઉપયોગ ન મૂકે તો ઘણીવાર ગાઢ નિંદ્રાને કારણે એ માત્રુ કર્યા વિના જ પાછો ઊંઘી જાય અને પછી સંથારો ભીનો કરી દે. શિયાળામાં આવી તકલીફ વધારે થાય. અલ્પ શંકા હોય તો પણ માત્રુ કર્યા બાદ ઊંઘવું વધુ સારું. કેમકે અલ્પશંકા ઊંઘમાં બે કલાક બાદ પૂર્ણ શંકા બને અને પરિણામે ફરી ઊંઘ બગાડે કે સંથારો બગાડે.

ઊંઘ કેવી ગાઢ હોઈ શકે છે ? એના તાજા બનેલા બે દૃષ્ટાન્તો જોઈએ. એક સાધુ શિયાળામાં અડધી રાત્રે માત્રાની તીવ્ર શંકા લાગવાથી ઉઠે, શંકા એટલી તીવ્ર હોય કે ઊંઘ અતિતીવ્ર હોવા છતાં એ સાધુ ઉઠે, લગભગ દોડતો જ પ્યાલા પાસે પહોંચે, માત્રુ કરી લે... અને એવી ઊંઘ ઘેરાયેલી હોય કે સંયમના અત્યંત ખપી એવા પણ તે મહાત્મા તરત પાછા સંથારામાં ઉંઘી જાય કે છેક સવાર પડે. સવારે જાગ્રતદશામાં આવે પછી એમને ભાન થાય કે મેં માત્રુ કરેલું, પણ પરઠવ્યા વિના જ પાછો ઊંઘી ગયેલો...

યોગોદ્વહન કરનાર એક સાધુ ઉપાશ્રયમાં કાળગ્રહણ લેવાની પ્રતિકૂળતા હોવાથી દાંડીધર સાથે ૧૦૦ ડગલામાં રહેલા બીજા મકાનમાં જતો હતો. ત્યાં એકવાર ચાર કાલગ્રહણ લેવા માટે સાંજનું કાલગ્રહણ લઈ નવ વાગે સંથારી ગયો. રાત્રે

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

બાર વાગે બીજું કાલગ્રહણ લેવા ઉઠવાનું હતું. જોગાનુજોગ ૧૦ વાગે વીજળી થઈ અને આછો-આછો વરસાદ થયો. વૈશાખ માસ હોવાથી આની અસજ્ઝાયના કારણે બધા કાલગ્રહણ જાય. બીજા સાધુઓએ મુમુક્ષુને કામ ભળાવ્યું કે "પેલા ઊંઘી ગયેલા સાધુને જગાડીને તું કહી દે કે અસજ્ઝાય થઈ છે, એટલે એ રાતના ઉઠીને બીજા કાલગ્રહણની વિધિ ન કરે."

મુમુક્ષુએ તો એ એ બીજા મકાનમાં જઈને સાધુને ઉઠાડ્યો, એ સાધુ ઊંઘનો એક જ કલાક થયો હોવાથી અતિગાઢ નિંદ્રામાં હતો. છતાં એ સંથારામાં બેઠો થયો. મુમુક્ષુએ બે વાર અસજ્ઝાયની વાત કરી સ્પષ્ટ જણાવ્યું કે "હવે બધી ક્રિયા રદ થાય છે, એટલે રાત્રે કોઈ ક્રિયા કરતા નહિ..." એ સાધુએ બે વાર "બરાબર" એમ હા પણ પાડી અને પછી ઊંઘી ગયો. રાત્રે બાર વાગે પાછો ઉઠ્યો, કાલગ્રહણાદિ બધી વિધિ કરી... સવારે જ્યારે વડીલ પાસે વિધિ કરવા ગયો ત્યારે વડીલે જણાવ્યું કે "તમને ના તો પાડેલી કે અસજ્ઝાય થઈ છે..." એ સાધુ કહે "કોણે ના પાડી ? મને તો કંઈ ખબર જ નથી." મુમુક્ષુએ બધી વાતનો ખુલાસો કર્યો. ત્યારે સાધુ કહે કે "તમે મને ઉઠાડ્યો છે. અને મેં આ બધો જવાબ આપ્યો છે... આ બધી વાતોમાંથી એક અંશ જેટલી વાત પણ મને યાદ નથી..." (આ સાધુ અને દાંડીધર કાલગ્રહણ માટે ૧૦૦ ડગલામાં જ રહેલી બીજી વસતિમાં ત્યારે રોકાયેલા હતા.)

અલબત્ત બધાને કંઈ આવા અનુભવો નથી થતા. પરંતુ જેને જેને આવા નિંદ્રાના વિચિત્ર અનુભવો થતા હશે તેઓ આ "હું કોણ ?" વિચારધારાને સારી રીતે સમજી શકશે.

યાદ રહે કે અહીં વહેલી સવારે ઉઠે ત્યારે આ બધું વિચારવાનું જણાવેલું નથી. અલબત્ત ત્યારે વિચારો તો કંઈ દોષ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૩૦૩ ॥

નથી. પરંતુ અહીં તો અડધી રાત્રે ઉઠે ત્યારે આ બધું વિચારવાનું જણાવેલ છે. એની પાછળ આ યુક્તિ ધ્વનિત થાય છે કે વહેલી સવારે તો ઊંઘ સંપૂર્ણ થઈ હોવાથી જાગ્રત અવસ્થા તરત આવી જતા આ બધા વિચારોની અત્યાવશ્યકતા ન રહે. પરંતુ અડધી રાત્રે તો અધકચરી ઊંઘ થયેલી હોવાથી ગરબડો થવાની શક્યતા ઘણી. માટે આ બધા વિચારો દ્વારા ઉપયોગ લાવવો આવશ્યક બની રહે છે.

<u>(८६) द्वारं यावत्प्रमार्जयन् व्रजति... तत्र च यदि स्तेनभयं भवति ततः द्वौ साधू निर्गच्छतः, तयोरेको द्वारे तिष्ठति अन्यः कायिकां व्युत्सृजति, श्वापदभये सति त्रयः साधव उत्तिष्ठन्ति तत्र एको द्वारे तिष्ठति अन्यः कायिकां व्युत्सृजति अन्यस्तत्समीपे रक्षपालस्तिष्ठति ।</u> — ओघनिर्युक्ति-२०८

રાત્રે ઉઠીને માત્રુ કરવા જતો સાધુ ઉપાશ્રયના બારણા સુધી પુંજતો પુંજતો જાય. પછી જ્યારે ખુલ્લા આકાશ નીચે આવે ત્યારે તે પુંજતો પુંજતો ન જાય. આની પાછળનું કારણ અન્યગ્રન્થોમાં આ પ્રમાણે દર્શાવેલું છે કે એ કાળમાં દંડાસન ન હોવાથી સાધુઓ ઓઘાથી પુંજતા પુંજતા જતા. હવે ઓઘાથી પુંજવા માટે નીચે વળવું જ પડે એમાં ઉપાશ્રયના બારણાની બહાર નીકળ્યા બાદ જો સાધુ આ રીતે નીચે નમી નમીને પુંજતો પુંજતો જાય, તો કદાચ શય્યાતર કે અન્ય ગૃહસ્થની જો એના પર નજર પડે તો તેઓ એમ સમજે કે "આ કોઈ ચોર લાગે છે, ચોર જ આ રીતે નમી નમીને ચાલતો હોય છે..." તેઓને રાત્રે એકદમ સ્પષ્ટ તો ન દેખાય અને સાધુઓ એ વખતે શય્યાતરોના ઘરોમાં રહેતા હતા. હા ! વસતિ સંસક્ત ન થવા દેવાની કાળજી રાખતા. પણ મોટા આંગણામાં એકબાજુ શય્યાતર રહેતો હોય અને બીજી બાજુના મકાનમાં સાધુઓ રહેતા હોય...

એ સંભવિત બનતું. અને એમાં ઉપર મુજબ સાધુને ચોર સમજી બેસવાની શક્યતા ઊભી થતી. હવે જો એને શંકા પડે તો કદાચ છૂપી રીતે પાસે આવી મોટા લાકડા વગેરે સાધન દ્વારા માથા પર મારી પણ દે... આ બધું ન થાય એ માટે સાધુને નીચે પૂંજી પૂંજીને જવાનો નિષેધ કરેલો છે.

આ આચાર આજે પણ આપણે પાળીએ છીએ. પણ પ્રશ્ન એ થાય કે કેટલાક સ્થાનો એવા હોય છે કે ઉપાશ્રય અને માત્રુ પરઠવવાની જગ્યા સુધીના વચ્ચેના ભાગમાં પુષ્કળ ત્રસજીવો સવારે કે સાંજે વસતિ જોતી વખતે દેખાયા હોય, હવે રાત્રે પણ ત્યાં એ જીવો હોવાની શક્યતા છે. રાત્રે જીવો ન દેખાવાથી જયણા ન પળાય અને પુંજયા વિના જઈએ તો પગ નીચે ઘણા જીવો મરી જવાની સંભાવના રહે. જો કે આવા ત્રસજીવોથી વ્યાપ્ત સ્થાનમાં રહેવું જ ન જોઈએ પણ કોઈપણ કારણસર ત્યાં રોકાવું પડે તો હવે રાત્રે માત્રુ પરઠવવા જતી વખતે શું કરવું ? પૂંજીને જવું કે પુંજયા વિના જવું ?

અહીં નીચેના મુદ્દાઓ વિચારવા જોઈએ કે

(૧) આજે આપણે શય્યાતરોના ઘરોમાં ઉતરતા નથી, એટલે ચોર તરીકેની શંકા થવાનો પ્રશ્ન નથી. વળી આપણે દંડાસનથી પુંજીને જઈએ છીએ એટલે નમી નમીને પણ જવાનું નથી. વળી અત્યારે આજુબાજુની લાઈટોનો એટલો પ્રકાશ તો લગભગ હોય છે કે એમાં "પેલો માણસ સાધુ છે કે અન્ય ?" એનો ખ્યાલ તો આવી જ જાય. આમ જે કારણ શાસ્ત્રોમાં દર્શાવેલ છે, એ અત્રે નથી.

(૨) કોઈ એમ કહે કે " રાત્રે આકાશમાંથી સૂક્ષ્મ અપકાય પડે છે, એમાં જો પૂંજી પૂંજી જઈએ તો એ જીવોની વિરાધના

ણં મો ત્થુ ણં સ મ ણ સ્સ ભ ગ વ ઓ મ હા વી ર સ્સ

થાય. માટે પૂંજતા પૂંજતા ન જવું."આ વાત સાચી, પણ એ તો જ્યારે કોઈ ત્રસજીવોની સંભાવના ન હોય ત્યારે આ બરાબર. પરંતુ જે જગ્યાએ દિવસે સેંકડોની સંખ્યામાં કીડી વગેરે એ રસ્તા ઉપર દેખાયા હોય ત્યાં રાત્રે પણ એ જીવોની સંભાવના અને એટલે જ વિરાધનાની શક્યતા પણ ખરી. તો હવે સૂક્ષ્મ અપકાયને બચાવીને આ ત્રસજીવોની વિરાધના થવા દેવી ? કે પછી ત્રસજીવોને બચાવીને સૂક્ષ્મ અપકાયની વિરાધના થવા દેવી?

આ બધુ વિચારતા એમ જણાય છે કે સૌપ્રથમ તો આવા ત્રસજીવોથી સંસક્તસ્થાનનો ત્યાગ જ કરવો. પણ જો એ શક્ય ન હોય તો જ્યાં સુધી ત્યાં રોકાવું પડે ત્યાં સુધી એ ત્રસજીવોની સંભાવનાવાળા ખુલ્લા સ્થાનમાં પણ દંડાસનથી પુંજતા પુંજતા જવું.

આની પાછળ શાસ્ત્રીયયુક્તિ પણ મળે છે કે આ જ આગમમાં આગળ જે ષટકાયતના બતાવી છે, એમાં જણાવ્યું છે કે એકબાજુ નિરન્તર ત્રસનો માર્ગ હોય અને બીજી બાજુ પાણી હોય તો ક્યાંથી જવું ? તેનો ઉત્તર આપ્યો છે કે ત્રસજીવો છૂટા છૂટા હોય તો તો વચ્ચેની  ખાલી જગ્યામાં પગ મૂકી મૂકીને જઈ શકાય. પણ જ્યાં ત્રસો ઘણા ઘણા નજીક હોય, ત્યાં તો એ જીવોની વિરાધના થવાની જ. એટલે એ અટકાવવા માટે પાણીમાંથી જવું.

હવે જો ત્રસરક્ષા માટે સ્થુલજલમાંથી જવાની અપવાદ માર્ગે અનુજ્ઞા આપી છે, તો ત્રસરક્ષા માટે સૂક્ષ્મજલમાં પુંજવાની અનુમતિ ન મળે ? કે જે સૂક્ષ્મજલ આગમગમ્ય છે, પ્રત્યક્ષગમ્ય નથી.

છતાં આ બાબતમાં શંકા પડે તો, ગીતાર્થોને પૃચ્છા કરી લેવી.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

મૂળવાત પર આવીએ. હવે જો એ સ્થાનમાં ચોરનો ભય ન હોય તો પછી સાધુ એકલો જ બારણુ ખોલી બહાર જઈ, માત્રુ કરી પાછો અંદર પ્રવેશે. પણ જો ત્યાં ચોરનો ભય હોય તો જો સાધુ એકલો જ નીકળે તો સાધુ ઉપાશ્રયથી ૫૦ ડગલા દૂર માત્રુ કરવા જાય અને બીજી બાજુ કોઈ રાહ જોઈને ઊભેલો ચોર ખુલ્લા બારણામાંથી અંદર પ્રવેશી જાય. ચોરી કરી જ્યારે તક મળે ત્યારે ભાગી જાય.

આવું ન થવા દેવા માટે ચોરના ભયવાળા સ્થાનમાં બે સાધુ ઉઠે, એક સાધુ માત્રુ જાય અને બીજો સાધુ બારણા પાસે ઊભો રહે. એટલે કોઈ ચોર અંદર ઘૂસી ન શકે.

હવે જો ત્યાં જંગલી કુતરા વગેરે જંગલી પશુઓનો ભય હોય તો બે સાધુ પણ ન ચાલે. કેમકે એક સાધુ બારણે ઊભો રહી અંદર કોઈ પશુને આવતા અટકાવી શકે પણ જે સાધુ માત્રુ કરવા બેઠો હોય એના ઉપર પાછળથી કોઈ પશુ તરાપ મારી દે તો એને નુકસાન થાય. હવે જો પેલો બારણે ઊભેલો સાધુ એ માત્રુ કરનારાની સાથે જઈ એની રક્ષા કરે તો બારણું ખુલ્લુ રહી જાય, તેમાંથી કોઈ પશુ અંદર ઘૂસી જાય.

આવું ન થવા દેવા માટે પશુઓના ભયવાળા સ્થાનમાં ત્રણ સાધુઓ ઉઠે. એક બારણા પાસે ઊભો રહે, એક દૂર જઈ માત્રુ કરે અને એક એ માત્રુ કરનારાની પાસે ઊભો રહી એની રક્ષા કરે.

સામાન્યથી પશુઓ પોતાની તરફ ધ્યાનવાળા માણસો ઉપર જલ્દી આક્રમણ કરતા નથી. પરંતુ મનુષ્ય બેધ્યાન હોય ત્યારે જ એના ઉપર તૂટી પડે છે. એટલે જો સાધુ ત્યાં ચોકી કરતો હોય તો દાંડા વગેરે દ્વારા રક્ષણ કરી શકે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

શાસ્ત્રોના એક એક પદાર્થો પાછળ કેવી સૂક્ષ્મયુક્તિઓ છુપાયેલી હોય છે ? એ જાણ્યા બાદ કોનું હૈયું હર્ષાન્વિત ન બને ?

**(૮૭) उत्सर्गतस्तावत्प्रावरणरहितः स्वपिति........ अववाएणं जहा वा समाही होति तहा कायव्वं**

**– ઓઘનિર્યુક્તિ ૨૧૦**

ગમે એટલી ઠંડી હોય તો પણ ઉત્સર્ગ માર્ગ તો એ જ છે કે સાધુ કામળી તો નહિ, પણ એકેય કપડો પણ ન ઓઢે. માત્ર ચોલપટ્ટો પહેરીને ભયંકર ઠંડીમાં પણ ખુલ્લા શરીરે ઊંઘી જાય. પણ જો એ રીતે ઠંડી સહન કરવાની શક્તિ ન હોય તો છેવટે બે કપડા અને કામળી એ બધું ઓઢવાની છૂટ... આ બધી લાંબી વિધિ બતાવ્યા બાદ છેલ્લે કહે છે કે જે રીતે સમાધિ ટકે, આર્તધ્યાન ન થાય તે રીતે અપવાદમાર્ગે આચરણ કરી શકાય.

રાજસ્થાન વગેરે સ્થાનોમાં એટલી બધી સખત ઠંડી પડતી હોય છે કે એક કામળી અને બે કપડા ઓઢીને પ્રસન્ન રહી શકનારા સાધુ દર સોમાં એક માંડ મળે. આવી પરિસ્થિતિમાં સાધુઓ ધાબડા વાપરે, પશમીનાની કામળી વધારાની રાખી હોય તો એ વાપરે... આ બધું અપવાદમાર્ગ રૂપ ગણી શકાય. હવે ધાબડા તો કંઈ સાધુઓ વિહારમાં ઉંચકી ન શકે, એ તો તે તે સંઘના જ વાપરવા પડે. સંઘમાં ન હોય તો સંઘના શ્રાવકોના ઘરેથી માંગીને વાપરવા પડે... આમાં થોડી ઘણી વિરાધના તો છે જ. કેમકે સંઘમાં સાધુઓ નિમિત્તે એ ધાબડા ખરીદાય, એ રાખવા માટે કબાટાદિની વ્યવસ્થા પણ સંઘ ગોઠવે... છતાં આ બધું જ એક અપવાદમાર્ગ રૂપે સમજી શકાય.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

શિયાળાની ઠંડીના રક્ષણ માટે અત્યારે બે વિકલ્પો પ્રવર્તે છે.

(૧) કેટલાક સાધુઓ ધાબડા વગેરે ન વાપરવા માટે પોતાની પાસે પશમીનાની કામળી રાખે છે અને શિયાળામાં એનો જ ઉપયોગ કરે છે.

(૨) કેટલાક સાધુઓ આ રીતે વધારાની કામળી નથી રાખતા, પરંતુ જ્યારે બે મહીના ઠંડી હોય ત્યારે તે તે સ્થાનમાં ધાબડા વગેરે વાપરી લે છે.

આ બેમાં કયો વિકલ્પ સારો ? ઓછો ખરાબ ? એ વિચારણીય છે.

જેઓ પશનીનાની કામળી રાખીને ધાબડાનો ઉપયોગ છોડે છે. તેઓ ધાબડાના દોષોમાંથી તો બચી જાય પરંતુ

(૧) એ પશમીનાની કામળી જાતે બાર માસ ઉંચકવી ન પડે એ માટે જો એની પોટલી બનાવી ૧૦ માસ કોઈક સ્થાને કાયમ રાખી મુકવાની હોય તો એ દસ મહીના એનું પ્રતિલેખન ન થાય. એ મૂકી રાખવા માટે કબાટાદિનો ઉપયોગ થાય તો એ કબાટનો પરિગ્રહ, એને ખસેડવા સાફ કરવા વગેરેમાં થતી વિરાધના, કબાટને આધારે રહેલા ગિરોળી વગેરે હિંસક જંતુઓ દ્વારા થતી મચ્છરાદિની વિરાધના... આ બધાનો દોષ લાગે...

(૨) વધારાના ઉપકરણો રાખવાથી પાંચમાં મહાવ્રતમાં દોષ લાગે. અપવાદ માર્ગે ઉપકરણો રખાય એ વાત સાચી, પણ અપવાદ માર્ગ તો માત્ર બે માસનો છે. અહીં તો બાકીના દસ માસ પણ એનો પરિગ્રહ અને એની વિરાધનાઓ ઊભી રહે છે. એને અપવાદ ગણાય કે કેમ ? (જેઓ બારે માસ એ કામળીઓ જાતે ઉંચકે છે, તેઓને ઉપરના દોષો ન લાગે.)

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

બીજી બાજુ જેઓ આવી કોઈ કામળીઓ નથી રાખતા, પણ બે માસની ઠંડી દરમ્યાન ધાબડા વગેરેનો ઉપયોગ કરી લે છે, તેઓ પરિગ્રહાદિ દોષોથી તો બચી જાય પણ એમને બીજા કેટલાક દોષો લાગે છે.

(૧) સંઘોમાં ધાબડાઓ મુખ્યત્વે સાધુઓ માટે રખાય છે, એટલે એ સાધુઓ માટે જ ખરીદાયેલા, રક્ષાયેલા હોય છે. એનો વપરાશ કરવામાં એ બધા દોષોની અનુમતિ રૂપ દોષ લાગે. વળી આ બધો પરિગ્રહ સંઘે કર્યો અને એનો ઉપયોગ સાધુએ કર્યો એટલે સાધુએ પરિગ્રહ કર્યો નહિ, કદાચ કરાવ્યો પણ નહિ, પણ પરિગ્રહની અનુમતિ આપવા રૂપ દોષ તો લાગે જ છે.

(૨) બધા જ સંઘોમાં ધાબડાની વ્યવસ્થા નથી હોતી, એટલે જ્યાં ન હોય ત્યાં ગૃહસ્થોના ઘરેથી મંગાવવા વગેરે રૂપ દોષો લાગે. વળી વિહારમાં વચ્ચે વચ્ચેના ગામોમાં - સ્કૂલોમાં તો ધાબડા ન જ મળે, ત્યાં તો નજીકના સંઘના શ્રાવકો પાસેથી ગાડી-સ્કુટર ઉપર ધાબડાઓ મંગાવવા પડે. કદાચ ધાબડાવાળો માણસ જ સાઈકલ સાથે ભેગો રાખવો પડે.

આમ બેય વિકલ્પોમાં ઓછા-વત્તા દોષો તો છે જ. એટલે એ બે વિકલ્પમાંથી કયો વિકલ્પ સારો ?એ બાબતમાં મુંઝવણ થાય એ સ્વાભાવિક છે.

આ પ્રશ્ન એવો છે કે એમાં વ્યક્તિ વ્યક્તિએ ઉત્તર બદલાય પણ ખરો. છતાં સામાન્યથી નીચે મુજબ ઉત્તર યોગ્ય લાગે છે કે

જો સાધુ વધારાની કામળી જાતે જ ઉંચકતો હોય તો એ વિકલ્પ સૌથી વધારે ઉચિત લાગે છે. પણ જો એનું પોટલું

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

બનવાનું હોય, કોઈ ગૃહસ્થના ઘરે મૂકી રાખવાનું હોય તો એ વિકલ્પ યોગ્ય નથી લાગતો. એના બદલે તો બે મહીના ધાબડાના વપરાશમાં ઓછો દોષ લાગે છે. એનું કારણ એ કે

(૧) જો એક વખત આ નાનકડા પોટલાના સંસ્કાર પડવાનું શરું થાય, તો પછી ધીરે ધીરે એ પરિગ્રહ વધતો જ જવાની ઘણી શક્યતા રહેશે. આજે માત્ર પશમીનો, પછી કપડા-ચોલપટ્ટા વગેરેનો પણ પરિગ્રહ શરુ થશે. એટલે આ મમત્વભાવ પોષણ પામે એ બરાબર લાગતું નથી.

(૨) ધાબડાઓ સાધુ માટે જ ખરીદાય છે એવો એકાંત નથી. એમાં ગૃહસ્થો પણ ઉપયોગ કરતા હોય છે. ધારો કે સાધુ માટે જ ખરીદાયા હોય તો પણ એ ધાબડાઓ ૧૦-૨૦ વર્ષ સુધી તો ઉપયોગમાં લઈ શકાય છે. એટલે એકવાર ધાબડો સંઘમાં આવ્યા બાદ મોટી વિરાધના નથી થતી. વળી સાધુનું એમાં કંઈપણ મમત્વ પોષણ નથી. જ્યાં વાપર્યા, ત્યાં જ મૂકીને જતા રહેવાનું.

(૩) અત્યારે લગભગ દરેક સ્થાને આપણા જૈનોના ઉપાશ્રયો હોય છે. અને ત્યાં ધાબડા વગેરે પણ હોય છે. એટલે સ્કુલો વગેરેમાં ઉતરવું પડે અને બાજુના સંઘ પાસેથી વાહનમાં ધાબડાઓ મંગાવવા પડે એવા પ્રસંગ ઓછા બને. હા ! જેઓએ શિથિલતા જ પોષવી છે, એમની વાત જુદી છે. પણ જેઓ સંયમના ખપી છે. તેઓ તો ગાઢ કારણસર જ આ રીતે ધાબડાઓ મંગાવે અને એ રીતે ધાબડાઓ મંગાવવાનો પ્રસંગ બહુ જ ઓછીવાર બને. ઘણીવાર તો સ્કુલ વગેરેમાં ઉતરીએ તો એ જ ગામના ઘરોમાંથી ધાબડાઓ મળી જાય.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આમ આમાં દોષ ઓછો હોવાનું અનુમાન છે.

(આમાં એવું પણ થઈ શકે કે લગભગ સવા વર્ષ ચાલે એવી જ કામળી વાપરવી. શિયાળાના પ્રારંભે નવી કાઢવી. એ વખતી જુની પણ હોય જ, એને વાપરવી અને નવીને બીજી કામળી તરીકે વાપરવી. શિયાળો પૂરો થાય એટલે જુની પરઠવવા જેવી થઈ જ ગઈ હોય એ પરઠવી દેવી, પછી એક નવી જ રાખવાની રહે.)

આમાં એક મત એવો પણ છે કે (૧) ધાબડા દુષ્પ્રતિલેખ્ય છે. (૨) પ્રાયઃ સામાચારીબાહ્ય છે. (૩) ધાબડાનો કાપ ગૃહસ્થો કાઢવાના. કામળીનો કાપ તો સાધુઓ જ કાઢશે. (૪) ધાબડાનો કાપ જલ્દી ન નીકળવાથી નિગોદાદિની વિરાધના સંભવિત છે. જ્યારે કામળીનો કાપ સાધુ કાઢી લે એટલે નિગોદાદિ સંભવિત નથી. (૫) ધાબડાદિ માટે દરેક સંઘમાં કબાટ વગેરે રખાશે, એની વિરાધના વધશે. માટે ધાબડામાં વધુ દોષ છે... આ બે મત છે. ગીતાર્થ બહુશ્રુતો જે કહે તે પ્રમાણ !

**(૮૮) यद्यसौ संज्ञी संविग्नभावितस्ततः प्रविशन्ति, अथ तु पार्श्वस्थादिभावितस्ततो न प्रविशन्ति**

**—ઓઘનિર્યુક્તિ-૨૧૧**

જો શ્રાવક સંવિગ્નસાધુઓના પરિચય વડે ભાવિત થયેલો હોય તો એના ઘરમાં ગોચરી વહોરવા જવું. પણ જો શ્રાવક પાસત્થા વગેરે વડે ભાવિત હોય તો પછી તેના ઘરે ગોચરી વહોરવા ન જવું.

સંવિગ્ન સાધુઓએ શ્રાવકને સમજાવ્યું જ હોય કે "નિર્દોષ ગોચરી વહોરાવવામાં જ વધુ લાભ છે. હા ! કારણસર

દોષિત વહોરાવાય. પણ ભક્તિના ઓઠા નીચે દોષિત ગોચરી ન વહોરાવાય. પરિણત શ્રાવકો માટે આ ઉચિત નથી..." આ બધી પાકી સમજણ મળી હોવાથી સંવિગ્ન સાધુ વડે ભાવિત થયેલા શ્રાવકો નિર્દોષ ગોચરી વહોરાવવાના સંસ્કારવાળા હોય, એટલે એમના ઘરમાં દોષ લાગી જવાની શક્યતા નહિવત્ હોવાથી ત્યાં વહોરવા જવાય.

હવે જે શ્રાવકો પાસત્થાદિ શિથિલોના ભક્તો હોય, એમના પરિચયથી સંસ્કારિત થયેલા હોય તેઓ તો દોષિત ગોચરી વહોરાવવાના સંસ્કારવાળા જ હોવાના. કેમકે શિથિલો તો એમની પાસે દોષિત ગોચરી કરાવી કરાવીને વહોરતા હોય અને પોતાની શિથિલતા પોષવા માટે શાસ્ત્રનો શુદ્ધ પદાર્થ બતાવતા પણ ન હોય. એટલે એ શ્રાવકો એવા જ દોષિત વહોરાવવાના સંસ્કારવાળા હોય એટલે એમના ઘરે વહોરવા જઈએ તો તેઓ ગરબડ કરી દે એવી શક્યતા છે. માટે એમના ઘરે વહોરવા જવું નહિ.

શાસ્ત્રો એમ નથી કહેતા કે, "ત્યાં વહોરવા જવું અને દોષિત ન વહોરવું. નિર્દોષ જ વહોરવું." પણ એમ કહે છે કે "ત્યાં ગોચરી વહોરવા જ ન જવું." કેમકે એ શિથિલોથી ભાવિત શ્રાવકો ગમે તે રીતે દોષ લગાડી દે એ શક્યતા ઘણી બધી વધારે છે. એટલે આ દોષ લાગવાની શક્યતા જ ન રહે એ માટે ત્યાં જવાનો જ નિષેધ કર્યો છે.

અલબત્ત પૂર્વકાળમાં સંવિગ્નો ઘણા હતા, શિથિલો ઓછા હતા એટલે આ બધુ શક્ય બનતું. પણ ઉપદેશ રહસ્યમાં જણાવ્યું છે, તે પ્રમાણે તો આ કાળમાં શિથિલોની બહુલતા છે. વળી દરેકના જીવનમાં નાની-મોટી શિથિલતાઓએ તો પ્રવેશ કર્યો જ છે. એટલે ઉપરની પંક્તિ અનુસારે આચારનું પાલન કરવા માટેનો હક કોનો ? એ તો મોટો પ્રશ્ન છે. છતાં જેઓ

આધાકર્માદિ અવિશોધિકોટિના ત્યાગ માટે સાવધ હોય તેવા સંયમીઓ નિષ્કારણ આધાકર્માદિ વહોરાવવાના સંસ્કારવાળા શ્રાવકોનો ત્યાગ કરે એ શક્ય છે.

હા ! અપવાદ માર્ગની તો વાત જ ન્યારી છે.

(૮૯) अभावे विस्तीर्णाया वसतेः पृथग्-अन्यत्र वसतौ अवस्थानं कुर्वन्ति, तत्र च तेषां को भोजनविधिरित्यत आह रत्नाधिकस्य वसतौ भोजनमागम्य कर्त्तव्यम् – ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૯૮

એક જ ગામમાં એક સરખી સામાચારીવાળા એટલે કે એકજ ગચ્છના બે આચાર્યો ભેગા થાય કે ત્રણ આચાર્યો ભેગા થાય તો તેઓ વિશાળ ઉપાશ્રય-વસતિમાં સાથે જ રહે. બેયની સામાચારી સરખી હોવાથી ગોચરી-પાણી વગેરે બધો જ વ્યવહાર સાથે જ છે. એટલે તેઓ સાથે રહી બધો વ્યવહાર કરે.

પણ બેય ગ્રુપ વિશાળ હોય અને રહેવાની જગ્યા નાની હોવાથી એકજ જગ્યાએ બેય ગ્રુપ સાથે રહી શકે તેમ ન હોય એવી પરિસ્થિતિમાં બેય ગ્રુપો જુદા જુદા ઉપાશ્રયમાં ઉતરે, એટલે મુશ્કેલી ન પડે.

હવે જ્યારે આ રીતે તેઓ જુદા ઉપાશ્રયમાં ઉતરે, ત્યારે બેયનો ગોચરી-પાણી અંગેનો વ્યવહાર કેવી રીતે થાય? એ અંગે અહીં જણાવ્યું છે કે બે ગ્રુપના આચાર્ય ભગવંતોમાં જે આચાર્ય મોટા=રત્નાધિક હોય તે આચાર્ય જે ઉપાશ્રયમાં ઉતર્યા હોય ત્યાં નાના આચાર્ય અને એમના ગ્રુપના સાધુઓ આવે અને પછી બધા સાથે ગોચરી વાપરે.

સામાન્ય રીતે વિચારીએ તો એમ લાગે કે આ રીતે આખુ એક ગ્રુપ પોતાના ઉપાશ્રયમાંથી બીજા ઉપાશ્રયમાં પાત્રાદિ લઈને જાય, વિશાળ માંડલી થવાથી સમય પણ વધારે લાગે. વળી ત્યાં ગોચરી વાપરીને પાછું પોતાના ઉપાશ્રયમાં જાય... આ બધામાં ઘણો બધો સમય જાય. શાસ્ત્રકારો આમ તો સ્વાધ્યાયની હાનિ ન થાય એ માટે પાત્રા પ્રતિલેખનમાં ઉભડગ પગે બેસીને વસ્ત્રોનું પ્રતિલેખન કરવાની મૂળ વિધિમાં અપવાદ મૂકીને બેઠા બેઠા પ્રતિલેખન કરવાની સંમતિ આપે છે કે જેથી ઉઠ-બેઠ કરવામાં જે સમય વધુ લાગતો હોય તે બચે. તો પછી અહીં પણ એજ ગણિત કેમ ન લગાડ્યું ? કે "આ બધામાં સ્વાધ્યાયની હાનિ થાય છે, માટે બેય ગ્રુપો પોતપોતાના સ્થાનમાં જ વાપરી લે, એટલે અવરજવર કરવા વગેરેથી થનારી સ્વાધ્યાયહાનિ અટકે." આ સ્થળે શાસ્ત્રકારોએ સ્વાધ્યાયહાનિને આડકતરી રીતે સ્વીકારી લઈને પણ બેય ગ્રુપોને ભેગા ગોચરી વાપરવાનું ફરમાન કર્યું છે એની પાછળ સ્વાધ્યાય કરતા પણ વધુ મોટા લાભોનું ગણિત હોવું જોઈએ.

એ લાભો નીચે મુજબના સંભવિત છે.

(ક) વિદ્યા વિનયેન શોભતે એ તો આપણે બધા જ જાણીએ છીએ. નાના આચાર્ય અને એમનું ગ્રુપ મોટા આચાર્યના ઉપાશ્રયે જાય, એમની નિશ્રામાં વાપરે, એ વખતે એમનું ઉચિત બહુમાનાદિ કરે... એમાં વિનયનું સેવન પુષ્કળ થાય. વડીલોનું ઔચિત્ય જળવાય... આ રીતે તેઓમાં વિનયાદિ ગુણોનો શ્રેષ્ઠ કોટિનો વિકાસ થાય.

(ખ) નાના આચાર્યના સાધુઓ પણ ગોચરી ગયા હોય, તેઓ પોતાને મળેલી વિશિષ્ટ વસ્તુઓથી મોટા આચાર્યનો અને એમના સાધુઓનો લાભ લઈ શકે. સ્નેહ-વાત્સલ્ય-બહુમાનભાવપૂર્વક એમની ભક્તિ કરી શકે. આ રીતે પરસ્પર

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૩૧૫ ॥

વપરાવવાથી સ્નેહભાવ ખૂબ વૃદ્ધિ પામે. સાધુઓ વચ્ચે નિર્મળ ધર્મરાગ વધતો જ રહે. આ ખૂબ જ વિશિષ્ટ લાભ છે. અહંકારના કારણે, ઈર્ષ્યાના કારણે સાધુઓમાં જે પરસ્પર ટકરામણ થતી હોય છે, એ બધું પરસ્પર વાત્સલ્યભાવ વધવાથી નાશ પામે. એના કારણે શાસનને જે નુકસાનો થવાના હોય તે અટકે.

સાધર્મિક વાત્સલ્ય એ સમ્યગ્દર્શનનો અત્યંત મહત્ત્વનો આચાર છે. સાધુઓ એક બીજા સાથે લાગણીના સંબંધ ધર્મભાવે ધારણ કરનારા બને, એક બીજા માટે ગમે તેવો ભોગ આપવાની પણ તૈયારી ધર્મભાવે રાખે.... એ બધું સમ્યગ્દર્શનની નિર્મળતા કરનાર અત્યંત અગત્યનું કારણ છે.

(ગ) એક ગ્રુપના સાધુઓ બીજા ગ્રુપના સાધુઓ સાથે ગોચરી વાપરે ત્યારે બીજા ગ્રુપના ત્યાગી વૈરાગી સાધુઓનો સંપર્ક-પરિચય થાય. એમના એ ગુણો જોઈને તેઓમાં પણ એ ગુણો ખીલવવાની ભાવના પ્રગટે. અલબત્ત પોતાના ગ્રુપમાં પણ અનેક ગુણવાન સાધુઓ હોય, છતાં "પારકી મા કાન વીંધે" એ ન્યાયે પારકા ગ્રુપના સાધુઓના ગુણોની અસર વધુ થાય. વળી બધામાં ગુણોનો વિકાસ સરખો નથી હોતો. પોતાના ગ્રુપના સાધુઓમાં અમુક ગુણો ન વિકસ્યા હોય કે જે ઈતર ગ્રુપમાં ખૂબ ખીલેલા હોય... તો એ ઈતરગ્રુપ સાથેનો પરિચય અનેક ગુણોની પ્રાપ્તિ કરાવનાર બને.

માટે જ તો અમારા વર્તમાન ગચ્છાધિપતિ પૂજ્યપાદ જયઘોષ સૂરીશ્વરજી મ. સાહેબે એક સ્થળે લખ્યું છે. કે "જ્યારે બીજા ગ્રુપના સાધુઓ મળે, ત્યારે સ્વાધ્યાય ગૌણ કરીને પણ મહાત્માઓ સાથે સંપર્ક-પરિચય કરવો જોઈએ."

આમ બે ગ્રુપો એક જગ્યાએ ભેગા થઈ ગોચરી વાપરે એમાં આ ગુણોનો લાભ થતો હોવાથી, એની સામે થોડી



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

સ્વાધ્યાયહાનિ રૂપી દોષ સાવ અલ્પ બની જતો હોવાથી શાસ્ત્રકાર ભગવંતોએ આવી વ્યવસ્થા ગોઠવી હોય એવું અનુમાન સહજ રીતે કરી શકાય છે.

હા ! આ બધું પરસ્પર સાંભોગિક હોય એવા જ ગ્રુપમાં સમજવું. અસાંભોગિકોમાં તો નુકસાન ઘણું થાય.

**(૯૦) <u>अतोऽपराह्णसमये आगच्छन्ति, येन वास्तव्यानां भिक्षाटनाद्याकुलत्वं न भवति</u> – ઓઘનિર્યુક્તિ-૨૧૨**

જે ગામ-નગરમાં આપણે વિહાર કરીને પહોંચવાના હોઈએ, ત્યાં જો આપણા સાંભોગિક સાધુઓ વિદ્યમાન હોય તો શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે "સાધુઓએ ત્યાં સવારે કે બપોરે ન જવું જોઈએ. પરંતુ છેક સાંજે જ જવું જોઈએ."

આનું કારણ દર્શાવતા તેઓ ફરમાવે છે કે જો આગંતુક સાધુઓ સવારે કે બપોરે પહોંચે તો સ્થાનિક સાધુઓએ એમની સેવા-સરભરા કરવા માટે દોડાદોડ કરવી પડે, અર્થાત્ આગંતુક સાધુઓ માટે પાણી લાવવું-ગોચરી લાવવી... વગેરે કરવામાં જ તેઓએ લીન થઈ જવું પડે. આ બધામાં એમને તો ભક્તિ કરવાનો ઉલ્લાસ હોય પણ આગંતુક સાધુઓની ફરજ છે કે તેઓ સ્થાનિક સાધુઓનો પણ વિચાર કરે. "આપણા નિમિત્તે સ્થાનિકોએ વધુ કામકાજ કરવા પડે, એમના માથે બોજો વધે એવું આપણે નથી કરવું." આવો વિચાર આગન્તુક સાધુઓને આવવો જોઈએ. આ પણ એક પ્રકારનું સાધર્મિકવાત્સલ્ય છે કે આપણા સહવર્તીઓને વધનારા બોજનો વિચાર કરવો.

એટલે આગન્તુકોએ ત્યાં સાંજે પહોંચવું. એનો લાભ એ થાય કે સાંજે તો ગોચરી-પાણી લાવવાના ન હોય એટલે સ્થાનિકોના માથે બોજો-ટેન્શન ન વધે. હા ! બીજા-ત્રીજા દિવસે સ્થાનિક સાધુઓની અનુકૂળતા હોય અને ભક્તિ કરે એ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

જુદી વાત ! પણ એ દિવસે તો એમને કશી મુશ્કેલી ન પડે.

વળી આજે આપણે પણ અનુભવીએ છીએ કે જો વિહાર કરીને સાધુઓ આવેલા હોય તો સ્થાનિક સાધુઓ એમને લગભગ કોઈ કામ ન સોંપે, કામ સોંપવામાં સંકોચ અનુભવે, શરમ અનુભવે... એટલે જાતે ખેંચાઈને પણ પોતે કામ કરે. પણ જો એ સાધુઓ સાંજે આવેલા હોય તો બીજા દિવસે એમને માંડલીના કામ સોંપવામાં સંકોચ થતો નથી.

એમ અહીં પણ સ્થાનિકોને જો અનુકૂળતા ન હોય તો સાંજે આવેલા સાધુઓને બીજા દિને કામ સોંપી શકે. પણ જો તેઓ સવારે કે બપોરે જ આવ્યા હોય તો સ્થાનિક સાધુઓ અનુકૂળતા ન હોય તો પણ શરમથી, બળજબરીથી પણ કામ કરવા પ્રેરાય.

સાધુઓ પ્રત્યે અપાર લાગણી હોય ત્યારે જ એમને આપણા થકી પડનારી મુશ્કેલીમાંથી ઉગારી લેવાની સદ્બુદ્ધિ જાગે. અને ખરેખર આ સાધર્મિકવાત્સલ્ય એવો સુંદરતમ દર્શનાચાર છે કે જો સાચા અર્થમાં એ પ્રત્યેક સંયમીમાં પ્રગટી જાય તો ઈર્ષ્યા-દ્વેષ-નિંદા-ઝઘડા વગેરે ગંભીરદોષો દફનમાં દટાઈ ગયા વિના ન રહે.

આ તો માત્ર ઉપલક્ષણ છે, આના ઉપરથી દરેક સંયમીએ સમજવાનું છે કે "મારા નિમિત્તે કોઈપણ સંયમીને કામ વધવું ન જોઈએ, અને એ બધી કાળજી મારે કરવી જોઈએ. હું મારા પ્રતિલેખનાદિ કાર્યો બીજા સંયમીઓને ભળાવી દઉં કે શેઠ બનીને સંયમીઓને ઓર્ડર કરું, આળસુ બનીને માંડલીના કામ ન કરું કે ઓછા કરુ કે જેમ તેમ કરું... તો આ બધામાં મારા સાધર્મિક સાધુઓએ વધારે કામ કરવું જ પડે છે. એમાં મારુ સમ્યગ્દર્શન મલિન બને, અને જો આ રીતે ધીમે ધીમે સમ્યગ્દર્શન

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ખતમ થશે તો પછી મારી પાસે બચશે શું ? સમ્યક્ત્વ વિનાનો સાધ્વાચાર તો જીવ વિનાનું મડદું જ બની રહેશે. એટલે મારે આટલી તો કાળજી પ્રત્યેક પળે રાખવી જ છે કે મારા નિમિત્તે મારા સાધર્મિકોનું કામ વધી ન જાય."

જો સાધુઓ પરસ્પર એકબીજા માટે આવી કાળજી રાખતા થઈ જશે તો ધરતી ઉપર સ્વર્ગનું અવતરણ થયેલું ગણાશે.

**(૯૧) वास्तव्या अपि किं कुर्वन्ति ? इत्यत आह तेषां प्रविशतामभ्युत्थानादि कुर्वन्ति, दण्डकादीनां ग्रहणं कुर्वन्ति, कथं ? एकेनैव वचनेन उक्ताः सन्तः पात्रकादीन् समर्पयन्ति, वास्तव्येनोक्ते मुञ्चस्वेति ततश्च मुञ्चन्ति, अथ न मुञ्चन्त्येकवचनेन ततो न गृह्यन्ते, मा भूत् प्रमाद इति ।** – ઓઘનિર્યુક્તિ - ૨૧૨

શાસ્ત્રકાર મહર્ષિઓએ નાનામાં નાની બાબતોની પણ કાળજીપૂર્વક નોંધ કરી છે એ આ પંક્તિઓ ઉપરથી સ્પષ્ટ થાય છે.

સાધુઓ વિહાર કરીને આવે તે વખતે સ્થાનિક સાધુઓ=ઉપાશ્રયમાં રહેલા સાધુઓ પોતાની જગ્યાએ જ બેસી રહે એ બિલકુલ ન ચાલે. એમણે આગંતુક સાધુઓને આવતા જોતાની સાથે જ 'પધારો, પધારો' એમ હર્ષપૂર્વક મધુર શબ્દો ઉચ્ચારી તરત જ ઊભા થઈ સામે લેવા જવું જોઈએ. એમના હાથમાંથી દાંડો વગેરે લઈ લેવા જોઈએ. આ એક ટોચકોટિનું ઔચિત્યસેવન છે. પરસ્પર સ્નેહભાવ પ્રગટાવનાર લોકોત્તર વ્યવહાર છે.

એટલે જો ક્યાંક એવું જોવા મળે કે 'સાધુઓ બહારથી આવતા દેખાય તો પણ સ્થાનિક સાધુઓ જગ્યા પરથી ઊભા

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

તો ન જ થાય પણ પધારો... સુધ્ધાં પણ ન બોલે. સ્મિત આપવા જેટલું પણ સૌહાર્દ ન દર્શાવે... "બીજા સાધુઓ છે, એ બધા આગતાસ્વાગતા કરશે." એમ બધા એકબીજા ઉપર ઢોળી દે. કાં તો પોતાના કામમાં જ મસ્ત રહે અથવા તો ભક્તો સાથે ચાલતી મીટીંગમાં જ ગળાબૂડ રહે. તો દિલમાં કેટલું દુઃખ થાય ?

આગંતુકો જાતે પોતાની જગ્યા શોધે, ઉપધિ ઉતારે, ગોચરી-પાણી લેવા જાય અને સ્થાનિકો બધું જોયા કરે એ કેવું ? આમાં સાધર્મિકવાત્સલ્ય નામનો સમ્યક્ત્વનો આચાર એક અંશ માત્ર પણ ક્યાં પળાયો ? અને તો પછી સમ્યક્ત્વની હાજરી માટે પણ શંકા જ કરવી ને ?

રે ! ૨૧૩મી ગાથામાં જ સ્પષ્ટ કહેવાના છે કે સાધુઓ ગોચરી વાપરતા હોય અને બહારથી આવેલા સાધુઓનો નિસીહિ શબ્દ સંભળાય કે તરત જ ગોચરી વાપરનારા સાધુઓ મોઢામાં જે કોળીયો મૂક્યો હોય એ જ તેઓ વાપરે, પણ હાથમાં લીધેલો કોળીયો પાછો પાત્રામાં મૂકી દે, એ ન વાપરે.

હવે જો ગોચરી વાપરી રહેલા-એકાસણાદિવાળા સાધુઓને પણ આગંતુકો હાજર થતા ગોચરી વાપરવાની બંધ કરી દેવાની હોય તો માત્ર પોતાના સ્થાને બેઠેલા કે બીજું-ત્રીજું કામ કરનારા સાધુઓ માટે શાસ્ત્રાજ્ઞા કેવી કડક હોય ? તેઓ જો આ શાસ્ત્રાજ્ઞા ન પાળે તો એમને કેટલો દોષ લાગે ?

મૂળ વાત પર આવીએ.

સ્થાનિક સાધુઓ ઊભા થઈ આગંતુકોના હાથમાંથી દાંડો-ઘડો-ઝોળી વગેરે લેવા માંડે, એ વખતે આગંતુકોની ફરજ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એ છે કે સ્થાનિક સાધુઓ જે પળે કહે કે,"લાવો, ઉપધિ આપી દો." કે તરત જ આગંતુકોએ ઉપધિ આપી દેવી. એમાં ખેંચાખેંચ ન કરવી. આમાં કોઈ દોષ લાગતો નથી, ઉલ્ટું આ શાસ્ત્રાજ્ઞા હોવાથી એનું પાલન કરવા દ્વારા કર્મક્ષયની જ પ્રાપ્તિ થાય છે.

આજે કેટલાક સંયમીઓ એવું કરતા હોય છે કે પોતાની ઉપધિ સ્થાનિક સાધુઓ માંગે તો પણ ન આપે. "હું તો નાનો છું. મારી ઉપધિ-પાત્રા મારે ન અપાય..." એમ બોલે, એ બધું લેવા માટે જો સ્થાનિક સાધુ જીદ કરે તો આ સાધુ દોડાદોડ કરે, ઉપધિ ખેંચીને પકડી રાખે પણ આપે નહિ.

અલબત્ત, આમાં એ મુગ્ધસંયમીનો ભાવ ખરાબ નથી, પણ અવિવેક ચોક્કસ છે. "કુંભાર કરતા ગધાડાઓ વધારે ડાહ્યા થાય" એના જેવું કંઈક આમાં બને છે. જો શાસ્ત્રાજ્ઞા જ સ્પષ્ટ હોય કે "આગંતુકોએ સ્થાનિકોને પોતાની ઉપધિ એમની માંગણી થતાની સાથે જ આપી દેવાની" તો પછી આપણે એમાં બીજા-ત્રીજા વિચાર શા માટે કરવા જોઈએ?

શાસ્ત્રોએ આગંતુક સાધુઓને ઉપર મુજબ આજ્ઞા તો ફરમાવી કે "તમારે તમારી ઉપધિ સ્થાનિકોને આપી દેવી." પણ તે મહાપુરુષો જાણે છે કે "બધા સાધુઓ પરિણત નથી હોતા. કેટલાક સાધુઓ એવા નીકળવાના કે જેઓ આ વાત જાણતા નહિ હોય અને એટલે પછી પોતાની ઉપધિ આપવા- ન આપવામાં ખેંચતાણ કરવાના. કેટલાક વળી આ આજ્ઞા જાણતા થશે તો પણ પોતાના આગ્રહના કારણે પોતાની ઈચ્છા મુજબ જ પ્રવૃત્તિ કરવાના."

એટલે પછી શાસ્ત્રોએ સ્થાનિક સાધુઓને પણ આજ્ઞા ફરમાવી કે "જો પેલા આગંતુક સાધુઓ તમારા એક જ

વચન માત્રથી તમને ઉપધિ ન આપી દે તો તમારે જીદ ન પકડવી. તમારે એની ઉપધિ લેવાનો પ્રયત્ન છોડી દેવો."

આની પાછળ કારણ એ કે જો આગંતુકો ઉપધિ ન આપવા ખેંચાખેંચ કરે અને સ્થાનિકો ઉપધિ લેવા ખેંચાખેંચ કરે તો ક્યારેક એ પાત્રાદિ ઉપધિ છટકીને નીચે પડે તો તૂટી જાય. ક્યારેક ખેંચાખેંચમાં તે તે વસ્ત્રો ફાટી જાય. ક્યારેક શરીરને ઈજા થવાનો પણ પ્રસંગ બને. ઘણીવાર ચશ્માવાળા સાધુના ગળામાંથી ઝોળી-થેલો કાઢવામાં એ ચશ્મા નીકળી જવા-પડી જવા-વાગી જવા વગેરે રૂપ પ્રસંગો બનતા હોય છે.

આવા તો અનેક પ્રકારના પ્રમાદજન્ય દોષોનો સંભવ હોવાથી સ્થાનિકોએ ઉપધિ લેવાની જીદ ન કરવી. હા ! આવા કોઈ નુકસાન ન થાય એ રીતે પુનઃ પુનઃ ઝોળીની યાચના કરવામાં કોઈ વાંધો નથી.

કેવી સુંદર-સુઘડ વ્યવસ્થા !

**(૯૨) ततस्ते प्राघूर्णकाः सङ्क्षेपेणालोचनां प्रयच्छन्ति । ततो भुञ्जते मण्डल्यां । – ઓઘનિર્યુક્તિ-૨૧૩**

પ્રાચીનકાળના સાધુઓમાં મોટાભાગે જિનાજ્ઞાપાલન અણિશુદ્ધ થતું. વાતે વાતે દોષો સેવવાની સુખશીલતા-પ્રમાદ તેઓમાં ન રહેતા. જે સાધુઓ એવું કરતા તેઓને પ્રાયશ્ચિત્ત આપી ઠેકાણે લવાતા. છતાં જો તેઓ ન સુધરે તો 'એક બગડેલી કેરી બધી સારી કેરીઓને ન બગાડે' એ માટે એનું વિસર્જન કરવામાં આવતું.

ટૂંકમાં ગચ્છની વ્યવસ્થા એવી તો સજ્જડ રહેતી કે જેના કારણે સાધુઓ બરાબર મર્યાદામાં રહેતા. માત્ર મોટી

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

બાબતોમાં જ નહિ, પણ નાની બાબતોમાં પણ કડકાઈ રાખવામાં આવતી. ગચ્છનો કોઈ સાધુ જો શિથિલોને ગોચરી આપે કે શિથિલો પાસેથી ગોચરી લે, શિથિલો સાથે વધારે પરિચયાદિ કરે.... તો પણ એને પ્રાયશ્ચિત્ત અપાતું. આવું જો વારંવાર કરે તો એની સાથે બધો જ માંડલી વ્યવહાર બંધ કરવામાં આવતો, જેથી પેલો સ્વચ્છંદી બનતો અટકે અને ગચ્છાચારની મર્યાદામાં રહે.

આજે પણ તે તે ગામોમાં - સમાજમાં એવું જોવા મળે છે કે સમાજનો કોઈ વ્યક્તિ સમાજના નિયમોનો ભંગ કરે, તો એને સમાજ બહાર મૂકી દેવામાં આવે છે. કોઈ એની સાથે કશાં વ્યવહાર ન કરે. ન તો એને કોઈ આમંત્રણ આપે કે ન તો એના આમંત્રણને કોઈ સ્વીકારે. એની સાથે રોટી-બેટી બધા જ વ્યવહારો રદ થાય. સ્વાભાવિક છે કે આ શિક્ષા એને ભારે પડે જ અને એટલે એ સમાજની માફી માંગી, ફરી એ નિયમોનું દઢતાપૂર્વક પાલન કરનારો બને.

એ જ ગણિત ગચ્છમાં પણ લાગુ પડે છે. જો ગચ્છમર્યાદા ન પાળનાર સાથે ગચ્છ બધા જ વ્યવહારો બંધ કરી દે, તો પેલો થાકીને-કંટાળીને છેવટે પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત કરે અને બધી ગચ્છમર્યાદાઓનું પાલન કરવા કટિબદ્ધ બને.

આ વ્યવસ્થા હતી માટે જ બીજી પણ એક વ્યવસ્થા ગોઠવાયેલી કે જ્યારે એક સરખી સામાચારીવાળા સાધુઓ પરસ્પર ભેગા મળે ત્યારે એકબીજાને કહી દે કે "અમે શુદ્ધ છીએ, કોઈ દોષ સેવ્યા નથી." અને એ પછી જ બધા પરસ્પર ગોચરી-પાણી આદિનો વ્યવહાર કરે. જેમ આજે નૂતનદીક્ષિતની ભૂલના કારણે આખી માંડલી દોષવાળી બની હોય અને આખી માંડલીએ આંબિલ ન કર્યું હોય તો એ ગચ્છ નવા ભેગા મળનારા ગ્રુપને સ્પષ્ટ જણાવી જ દે કે "અમારું ગ્રુપ દોષિત છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૩૨૩ ॥

એટલે અમારા ગોચરી-પાણી જો તમે વાપરશો, તો તમે પણ દોષિત બનશો..." અને એ પછી બંને ગ્રુપો એકજ સમુદાયના હોવા છતાં પણ ગોચરી પાણી જુદા જુદા કરે. એ જ પ્રમાણે શિથિલો સાથે ગોચરી વ્યવહારાદિ કરી ચૂકેલાઓ દોષિત ગણાતા, એમની સાથે શુદ્ધ સાધુઓ ગોચરી વગેરે ન કરી શકે. જો કરે તો એ પણ દોષિત બને.

આ કારણસર જ્યારે બે ગ્રુપો ભેગા થાય ત્યારે બેય જણે પરસ્પર ખુલાસો કરવો પડે કે "અમે કોઈ દોષવાળા બન્યા નથી."એ પછી બે વચ્ચે ગોચરી વગેરે વ્યવહાર થાય.

અહીં તો આગન્તુક સાધુઓ જ આલોચના કરે છે, સ્થાનિકો નહિ. એનું કારણ એ કે સ્થાનિકો અહીં સ્થિર હોવાથી એમને કોઈ દોષોનો ઉત્પાદ થવાનો પ્રસંગ પ્રાયઃ ન બન્યો હોય. જ્યારે આગન્તુકો વિહાર કરીને આવેલા હોવાથી રસ્તામાં શિથિલો મળવાદિ પ્રસંગોની શક્યતા હોય એટલે તેઓએ ત્યારે આલોચના કરવી પડે. અહીં ગોચરીનો ટાઈમ થઈ ગયો હોવાથી સંક્ષેપમાં જ આલોચના કરે કે "અમે નિર્દોષ છીએ, તમે દોષિત બનો, એ રીતના કોઈપણ દોષ અમે સેવ્યા નથી."

હા ! જો ગોચરી ટાઈમ ન થયો હોય, તો તેઓ વિહાર શરૂ કર્યો ત્યારથી માંડીને બનેલા બધા પ્રસંગો દર્શાવત. એમાં ખ્યાલ આવી જાય કે "આ નિર્દોષ છે." જો ખરેખર આગંતુકોએ દોષો સેવ્યા હોય, તો તેઓ આલોચનામાં દોષો કહે કે "અમે શિથિલો સાથે ગોચરી વગેરે વ્યવહાર કર્યો છે..." એ વખતે પછી ગીતાર્થો જેમ ઉચિત લાગે તેમ નિર્ણય કરે. પ્રાયશ્ચિત્ત આપીને સાથે ગોચરી વાપરવી ? કે પછી પ્રાયશ્ચિત્ત વહન ન થાય ત્યાં સુધી ગોચરી-પાણી વ્યવહાર ન કરવો ?... વગેરે બધું જ ગીતાર્થો નક્કી કરે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

મોટા ભાગે તો જેમ નૂતનદીક્ષિતની ભૂલથી દોષિત બનેલ માંડલી આંબિલ ન કરી લે ત્યાં સુધી એની સાથે ગોચરી-પાણી નથી થતા, એમ શિથિલો સાથે ગોચરી વગેરે દોષથી દૂષિત બનેલું ગ્રુપ પ્રાયશ્ચિત્ત વહન ન કરી લે ત્યાં સુધી એમની સાથે ગોચરી વ્યવહાર ન થાય એ સંભવિત છે.

આ બધી પ્રાચીનકાળની વ્યવસ્થા હતી. અત્યારે તો આવી કોઈ વ્યવસ્થા દેખાતી નથી. ગીતાર્થ ગુરુજનો જેમ કહે એ પ્રમાણે બધાએ કરવું.

પણ એ તો નક્કી કે એ પ્રાચીન વ્યવસ્થા ગચ્છમાં દોષો પ્રવેશી ન જાય, નાના નાના દોષો માટે પણ પ્રત્યેક સાધુ સજાગ રહે અને લોકોત્તર જિનશાસનનું સરકારીતંત્ર બરાબર ચાલે એ માટેની ઉત્તમ કોટિની વ્યવસ્થા હતી. એનો એકમાત્ર ઉદ્દેશ ગચ્છને દોષોથી બચાવવાનો, સદા માટે ગચ્છને દોષથી બચવા માટે જાગરૂક રાખવાનો હતો.

**(૯૩) <u>त्रीणि दिनानि प्राघूर्णकं सर्वेषां असति बालवृद्धानां कर्त्तव्यम्</u> – ઓઘનિર્યુક્તિ-૨૧૩**

સ્થાનિક સાધુઓએ મહેમાન સાધુઓની મહેમાનગીરી ત્રણ દિવસ કરવી. ત્રણ દિવસ એ તમામે તમામ મહેમાન સાધુઓને કોઈપણ કામ ન કરવા દેવું. પાણી લાવવું-ગોચરી લાવવી-પ્રતિલેખનાદિ કરવા કાજો-લુણા કાઢવા વગેરે તમામ પ્રકારની ભક્તિ તમામ સ્થાનિક સાધુઓ ભેગા મળીને કરે. જો સ્થાનિક સાધુઓમાં અમુક સાધુઓ શક્તિ હોવા છતાં ઉત્સાહ ન બતાવે, ભક્તિ કરવામાં ગલ્લા તલ્લા કરે. તો બાકીના ઉત્સાહી સાધુઓ પણ પહોંચી ન શકવાથી તેઓ ઈચ્છા હોય તો પણ ભક્તિ કરી ન શકે. એટલે જ સ્થાનિક તમામ સાધુઓએ આ જિનાજ્ઞા સમજી અત્યંત ઉલ્લાસ દાખવવો જોઈએ.

આમ પણ મહાવ્રતધારી આવા મહાત્માઓની સેવા-ભક્તિનો લાભ ક્યારે મળે ? એમાં આળસ કરનારો તો લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવા જેવું કરે છે.

હા ! જો સ્થાનિક સાધુઓ ઓછા હોય, માંદગી વગેરે કારણોસર સંપૂર્ણ ભક્તિ કરવા માટે ખરેખર અસમર્થ હોય, તો પછી મહેમાનોની ભક્તિ ન કરવા છતાં પણ કોઈ દોષ નથી. પણ એ વખતે ભલે બધા મહેમાનોની સંપૂર્ણ ભક્તિ ન કરી શકીએ તોય એમાં જે બાલસાધુઓ-વૃદ્ધો હોય એ બધાની તો ભક્તિ કરવી જ જોઈએ.

એ કરવાની પણ જો શક્તિ ન હોય તો છેવટે એમાં પણ અપવાદ સમજી લેવો.

**(૯૪) विस्तीर्णा क्षुल्लिका प्रमाणयुक्ता वा त्रिविधा वसतिः, यदा प्रथमायां वसतौ स्थानं भवति विस्तीर्णायामित्यर्थः । द्वितीया क्षुल्लिका तस्यां वा स्थानं यदा भवति तदा तत्र तयोर्वसत्यो एत वक्ष्यमाणकाः दोषा भवन्ति । – ઓઘનિર્યુક્તિ-૨૧૮**

ઉપાશ્રય ત્રણ પ્રકારનો હોય. (૧) મોટો (૨) નાનો (૩) માપસર. એમાં ગચ્છના દરેકે દરેક સાધુને (આગળ બતાવશે એ પ્રમાણે) ત્રણ ત્રણ હાથની જગ્યા આપી દઈએ એટલે જે ઉપાશ્રયમાં પછી કોઈ ખાલી જગ્યા-વધારાની જગ્યા બાકી ન રહે એ માપસર ઉપાશ્રય ગણાય.

જ્યાં ગચ્છના દરેકે દરેક સાધુને શાસ્ત્રીય પદ્ધતિ મુજબ ત્રણ-ત્રણ હાથની જગ્યા આપી ન શકાય, જગ્યા ઓછી પડે

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એટલે સંકડાશમાં રહેવું પડે તે ઉપાશ્રય નાનો કહેવાય.

જ્યાં ગચ્છના દરેકે દરેક સાધુને ત્રણ ત્રણ હાથની જગ્યા આપ્યા બાદ પણ ઘણી જગ્યા ખાલી પડી રહે, જ્યાં સંસારીઓ સુઈ શકે એટલી જગ્યા ખાલી પડી રહે એ મોટો ઉપાશ્રય કહેવાય.

આ પંક્તિમાં કહ્યું છે કે મોટો અને નાનો ઉપાશ્રય ઉત્સર્ગમાર્ગે સાધુઓ ન વાપરે કેમકે એમાં ઘણા દોષો લાગે. એ દોષો ટુંકાણમાં આ પ્રમાણે કે જો મોટો ઉપાશ્રય હોય તો ખાલી પડેલી જગ્યામાં ગૃહસ્થો આવીને ઊંઘી જાય એ શક્ય છે. પૂર્વના જમાનામાં તો કંઈ આજની જેમ સંઘની માલિકીના ઉપાશ્રયમાં સાધુઓ રહેતા ન હતા. કેટલીય વાર સર્વસાધારણ જગ્યામાં પણ રહેતા. હવે રાત્રે ગામ-નગરમાં રક્ષણ માટે આંટો મારનારા સિપાઈઓ વગેરે જ્યારે થાકે ત્યારે આવી જગ્યાઓમાં ઊંઘી જાય. એમ ફેરીયાઓ-પરદેશીઓ પણ આવા સ્થાનોમાં ઊંઘે. હવે જો સાધુઓ આ બધાની સામે પ્રતિક્રમણાદિ ક્રિયા કરે, તો આપણા કાઉસ્સગ્ગ-વાંદણા વગેરેની ક્રિયાઓ તો તેઓને આશ્ચર્ય જ ઉત્પન્ન કરાવે. પજુસણમાં પ્રતિક્રમણ કરવા આવનારા છોકરાઓ-યુવાનો પણ જો વાંદણા આપતા પોષાર્થી શ્રાવકોને જોઈને હસતા હોય. મશ્કરી કરતા હોય. "જુઓ, આ તો અધવા બેઠા" એવા કટાક્ષ વચનો બોલતા હોય તો તદ્દન અજૈનો તો આ બધી ક્રિયાઓ જોઈને ઠઠ્ઠા-મશ્કરી કરવાના જ. તેઓ કાં તો પરસ્પર વાતચીત કરી સાધુઓની મશ્કરી કરે કે પછી સ્વયં એ ક્રિયાઓ કરવા દ્વારા ચાળા પાડે... આ બધું જોઈ અપરિપક્વ સાધુઓ ગુસ્સે થાય અને છેવટે ઝઘડા થાય.

એમ તેઓની હાજરીમાં સૂત્રપોરિસી-અર્થપોરિસી કરીએ તો એની પણ ક્રિયાઓ વગેરે જોઈને તેઓ ચાળા પાડે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

તેઓની હાજરીમાં સ્થંડિલ-માત્રુ જવું પણ અઘરું પડે...

આ બધું વર્ણન વાંચવા દ્વારા એ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે

(૧) અજૈનો-અપરિપક્વોની સામે પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરવામાં પણ શાસ્ત્રોએ દોષ જોયો છે.

(૨) અજૈનો સામે સૂત્રો બોલવામાં- અર્થાદિ લેવામાં પણ શાસ્ત્રોએ દોષ થયો છે.

(૩) પૂર્વે કહી ગયા, એ પ્રમાણે આ અજૈનાદિની સામે ગ્રામપ્રવેશાદિ વખતે પણ પ્રમાર્જવાની વિધિ પાળવામાં પણ શાસ્ત્રોએ દોષ જોયો છે.

અજૈનો કે જૈનો પણ જો અપરિપક્વ હોય તો સાધુઓની તે તે ક્રિયાઓ જોઈને જાત-જાતની શંકા-કુશંકાઓ કરે, શાસન પ્રત્યે અસદ્ભાવ થાય એવા પણ વિચારો એમને પ્રગટે. એટલે જ અજૈનોની સામે કોઈપણ ક્રિયા કરતા પૂર્વે ગંભીરતાપૂર્વક વિચાર કરવો જરૂરી બને છે.

આ ખુલાસો કરવા પાછળનું રહસ્ય એ છે કે રાજસ્થાનમાં જૈનવિરોધી અનુપમંડળે ત્યાંની ભોળી પ્રજામાં એવો પ્રચાર કર્યો છે કે "આ જૈન સાધુઓના હાથમાં ઘડા હોય છે અને એના ઉપર દોરો બાંધેલો હોય છે, એના દ્વારા તેઓ વરસાદ બાંધી રાખે છે અને માટે જ રાજસ્થાનમાં વરસાદ પડતો નથી." દુષ્કાળ જેવી પરિસ્થિતિથી કંટાળેલા એ આદિવાસી લોકો આ વાત પર વિશ્વાસ મૂકી જૈનો પ્રત્યે વધુ ને વધુ દ્વેષવાળા બને છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ण मो त्थु णं स म णं स्स भ ग व ओ म हा वी र स्स

મુસલમાનોના ગામમાં સાધુઓ સાંજે સ્કુલમાં ઉતર્યા, ત્યારે સ્કુલમાં રમતા ૫૦ છોકરાઓ કુતુહલથી પાસે આવીને સાધુઓની ક્રિયાઓ જોવા લાગ્યા. એમાં એક છોકરો ધીમા અવાજે બોલ્યો કે "देखो, उनको परेशान मत करना, वरना हमकों चकली बना देंगे" આ શબ્દો સાધુઓ સાંભળી ગયા, વડીલે હસતા હસતા જવાબ આપ્યો કે "हम किसीको चकली नहि बनाते, हां ! जो हमे परेशान करेगा, उसे चकली बना देंगे" (જૂના જમાનાના યતિઓ પાસે આવી જાતજાતની શક્તિઓ હોવાથી આજે પણ મુસલમાનોમાં ઘણાઓ એવું સમજે છે કે જૈન સાધુઓ પાસે મંત્ર તંત્ર વગેરેની શક્તિ જોરદાર છે.)

અલબત્ત તેઓ આ રીતે પણ જૈનસાધુઓથી ગભરાય અને પરેશાન કરતા અટકે તો તો સારું, પણ ક્યારેક આ માન્યતા મોટા અનર્થોનું પણ કારણ બની રહે.

આ બે દૃષ્ટાન્ત દ્વારા બતાવવું એટલું જ છે કે આપણા માટે લોકો જાત-જાતની કલ્પનાઓ કરી બેસતા હોય છે. હવે બધાને તો આપણે સમજાવવા જઈ શકવાના નથી કે બધાને જાતજાતના વિચારો કરતા રોકી શકવાના નથી. પણ આપણે એટલું તો કરી શકીએ કે શક્ય હોય ત્યાં સુધી કોઈપણ એવી વિચિત્ર દેખાતી પ્રવૃત્તિ અજૈનો સામે ન કરવી. દા.ત. સૂર્યોદય બાદ પોણો પ્રહર પસાર થાય એટલે પાત્રાઓનું પ્રતિલેખન કરવાની શાસ્ત્રાજ્ઞાનું પાલન કરવા માટે ઘણા આજ્ઞાપ્રેમી સાધુઓ ચાલુ વિહારમાં પણ સમય થતાની સાથે રસ્તા ઉપર કોઈપણ જગ્યા શોધીને પાત્રાઓનું પ્રતિલેખન કરવા બેસી જાય. એ વખતે ઘણીવાર એવા અનુભવ થાય છે કે આજુબાજુના અજૈનો કુતુહલથી ભેગા થઈ થઈને આપણી એ બધી ક્રિયાઓ નિહાળવા માંડે.

ण मो त्थु णं स म णं स्स भ ग व ओ म हा वी र स्स

હવે પુંજણી વડે પાત્રા પુંજતા હોઈએ અને એ વખતે ૨૫ બોલ બોલવા માટે હોઠ ફફડતા હોય... એ બધું જોઈને એવી શંકા થવાની પાકી શક્યતા છે કે "આ સાધુઓ કંઈક મંત્ર-તંત્ર કરે છે." તેઓ આ બધું શી રીતે સમજે કે "આ તો માત્ર જીવરક્ષા માટેનો આચાર છે. આમાં કોઈ મંત્ર તંત્ર છે જ નહિ." પણ પુંજણીનો આકાર-પાત્રાઓનો લાલ-ભડક રંગ, ફફડતા હોઠો... આ બધું પેલી શંકાને ઊભી કરવા માટેના પુરતા સાધનો છે.

આ બધું જોતા એમ લાગે છે કે જ્યાં કોઈપણ અજૈન જોઈ ન શકે એવી જગ્યાએ જ પાત્રા પ્રતિલેખન કરવા. અને જો રસ્તામાં એવી જગ્યા ન મળે તો છેવટે શાસ્ત્રીય સમયે પાત્રા પ્રતિલેખન કરવાનો આગ્રહ ગૌણ કરીને સમય થયે પોરિસી ભણાવી દીધા બાદ ત્યાં પાત્રાપ્રતિલેખન કરવાને બદલે સ્થાને પહોંચ્યા બાદ પાત્રા પ્રતિલેખન કરવામાં ઓછો દોષ છે. એમાં અજૈનોમાં ઉંધા-ચત્તા વિચારો ઊભા ન થવા દેવા રૂપ ઘણો મોટો લાભ છે.

એમ સંયમીઓ ચાલુ જોગમાં વિહાર કરતા હોય તો સાથે મોરપીંછ પણ હોય અને એ જો વિહારમાં સાથે ઉંચકીને ચાલતા હોય તો એ પણ ઘણી શંકાઓ ઉત્પન્ન કરાવનાર બને. મુલ્લાઓ, ફકીરો આવા મોરપીંછ દ્વારા જ ભૂત ઉતારવાની ક્રિયા વગેરે કરતા હોય છે, એટલે સાધુ પાસે મોરપીંછ જોઈને ઘણાઓ શંકા-કુશંકા કરે.

સાર એટલો જ કે આપણે આ કાળજી ખૂબ રાખવી કે શક્ય હોય ત્યાં સુધી અજૈનોની સામે એવી કોઈ પ્રવૃત્તિ ન કરવી કે જેનાથી તેઓ જાત-જાતનાં વિચારો કરીને, જૈનશાસન માટે ઊંધી સમજણ ધરાવનારા બને.

**(૯૫) कायिकायाः पुरीषस्य च निरोधे ग्लानत्वं भवति । अथ व्युत्सृजन्ति ततश्च सागारिकैर्दृष्टे सति उपघातः**



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

प्रवचनस्य भवति – ઓઘનિર્યુક્તિ-૨૨૨

પૂર્વકાળના સાધુઓ ઉત્સર્ગ માર્ગે શેષકાળના આઠ મહિના સ્થંડિલ-માત્રુ જવા માટે પ્યાલાનો ઉપયોગ ન કરતા, જો શેષકાળમાં પ્યાલાનો ઉપયોગ નિષ્કારણ કરે તો પ્રાયશ્ચિત્તના ભાગીદાર બનતા. તેઓ માત્ર ચોમાસામાં જ પ્યાલાનો ઉપયોગ કરતા. ચોમાસામાં વરસાદ વરસતો હોય અને સ્થંડિલ માત્રુની શંકા થાય તો ચાલુ વરસાદમાં બહાર સ્થંડિલ-માત્રુ જવામાં વિરાધના પણ ચિક્કાર થાય. લોકોમાં પણ અનુચિત દેખાય, નિષ્ઠુરતા ઘર કરી જાય... એટલે એ વખતે પ્યાલાનો ઉપયોગ કરીને ઓછી વિરાધનાદિમાં કાર્ય પતાવતા. ચોમાસામાં જ ઉત્સર્ગમાર્ગે પ્યાલા વાપરવાના હતા, માટે જ તો ચોમાસાની શરુઆતમાં સાધુઓ માટે આ આચાર દર્શાવવામાં આવ્યો છે કે "સાધુઓએ ચોમાસાના આરંભમાં જ સ્થંડિલ-માત્રાદિ માટેના પ્યાલા લઈ રાખવા."

એટલે પ્રથમ તો આ પદાર્થ ધ્યાનમાં રાખવો કે શેષકાળમાં પ્રાચીન સંયમીઓમાં પ્યાલાનો વપરાશ લગભગ ન હતો, સ્થંડિલ માત્રુ સીધા જ જવાનું હતું.

હવે ઉપરની પંક્તિનો અર્થ જોઈએ.

જો ગૃહસ્થોની હાજરીવાળા સ્થાનમાં ઉતર્યા હોઈએ અને એટલે સંયમીઓ જો સીધા માત્રુ-સ્થંડિલ ગૃહસ્થોની હાજરીના કારણે ન જઈ શકે અને એ માત્રુ કે સ્થંડિલને રોકી રાખે તો માંદગી ઉત્પન્ન થાય. અને જો રોકવાને બદલે એમની નજર પડતી હોવા છતાં સ્થંડિલ માત્રુ જાય તો જિનશાસનની અપભ્રાજના થાય. માટે ગૃહસ્થોથી સંસક્ત ઉપાશ્રયમાં ન રહેવું અને માટે

મોટા ઉપાશ્રયમાં ન રહેવું.

અહીં શાસ્ત્રકારો એમ ફરમાવી રહ્યા છે કે જો સાધુ direct માત્રુ કે સ્થંડિલ ગયો અને ગૃહસ્થ જુએ તો એમાં શાસનની હીલના થાય. અર્થાત્ એ જોનારાઓ એમ વિચારે કે "જૈનસાધુઓ ગંદા છે... જિનશાસનમાં કોઈ મર્યાદા જ નથી કે ગમે ત્યાં બેસી જાય છે." અને શાસન પ્રત્યે અસદ્ભાવ પામે.

સ્વાભાવિક રીતે આપણો એક અનુભવ છે કે જે આપણે કરતા હોઈએ, એ જો બીજામાં હોય તો એ અજુગતું ન લાગે, સાહજિક લાગે. જે આપણામાં ન હોય અને બીજામાં હોય તેમાં આપણને ચોક્કસ અજુગતું લાગે. એ જો દોષરૂપ હોય તો નિંદા કરવાનું મન પણ થાય અને પ્રવૃત્તિ પણ થાય.

આપણી ગોચરી માંડલીમાં આધાકર્મી બિલકુલ ન આવતું હોય તો બીજાની ગોચરી માંડલીમાં આધાકર્મીનું આગમન જોઈને એમના પ્રત્યે દુગંછા થશે પણ આપણી ગોચરીમાંડલીમાં મીષ્ટાન્નાદિ ચિક્કાર આવતું હોય તો બીજાની માંડલીમાં એ બધું જોવા છતાં અસદ્ભાવ નહિ પ્રગટે.

આપણા ગ્રુપમાં સાધ્વીપરિચય નહિ હોય તો બીજા ગ્રુપમાં સાધ્વીપરિચય જોઈને અરુચિ થશે, પણ આપણા ગ્રુપમાં ભક્તપરિચય ચિક્કાર હશે તો બીજા ગ્રુપમાં દેખાતો ભક્તપરિચય ખરાબ નહિ લાગે.

હવે એ કાળમાં તો ગૃહસ્થો પણ સ્થંડિલ-માત્રુ બહાર જ જતા હતા, અને બધા જ જાણતા જ હોય કે "આ તો પ્રત્યેક

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

માનવની પ્રકૃતિ છે.'' એટલે એમાં ખરેખર તો કોઈપણ પ્રકારનો અસદ્ભાવ થવાનો પ્રસંગ ન થાય. છતાં અહીં શાસ્ત્રકારોએ તો સ્પષ્ટ જણાવ્યું છે કે સાધુઓને સીધા સ્થંડિલ માત્રા માટે બેઠેલા જોઈને ગૃહસ્થોમાં શાસનની હીલના થાય.'' (એના કારણો ઘણા હોઈ શકે સાધુઓ ગૃહસ્થો કરતા એકદમ જુદા જ તરી આવતા હોવાથી એમની આ બધી પ્રવૃત્તિની પણ ખરાબ અસર થાય અથવા સ્થંડિલ-માત્રામાં ઓછું પાણી વાપરવું... વગેરે સામાચારીઓ પણ એ હીલનામાં નિમિત્ત બને... પણ અત્યારે એની વિચારણા નથી કરવાની.)

તો જો સંયમીઓની સીધા સ્થંડિલ-માત્રુ જવા રૂપ સાહજિક પ્રવૃત્તિ પણ ગૃહસ્થોમાં શાસન હીલનાનું કારણ બનતી હોય, તો હવે આપણે જ વિચારીએ કે તે જમાનામાં પણ શું ગૃહસ્થો ટબલા-પ્યાલામાં માત્રુ કરીને બહાર નાંખવાની ક્રિયા કરતા હતા ? શું કોઈ ગૃહસ્થો ટબલા-પ્યાલામાં સ્થંડિલ જઈને બહાર પરઠવીને એ પ્યાલાઓ ધોવા વગેરે રૂપી ક્રિયાઓ કરતા હતા ? શું કોઈ ગૃહસ્થો એક જ પ્યાલામાં ચાર પાંચના માત્રુ ભેગા કરીને એક સાથે એને પરઠવવા જતા હતા ?

આજે હોસ્પીટલોમાં જોઈએ છીએ કે જે માંદો માણસ ઝાડો-પેશાબ કરવા માટે ઊભો થઈ શકે તેમ ન હોય, તેને ટબમાં ઝાડો-પેશાબ કરાવવામાં આવે છે, પણ મોટા ભાગે આ બધું કામ કોઈ સ્વજનો કરવા તૈયાર હોતા નથી. પૈસા ચૂકવીને આ બધું કામ નર્સો કે નોકરો પાસે કરાવાય છે. અને એ બિચારા પણ માત્ર પૈસા ખાતર મોઢું મચકોડીને આ ઝાડા-પેશાબના ટબ પરઠવવાના કાર્ય કરે છે.

એટલે પ્યાલામાં માત્રુ-સ્થંડિલ કરવું અને એ પરઠવવું અને પછી પ્યાલા હાથ વડે ચોક્ખા કરવા... વગેરે પ્રવૃત્તિઓ

ગૃહસ્થોમાં બિલકુલ અપ્રચલિત છે, અત્યંત દુગંછનીય છે, ખૂબ તિરસ્કાર્ય છે.

હવે આપણે જ શાંતચિત્તે વિચારીએ કે સીધા સ્થંડિલ-માત્રુ જવા રૂપ જે પ્રક્રિયા ગૃહસ્થો રોજ કરે છે, એવી પ્રક્રિયા પણ એમની સામે કરવામાં જો શાસનહીલનાનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તો પ્યાલામાં સ્થંડિલ-માત્રુ કરવા -પરઠવવા રૂપી જે પ્રક્રિયા ગૃહસ્થો કદી કરતા નથી, એને અત્યંત તુચ્છકારે છે, એ પ્રક્રિયા 'ગૃહસ્થોની નજર પડે' એ રીતે કરવામાં શાસનહીલનાનો પ્રશ્ન નડે ખરો કે નહિ ?

આજે તો ઢગલાબંધ વખત આવા પ્રસંગો બને જ છે કે સંયમીઓ ગૃહસ્થોની નજર સામેથી જ માત્રુ ભરેલો પ્યાલો (ક્યારેક બંધ તો ક્યારેક ખુલ્લો) પરઠવવા લઈ જાય અને બધા ગૃહસ્થો જુએ અને બધા આ જાણે જ છે કે "આ સંયમીઓ શું પરઠવવા લઈ જાય છે." રે ! મુગ્ધ સંયમીઓ તો રસ્તા ઉપર આજુબાજુ જૈન-અજૈન ગૃહસ્થો ઊભા હોય તોય બિલકુલ નિર્ભય (!) બની રસ્તાની સામેની બાજુ માત્રુ પરઠવી આવે... બધા ગૃહસ્થો જુએ. બધું સમજે પણ કોણ બોલે ?

એમ સંયમી સ્થંડિલના વાડા વગેરેમાંથી પ્યાલો લઈને નીકળે તો પણ એ જોઈને ગૃહસ્થો સમજી જાય કે "આ સંયમીના હાથમાં શું છે ?"

રે ! હવે તો આ વિચિત્રાચારનો પ્રચાર એવો થયો છે કે તે તે સ્થાનોમાં ઉપાશ્રયની આજુ બાજુની દુકાનોવાળા, પાનના ગલ્લાવાળા, શાકભાજી વગેરેની લારીઓવાળા, ઉપાશ્રયના નોકરો પણ મશ્કરીમાં અંદરોઅંદર બોલે કે "જો, પેલા ઘુ લઈ જાય છે..."

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

જિનશાસનની આવી હીલના થવામાં નિમિત્ત બનનાર સંયમી કેટલું ઘોર પાપ બાંધે ?

અષ્ટક પ્રકરણકાર શ્રી હરિભદ્રસૂરિજી તો કહે છે કે यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्तते स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्रणिनां ध्रूवं बध्नात्यपि तदेवालम्..." જે આત્મા અજાણતા પણ શાસનની મલિનતા કરવામાં નિમિત્ત બને, તે બીજા જીવોને મિથ્યાત્વબંધનું કારણ બનતો હોવાથી પોતે પણ તે જ મિથ્યાત્વ કર્મને વધુ ગાઢ રીતે બાંધે છે.

આ છે શાસનહીલનાનું ફળ !

સ્થંડિલ-માત્રુ પરઠવવાની કહેવાતી શુભ ક્રિયાનું ફળ સંયમી શું પામ્યો ? સાધુતા તો ગઈ, સમ્યક્ત્વ પણ ગયું. ગાઢ મિથ્યાત્વ માથે ઝીંકાણું. હવે ગમે એટલો તપ કરીએ, જપ કરીએ, સ્વાધ્યાય કરીએ પણ એનો ફાયદો શો ? ગાઢ મિથ્યાત્વ પામી ગયા બાદ આ બધું શું સફળ બનવાનું છે ?

આપણી નાદાનિયત-અણસમજ-અપરિપક્વતા-મુગ્ધતાના કારણે આપણી જાતને જ કેટલું મોટું નુકસાન પહોંચાડી બેસીએ છીએ આપણે !

જો પ્યાલામાં જઈને માત્રુ-સ્થંડિલ પરઠવવા જ હોય તો એટલી કાળજી અવશ્ય રાખવી જ પડે કે કોઈપણ ગૃહસ્થ આ વાત જાણે નહિ કે જુએ નહિ કે "સંયમીઓ આવી રીતે પ્યાલામાં સ્થંડિલ-માત્રુ પરઠવે છે." પણ જો એ જોઈ જ જાય એવી શક્યતા હોય તો પ્યાલાનો ઉપયોગ બંધ કરી જ્યાં કોઈ ન જુએ-જાણે, તેવી જગ્યાએ સ્થંડિલ-માત્રુ સીધા જ જઈ આવવું પડે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

અપવાદ માર્ગે તો કોઈ ગૃહસ્થોની નજર પડતી હોય તેવા સ્થાનમાં પણ છેલ્લે direct સ્થંડિલ-માત્રુ જવાની સંમતિ આપી છે. પણ એના કરતા પ્યાલામાં પરઠવવું... વધુ ભયંકર દોષવાળું જણાય છે.

પ્રાચીનકાળમાં તો માત્ર સાધુઓ નહિ, ખુદ આચાર્યદેવ પણ શેષકાળમાં પ્યાલાનો ઉપયોગ ન કરતા. જુઓ. અંગારમર્દક આચાર્યના દૃષ્ટાન્તમાં આપણે સાંભળ્યું છે કે તે રાત્રે માત્રુ કરવા ગયા અને માત્રુ કરવા જવાના રસ્તામાં કોલસાના કિચૂડ કિચૂડ અવાજ થયા અને એ બોલ્યા કે "મરો, મરો મહાવીરના જીવડાઓ !"

અહીં જો એ પ્યાલામાં જ માત્રુ જતા હોત અને શિષ્યો એ પરઠવી આવતા હોત તો ઉપરનો પ્રસંગ બનત જ શી રીતે ? એ તો ૫૦૦ સાધુના ગુરુ હતા. આપણે જો અત્યારે આપણા ગુરુને અડધી રાતે પણ માત્રુ પરઠવવા જવા દેતા નથી, જાતે જ ઉઠીને જઈએ છીએ, તો એ ૫૦૦ સુવિહિત શ્રમણો શું એમને માત્રુ કરવા જવા દે ?

કેટલાકો એમ કહે છે કે "સ્થાનિક આચાર્યે ૫૦૦ સાધુઓને કહેલું કે - તમારે આજે રાત્રે તમારા ગુરુનું માત્રુ પરઠવવા ન જવું. એમને જાતે જવા દેવા. એટલે એમની પરીક્ષા થઈ જાય." પણ આ વાત બરાબર નથી. આવો ક્યાંક ઉલ્લેખ હોય તો આ વાત મનાય. ઉલ્લેખ તો એવો આવે છે કે સ્થાનિક આચાર્યે પોતાના જ શિષ્યોને કહ્યું કે "તમે ત્યાં રાત્રે જાગતા રહેજો. અને આચાર્યની પરીક્ષા કરજો." એ વખતે અંગારમર્દકાચાર્યના બીજા શિષ્યો પણ માત્રુ કરવા ગયા, તેઓના પગ નીચે પણ કિચૂડ-કિચૂડ અવાજ આવ્યો. તેઓ પણ સમજ્યા કે "કોઈ જીવ મરી ગયો લાગે છે" એટલે તેઓએ એ જગ્યાએ નિશાની કરી રાખી કે જેથી સવારે પ્રકાશમાં જોઈને પાકો નિર્ણય કર્યા બાદ આલોચના-પ્રાયશ્ચિત્ત કરી શકાય.

તેઓના આવા કોમળ વર્તનથી જ સ્થાનિક સાધુઓએ નિર્ણય કર્યો કે "મહેમાન આચાર્યના ૫૦૦ મહેમાન સાધુ-શિષ્યો તો સારા છે." જ્યારે અંગારમર્દકાચાર્યના નિષ્ઠુર વર્તન ઉપરથી તેમની અભવ્યતાનો નિર્ણય કર્યો.

આ ઉલ્લેખ એમ સૂચવે છે કે અંગારમર્દકાચાર્યના ૫૦૦ સાધુઓ તો આ બધી બાબતોથી અજાણ હતા. એટલે તેઓ હાથે કરીને માત્રુ પરઠવવા ન જાય... વગેરે બાબતો શક્ય નથી. એટલે જ એ વાસ્તવિકતા છે કે પ્રાચીનકાળમાં શેષકાળમાં આચાર્ય ભગવંતો પણ પ્યાલા વિના સીધા જ સ્થંડિલ માત્રુ જતા.

અલબત્ત અત્યારે ઘણા કારણોસર અપવાદ માર્ગે આચાર્ય ભગવંતો ઉપરાંત તમામ સાધુઓ પણ પ્યાલાનો ઉપયોગ કરે છે અને એ યોગ્ય છે, પણ એ બધામાં શાસનહીલના ન થવા દેવાની કાળજી રાખવી એ પ્રત્યેક સંયમીની અત્યંત મહત્ત્વની ફરજ છે.

(વર્તમાનકાળમાં નિર્દોષભૂમિ નથી મળતી. માટે ઠલ્લે પરઠવવા જવાય છે ? કે નિર્દોષભૂમિ દૂર હોવાથી ત્યાં જવાના કંટાળાને લીધે પ્યાલામાં જઈને નજીકમાં પરઠવાય છે ? એ પ્રશ્ન છે.

જો બીજો વિકલ્પ હોય તો એ સારો નથી. ભૂમિ દૂર હોય તો પણ શક્તિ ફોરવીને સીધા ત્યાં જ જવું. પ્યાલાદિનો ઉપયોગ ન જ કરવો.

જો પ્યાલામાં જઈ પરઠવવા જવું પડે તો (૧) અંધારામાં, ટ્રાફિક વિનાના રસ્તે, અવરજવર વિનાના રસ્તે જઈને પરઠવવું. (૨) પ્યાલો ઝોળીયામાં લઈ જવો, હાથમાં નહિ. (૩) પરઠવતા કે પરઠવ્યા બાદ કોઈને ખબર ન પડે એવા

એકાંતમાં પરઠવવું. (૪) ગામ બહાર કે જ્યાં લોકો ઠલ્લે આવતા જતા હોય એવી જગ્યાએ પરઠવવું. ગમે ત્યાં નહિ. આમ થાય તો શાસનહીલના + વિરાધના બેયથી બચી જવાય.)

**(૯૬) स हि रात्रौ कायिकाद्यर्थमुत्थितः सन्नवनतः प्रमार्जयन्निर्गच्छति, ततस्तमवनतकायं दृष्ट्वा स्तेन इति मत्वा आहन्यात्कश्चित्** — ઓઘનિર્યુક્તિ-૨૨૪

પ્રાચીનકાળના સાધુઓ દંડાસન રાખતા ન હતા, રાત્રે જ્યારે માત્રુ વગેરે કરવા માટે જવું પડે ત્યારે ઓઘાથી જ પુંજતા પુંજતા ઉપાશ્રયના બારણા સુધી જતા. પણ ઉપાશ્રયની બહાર નીકળ્યા બાદ પુંજતા પુંજતા ન જતા. કેમકે એ રીતે જો પુંજવું હોય તો એમણે નમવું પડે અને આ રીતે નમી નમીને જતા એમને જો બહાર રહેલા કોઈ પણ જુએ તો ચોર જ સમજી બેસે અને એમને મારે-પકડે.

આવું ન બને એ માટે જ ઉપાશ્રયની બહાર ખુલ્લામાં નીચે પૂંજીને જવાનો નિષેધ હતો. ઉપાશ્રયમાં તો કોઈ ન હોય એટલે નીચે પૂંજી પૂંજીને જવામાં વાંધો ન આવે.

અહીં તો એ વાત કરી છે કે જો ઉપાશ્રય મોટો હોય અને એટલે ગૃહસ્થો પણ એમાં આવીને ઊંઘેલા હોય તો સાધુ ઉપાશ્રયના બારણા સુધી પૂંજતો પૂંજતો જાય, એમાંય ગરબડ થાય. એ અંદર રહેલા ગૃહસ્થો તો એને ચોર માની મારવા મંડે. તે વખતે અંધારું રહેતું એટલે સ્પષ્ટ તો ખબર પડે જ નહિ કે "કોણ છે ?

ઉપરના પાઠ ઉપરથી એટલું તો કહી શકાય કે તે સાધુઓ વ્યક્તિગત દંડાસન રાખતા ન હતા. કેમકે જો દંડાસન રાખતા હોત તો આ રીતે નમી-નમીને જવું ન પડે. એ તો ઓઘાથી પુંજતા પુંજતા જવું હોય તો જ નમી નમીને જવું પડે. વર્તમાનમાં સુવિહિતગીતાર્થપરંપરા પ્રમાણે બધાએ અવશ્ય દંડાસન રાખવા જ જોઈએ, અન્યથા પ્રાયશ્ચિત્ત આવે.

**(૯૭) अथ कदाचित्स्त्री स्पृष्टा ततः सा शङ्कते, यदुतायं मम समीपे आगच्छति, ततः सा कथयति भर्तुः ।**

**– ઓઘનિર્યુક્તિ-૨૨૪**

એકવાર એક પંન્યાસજી ભગવંત ૭-૮ શિષ્યો સાથે વિહાર કરતા મીયાંગામ-કરજણ પાસે રહેલા અણસ્તુ તીર્થથી ૧૩ કિ.મી. દૂરના સરસવણી ગામમાં સાંજે પહોંચ્યા, ઉતરવા માટે ઉપાશ્રય ન હોવાથી છેવટે ગામની અંદર પંચાયત ભવનના એક હોલમાં સાધુઓ ઉતર્યા. એ હોલ એકબાજુ ખુલ્લો હતો, ત્યાં માત્ર જાળી નાંખેલી હતી. હોલની ચારે બાજુ મોટી ખુલ્લી જગ્યા રાખવામાં આવેલી અને એ પછી ચારે બાજુ ભીંત હતી. ભીતમાં જ મુખ્ય દરવાજો લોખંડનો રાખવામાં આવેલો. એમાંથી બધા અવરજવર કરતા.

સાધુઓ તો પ્રતિક્રમણ બાદ સંથારી ગયા પણ ત્યારે ગામના થાકેલા પાકેલા, ઘર બાર વિનાના મજુર-મજુરણો અંદર આવી હોલની બહારની ખુલ્લી જગ્યામાં સુઈ ગયા. આ એમનો રોજીંદો ક્રમ હતો. રાત્રે સાડા ત્રણ વાગે પંન્યાસજી માત્રુ ગયા અને એક શિષ્ય પ્યાલો લઈ છેક કમ્પાઉંડની બહાર પરઠવવા ગયો. પરઠવીને જ્યારે પાછો આવ્યો ત્યારે ભૂલથી તેનો પગ ત્યાં ઊંઘેલી કોઈક મજુરણ સ્ત્રીને લાગી ગયો, એ ઉઠી ગઈ. એ કંઈક જુદુ જ સમજી. એજ પળે એના પતિને ઉઠાડ્યો

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૩૩૯ ॥

અને પતિ તો ચીસો પાડતો મારવા દોડ્યો... આ બધી ધાંધલ ધમાલમાં બે ડોળાવાળા ઉઠી ગયા, એ તરત પેલા માણસની સામે આવ્યા. બે મિનિટમાં તો બધા જાગી ગયા. એ બાઈ અને એના પતિએ આરોપ મુક્યો કે "મહારાજ ખરાબ કામ કરવા ગયા હતા..." છેવટે સાધુઓએ બધી હકીકત માંડ માંડ સમજાવી તાત્કાલિક ત્યાંથી વિહાર કર્યો.

ઉપરની પંક્તિમાં આવી જ બાબત લખી છે કે સ્ત્રીસંસક્ત વસતિમાં સાધુઓ ઉતર્યા હોય અને જો ભૂલથી પણ સ્ત્રીસ્પર્શ થઈ જાય તો ઉપર પ્રમાણે સ્ત્રી ખોટી શંકા કરે. પતિને કહે... માટે આવી સંસક્ત વસતિમાં ઉતરવું નહિ.

વર્તમાનકાળમાં તો એવી ગંભીર પરિસ્થિતિ છે કે નાની નાની વાતમાં શત્રુ બની ગયેલા ગૃહસ્થો કે સાધુઓ ગમે તેવા આરોપો મૂકતા ન ખચકાય. કપટ કરીને ફસાવી પણ પાડે. એમાં હવે તો બે-ચાર સાધુઓ જ વિચરતા હોય એમાં તો ઘણા મોટા જોખમો થાય.

**(૧) મુંબઈના એક સંઘમાં ત્રણ ઠાણા ચોમાસુ હતા. વ્યાખ્યાનકારે એક રૂમમાં ઢગલાબંધ પુસ્તકો રાખેલા. એક વાર સંઘના આગેવાનોએ આવીને કહ્યું કે "અમારે તમારી રૂમ ચકાસવી છે. તમે ખરાબ ફોટાઓ રાખતા હોવાના અમને સમાચાર મળ્યાં છે." સાધુ તો આભો જ બની ગયો, રૂમની તપાસ થઈ અને ખરેખર અમુક પુસ્તકોની નીચેથી ખરાબ ફોટાઓનો બંચ નીકળ્યો.**

**સાધુ કહે છે કે "મારા તરફ દ્વેષવાળા કેટલાક યુવાનોએ આ કાવતરું કર્યું છે. મારી ખુલ્લી રૂમનો લાભ ઉઠાવ્યો છે અને મારી ગેરહાજરીમાં તેઓ જાતે જ આ બધા ફોટાઓ ગોઠવી ગયા છે."**

॥ ૩૪૦ ॥

સંઘ કહે છે કે "સાધુએ જાતે જ ખરાબ ફોટા રાખ્યા છે."

એ પછી તો એ સાધુ રૂમ બંધ જ રાખવા લાગ્યા. પણ એક હકીકત છે કે ઓછા સાધુઓ હોય તો કો'ક દુષ્ટ માણસ આવી રીતે સાધુને બદનામ કરી શકે.

(૨) સુરતના એક ઉપાશ્રયમાં સાધુના થેલામાંથી નિરોધના પેકેટો યુવાનોએ પકડ્યા. ત્યાં પણ એ સાધુએ ચોધાર આંસુ વહાવ્યા. "મને આ કંઈ જ ખબર નથી. મારા હિતશત્રુએ મારી બદનામી કરવા માટે આ કપટ કર્યું છે."

(૩) સાધુ વિહારમાં એકલો ચાલતો હોય કે એકલો કોઈના ઘરે વહોરવા જાય અને કોઈ સ્ત્રી વળગી પડે તો એનાથી છૂટકારો મેળવવો ભારે થાય. લોકોમાં બદનામી થાય.

સાધુ એકલો હોય કે બે-ચાર સાધુઓ હોય, સાધુઓની ગેરહાજરીમાં એની ઉપધિ એકલી પડી હોય... આ બધાનો ઘણી બધી રીતે ગેરલાભ હિતશત્રુઓ ઉઠાવી શકે. ઘણા સાધુઓ હોય, બધા એક જ હોલ વગેરેમાં બિરાજમાન હોય, સંઘાટક ગોચરી હોય તો આવા કોઈપણ નુકસાન ન થાય.

(૯૭) तत्र भुक्तभोगस्यासन्नस्य स्वपतोऽन्यसाधुसंस्पर्शात्पूर्वक्रीडितानुस्मरणं भवति यदुतास्मद्योषितोऽप्येवंविधः एव स्पर्श इति । अभुक्तभोगस्याप्यन्यसाधुसंस्पर्शेन सुकुमारेण कौतुकं स्त्रियं प्रति भवति अयमभिप्रायः तस्याः सुकुमारतरः स्पर्श इति। – ઓઘનિર્યુક્તિ ૨૨૯

બે સાધુઓ પરસ્પર નજીકમાં ન ઊંઘે, જો ઊંઘે તો ઊંઘમાં પરસ્પર એકબીજાને હાથ-પગ વગેરેનો સ્પર્શ થઈ જાય, એનાથી નુકસાન એ થાય કે જે સાધુ સંસારમાં લગ્ન કરીને, ભોગો ભોગવીને અહીં આવેલો હોય તેને પોતાના સંસારી ભોગોનું સ્મરણ થાય કે "મારી સ્ત્રીનો પણ આવા પ્રકારનો જ સ્પર્શ હતો."

જે ભુક્તભોગી ન હોય તેને પણ બીજા સાધુના સ્પર્શથી કૌતુક તો ઉત્પન્ન થાય જ કે "આ સાધુનો-પુરુષનો આવો કોમળ સ્પર્શ છે, તો સ્ત્રીનો સ્પર્શ તો કેવો હોય ?"

આવા કોઈ દોષો ન લાગે એ માટે સાધુઓએ પાસે પાસે ન ઉંઘવું. પણ એકબીજાને હાથ-પગ ન લાગે એ રીતે ઉંઘવું.

આનો સ્પષ્ટ અર્થ એ જ છે કે ઉત્સર્ગમાર્ગે તો સાધુઓ પરસ્પર એકબીજાને સ્પર્શ ન કરે એ જ શાસ્ત્રોને વધુ ઈષ્ટ છે એમાંય આજે તો રૂપવાન-યુવાન કોલેજાદિમાં ભણેલા-ઘણું અનુભવી ચૂકેલા છોકરાઓ પણ દીક્ષા લે છે એટલે એમણે તો આ અંગેની કાળજી ખૂબ જ રાખવી પડે.

આજ કારણસર કેટલાક ગ્રુપો બ્રહ્મચર્યની રક્ષા માટે નીચેના નિયમો સખ્તાઈથી પાળે છે.

(ક) વંદન વખતે વડીલના ડાબા/જમણા અંગુઠે સ્પર્શ કર્યા સિવાય વડીલને સ્પર્શ ન કરવો. વડીલે પણ નાનાના હાથ કે માથા ઉપર હાથ મૂકવા સિવાય બીજો કોઈપણ સ્પર્શ ન કરવો.

(ખ) માંદગી આવી પડે તો પણ જો સહન થાય તો માથુ-પગ કોઈપણ પાસે દબાવડાવવા નહિ. જો સહન ન થાય તો

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

વૃદ્ધ, પીઢ સાધુ પાસે માથું-પગ દબાવડાવવા. એ ન હોય તો વૃદ્ધ-પીઢ ગૃહસ્થ પાસે માથુ-પગ દબાવડાવવા. એ ન હોય તો પછી છેવટે યુવાન સાધુ પાસે હાથ-પગ દબાવડાવવા. પણ આ બધામાં ગુરુની કે હાજર રહેલ વડીલની રજા તો લેવી જ. પગ પણ ઘુંટણથી ઉપરના ભાગમાં દબાવવાનું વધુમાં વધુ ટાળવું.

સાધુઓ મસ્તીમાં કોઈકને પીઠ ઉપર ધબ્બો મારે, કોઈને પગ ઉપર જોરથી ધબ્બો મારે કે કોઈના ગાલ પંપાળે કે કોઈકના માથા પર જોર જોરથી હાથ ફેરવે... એ બધુ ઉચિત બની શકે ખરું ? એ સ્વયં વિચારવું અને છતાં શંકા રહે તો ગીતાર્થ ગુરુજનોને પૃચ્છા કરી લેવી.

**(૯૮) न चासौ धर्मकथां कुर्वन् अभ्युत्थानं करोति ज्येष्ठार्याणाम्, आह-किमाचार्यागमने धर्मकथी अभ्युत्थानं करोति उत नेति ?आचार्य आह-अवश्यमेवाभ्युत्थानमाचार्याय करोति – ઓઘનિર્યુક્તિભાષ્ય-૧૧૧**

શય્યાતરની વસતિમાં માસકલ્પ રહેવા માટે ગચ્છ પ્રવેશે છે, એ વખતે જે સાધુ ધર્મકથા કરવાની શક્તિવાળો હોય તે સાધુ શય્યાતરને ધર્મકથા કરે - ઉપદેશ આપે. એક બાજુ તે ઉપદેશ આપતો હોય ત્યારે બીજી બાજુ બીજા સાધુઓ એક પછી એક આવતા જાય અને વસતિમાં પ્રવેશતા જાય. એ વખતે આ ધર્મકથા કરનારા કરતા મોટા સાધુઓ પણ આવે.

અહીં એમ દર્શાવે છે કે "વડીલ સાધુઓ આવે ત્યારે આ ધર્મકથીએ દેશના ચાલુ હોવાથી ઊભા થવું નહિ. દેશના ચાલુ જ રાખવી."

આનો અર્થ એ કે એ સિવાય તો ધર્મકથી વગેરે સાધુઓ પણ વડીલ સાધુ આવે એટલે ઊભા થવા રૂપ વિનય કરતા જ. જો ધર્મકથી વગેરેએ વડીલો આવે ત્યારે અભ્યુત્થાન કરવાનું જ ન હોત, તો અત્યારે પણ નિષેધ કરવાની કોઈ જ જરૂર ન રહે. એટલે આ ધર્મકથા પ્રસંગે અભ્યુત્થાનનો કરેલો નિષેધ એમ દર્શાવે છે કે "ધર્મકથાદિ વિશિષ્ટ શક્તિવાળાઓએ પણ વડીલોના આગમન વખતે અભ્યુત્થાન કરવું."

આ સ્પષ્ટતા કરવાની જરૂર એટલા માટે પડી કે કેટલાક સંયમીઓ ગુરુનો આદર-સત્કાર - સન્માન તો ખૂબ કરે અને એ તો બરાબર જ છે. પણ ગુરુ સિવાયના બાકીના જે વડીલો છે, એને સાવ તુચ્છ જેવા ગણે, એમનો ઉચિત વિનય ન સાચવે, એમની સાથે વાત પણ ઉધ્ધતાઈથી - દાદાગીરીથી કરે, એ આવે તો ઊભા થવાની વાત તો દૂર રહી પણ એવું ય બને કે કોઈક કામ માટે ૧૫-૨૦ મિનિટ પરસ્પર વાતચીત ચાલે તો પણ એ વડીલ ઊભા ઊભા વાતો કરે અને આ સાધુ ભીંતે ટેકો દઈ મસ્તીથી બેઠા બેઠા વાતો કરે...

આ બધો અવિનય કદિ જ્ઞાનપ્રાપ્તિ થવા ન દે, જ્ઞાન મળી જાય તો પણ એને પચવા ન દે. આ બધુ ખૂબ જ ગંભીરતાથી વિચારવું જોઈએ. નાના નાના આચારોની પણ તાકાત ઘણી ઘણી મોટી હોય છે.

એક અભણ-દીર્ઘપર્યાયવાળા સંયમી-અનુભવી મહાત્મા એક અલ્પપર્યાયવાળા પ્રકાંડ વિદ્વાન, વ્યાખ્યાનકાર આચાર્યભગવંતની સાથે ચોમાસું રહ્યા. આચાર્યશ્રીનો શિષ્ય પરિવાર-ભક્તપરિવાર પણ ઘણો મોટો ! પણ આશ્ચર્ય તો એ થયું કે જ્યારે પણ એ આચાર્યશ્રી વ્યાખ્યાન આપવા જતા, ત્યારે આ વડીલ મુનિરાજની રજા લેવા આવતા. વડીલે કહ્યું કે

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

"હું અભણ ! મારે માત્ર એક ચેલો ! મારો કોઈ ભગત નહિ. હું તમારો ચેલો થવાને લાયક છું. તમે ક્યાં મારી રજા લેવા આવો છો ?" પણ એ આચાર્યદેવે કદીપણ પોતાના આ ઉત્તમ વિનયમાં ખામી ન આવવા દીધી.

આચાર્યપદવીના ધારક ધુરંધર આત્માઓ પણ જો ટોચકોટિનો વિનય સાચવતા હોય તો સામાન્ય સાધુઓએ તો વિનયસેવનમાં કેટલા સજાગ રહેવું જોઈએ ?

ધર્મકથી ત્યારે તો અવશ્ય ઊભો થાય કે જ્યારે ખુદ આચાર્યભગવંત પધારે. એ વખતે એને માટે ધર્મદેશના પણ ગૌણ બની જાય.

જે ઉલ્લંઠ શિષ્યો પોતાના ગુરુ-આચાર્યાદિના આગમન વખતે પણ ઊભા ન થાય અને બિન્ધાસ્ત બનીને વર્તે એમને શિષ્ય શબ્દથી ઓળખવામાં પણ શરમ આવે છે.

**(૯૪) यदि न कथयन्ति ततः अस्थाने कायिकादेराचरणे सति व्यवच्छेदस्तद्द्रव्यान्यद्रव्ययोः, वसतेर्निर्धाटयतीति ।** **– ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૧૧૬**

જે જગ્યાએ ગચ્છ રોકાય તે જગ્યાએ પૂર્વે એ જગ્યાની તપાસ કરી ચૂકેલા જાણકાર સાધુઓ સૌથી પહેલું કામ આ કરે કે ગચ્છના બધા સાધુઓને બધી જગ્યા બતાવી દે કે "ગ્લાનાદિ સાધુઓએ ક્યાં સ્થંડિલ જવું, માત્રુ ક્યાં જવું, પાત્રા ક્યાં ધોવા, સ્વાધ્યાય ક્યાં કરવો ?" વગેરે બધી જ બાબતો બરાબર જણાવી દેવી જોઈએ. જો ન જણાવે તો બીજા અજાણ સાધુઓ

ગમે ત્યાં માત્રુ પરઠવી આવે, ઠલ્લે જઈ આવે.

હવે પહેલેથી જ આવું થાય એટલે વસતિ આપનાર શય્યાતર કે આજુબાજુના લોકો ગુસ્સે ભરાય, તેઓ સાધુઓ પ્રત્યે દ્વેષવાળા બને. ગોચરી-પાણી વહોરાવવાના બંધ કરી દે અને વસતિમાંથી કાઢી મૂકે. નક્કી પણ કરી દે કે ભવિષ્યમાં કદી જૈનસાધુઓને રહેવાની જગ્યા ન આપવી.

આવું બધું ન થાય એ માટે જાણકાર સાધુઓએ નવા આવેલાઓને તમામ બાબત પહેલેથી બરાબર જણાવી જ દેવી.

આજે કેટલાક ઉપાશ્રયોમાં ચોક્ખે ચોક્ખા બોર્ડ મૂકવામાં આવે છે કે "સાધુ-સાધ્વીઓએ સોસાયટીના વિસ્તારમાં ક્યાંય ઠલ્લે-માત્રુ પરઠવવા નહિ./ સાધુ-સાધ્વીઓએ કમ્પાઉન્ડમાં જ માત્રુ પરઠવું અને વાડામાં જ ઠલ્લે જવું. મહેરબાની કરી ગમે ત્યાં ઠલ્લે-માત્રુ પરઠવવા નહિ."

આવી જાહેરાતો કરવા પાછળનું મૂળ કારણ આ જ છે કે નવા આવેલા સાધુ-સાધ્વીઓ સમજ્યા-જાણ્યા વિના ગમે ત્યાં પરઠવે, અજૈનોને ખરાબ પડે, તેઓ જૈનોને ખખડાવે... છેવટે જૈનોએ આવા બોર્ડ મૂકવા પડે.

જો જાણકાર સાધુઓએ પહેલેથી આ વાત જણાવી હોય અથવા તો કોઈપણ ન જાણતું હોય તો શ્રાવકોને જ પહેલેથી જ પૃચ્છા કરી લીધી હોય તો આવા પ્રસંગો ન બને. કોઈપણ નવી જગ્યાએ જઈએ, તો ત્યાંના પીઢ શ્રાવકોને ખાનગીમાં આ વાત પૂછી જ લેવી કે "અહીં માત્રુ પરઠવવાની શું વ્યવસ્થા છે ? અમુક અમુક જગ્યાએ પરઠવીએ તો વાંધો નથી ને ? તથા અહીં સ્થંડિલ માટે બહાર ક્યાં જગ્યા છે ? કઈ જગ્યાએ વાડા છે ?" વગેરે પૂછી લેવું જોઈએ.


ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

કોઈક ઉપાશ્રયમાં મધપૂડા વગેરે પણ લાગેલા હોય છે, એના કારણે તે તે બારી-બારણા ખોલવાના હોતા નથી. પરંતુ જો જૂના સાધુઓ આ વાત ન જણાવે અને નવા સાધુઓ ધડાધડ બારી-બારણા ખોલી નાંખે તો ઉડેલી મધમાખીઓના ચટકા ખાવાનો લાભ બધાએ ભોગવવો પડે.

**(૧૦૦) इदानीं यदि क्षपकास्तस्मिन्दिवसे साधव उपवासिकास्तत्र च सन्निवेशे यदि श्रावकाः सन्ति, ततस्तद्गृहेषु चैत्यानि वन्दन्तो दर्शयन्ति कानि ? स्थापनादीनि कुलानि आगन्तुकेभ्यः । – ઓઘનિર્યુ.-ભાષ્ય-૧૧૭**

આશ્ચર્ય ઉપજે એવો પદાર્થ આ પંક્તિમાં ધરબાયેલો પડ્યો છે. ગચ્છે જે ગામમાં માસકલ્પ માટે પ્રવેશ કર્યો છે, એ ગામમાં જો બધા સાધુઓએ માસકલ્પના પ્રથમ દિવસે મંગલ માટે ઉપવાસ કર્યો હોય તો જો ત્યાં શ્રાવકો હોય તો તેમના ઘરોમાં ચૈત્યની-પ્રતિમાઓની વંદના માટે બધા સાધુઓ જાય, અને એ જ વખતે જાણકાર સાધુઓ આવેલા સાધુઓને બધા ઘરો દર્શાવે કે "આ ઘરો સ્થાપનાકુલ છે, આ ઘરો નીચકૂળ છે..." વગેરે.

આમાં જે લખ્યું છે કે यदि श्रावकाः सन्ति એ અંગે વિચાર કરવાનો છે. જ્યાં આખો ગચ્છ એક મહીનો રહેવાનો છે, ત્યાં તો શ્રાવકો હોય જ, ત્યાં પછી "જો શ્રાવકો હોય તો" એમ જો...તો....ની ભાષા સંગત ન થાય. જો... તો...ની ભાષા એવું સૂચન કરે છે કે "કદાચ શ્રાવકો હોય કદાચ ન પણ હોય."

તો શું જે ગામમાં એકપણ શ્રાવકનું ઘર નથી, ત્યાં આખો ગચ્છ એક એક મહીના સુધી સેકાય ? શું આ શક્ય બને ?

આનો જવાબ છે "હા". એ વખતના સંયમીઓએ તો એટલું જ જોવાનું હતું કે તે ગામમાં સ્થંડિલ માત્રાની વ્યવસ્થા છે ને ? નિર્દોષસ્થંડિલભૂમિ વગેરે મળી રહે છે ને ? તથા બાલ-વૃદ્ધ ગ્લાનાદિને પ્રાયોગ્ય ગોચરી મળી રહે છે ને ? કદાચ કોઈ માંદુ પડે તો ઔષધ અનુપાનાદિ મળી શકે એમ છે ને ?

શ્રાવકોના ઘરોની હાજરી આવશ્યક નથી. જો અજૈનોના ઘરો પણ ભક્તિભાવવાળા હોય, તેઓના ઘરોમાં ગચ્છને જરૂરી બધા પ્રકારની ગોચરી મળી રહેતી હોય તો પછી શ્રાવકોના ઘર ન હોવા છતાં ગચ્છ ત્યાં એક મહીનો પણ રોકાઈ શકે.

હા ! શ્રાવકના ઘરો હોય તો તેઓ જૈનધર્મના આચારાદિને બરાબર જાણતા હોય. સમજુ હોય... એ બધા લાભ ખરા. પણ એ ઘરો ન હોય તો ન જ ચાલે, ગચ્છ ત્યાં રહી જ ન શકે એવુ માનવું ભૂલ ભરેલું છે.

આજે પણ ઘણા સંયમીઓ ગામડાઓમાં વિચરે છે, ત્યારે અજૈનોની જ ગોચરી વાપરે છે. રોટલી-રોટલા, દહીં, ઘી, છાશ... આટલી વસ્તુ તો અજૈનોમાં ખૂબ સહેલાઈથી મળી રહે છે. જરૂર પડે ત્યારે તે તે વિશિષ્ટ ઘરોમાંથી દૂધ-દહીં-ઘી વગેરે પણ મળી રહે. હવે પ્રાચીનકાળમાં તો જૈનોના ઘરોમાં પણ ગોચરી સાદી અને સાધુઓ પણ સાદી ગોચરી જ વાપરનારા ! શરીરને માટે વિગઈ લેવી પડે તો દૂધ, ઘી, દહીં લેતા હોય તોય એ બધું તો તે તે વિશિષ્ટ અજૈનોને ત્યાં મળી રહે.

અત્યારે અજૈનોને ત્યાં શાક-દાળ વહોરી શકાતા નથી. કેમકે તેમાં કંદમૂળની શક્યતા ઘણી વધારે હોય છે અને મુખ્યત્વે

આ કારણસર પણ અજૈનોની ગોચરી આજે કપરી પડે છે. વળી શહેરી ગુજરાતીઓની સાવ પતળી રોટલીઓની સામે અજૈનોની જાડી રોટલીઓ ન ફાવે એ પણ શક્ય છે. શહેરી ૩-૪ રોટલીની અજૈનની ૧ રોટલી થાય.

પણ પ્રાચીનકાળના સાધુઓને આ બધી બાબતો નડતરભૂત બનતી ન હતી. "દાળ-શાક તો જોઈએ જ, ભાત વિના તો ન જ ચાલે, રોટલી પતળી-પોચી જ જોઈએ" એવું દ્રવ્યો પ્રત્યેનું બંધન તેઓમાં ન હતું અને એટલે અજૈનોની ગોચરી વાપરવી એમના માટે સરળ હતી. આથી જ તેઓ એકપણ શ્રાવકના ઘર વિનાના સ્થાનમાં પણ મહીનો-મહીનો રોકાઈ શકતા.

વર્તમાનકાળમાં પણ આવુ જીવન જીવનારા કેટલાક મહાત્માઓ છે. સાંભળવા પ્રમાણે મહેસાણા જિલ્લાના એક ગામમાં આજ વર્ષે સાધ્વીજીઓએ ચોમાસું કર્યું. માત્ર એક-બે ઘર જૈનના ખુલ્લા હતા. છતાં એ સાધ્વીજીના વ્યાખ્યાનમાં ૫૦૦-૭૦૦ માણસો આવતા. આખું ગામ ગાંડુ બન્યું. તરપણીઓ ભરી ભરીને દૂધ-ઘી વહોરાવવાના એમના ભાવો અજોડ જોવા મળ્યા.

એમ સાત સાધુઓએ એક ગામમાં ચોમાસું કર્યું. જોકે ત્યાં જૈનોના ઘરો ખરા, પણ ઓછા હોવાથી ગોચરી નિર્દોષ મળવી શક્ય ન લાગતા રોજ ૬૦-૭૦% ગોચરી અજૈનોની જ વહોરવાની શરુ કરી. ચારે ચાર માસ એ રીતે જ પસાર કર્યા. અજૈનો ખૂબ ભાવ સાથે "લ્યો, લ્યો"ના રણકાર સાથે વહોરાવતા થઈ ગયા.

વર્તમાન પરિસ્થિતિ જૈનધર્મનો અજૈનોમાં ફેલાવો કરવા માટે અત્યંત અનુકૂળ છે. એનું મુખ્ય કારણ એ કે હવે અજૈન સંન્યાસીઓ ગામડે ગામડે ફરતા નથી. તેઓ તે તે મઠમાં જ મોટાભાગે રહે છે. એટલે જ એ સંન્યાસીઓ સાથે સામાન્ય

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

અજૈન જનતાનો કોઈ સંપર્ક રહ્યો નથી. બીજી બાજુ જૈન સાધુઓના ખુલ્લા પગના વિહારો - ત્યાગપ્રધાન જીવન - માથાના વાળોનો લોચ - ગાડી વગેરેમાં ન બેસવું... આ બધા સામાન્ય આચારો પણ તેઓને તો અતિ આશ્ચર્ય ઉપજાવનારા થઈ પડે છે અને એટલે જ જૈન સાધુઓ પ્રત્યે ખૂબ જ સહજ રીતે તેઓ બહુમાનભાવવાળા બન્યા છે. તાજેતરમાં જ એક ગામમાં પોલીસના ઘરની બહાર ઓસરીમાં ઉતરવાનું થયું, ત્યારે એ પોલીસે વાત કરી કે,"હું કોઈપણ સાધુ-સંન્યાસી પાસે જતો નથી, માત્ર જૈન સાધુઓ પાસે જાઉં છું. એમને જોઈને મને ખૂબ હર્ષ થાય છે." એમ એકવાર હનુમાનજી મંદિરના એક ભાગમાં ઉતરવાનું થયું ત્યારે ત્યાંના પુજારી વગેરે ચાર-પાંચ અજૈનો પરસ્પર જે વાત કરતા હતા, એ વાત સાધુએ સાંભળી કે,"આપણા સંન્યાસીઓ તો માત્ર જલસા કરે છે. ખરો ત્યાગધર્મ તો આ જૈનસાધુઓનો કહેવાય. એમની તોલે કોઈ ન આવે." આવા તો ઢગલાબંધ ઉદ્‌ગારો અજૈનોના મુખે સાંભળવા મળે છે. એટલે જ આ બરાબર લોખંડ તપી ગયેલું છે, એના ઉપર માત્ર ઘા જ લગાવવાનો છે.

જો જૈન શ્રમણો-શ્રમણીઓ ગીતાર્થતા વાપરી, થોડુંક સહન કરવાની તૈયારી રાખી ગ્રામ્યક્ષેત્રોમાં વિચરણ શરૂ કરે અને અજૈનોને વ્યાખ્યાનાદિ આપવાનું શરૂ કરે તો અત્યારની ભારતીય પ્રજામાં જૈનધર્મના પદાર્થો ઉતારવા અત્યંત સહેલા છે. સ્વામીનારાયણ સંપ્રદાયે જે રીતે આખા ભારતમાં પોતાનો પ્રચાર કર્યો છે, તેના કરતાં વધુ સારી રીંતે જૈન શ્રમણ-શ્રમણીઓ ભગવાનની વાણીનો પ્રચાર કરી શકે.

ચોમાસું જૈનો વચ્ચે અને શેષકાળ અજૈનો વચ્ચે... આ રીતે વિભાગીકરણ કરી દેવામાં આવે તો જૈન પ્રજા પણ ધર્મી



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

બની રહે, ટકી રહે અને ચારેબાજુ અજૈનોમાં પણ જૈનધર્મ ફેલાતા જૈનધર્મ-જૈનપ્રજા વ્યાપક બની જાય.

એક વાત બરાબર સમજવા જેવી છે કે પ્રજા અને ધર્મ એ બે જુદી વસ્તુ હતી અને છે. સામાજિક વ્યવસ્થા રૂપે બ્રાહ્મણ, વૈશ્ય, શુદ્ર, ક્ષત્રિય વગેરે ભેદો પાડવામાં આવેલા. પણ ધર્મ એ કોઈ પ્રજા સાથે નિયત ન હતો. જૈન કોણ ? એનો જવાબ આજે જેમ પ્રસિદ્ધ બન્યો છે કે "વાણિયાઓ જૈન !" એ વાત પૂર્વે ન હતી. બ્રાહ્મણ પણ જૈન હોય, વૈશ્ય પણ જૈન હોય, શુદ્ર પણ જૈન હોય અને ક્ષત્રિય પણ જૈન હોય. જેને જિનેશ્વરદેવના પદાર્થો ઉપર રુચિ થાય અને એટલે જે જિનેશ્વરદેવની આજ્ઞા પ્રમાણે વર્તન કરવાનો પ્રારંભ કરે એ જૈન બની જાય. નિશ્ચયથી તો માર્ગાનુસારી ભાવને સ્પર્શનારો કોઈપણ આત્મા જૈન કહેવાય. પણ વ્યવહારમાં બ્રાહ્મણાદિ પણ જૈન બનતા અને જૈન કહેવાતા.

આપણો આખો ઈતિહાસ જોઈશું તો ખ્યાલ આવશે કે બ્રાહ્મણો અને ક્ષત્રિયોએ જૈનધર્મમાં ઘણો ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. હજારો ક્ષત્રિયરાજાઓ જૈનધર્મી બન્યા અને જૈનધર્મના પ્રભાવક બન્યા. હજારો બ્રાહ્મણો જૈનસાધુ-પ્રભાવક સાધુ બન્યા.

આમ જૈનધર્મ વણિકકોમને જ વળગેલો ન હતો, એને કોઈપણ પ્રકારના પ્રજાકીય બંધન ન હતા. એટલે જ જૈનોની વસતિ પણ ઘણી ઘણી મોટી હતી. આચાર્ય ભગવંતો વગેરેના ઉપદેશાદિને પામીને હજારો, લાખો લોકો જૈન ધર્મ સ્વીકારતા અને એ રીતે જૈનધર્મ માનનારી પ્રજા મોટી બનતી જ જતી.

એક જ દૃષ્ટાન્ત !

ગૌડદેશાધિપતિ ધર્મરાજ અને કાન્યકુબ્જ નરેશ આમરાજે એકબીજાના વાદીઓ વચ્ચે વાદ ગોઠવી નિર્ણય કર્યો કે "જેનો વાદી હારે, તેનું રાજ્ય જીતેલો રાજા લઈ લે." આમરાજ તરફથી મહાતાર્કિક શ્રી બપ્પભટ્ટીસૂરીશ્વરજી વાદી બન્યા અને ધર્મરાજે સરસ્વતીદેવી પાસેથી વીંટી પામનાર બૌદ્ધભિક્ષુ વર્ધનકુંજરને વાદી બનાવ્યો.

વાત ઘણી મોટી છે. પણ ટુંકમાં છેલ્લે બપ્પભટ્ટી સૂરીશ્વરજીનો વિજય થયો. શરત પ્રમાણે ધર્મરાજે પોતાનો મુકુટ-રાજમુદ્રા વગેરે બધું આમરાજને સોંપી દીધું. માત્ર સાદા વસ્ત્રો પહેરી આચાર્યશ્રીને પ્રણામ કરી ધર્મરાજ ઉદાસ ચહેરે ચાલી નીકળ્યા. ગૌડદેશની પ્રજા એમને ખૂબ ખૂબ ચાહતી હતી, માટે જ એ પ્રજા પોતાના રાજાની આ દશાને જીરવી ન શકી. હજારો ગૌડદેશવાસીઓ ત્યાં ચારેબાજુ ઊભા હતા. જઈ રહેલા રાજાને જોઈને બધાની આંખોમાં પાણી ટપકવા લાગ્યા. પણ શું કરે ?

એ ધર્મરાજ ૨૦-૨૫ ડગલા આગળ વધ્યા હશે, ત્યાં જ પાછળથી સૂરિવરે મધુરસ્વરે બુમ પાડી "ધર્મરાજ !"

શબ્દ સંભળાતા ધર્મરાજ ઊભા રહ્યા. પાછળ ફરીને જોયું "આપે મને સાદ દીધો ? સૂરિવર !" ધર્મરાજે પ્રશ્ન કર્યો.

"હા ! ધર્મરાજ ! બધું જ ત્યાગી દઈ તમે જંગલની વાટે જઈ રહ્યા છો, એટલે તમે તો તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી લીધી છે. પણ હવે જરાક થોભી જાઓ." સૂરિવરે મક્કમસ્વરે શબ્દો ઉચ્ચાર્યા. ગૌડદેશના હજારો લોકો આ નૂતનઘટના નિહાળી આશ્ચર્યમાં પડ્યા. "સૂરિવરે શા માટે આપણા રાજાને અટકાવ્યા." એ વિચારે ક્ષણભર તેઓ કૌતુકથી સૂરિવરને જોઈ રહ્યા.

સૂરિવરે જિનશાસનની અભૂતપૂર્વ પ્રભાવનાનું કારણ બનનાર આદેશ આમરાજને ફરમાવ્યો. "આમરાજ ! ધર્મરાજને

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

તમારા પરમમિત્ર બનાવો. એમને એમનું રાજ્ય પાછું સોંપો. એમના હૃદયને જીતી લેવું એ જ સાચી જીત છે.” અને ગુરુપરતંત્ર આમરાજે વગર વિલંબે પોતાના હાથે જ ધર્મરાજના મસ્તકે મુકુટ ચડાવી દીધો. હજારો ગૌડપ્રજાજનો આ દશ્ય જોઈ હર્ષાશ્રુ સાથે સૂરિવર અને આમરાજાની જય બોલાવવા લાગ્યા.

ઈતિહાસ નોંધે છે કે આ પ્રસંગથી ગૌડપ્રજાજનો જૈનધર્મ પ્રત્યે અપાર આદરવાળા બન્યા અને જૈનધર્મનો સ્વીકાર પણ ઘણા બધાએ કર્યો.

આપણા ગીતાર્થ આચાર્યદેવોએ પોતાની ગીતાર્થતા અને પુણ્યાઈના જોરે આ રીતે હજારો અજૈનોને જૈન બનાવ્યા હતા. સાંભળ્યું છે કે અકબર બાદશાહના સમયમાં પણ કરોડો જૈનો હતા.

આપણો સિદ્ધાન્ત સ્પષ્ટ હતો. માણસ ભલે ને બ્રાહ્મણ હોય કે શુદ્ર હોય, વૈશ્ય હોય કે ક્ષત્રિય હોય... એ જૈનધર્મના આચારો-વિચારોને અપનાવે એટલે એ જૈનધર્મી બને. આ વાત એટલી બધી પ્રચલિત અને સ્પષ્ટ હતી કે કોઈને પણ જૈનધર્મ સ્વીકારવામાં અડચણ થતી ન હતી.

પણ કોણ જાણે ? ક્યારથી, કયા કારણસર માત્ર વાણિયાઓ પુરતો જ જૈનધર્મ મર્યાદિત બની ગયો. ચારે બાજુ આજે પ્રસિદ્ધ છે કે વાણિયાઓ જ જૈન હોય, બીજાઓ જૈન ન હોય. આજે ગામડાઓમાં જઈએ તો અજૈનો પણ એમ ન બોલે કે “અહીં જૈનના ઘરો પાંચ-સાત છે.” પણ જૈન શબ્દના સ્થાને તેઓ વાણિયો શબ્દ જ વાપરે. જાણે કે જૈનશબ્દ અને વાણિયો શબ્દ સમાનાર્થી જેવા બની ગયા છે.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

॥ ૩૫૩ ॥

આનું નુકસાન કેટલું ?

હવે કરોડો અજૈનો એમ જ સમજે કે "જે વાણિયો હોય તે જ જૈન. આપણે વાણિયા નથી. એટલે આપણે જૈન નથી." આમ તેઓ એમ જ સમજે છે કે "આપણે જૈન છીએ નહિ કે જૈન બની શકીએ પણ નહિ." તેઓ એ વાત સમજી શકતા જ નથી કે "જૈનધર્મ તો સ્વીકારવાથી મળે છે, જન્મથી કે પ્રજાથી જૈનધર્મને એકાંત સંબંધ છે જ નહિ. બ્રહ્મત્વ, ક્ષત્રિયત્વ જેમ જન્મજાત છે તેમ જૈનધર્મ એકાંત જન્મજાત નથી. પણ જેમ ગરીબ માણસ મહેનત કરી શ્રીમંત બની શકે, અભણ મહેનત કરી શિક્ષિત બની શકે... એમ કોઈપણ માણસ જો ઈચ્છે તો એ જૈન બની શકે."

પણ આ સમજણ સાવ જ તૂટી ગઈ અને પરિણામે વાણિયા સિવાયના લોકો તો જૈન બનતા અટકી જ ગયા. તેઓ કદાચ સાધુના સંપર્કમાં આવ્યા હશે તો પણ પોતાને અજૈન જ માનશે.

આમ જૈનધર્મ નવો સ્વીકારનારા તો લગભગ બંધ જ થઈ ગયા.

હવે જે વણિકકોમ છે, જેઓ જન્મજાત જૈન છે, તેઓ જ જૈન તરીકે રહ્યા. એમને ત્યાં જે સંતાનો જન્મે એ જ હવે જૈનપ્રજામાં વધારો કરનારા બને પણ "હમ દો હમારે દો..." વગેરે સરકારી સૂત્રો, આર્થિક સંકડામણ, સંતાનો સંસારસુખમાં પ્રતિબંધક લાગવા...વગેરે વગેરે પરિબળોથી હવેની નવી પેઢીના જૈનોમાં સંતાનો પણ ખૂબ જ ઓછા થવા લાગ્યા. જ્યારે પણ ઉપાશ્રયો - દેરાસરોમાં તકતીઓ જોવા મળે છે ત્યારે એ સ્પષ્ટ દેખાય છે કે બાપદાદાઓને પાંચ-સાત સંતાનો હતા અને એમના પુત્રો-પૌત્રોને માત્ર એક બે સંતાન જ છે. રે ! બ્રહ્મચર્ય પાળતા હોત અને એના કારણે સંતાનો ન હોત તો તો ઉત્કૃષ્ટ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ધર્મ આચરતા હોવાથી પ્રશંસનીય બનત. પણ આમાં કોઈ ધર્મપાલન નથી. વિકૃતિઓના પડછાયામાં જ આ સંતતિનિયમન થઈ રહ્યા છે.

જુના જૈનો મૃત્યુ પામતા જાય, નવા જૈનો ઓછા થતા જાય, તો જૈનોની સંખ્યા ઘટવાની જ. વ્યવહારમાં સંખ્યાનું મહત્ત્વ જેવું તેવું નથી. જૈનો ઓછા છે, માટે જ ઘણી વાતે નબળા પડે છે ને ! મુસલમાનોની કુદકે ને ભુસકે વધતી જતી વસ્તીને જોઈને વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ વગેરે હિન્દુસંસ્થાઓ ભારે ચિંતામાં મુકાઈ છે. તેઓ પણ હવે હિન્દુકોમમાં જોરશોરથી પ્રચાર કરવા લાગ્યા છે કે "સંતતિનિયમન બંધ કરો. હિન્દુ પ્રજાની સંખ્યા વધારો."

અલબત્ત જૈનશ્રમણો આવી દેશના ન જ આપે, પણ અજૈનોને ધર્મ પમાડીને જૈન બનાવવાનું કામ તો કરી શકે ને ?

મૂળ વાત પર આવીએ.

નવી જૈન પ્રજા ઓછી થાય છે, જૈનધર્મ નવો સ્વીકારનાર તો કોઈ રહ્યા નથી. પરિણામે જૈનો ઘટવાના, જો હજારો શ્રમણ-શ્રમણીઓ જાગે-ઉત્સાહી બને-સક્ષમ બને અને આઠ-છ માસ ગામડાઓમાં અજૈનોમાં જૈનધર્મનો પ્રચાર કરવાનું અને ચાતુર્માસમાં જૈનોમાં જૈનધર્મનો પ્રચાર કરવાનું કામ કરે તો જૈનધર્મનો સાચા અર્થમાં જબરદસ્ત ફેલાવો થાય. "અજૈનોમાં શી રીતે કામ કરવું ? ક્યા પદાર્થો પીરસવા ? શું બોલવું...?" વગેરેની તાલીમ વિશિષ્ટ ગીતાર્થો શ્રમણ-શ્રમણીઓને આપે અને જે શ્રમણ-શ્રમણીઓ આ કાર્ય કરવા માટે સક્ષમ-પીઢ-પરિપક્વ જણાય તેમને જ આ કામ સોંપાય તો બધું જ પદ્ધતિસર કામ થાય.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આ બધું કદાચ મગજમાં ઉતરે અને સક્ષમ સંયમીઓ આ કાર્ય માટે તૈયાર થાય તો પણ પાછો બીજો પ્રશ્ન ઊભો થવાનો કે "એ ગામડે ગામડે જૈન દેરાસર તો હોવા જોઈએ ને ? દેરાસર ન હોય તો સાધુ ત્યાં શી રીતે રહે ?"

"જૈન દેરાસર હોય તો જ સાધુ ત્યાં રહી શકે, બાકી ન જ રહી શકે." આવી પ્રસિદ્ધ માન્યતા પ્રમાણે છેવટે એટલું તો કરાય કે જે જે ગામમાં જૈનદેરાસર છે, તે તે ગામમાં જ રહીને ત્યાંની અજૈનપ્રજામાં વ્યાખ્યાનાદિ દ્વારા જૈનધર્મ ફેલાવવાની પ્રવૃત્તિ શરુ કરાય તો પણ ઘણું. જૈન દેરાસરવાળા ગામો પણ એટલા બધા છે કે એ બધામાં આ સમર્થ સાધુ-સાધ્વીઓ ઓછા પડશે.

**(૧૦૧) अथानुद्ग्राहितपात्रका एव प्रविशन्ति, दातव्ये च मतिर्जाता श्राद्धस्य, ततश्च पात्रकाभावेऽग्रहणमग्रहणाच्च श्रद्धाभङ्गो भवति ।** – ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૧૧૯

ગૃહસ્થોના ઘરે દર્શન કરવા માટે આચાર્ય સાથે સાધુઓ જાય, પણ જો તેઓ પાત્રા લીધા વિના જાય તો મુશ્કેલી એ થાય કે ત્યાં શ્રાવકને ગોચરી વહોરાવવાના ભાવ થાય અને વિનંતિ કરે કે "સાહેબ લાભ આપો." તો સાધુઓ પાસે પાત્રા ન હોવાથી તેઓ વહોરી ન શકે અને એના કારણે શ્રાવકની શ્રદ્ધાનો ભંગ થાય. આવું ન થાય તે માટે સાધુઓએ ગૃહસ્થને ત્યાં દર્શન કરવા જતી વખતે પાત્રા લઈને જવું.

શ્રાવકાદિના મનમાં જાગેલા શુભભાવો તૂટી ન જાય એ માટે પણ સાધુઓએ કેટલી બધી કાળજી કરવાની છે ! હા ! પોતાના સંયમનો ઘાત કરીને એમના ભાવો સાચવવાની અહીં વાત નથી. કો'ક શ્રાવક અતિભાવથી આધાકર્મી વહોરાવવાની

વિનંતિ કરે તો એની શ્રદ્ધા સાચવવાની અહીં વાત નથી. પણ આપણું સંયમ સચવાય, જિનાજ્ઞા સાપેક્ષ પ્રવૃત્તિ સચવાય અને શ્રાવકના ભાવ=શ્રદ્ધાપરિણામ પણ જળવાય એ માટેનો જ આ ઉપદેશ છે.

ઘણીવાર એવું બનતું હોય છે કે સાધુઓ અમુક ચોક્કસ ઘરોમાં જ વહોરવા જાય, બીજા ઘરવાળાઓ વિનંતિ કરે તો પણ એમને ત્યાં ન જાય. અમુક ઘરમાં સારી વસ્તુ મળતી હોય, સામાન્ય ઘરોમાં એ વસ્તુઓ ન મળતી હોય એટલે એ સામાન્ય ઘરો ઘણી વિનંતિ કરે તો પણ તેમના ઘરોમાં ન જાય. આ અત્યંત અનુચિત કહેવાય. સાધુની ફરજ છે કે એ શ્રાવકોના સાચા ભાવોને સાચવવા, વધારવા. માત્ર પોતાના સ્વાર્થ ખાતર એમના પરિણામોની સાવ ઉપેક્ષા કરવી શી રીતે ઉચિત ગણાય ?

એક સંઘમાં ગોચરી જવા માટેના જુદા જુદા પાંચ-છ સ્થાનો જુદી જુદી દિશાઓમાં હતા. એમાં એક દિશામાં જૈનોના ઘરો ઘણા હતા, પણ બધો જ નોકરિયાત વર્ગ હતો. એટલે ત્યાં સાવ સાદી ગોચરી મળતી. ઘી પણ ચોક્ખું ન મળતું.

સાધુ કદી એ બાજુ ગોચરી ન જતા. એ તરફના એક ધર્મિષ્ઠ શ્રાવકે સાધુને ગોચરી માટે વિનંતિ કરી, પણ સાધુએ **વર્તમાન જોગ,** શબ્દ દ્વારા એમની વિનંતી બાજુ પર રાખી બીજી જ દિશામાં ડગ માંડ્યા. આવું બે ત્રણ વાર બન્યું, ત્યારે એ શ્રાવક સાચી પરિસ્થિતિ પરખી ગયો. ફરી એકવાર વિનંતિ કરી અને જ્યારે તે વખતે પણ વિનંતિ ધ્યાન પર ન લેવાઈ ત્યારે આંખમાં આંસુ સાથે સાધુની આંખ ઉઘાડી દેનાર વચનો ઉચ્ચાર્યા. "સાહેબજી ! શું અમે ગરીબ છીએ, એ અમારો ગુન્હો છે ? કે જેથી મહાત્માઓ અમારા ઘરે પધારતા નથી. સાહેબ ! પડ્યા ઉપર પાટું કાં મારો ? આમ પણ પાપોદયે માંડ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

માંડ પૈસા ભેગા કરી ગુજરાન ચલાવીએ છીએ. એ પાપકર્મે તો અમને લાત મારી જ છે. એમાં હવે સાધુ ભગવંતો પણ અમને ઠુકરાવશે તો સુપાત્રદાન જેવા ધર્મથી પણ અમે વંચિત રહેશું..."

સાધુની આંખ ઉઘડી, ક્ષમા માંગી. એ જ પળે એમની સાથે એમના ઘરે વહોરવા ગયા.

વર્તમાનકાળમાં ચિક્કાર અનુકૂળતાઓ વચ્ચે જ જીવનારા કોઈક સાધુઓ અહંકારના નશામાં કે પછી અજ્ઞાનતાના કારણે ગૃહસ્થોની પરિસ્થિતિને સાચા અર્થમાં પિછાણી શકતા નથી. વાતવાતમાં એમને ઉતારી પાડવા, એમને ખખડાવવા, શ્રાવકો સેવા કરવામાં જરાક ઉણા પડે તો એમની નિંદા કરવી... વગેરે દ્વારા શ્રાવકોની આશાતના કરવા રૂપ પાપ બાંધી લે છે. એમ કહેવાનું મન થાય કે સંસારમાં ખુંપેલા એવા પણ એ શ્રાવકો સાધુઓ પ્રત્યેના સદ્ભાવથી અને "અમે તો પાપી" એવા પશ્ચાત્તાપભાવથી કદાચ તરી જશે. જ્યારે પ્રભુવીરનો ભેખ ધારી ચૂકેલા કેટલાક સંયમીઓ અહંકાર-શ્રાવકાશાતનાદિના પાપથી આત્મહિત ગુમાવી બેસે તો પણ નવાઈ નહિ.

જરાક વિચારો કે આ પંક્તિમાં તો આપણે સામેથી ગૃહસ્થને ત્યાં ગયા અને ત્યાં એણે ગોચરીની વિનંતિ કરી, તો પણ એની એ શ્રદ્ધાનો ભંગ ન કરવા દેવાનું જણાવ્યું છે. તો જે ગૃહસ્થો ખૂબ ભક્તિભાવથી ઉપાશ્રયે વિનંતિ કરવા આવે, "સાહેબ ! લાભ આપો" એવા શબ્દો લળી લળીને બોલે, તો એની એ ઉત્તમ શ્રદ્ધાનો ભંગ શીદ ને કરાય ?

હા ! કોઈ વાપરનાર ન હોય, ગોચરી સંપૂર્ણ આવી ગઈ હોય - શ્રાવકનું ઘર ઘણું દૂર હોય અને થાક-તડકાના કારણે ત્યાં પહોંચવું શક્ય ન હોય.... તો છેવટે વિનંતિ કરનાર શ્રાવકને ખૂબ જ મૃદુ ભાષામાં કારણ જણાવી એને નિષેધ કરવો.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

એના ભાવોને ઘા લાગે, આઘાત લાગે એ રીતે નનૈયો ન સંભળાવવો.

**(૧૦૨) आयरियअणुकंपाए गच्छो अणुकंपिओ महाभागो । गच्छाणुकंपयाए अव्वोच्छित्ती कया तित्थे ॥**

**— ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૧૨૭**

જો આચાર્યને સારા ભોજનાદિ વપરાવવા દ્વારા આચાર્ય ઉપર અનુકંપા કરવામાં આવે તો પરમાર્થથી તો મહાભાગ્યવાન ગચ્છ ઉપર જ અનુકંપા કરાયેલી થાય અને ગચ્છ ઉપર અનુકંપા દ્વારા તીર્થમાં અવ્યવચ્છેદ કરાયેલો થાય.

આચાર્ય આખા ગચ્છની કાળજી કરતા હોય છે. જો આચાર્ય અસ્વસ્થ, અપ્રસન્ન હોય તો ગચ્છની કાળજી સંભાળ ન થાય. અને તો પછી ગચ્છ સીદાય, રીબાય. હવે ગચ્છમાં જ વિશિષ્ટ રત્નો પેદા થતા હોય છે અને તેના દ્વારા શાસનની પરંપરા આગળ ચાલતી હોય છે. જો ગચ્છ જ રીબાય તો એમાં રત્નોની ઉત્પત્તિ ન થાય અને તો પછી શાસનની પરંપરા પણ તૂટે.

માટે આચાર્ય ઉપર અનુકંપા કરો, અર્થાત્ ભોજનાદિ દ્વારા એમની ભક્તિ કરો. એનાથી આચાર્ય પ્રસન્ન થશે અને ગચ્છની કાળજી ખૂબ સારી રીતે કરી શકશે. સારી રીતે સંભાળાતા ગચ્છમાં નવા નવા રત્નો ઉત્પન્ન થશે અને એના દ્વારા તીર્થની અવિચ્છિન્ન પરંપરા ચાલશે.

અહીં પ્રશ્ન એ થાય કે અનુકંપા શબ્દ તો ત્યારે વપરાય કે જ્યારે ગરીબોને દાન અપાય, ભુખ્યા ગરીબોને ભોજન અપાય, રીબાતા પશુઓને રક્ષણ અપાય... આ બધી જગ્યાએ અનુકંપા શબ્દ વપરાય. પણ આપણા સૌના પરમોપકારી,

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

અરિહંતતુલ્ય તેવા આચાર્ય ભગવંતને આપણે અહોભાવપૂર્વક ગોચરી પાણી વપરાવીએ, એમની બધા પ્રકારની કાળજી કરીએ તે શું અનુકંપા કહેવાય ? એ તો ભક્તિ કહેવાય ને ?

તો પછી અહીં આવો શબ્દ કેમ વાપર્યો ?

કલ્પસૂત્રમાં પણ આ પ્રમાણે લખ્યું છે કે "ત્રિશલામાતા પ્રત્યેની અનુકંપાથી પ્રભુ ગર્ભમાં સ્થિર થઈ ગયા."

પ્રભુની માતા પ્રત્યે અનુકંપા હોય કે ભક્તિ ?

અહીં ગીતાર્થ મહાપુરુષો એમ સમાધાન આપતા જણાયા છે કે "આ બધી જગ્યાએ અનુકંપા શબ્દનો અર્થ ભક્તિ કરવો."

આ તો એક પદાર્થ છે. પણ આગમોમાં એવા તો કેટલાય શબ્દો હશે કે જેનો પ્રસિદ્ધ અર્થ જુદો જ હોય, પણ તે તે સ્થાને તેનો અર્થ કંઈક જુદો જ કરવાનો હોય. દા.ત. सागारिक શબ્દના શય્યાતર-ગૃહસ્થ, મૈથુન.... અર્થ થાય છે. ક્યાં કયો અર્થ લેવો ? એ બધુ ગીતાર્થોના ખ્યાલમાં હોય છે. એમ द्रव्य શબ્દના ધન-કારણ-રાગદ્વેષરહિત આત્મા- વગેરે અર્થો થાય.

....અત્યારની મુશ્કેલી એ છે કે કેટલાક શ્રાવકો કે સાધુઓ પણ કંઈક ને કંઈક જાતે જાતે વાંચી પોતાની મેળે જાતજાતના અર્થ કરી અને પછી એની પ્રરૂપણા પણ કરે છે. ગીતાર્થોને તો પુછવાનો વિચાર પણ તેઓને ન આવે. પોતાની જાત જ એમને

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

ગીતાર્થ જણાય. કોઈક ગીતાર્થ સામેથી જણાવે કે "અહીં આ શબ્દનો આવો અર્થ થાય છે" તો એ સાંભળવાની કે વિચારવાની પણ તૈયારી નથી.

મહોપાધ્યાયજીએ ૧૫૦ ગાથાના સ્તવનમાં છેલ્લે ખૂબ જ માર્મિક શિખામણ આપી છે કે

**અર્થ એહના છે, અતિ-સૂક્ષ્મ, તે જાણો ગુરુ પાસે જી. ગુરૂની સેવા કરતા લહીએ અનુભવ નિજ અભ્યાસે જી. જેહ બહુશ્રુત ગુરૂ ગીતારથ, આગમના અનુસારી જી. તેહને પૂછી સંશય ટાળો, એ હિતશીખ છે સાચી જી.**

→ ભાઈ ! આ દોઢસો ગાથામાં જે પદાર્થો દર્શાવ્યા છે, તે અતિસૂક્ષ્મ છે. એને કો'ક ગુરૂ પાસે સમજજો. કેમકે ગુરૂની સેવા કરતા કરતા જ આ બધા પદાર્થોનું હાર્દ પ્રાપ્ત થાય.

જે ગુરૂ બહુશ્રુત હોય, ગીતાર્થ હોય, આગમાનુસારી હોય, તેમને પ્રશ્નો પૂછી પૂછીને બધા સંશયો દૂર કરવા. આ મારી સાચી હિતશિક્ષા છે. ←

ષોડશક પ્રકરણની સૌથી અંતિમ ગાથામાં શ્રીહરિભદ્રસૂરિજી ફરમાવે છે કે "આ હરિભદ્રસૂરિનું વચન છે કે આ બધા પદાર્થો બહુશ્રુત પાસે સાંભળવા."

પણ સ્વચ્છંદી સાધુ-શ્રાવકો આ વાત માનવા તૈયાર નથી. જાતે ભણવું, જાતે જ અર્થો કરવા અને પછી એના નામે ઝગડાઓ કરવા. હજારો અજ્ઞાનીઓને ઉન્માર્ગે દોરી જવા... એ જ એમની જીવનશૈલીનું અભિન્ન અંગ બની રહે.

જે આત્માર્થીઓ છે, એમણે તો ખાસ ખ્યાલ રાખવો કે શક્ય હોય તો ગીતાર્થ બહુશ્રુતો પાસે જ શાસ્ત્રાભ્યાસ કરવો. જાતે શાસ્ત્રો ન વાંચવા કે અધકચરા પંડિત બની ગયેલાઓ પાસે પણ ન વાંચવા. પણ જો આવો યોગ ન મળે અને જાતે જ શાસ્ત્રો વાંચવા પડે કે પંડિતાદિ પાસે ભણવું પડે તો જ્યાં જ્યાં શંકા પડે ત્યાં ત્યાં ગીતાર્થ-બહુશ્રુતોને પૃચ્છા કરીને જ સમાધાન કરવા. જાતે જાતે સમાધાન ન કરવા. જાતે સમાધાન કર્યા હોય તો પણ ગીતાર્થો પાસે એ "એ સમાધાનો પ્રામાણિક છે કે નહિ" એ ચકાસી લેવા. અને મન એવી રીતે જ તૈયાર કરવું કે "હું મારી મેળે ભણ્યો છું. પણ કોઈ બહુશ્રુત ગીતાર્થે મને આ પદાર્થો જણાવ્યા નથી. એટલે શક્ય છે કે હું જે પદાર્થ સમજ્યો હોઉં, તે ખોટો પણ હોઈ શકે છે. અત્યારે મને બધુ જ બરાબર લાગે છે. પણ ગીતાર્થોની દૃષ્ટિએ મારી સમજણ ભૂલ ભરેલી પણ હોઈ શકે છે."

જો આ રીતે મનને તૈયાર કરેલું હશે તો અહંકાર + પોતે માનેલા પદાર્થો પ્રત્યેનો કદાગ્રહ + એ પદાર્થો માટે ગીતાર્થો સાથે પણ અસભ્યવર્તન ભરેલા ઝઘડાઓ.... આ બધા ઘોરાતિઘોર પાપો ઉદય નહિ પામે.

**(૧૦૩) माणिओ जइ न अब्भुट्ठिज्जति तो पुणो न अतीति, को विसेसो सावगाणं ति ?**

**– ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૧૩૩**

અભિમાની સાધુને ગુર્વાદિના વૈયાવચ્ચમાં ન જોડવો. કેમકે એ સ્થાપના કુલોમાં વહોરવા જાય અને ત્યાં શ્રાવકો અજ્ઞાનાદિને કારણે ઊભા ન થાય, તેનો આદર ન કરે તો આ માની સાધુ તો પોતાનું માન ઘવાતા બીજીવાર ત્યાં ન જાય, "આ શ્રાવકોની વિશેષતા શું છે ? ઔચિત્યહીન આ શ્રાવકો છે".... વગેરે બોલે એટલે આવા માની સાધુને વૈયાવચ્ચમાં

ન જોડવો.

એ સ્થાપનાકુલો એવા હોય કે એમાં આચાર્યદિને પ્રાયોગ્ય વસ્તુ મળતી હોય અને તેઓ ભક્તિથી વહોરાવતા પણ હોય. પણ સાધુ વહોરવા આવે તો ઊભા થવું, "પધારો પધારો..." બોલવું... આ બધું એમને ન આવડતું હોય. એટલે તેઓ વિશેષ આદરાદિ ન દેખાડી શકે એમાં પેલા સાધુને ખોટું લાગી જાય અને ત્યાં ગોચરી જવાનું જ બંધ કરી દે. હવે જો આવું થાય તો આચાર્યાદિને જે પ્રાયોગ્ય વસ્તુઓ મળતી હતી તે બંધ થઈ જાય. માટે આવા માની સાધુને વૈયાવચ્ચી ન બનાવવો.

અહીં વાત એટલી જ કે અભ્યુત્થાનાદિ ન કરનારા શ્રાવકો દોષી હોવા છતાં અહીં એ દોષને મુખ્ય નહી કર્યો, પણ આવા દોષોને જોઈને શ્રાવકો માટે અસદ્ભાવ પામનારા સાધુને અભિમાની તો ચોક્કસ કહ્યો છે. ટૂંકમાં શ્રાવકો તરફથી સન્માન-આવકારાદિ ન મળવાના કારણે જ સાધુઓ શ્રાવકો ઉપર ઉકળી પડતા હોય, તો તેઓ અહંકારી છે એમ આ પાઠ સ્પષ્ટ જણાવે છે.

જુદા જુદા સંઘોમાં ટ્રસ્ટીઓ - આરાધક શ્રાવકો જુદા જુદા પ્રકારના હોય. બધા કંઈ સાધુઓને સારામાં સારૂં માન આપે જ એવો નિયમ નથી. અને સાધુએ એવી અપેક્ષા પણ ન રખાય. કેટલાક અજ્ઞાની ટ્રસ્ટી તો એવા પણ હોય કે એમને વંદન કરતા પણ ન આવડે. રસ્તામાં સાધુ મળે તો હાથ જોડવા જેટલો વિનય પણ ન આવડે, સાધુ કંઈક કામ દર્શાવે તો પોતે કરવાને બદલે બીજાની ભલામણ કરી દે, ગોચરી-પાણીની વિનંતિ કરવાનું પણ ચૂકે.... પૈસાના જોરે કે ચૂંટણીમાં મળેલા અધિક મતોના જોરે કે બાપદાદાથી ચાલી આવતી સત્તાના જોરે ધર્મસ્થાનોના વહીવટદાર

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

બની ચૂકેલા એ અજ્ઞાની શ્રાવકો પાસે બીજી અપેક્ષા પણ શું રખાય ? પણ આવા વખતે જો સાધુઓ તરત ગુસ્સે થઈ જાય, તે ટ્રસ્ટીઓ માટે, સંઘ માટે ચારે બાજુ નિંદા કરવા લાગે, "આવા લોકોને તો ટ્રસ્ટી પદથી ઉતારી નાંખવા જોઈએ. સાવ ઉદ્ધત-નાસ્તિક આ ટ્રસ્ટીઓ છે...." વગેરે અભિપ્રાયો પણ જો આપી દે. એમાં પાછું પોતાનું ગૌરવ સમજે, "આ તો સાધુતાનું અપમાન છે. એ કેમ ચલાવી લેવાય ? આ કંઈ અમારૂં સન્માન થોડું જ કરવાનું છે. આ તો લોકોત્તર વેષનું સન્માન કરવાનું છે" એવા શબ્દો પણ બોલે તો એ બધું શું ઉચિત ગણાય ?

આપણે સમજવું જોઈએ કે આમાં માત્ર પોતાનો અહંકાર દોષ જ ભાગ ભજવી રહ્યો છે. જેને આપણે શાસનદાઝ સમજીએ છીએ, એ હકીકતમાં તો અહંકારને લાગેલા ઘાથી ઉત્પન્ન થયેલો ક્રોધ જ છે. એ સિવાય કશું જ નથી. પણ સ્વદોષોને ગુણ તરીકે જોવાની અનાદિ કુટેવ શે જાય ?

સાચી શાસનદાઝ હોય તો એ શ્રાવકો પર દયા જ થાય. એમના માટે અપશબ્દો ન બોલાય. પણ ખાનગીમાં એમને આ બધી વાતો સ્નેહથી સમજાવાય.

પણ આવું તો અહીં કંઈ જ નથી. એટલે શ્રાવકો તરફથી સન્માનાદિ ન મળવાના કારણે ઉત્પન્ન થતા શ્રાવકદ્વેષને શાસનદાઝ રૂપ સોહામણું નામ આપવાની ભૂલ કદી ન કરવી.

**(१०४) श्रमातपवैयावृत्त्यादिभिर्मोहस्य निग्रहः कृतो भवति - अवकाशो दत्तो न भवतीति ।**

**— ઓઘનિર્યુક્તિ-૨૫૦**

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

શ્રમ, આતપ અને વૈયાવચ્ચાદિ વડે મોહનો નિગ્રહ કરાયેલો થાય છે. એટલે મોહને ઉત્પન્ન થવાનો અવસર રહેતો નથી.

કામવિકારો ઉત્પન્ન થવામાં મુખ્યત્વે બે કારણો છે. (૧) આંતરિક કારણ-વેદ મોહનીયનો ઉદય (૨) બાહ્ય કારણ-શરીરમાં માંસાદિની પુષ્ટિ - વીર્યપુષ્ટિ.

એમાં સાધુ ભગવંતોની વૈયાવચ્ચ કરવાથી મોહનીયકર્મનો ક્ષય થાય છે. એટલે જે મોહનીય ઉદયમાં આવીને કામવિકાર ઉત્પન્ન કરનાર બનવાનું હોય તેનો જ ક્ષયોપશમ થઈ જવાથી કામ વિકારો ન જાગે.

મોહનીયકર્મને ઉદયમાં આવવા માટે નિમિત્ત કારણ તરીકે શરીરની, વીર્યની પુષ્ટિની જરૂર પડે છે. જે માણસ માલ-મલીદા ખાય, લુખુ-સુકું પણ ઘણું વધારે ખાય અને કામકાજ કંઈ વિશેષ ન કરે, બેઠાડું જીવન જીવે તેના શરીરમાં ચરબી ઉપરાંત વીર્યની પુષ્ટિ પણ ખૂબ થાય અને શરીરમાં વધી પડેલા વીર્યનો સમ્યક્ ઉપયોગ ન થવાથી એ વિકારો ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને. સ્ત્રીદર્શનાદિ સામાન્ય નિમિત્તો પામીને પણ પછી એ મોહનીયકર્મ વીર્યપોષણના સહારે ઉદયમાં આવી જીવને પટકે, ઉન્માર્ગે દોરે.

આ વાત હકીકત છે, માટે જ તો જેઓ ઘણા ઉપવાસ કરવાથી ઢીલા પડી ગયા હોય તેઓને સ્ત્રીદર્શનાદિ નિમિત્ત મળવા છતાં પુષ્ટશરીરીના જેવા વિકારો પ્રાયઃ જાગતા નથી. એમનામાં પણ મોહનીયકર્મ સત્તામાં છે, પણ શરીરમાં વીર્યપુષ્ટિ ન હોવાથી તેઓમાં વિકારભાવો પ્રગટવા એટલા સહજ નથી.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

એટલે શરીરમાં વીર્યપ્રમાણ વધી ન જાય એ માટે કાં તો ઉપવાસાદિ જ કરી લેવા, ખાવાનું જ બંધ કરી દેવું તો પછી વીર્યવૃદ્ધિનો પ્રશ્ન જ ન આવે. પણ આ માર્ગ અપનાવે તો વિકારભાવ અટકે એ વાત સાચી. પરંતુ સ્વાધ્યાય-ધ્યાનાદિ શુભયોગોને સાધી ન શકે. નબળું પડેલું શરીર અને મન આ બધા યોગો સાધવા સક્ષમ ન બને અને એટલે આ બધા શુભયોગો દ્વારા જે પુષ્કળ કર્મક્ષય પ્રાપ્ત થતો હતો, તે ન થાય.

આમ ઉપવાસાદિ કરવાથી નુકસાન અટકાવી શક્યા, પણ નફો ન મેળવી શક્યા. ચતુર વાણિયો તો એવો હોય કે થોડું નુકસાન વેઠીને પણ વધુ નફો મેળવવાનો પ્રયત્ન કરે. નુકસાન કશું ન થાય, પણ સાથે નફો પણ કશો ન થાય તો એ ચતુર વાણિયાને ઈષ્ટ ન જ બને. એમ જૈન સાધુ પણ માત્ર નુકસાન અટકાવીને બેસી ન રહે, એ તો નુકસાન અટકાવવા પૂર્વક વધુ નફો મેળવવાનો પ્રયત્ન કરે.

માટે જ તો ઉપવાસાદિ તપ કરતા પણ એકાશન તપની પ્રશંસા કરવામાં આવી છે. એને નિત્યતપ તરીકે વર્ણવી એના ખૂબ વખાણ કરવામાં આવ્યા છે.

એટલે ઉપવાસના માર્ગે વીર્યપોષણ અટકાવીને વિકારવિજય મેળવવાનો પ્રયત્ન હોંશિયાર સાધુ ન કરે. હવે જો પ્રથમ ઉપાય ન અજમાવાય તો પછી વિકારવિજય=મોહનીયવિજયનો બીજો રસ્તો એ છે કે સ્વાધ્યાયાદિનો ઘાત ન થાય એ પ્રમાણે વાપરે અને છતાં એટલું વાપરે કે વીર્યનું વ્યર્થપોષણ ન થાય. જો આમ કરાય તો ઉપવાસીની માફક જ વિકારવિજય સાધી શકાય.

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

ઉપવાસી શક્તિ ઉત્પન્ન જ ન થવા દેવા દ્વારા વિકારવિજય મેળવે, જ્યારે સાધુ શક્તિ ઉત્પન્ન થવા દે, પણ એને સન્માર્ગે વાળી પુષ્કળ લાભ મેળવીને વિકારવિજય મેળવે.

ઉપવાસી પામે માત્ર વિકારવિજય !

જ્યારે આ સાધુ પામે પુષ્કળ પુષ્કળ કર્મક્ષય સાથે વિકારવિજય !

હવે આ શક્તિને સન્માર્ગે વાપરવાની છે, તો એ સન્માર્ગ કયો ? એ જ પ્રસ્તુત ગાથામાં દર્શાવ્યું છે કે યુવાન સાધુઓ જે ગામમાં ઉતર્યા છે, ત્યાં ગોચરી ન જાય, પણ તેનાથી દૂર-બીજા ગામમાં ગોચરી જાય. એમાં ત્રણ-ચાર કિ.મી. ચાલવું પડવાથી શ્રમ પડે અને ગોચરી બપોરે જવાનું હોવાથી તાપ પડે. આ બેય દ્વારા શરીરની શક્તિ વપરાઈ જાય અને આ શક્તિ સન્માર્ગે વપરાઈ હોવાથી વૈયાવચ્ચ વગેરે યોગો સાધવાથી પુષ્કળ નિર્જરા પ્રાપ્ત થાય.

ટૂંકમાં પરગામ ગોચરી જઈએ એટલે સારી સારી વસ્તુઓ મળે, એનાથી ગુરુ-ગ્લાન-બાલ-વૃદ્ધ પ્રાઘુર્ણકાદિની ભક્તિનો-વૈયાવચ્ચનો લાભ મળે, એનાથી મોહનીયકર્મ તૂટે, એટલે વિકારો ઉત્પન્ન કરનાર મુખ્ય કારણ જ નબળું પડે.

જ્યારે આ રીતે પરગામ ગોચરી જવા વગેરેમાં સખત પરિશ્રમ પડે, એનાથી શરીરમાં વૃદ્ધિ પામેલી શક્તિનો સન્માર્ગે વપરાશ થઈ જવાથી વિકારોત્પાદક નિમિત્તકારણભૂત શક્તિવૃદ્ધિ પણ દૂર થાય અને એટલે પણ મોહ ઉપર વિજય મેળવાયેલો થાય.

સાવધાન ! પૂર્વે જણાવ્યું તેમ ગીતાર્થ ગુરૂઓના અનુભવ વિના જાતે જાતે શાસ્ત્રવાંચન કરવામાં ગરબડો થવાની શક્યતા

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

રહે છે. એમ અહીં પણ આ પંક્તિના આધારે કેટલાકો એમ સમજે છે કે "જો મોહનીય ઉપર વિજય મેળવવો હોય તો શરીરને સખત કષ્ટ આપવું. અહીં શ્રમ-આતપ દ્વારા મોહવિજય દર્શાવ્યો છે. છેવટે ઉપવાસાદિ તપ એ પણ એક પ્રકારનો પરિશ્રમ છે. એટલે આ બધા દ્વારા જ મોહ ઉપર વિજય મેળવી શકાય. માટે જ્યારે પણ કોઈને વિકાર સતાવે, ત્યારે તેને ખૂબ તપ કરાવવો અથવા તો એને ખૂબ કાયકષ્ટ કરાવવું આમ કરવાથી એના મોહનો વિજય થશે."

તેઓની આ વાત સાચી છે, પણ અર્ધસત્ય રૂપ છે. તપ-શ્રમ એ મોહવિજયનો માર્ગ ચોક્કસ છે, પણ બધા માટે નહિ. શ્રી યતિજીતકલ્પ વગેરે ગ્રન્થોમાં ચોક્ખા શબ્દોમાં જણાવ્યું છે કે જો કામવિકારથી પરેશાન થતા સાધુ પાસે બીજાને ભણાવવાની = અધ્યાપન કરાવવાની શક્તિ હોય તો મોહવિજય માટેનો શ્રેષ્ઠ માર્ગ એ જ છે કે એને અધ્યાપનના કાર્યમાં જોડી દેવો. એ ખૂબ અધ્યયન કરાવે તો એને મોહવિજય પ્રાપ્ત થાય, વિકારો શાંત થાય. શ્રમ-તપાદિ જે ઉપાયો છે, એ તો અધ્યાપન શક્તિ ન ધરાવનારા અગીતાર્થો માટે છે. અધ્યાપનશક્તિના માલિક સાધુઓ માટે તો અધ્યાપન એ જ મોહવિજયનો શ્રેષ્ઠ ઉપાય છે. હા ! અધ્યાપનને ઘા ન લાગે એ રીતે સાથે ઉપવાસાદિ પણ કરે તો એ સોનામાં સુગંધ જ ભળે છે.

યુક્તિથી વિચારીએ તો પણ આ વાત સાચી લાગે છે. અધ્યાપનમાં બોલવું ખૂબ પડે અને કહ્યું છે કે - "वीर्यपाताद् वाक्पातो बलीयान्" અબ્રહ્મસેવનમાં વીર્યપાત દ્વારા જેટલી શક્તિ ખર્ચાય એના કરતા પણ વાણી દ્વારા શક્તિ વધારે ખર્ચાય. અધ્યાપનકર્તા સાધુ ખૂબ બોલે એટલે એની ઘણી શક્તિ ખર્ચાય અને એટલે શ્રમાદિ દ્વારા જે શક્તિનો સમ્યક્ વપરાશ કરવાનો



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

હતો, એ જ વપરાશ વધારે પ્રમાણમાં અહીં અધ્યાપન દ્વારા થાય.

બીજી મહત્ત્વની વાત એ કે વિકારો એ મનનો વિષય છે. મન જો બીજા સારા વિચારોમાં ચડી જાય, તો એમાં વિકારો ન પ્રવેશે. મનમાં એક સાથે સારા-ખરાબ બે ય વિચારો સંભવતા નથી. એટલે જો એમાં સારા વિચારો ઘુસાડી દેવાય તો પછી પેલા ખરાબ વિચારો આપોઆપ નીકળી જાય, નવા ઉત્પન્ન ન થાય.

ભણાવવામાં તો મનને સખત પરિશ્રમ પડે જ. પદાર્થો માટે ખૂબ ચિંતન કરવું પડે, રાત્રે ઊંઘમાં પણ શાસ્ત્રના પદાર્થોના ભણકારા વાગ્યા કરે. આમ અધ્યાપન કાર્યમાં મનને સારા વિચારો રૂપ ખોરાક એટલો બધો મળી રહે કે પછી એણે ખરાબ વિચારો રૂપી ખોરાક ખાવાનો અવસર જ ન મળે.

એટલે શાસ્ત્રોમાં દર્શાવેલ અધ્યાપનરૂપ મોહવિકારવિજયોપાય ખરેખર વાસ્તવિક છે. શ્રમ-તપ વગેરે ઉપાય તો તેઓ માટે છે કે જેઓ ભણ્યા નથી, અને માટે જ જેઓ અધ્યાપન કરાવવા સમર્થ નથી. અધ્યાપન કરાવનાર માટે તે ગૌણરૂપે ઉપાય બને છે.

હવે જો માત્ર આવી પંક્તિના આધારે કોઈક નિર્ણય કરી લેવાય અને પછી પોતાના આશ્રિતોમાં કામવિકારત્રસ્ત બનેલા કોઈક સંયમીને શ્રમ-તપના માર્ગે જ ચડાવી દેવાય તો શક્ય છે કે એ ઉપાય તેના માટે અસરકારક ન બનવાથી કદાચ એ સંયમભ્રષ્ટ પણ બને. જો એનામાં અધ્યાપનશક્તિ હોત અને એટલે એને એ માર્ગે દોર્યો હોત તો એ અસરકારક ઉપાયથી એ બચી જાત. આમ સદ્ગુરુ-ગીતાર્થગુરુનો અભાવ છેક સંયમભ્રંશ સુધીના ભયંકર નુકસાનો પણ લાવનાર બની શકે છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

॥ ૩૬૯ ॥

આ જ કારણસર ઉપદેશમાલામાં સાફ-સાફ શબ્દોમાં કહ્યું છે કે

जं जयइ अगीयत्थो जं च अगीयत्थनिस्सिओ जयइ । वट्टावेइ य गच्छं अणंतसंसारिओ होइ ।

અગીતાર્થ ભલે યતનાપૂર્વકનું જીવન જીવે, અગીતાર્થની નિશ્રામાં રહેલો પણ ભલે સંયમજીવનમાં યત્ન કરે, અગીતાર્થ ભલે ને આખા ગચ્છને ચલાવે.... પણ એ બધા અનંતસંસારી થાય.

એટલે જ ગીતાર્થસદ્ગુરુની નિશ્રામાં રહી એની આજ્ઞા પ્રમાણે જ સંપૂર્ણ જીવન જીવવામાં આત્મકલ્યાણ છે.

પ્રસ્તુત પંક્તિમાં બતાવેલો શ્રમાતપાદિ ઉપાય સાચો, પણ "બધા માટે, કાયમ માટે આ જ ઉપાય ચાલે...." એવું સમજી ન બેસવું.

<u>(૧૦૫) एकान्ते यतनयाऽसंसृष्टं च यथा भवति तथा प्रथमालियंति - मात्रके पृथगाकृष्य भुङ्क्ते हस्तेन वा द्वितीय हस्ते कृत्वा ।</u> **– ઓઘનિર્યુક્તિ-૨૫૧**

બે યુવાન સાધુઓ બીજા ગામમાં ગોચરી ગયા છે, થાક-તાપ-ભૂખના કારણે તેઓ કંઈક વાપરવા ઈચ્છે છે. જો ન વાપરે તો ત્યાં ગોચરી માટે ફરવું અને ગોચરી વહોરી પાછા સ્વગામમાં આવીને વાપરવું એમના માટે ખૂબ અઘરૂં થઈ પડે તેમ હોય તો પછી તે બે સાધુઓ એ પરગામમાં જ જરૂર પૂરતું થોડુંક વાપરી લે, બાકીની ગોચરી ઉપાશ્રયમાં આવ્યા બાદ વાપરે.

પણ એ બે સાધુઓ ત્યાં શેમાં ગોચરી વાપરે ?

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પાત્રુ-ગોચરી એંઠી થાય તો તો ન જ ચાલે. કેમકે ઉપાશ્રયે ગયા બાદ આ ગોચરી બધી ભેગી થવાની અને બધાને વહેંચાવાની. એટલે એ તો બધાને ઉપયોગમાં આવવાની હોવાથી ગોચરી એંઠી તો ન જ થવી જોઈએ.

ગોચરી એંઠી ન થાય એ રીતે વાપરવાના બે ઉપાય અહીં બતાવે છે.

જો સંસક્ત પાણી માટેનું માત્રક ખાલી હોય તો પછી પાત્રકમાંથી ૩-૫ કોળીયા જેટલો ખોરાક એ માત્રકમાં વાપરી લે, એટલે બીજો કોઈપણ ખોરાક એંઠો થવાનો પ્રશ્ન જ ન રહે. પણ જો માત્રકમાં સંસક્ત પાણી વહોર્યું હોય તો પછી વાપરવા માટેનું કોઈ ખાલી સાધન ન હોવાથી તે સાધુઓ પાત્રકમાંથી એક હાથે કોળિયો લઈ એ બીજા હાથમાં લે અને પછી એ બીજા હાથ દ્વારા કોળીયો મોઢામાં મૂકે, વળી એક હાથે કોળિયો લઈ એ બીજા હાથમાં લઈ એ બીજા હાથે કોળીયો મોઢામાં મૂકે... આમ જે હાથે કોળીયો પાત્રામાંથી લે, તે હાથ મોઢામાં ન નાંખે, આ રીતે વાપરે તો એ પાત્રામાંથી ૩-૫ કોળીયા ખાધા હોવા છતાં પાત્રાનું બાકીનો ભોજન ચોક્ખું જ ગણાય, એંઠુ ન ગણાય.

આજે મમરા વગેરે સુકી વસ્તુઓ વાપરતી વખતે કેટલાક સાધુઓ આ પ્રમાણે જ વાપરે છે. એક હાથે મમરા લઈ બીજા હાથમાં મૂકી પછી બીજા હાથે મોંમા નાંખે. જો આવી રીતે ગોચરી વપરાય તો શાસ્ત્રીય દૃષ્ટિએ એ ગોચરી એંઠી ન થયેલી જ ગણાય. પણ જો મોંઢામાં નાંખેલો હાથ પાત્રામાં નાંખે તો પછી એ બધું એંઠુ થયેલું ગણાય.

(૧૦૬) एकस्मिन्पात्रके भक्तं गृह्णाति, द्वितीये च पतद्ग्रहे द्रवं भवति । प्रायोग्यमाचार्यादीनामेकस्मिन्मात्रके भक्तं गृह्यते, द्वितीये मात्रके संसक्तं किञ्चित्पानकं गृह्यते । — ओघनिर्युक्ति-२५२

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પ્રાચીન સાધુઓ મોટાભાગે સંઘાટક જ ગોચરી જતા. એકલો સાધુ ગોચરી ન જતો. બે બેની ટુકડી ગોચરી વહોરવા જતી. વળી જેઓ કોઈક કોઈક કારણોસર ગોચરી જઈ શકે એમ ન હોય એવા સાધુઓ સિવાયના બાકીના તમામ સાધુઓ ગોચરી જતા. દા.ત. ૫૦ સાધુઓ હોય તો એમાં આચાર્ય-ગ્લાન સાધુ....વગેરે ૧૦ જણ ગોચરી જઈ શકે એમ ન હોય, તો બાકીના ૪૦ સાધુઓ બે બેની ટુકડી પ્રમાણે ગોચરી નીકળી જતા. આમ હોવાથી જ લગભગ દરેકે દરેક ટુકડીએ પોતપોતાની જ ગોચરી લાવવાની રહેતી. આજે જેમ એક ટુકડી ૧૫-૧૭ જુમ્મા આહાર લાવે, અર્થાત્ પાંચ-સાત સાધુની ગોચરી લાવે એવું તે વખતે ન હતું. હા ! ગુરુ-ગ્લાનાદિ માટે વધારાની ગોચરી લાવવાની રહેતી ખરી, પણ એનું પ્રમાણ ઓછું રહેતું. આમ, મુખ્યત્વે દરેક ટુકડી પોતાની જરૂરિયાત પ્રમાણે ગોચરી લાવતી.

બીજી વાત એ કે ત્યારે તરપણી-ઘડો વગેરે ઉપકરણો ન હતા, એ ઉપકરણો કેટલાક ગંભીર કારણોસર પાછળથી બહુ ગીતાર્થોએ વપરાશમાં લેવાની અનુમતિ આપી. પ્રાચીન સાધુઓ તો પાત્રા જ વાપરતા. એ પણ એક-એક સાધુ પાસે બે-બે પાત્રા હોય. મોટું પાત્રુ એ પાત્રુ કહેવાય અને નાના પાત્રા માટે માત્રક શબ્દ વપરાતો. આજે આપણે જેમ પાંચ-સાત-દસ પાત્રા રાખીએ છીએ, એવી પદ્ધતિ ત્યારે ન હતી.

હવે બે સાધુ સાથે ગોચરી જાય એટલે બેયના ભેગા મળીને કુલ બે પાત્રક અને બે માત્રક એમ ચાર સાધન થાય.

પ્રસ્તુત પંક્તિમાં એ બતાવાયું છે કે આમાંથી કયા કયા સાધનનો ઉપયોગ કયા કયા કામ માટે થતો ?

એક પાત્રકમાં બે ય સાધુઓ માટેનું ભોજન-આહારાદિ વહોરાતુ. બીજા એક પાત્રકમાં બે ય સાધુઓ માટેનું પાણી

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

વહોરાતું. એક માત્રકમાં ગુરૂ-ગ્લાન બાલ-વૃદ્ધાદિને ઉપયોગી થાય એવી જે કંઈ વસ્તુ મળે, તે વહોરાતી. અને બીજા એક માત્રકમાં સંસક્ત પાણી વહોરાતું. તે વખતે માત્ર ઉકાળાવાળા પાણીનો જ વપરાશ ન હતો, પણ બીજા પણ અનેક પ્રકારના અચિત્ત પાણીનો વપરાશ હતો. પણ એ પાણી જીવસંસક્ત હોવાની શંકા હોય, કીડી વગેરે જીવો એ પાણીમાં હોવાની શંકા હોય અને છતાં ત્યાં પાણી ઓછું મળતું હોવાથી એ પાણી વહોરવું જ પડે તેમ હોય તો એ સંસક્ત અચિત્ત પાણી આ બીજા માત્રકમાં વહોરી લેતા પછી યોગ્ય સ્થાને જઈ એ પાણી બરાબર ચકાસી લેતા, જો ત્રસજીવો ન હોય તો એ પાણી વાપરી લેતા....

આમ ચારેય સાધનોનો કયો કયો ઉપયોગ હતો એ આમાં સ્પષ્ટ થાય છે.

આ વાંચીને પ્રશ્ન તો થાય કે તો પછી એ સાધુઓ શાક શેમાં વહોરે ? ભાત શેમાં વહોરે ? દાળ શેમાં વહોર ? દૂધ - ઘી - દહીં - તળેલું ફરસાણ - મુખવાસ... આ બધુ શેમાં વહોરે ? એક માત્રકમાં તો માત્ર ગુર્વાદિને પ્રાયોગ્ય વસ્તુ જ વહોરવાની છે. પોતાના માટેની કોઈપણ વસ્તુ વહોરવાનો નિષેધ છે. બીજા માત્રકમાં તો સંસક્ત પાણી વગેરે વહોરવાનું છે. એક પાત્રકમાં પોતાના બે માટે પાણી વહોરવાનું છે. તો હવે માત્ર એક પાત્ર જ બાકી રહ્યું ને ? પોતાના બે માટે જે કંઈપણ વહોરવાનું છે, એ બધું જ આ એક જ પાત્રામાં વહોરવાનું ને ?

એનું સમાધાન પ્રથમ તો એ જ કે સંવેગભાવથી ભાવિત હૃદયવાળા એ મહાત્માઓ માત્ર શરીરને ટકાવવા માટે વાપરતા હતા. આસક્તિ પોષવા-રસાસ્વાદ માણવા નહિ. એટલે જ માત્ર રસાસ્વાદ માટેની જ ઘણી ખરી વસ્તુઓ તો એમણે

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

॥ ૩૭૩ ॥

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

વહોરવાની જ ન હોવાથી એ બધા માટે કોઈ પ્રશ્ન જ ન રહેતો. જયારે ઘી-ગોળ વગેરે વસ્તુઓ વહોરવી જરૂરી બનતી ત્યારે એ એક જ પાત્રામાં બધું વહોરી લેતા. હા ! જે વિરોધી વસ્તુઓ એક પાત્રામાં ભેગી થાય એ યોગ્ય ન હોય તે વસ્તુઓ માત્રકમાં વહોરતા હોવા જોઈએ. સંસક્ત પાણી તો ક્યારેક જ વહોરવાનો પ્રસંગ બને, એટલે એ માટેનું માત્રક મોટા ભાગે ખાલી રહેતું એટલે એમાં આવી વસ્તુ વહોરી શકતા.

આપણે અત્યારે આવી રીતે બે પાત્રા ઉપર જ જીવવાનું આવે તો ? હા ! કેટલાક કારણોસર બે કરતા વધુ પાત્રા રાખવા અને વાપરવા આવશ્યક જ બન્યા હોય તો તો દોષ ન લાગે, પણ અનુકૂળતાઓ પોષવા જો વધુ પાત્રા રાખવા-વાપરવાના હોય તો એમાં તો દોષ લાગે જ ને ?

**(૧૦૭) उर्ध्वस्थानं कायोत्सर्गः, च चोच्चारादीन् कृत्वा, आदिग्रहणात्प्रश्रवणं कृत्वा, ततश्च गुरुमूले आगत्य प्रतिक्रामतः ईर्यापथिकां प्रतिक्रामतो भवति उर्ध्वस्थानम् – ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૧૫૨**

સાધુ સ્થંડિલ, માત્રુ વગેરે કરીને આવે, ત્યારે ગુરુની પાસે આવીને ઈરિયાવહિ કરે તે વખતે એણે કાયોત્સર્ગ કરવાનો હોય છે. સાધુ સ્થાપનાજી પાસે કે બીજે ક્યાંય ઈરિયાવહિ નથી કરતો. પરંતુ આચાર્યદેવની સામે જ ઈરિયાવહિ કરે છે. પ્રાચીનકાળની આ એક અદ્ભૂત વ્યવસ્થા હતી કે મોટાભાગે સાધુઓ ગીતાર્થસંવિગ્ન આચાર્યદેવની સાથે જ વિચરતા, છૂટ્ટા નહિ. આચાર્યદેવ પણ ગાઢ કારણો વિના કોઈપણ સાધુને છૂટો વિહાર કરવાની રજા ન આપતા. વિશાળ ગચ્છ સાથે જ વિચરતો. હવે સ્વાભાવિક છે કે આચાર્ય સાથે હોય એટલે બધા સાધુઓ એમની પાસે જ, એમની સામે જ ઈરિયાવહિ કરે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

સ્થાપનાચાર્યજીનો ઉપયોગ તો ત્યારે કરવાનો કે જયારે સાક્ષાત આચાર્યદેવ વિદ્યમાન ન હોય. બાકી આચાર્યદેવની સાક્ષાત હાજરી હોવા છતાં સ્થાપનાજી સામે ઈરિયાવહિ વગેરે ક્રિયા કરવામાં આવે તો દોષ લાગે.

આપણે એ સમજવાનું છે માત્રુ-સ્થંડિલ પછીની સામાન્ય ગણાતી ઈરિયાવહિ ક્રિયા માટે પણ જો આચાર્યદેવની હાજરી અગત્યની ગણાતી હોય, તો પછી બીજા તો કોઈપણ કાર્યો આચાર્યદેવની રજા વિના કરી જ કેમ શકાય ? કોઈકને પત્ર લખવો હોય, કારણસર પણ ફોન કરાવવો હોય, મળવા આવેલા સ્વજનાદિને કોઈ બાધા આપવી હોય, જ્ઞાનભંડારાદિ જોવા જવું હોય, કો'કનું પુસ્તક વાંચવું હોય... તમામે તમામ બાબતોમાં સદ્ગુરુની અનુમતિ લેવી અત્યંત આવશ્યક છે. શિષ્યની એકપણ વૃત્તિ કે પ્રવૃત્તિ આચાર્યદેવથી છાની ન હોવી જોઈએ. કેમકે, **आयरिआ पच्चवायं जाणंति ।**

**ઓઘનિર્યુક્તિ ભાગ-૧ સંપૂર્ણ**

●

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

### ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના સોપાન સર કરવાના લક્ષને વરેલા

# તપોવનમાં ભણતા બાળકો

## અતિથિઓને નમોનમઃ કરે છે.

....રોજ નવકારશી કરે છે.
....રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.
....રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.
....રોજ ગુરુવંદન કરે છે.
....રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.
....રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.
....નવી નવી વંદનાઓ ગાય છે.

....રોજ નવા સ્તવનના રાગ શિખે છે.
....કોમ્પ્યુટર શિખે છે....કરાટે શિખે છે....
....સ્કેટીંગ શિખે છે.... યોગાસન શિખે છે....
....સંગીતકળા શિખે છે....નૃત્યકળા શિખે છે....
....લલીતકળા શિખે છે....ચિત્રકળા શિખે છે....
...વક્તૃત્વકળા શિખે છે....અભિનયકળા શિખે છે...
....અંગ્રેજીમાં Speech આપતા પણ શિખે છે....

**માતાપિતાના સેવક બને છે. પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે. પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

## ઓ માતાઓ ! ઓ પિતાઓ !

# તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને તેવું તમે ઈચ્છો છો ?

**તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.**

## તપોવન સંસ્કારપીઠ

મુ. અમિયાપુર, પો. : સુઘડ, તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૯૦૧, ૨૩૨૭૬૯૦૩ મોબાઈલ : ૯૪૨૬૦૬૦૦૯૩

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબની પ્રેરણાને ઝીલીને હવે...

## દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો ! આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે

## અમારા યુવાનો તથા તપોવની બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.

**આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં**

(૧) અષ્ટાહ્નિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે. (૨) રાત્રે પરમાત્મભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.
(૩) બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે. (૪) શ્રીસંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

જો આપના સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.

**નમ્ર સૂચન**

આરાધના કરાવવા આવનારને
ગાડીભાડું વગેરે શ્રી સંઘે બહુમાનરૂપે
આપવાનું રહેશે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું**

પર્યુષણ વિભાગ : સંચાલક શ્રી
શ્રીયુત લલિતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમીયાપુર, પોસ્ટ : સુઘડ ગાંધીનગર - ૩૮૨૪૨૪. ફોન : ૦૭૯-૨૩૨૭૬૯૦૧-૨-૩

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स